THE FREE INDOLOGICAL COLLECTION

WWW.SANSKRITDOCUMENTS.ORG/TFIC

# FAIR USE DECLARATION

This book is sourced from another online repository and provided to you at this site under the TFIC collection. It is provided under commonly held Fair Use guidelines for individual educational or research use. We believe that the book is in the public domain and public dissemination was the intent of the original repository. We applaud and support their work wholeheartedly and only provide this version of this book at this site to make it available to even more readers. We believe that cataloging plays a big part in finding valuable books and try to facilitate that, through our TFIC group efforts. In some cases, the original sources are no longer online or are very hard to access, or marked up in or provided in Indian languages, rather than the more widely used English language. TFIC tries to address these needs too. Our intent is to aid all these repositories and digitization projects and is in no way to undercut them. For more information about our mission and our fair use guidelines, please visit our website.

Note that we provide this book and others because, to the best of our knowledge, they are in the public domain, in our jurisdiction. However, before downloading and using it, you must verify that it is legal for you, in your jurisdiction, to access and use this copy of the book. Please do not download this book in error. We may not be held responsible for any copyright or other legal violations. Placing this notice in the front of every book, serves to both alert you, and to relieve us of any responsibility.

**If you are the intellectual property owner of this or any other book in our collection, please email us, if you have any objections to how we present or provide this book here, or to our providing this book at all. We shall work with you immediately.**

**-The TFIC Team.**

# જૈન દીક્ષા.

## એક અમેરિકન વિદ્વાનની ડાયરી.

# JAINA DIKSHA.

## The DIARY OF AN AMERICAN TOURIST.

# THE TOPICS OF THIS BOOK

—What distinguishes the जैन from जनता or the masses?
—The discipline whereby to mould some of the masses into श्रावक s and then into जैन s.
—The all-embracing field of action of जैन शासन.
—Who will be the Master of the World ?... जैन शासन ?
—The Harmonious relation of the organs of जैन शासन.
—The place of the 'Digamber Sadhu' or Philosopher in जैन शासन.
—The place of 'Shvetamber Sadhu' or Satwic Power [ in जैन शासन.
—The place of श्रावक or the Awakened one in the same.
—The practical utility of तप, सामायिक, प्रतिक्रमण, ध्यान.
—The Jain Teaching about the *ennobling* of all human activities.
—What brings about the birth, extension and ruin of a धर्म or Religious Organization?
—The unavoidability, use and abuse of साधुआश्रम.
—The qualifications needed for साधु दीक्षा.
—General information about the Jains and Jainism
—Salvation *in* this very life and *for* this life.
—Heaven & Hell, Merit & Demerit concern *this* life.
—*Where* exists Jainism ?
—The dangers of the mere intellectualist.
—प्रेरित ज्ञान and प्रेरित क्रिया ( Dogmas and Ceremonials ):
—Sound advice to 'Youths' and sincere Sadhus.
—Some ennobling episodes from the life of the Emblamatical Mahavir
—The गोशालक or Satan adored by the modern Jain- [ capitalist.
—The dictates of History, Science and Philosophy.
—The coming of Neo-Jainism: Its demands.
—Who wants Jainism ? All but the so-called Jains.
—Fraternal advice to followers of all religious sects.

Pro-Neo-Jainism Series.

# THE

# JAINA DIKSHA

OR

## INITIATION INTO

## JAINISM or SCIENCE OF GLORIOUS LIFE.

BY

**V. M. SHAH.**

The resigned President of the All India Shvetamber Sthanak-vasi Jain Conference, All-India Uunited Jain Conference, All-India Taran Digamber Jain Conference, Setwal Digamber Jain Conference, ets

Author of the 'Political Gita,' 'Naked Truth' etc.

Ghat kopar, BOMBAY.

*'Science knows no mercy when she has to investigate into affairs of men or nature."*

## આ પુસ્તકમાં ત્હમે શું શું જોશો ?

—'જનતા' (masses) અને 'જૈન' : એ બેનાં માનસ (mentality) અને વર્ત્તન કેવા હોય ?
—'જનતા' અને 'જૈન' વચ્ચેની 'શ્રાવક' સ્થિતિ કેવી હોય ?
—જનતામાથી 'શ્રાવક' અને 'જૈન' ઘડવાની તાલીમ (discipline)
—'જૈનશાસન' શું ? ત્હેનાં અંગો. ત્હેનું સર્વવ્યાપક કાર્યક્ષેત્ર.
—દુનિયાનો સ્વામી કોણ થશે ? 'જૈનશાસન' ?...કેમ ?
—'જૈનશાસન'મા 'દિગમ્બર સાધુ' અથવા તત્ત્વવેત્તાનુ સ્થાન.
—'જૈનશાસન'માં 'શ્વેતામ્બર સાધુ' કે સાત્વિક શક્તિવાળાનું સ્થાન.
—'જૈનશાસન'મા 'શ્રાવક' અથવા 'જાગી ઉઠેલા'નું સ્થાન.
—શાસ્ત્રીય મહાવીરના જીવનમાથી કેટલાક ભવ્ય પ્રસંગો.
—૨૫૦૦ વર્ષમા વધુ મહાવીર ન પ્રકટવાનાં કારણ.
—જીવનની દરેક પ્રવૃત્તિને ઉચ્ચીકરણ આપતા શિખવનારો જૈનમંત્ર.
—તપ, સામાયિક, પ્રતિક્રમણ, ધ્યાનનો આ જીવનમાં ઉપયોગ.
—આ જન્મે જ મુક્તિ અને જીવન માટે જ મુક્તિ !
—સ્વર્ગ-નરક તથા પુણ્ય-પાપઃ જીવનનાં અંગો.
—ધર્મની ઉત્પત્તિ, વિકાસ અને ક્ષયનાં કારણો.
—સાધુ આશ્રમની અનિવાર્યતા, ઉપયોગ અને દુરૂપયોગ.
—જનતાના એક ભાગ રૂપ જૈનો અને ત્હેમના ધર્મ સંબંધી મુખ્ય-મુખ્ય માહેતી.
—શાસ્ત્રીય ગોશાળો આજે પણ હયાત છે અને મુડીવાદીઓનો તીર્થંકર છે !
—સાધુનું મિશન અને સાધુની યોગ્યતા.
—મુડીવાદી, સાધ્વાભાસ તથા નરા બુદ્ધિવાદનો પૂજારીઃ ત્રણ જોખમો.
—ઈતિહાસ, સાયન્સ અને તત્વજ્ઞાનઃ ત્રણ શાસ્ત્રોના આદેશ.
—હાલના ઝગડાઃ કોણે કર્યા ?
—કોને જોઇએ છે જૈનત્વ ? કહેવાતા જૈનો સિવાય બધાને !
—ભાવી જૈન ધર્મ શું માગે છે ?
- દરેક ધર્મના લોકોને બે બોલ.

વગેરે, વગેરે, વગેરે,

'भावी जैन' किरणावलि.

# જૈન દીક્ષા

જૈનદીક્ષાના પ્રશ્નો દરેક મનુષ્ય જાતે જ ઉકેલી શકે
એવો પ્રકાશ ફેંકવાનો
તથા
જાહેર પ્રજાને તેમજ જૈન કહેવાતાઓને
જૈન ધર્મ તથા સમાજની સ્થિતિનો ખ્યાલ
અને જૈન તાલીમનું રહસ્ય બતાવવાનો
અને તે દ્વારા
સઘળી કોમોને પોતાનું ઘર તપાસવા અને સુધારવાની
કલા શિખવવાનો એક પ્રયત્ન.

લેખકની નીતિઓ:

જૈનશાસ્ત્ર એ જીવનના ઉચ્ચીકરણનું 'સાયન્સ' છે
જૈનશાસન એ જગત્‌ના ઉચ્ચીકરણની યોજના ( Art ) છે.
આ જન્મમાં જ મુક્તિ પ્રકટાવવાની યોગ્યતા વગરના ઉપદેશો 'પાખંડ' છે.
અધોગતિના કારણોને નિર્દયતાથી ચીરવાં એ સાયન્સનો ધર્મ છે.

ધર્મ સર્વત્ર રાજે

વા. મો. શાહ,
વિવિધ જૈન કૉન્ફરન્સોનો પ્રમુખ,
'પોલિટિકલ ગીતા', 'નગ્ન સત્ય'
આદિનો લેખક.

આવૃત્તિ પહેલી–પ્રતિ ૨૦૦૦
( ઑક્ટોબર ૧૯૨૯ )
મૂલ્ય રૂપિયા બે.

પ્રસિદ્ધ કર્તા:
વાડીલાલ મોતીલાલ શાહ.
ઘાટકોપર, મુંબઈ.

**વા. મો. શાહકૃત સઘળાં પુસ્તકોના સોલ એજન્ટ્સ:**
મેશર્સ પાયોનિયર-મિલ–સ્ટોર્સ ટ્રેડિંગ-કંપની.
રામજી મંદિર સ્હામે, નાગદેવી સ્ટ્રિટ,
પોષ્ટ બૉક્ષ ન ૬૬૧–મુંબઈ

**સબ એજન્ટ્સ :**

૧ સી. જમનાદાસ બુકસેલર્સ, પ્રિન્સેસ સ્ટ્રીટ–મુંબઈ.
૨ ' ચેતન ઑફિસ,' બ્યાવર ( રાજપૂતાના )
૩ ' જૈનજીવન ઑફિસ '–પૂના.
૪ ગુજરાત સાહિત્ય મંદિર, રીચીરોડ, અમદાવાદ.
૫ સીટી સ્ટોર ફુડ સપ્લાઇંગ કો., પાનકોરનાકા, ,,
૬ રા. સી તેજપાલ આર્ટીસ્ટ M. L. A, રાજકોટ.
૭ મેશર્સ શાહ બ્રધર્સ, દવાના વેપારી, ટાવર રોડ, વડોદરા.
૮ મેશર્સ સરૈયા બ્રધર્સ જૈની, બુરાનપુરી ભાગોળ, સુરત.
૯ રા. સવાઈલાલ કુબેરભાઇ પુરૂષોત્તમદાસ ગાંધી, ભાવનગર.
૧૦ રા. સી. વી. ગલીઆરા ન. ૫૫, સ્ટ્રીટ નં. ૨૬, રંગુન.

**લગ્ન** એ પુણ્ય છે કે પાપ તે તો જાણનારા જાણે, પણ સૃષ્ટાને વટાવી જનાર સૃષ્ટિ સર્જનાર લગ્ન તો દેવપ્રિય છે.

અને **લખવું** એ પણ પુણ્ય છે કે પાપ તે તો જાણનાર જાણે, પરન્તુ જે લેખન ક્રિયાથી લેખકને વટાવી જનાર એક પણ વ્યક્તિવિશેષ ઘડાઈ શકી હોય તે લેખન ક્રિયા **એ લેખકની** તો મુક્તિ જ છે.

બધા સાધુઓ કહે છે કે જીવનનું ધ્યેય–ઇષ્ટદેવ–મુક્તિ છે, જેને આ અસાર જીવન અર્પણ કરવું ઘટે.

અને હું સાધુઓમાં માનનારો છું.

તેથી જ તો, આ જન્મમાં જ મ્હારી મુક્તિ મેળવી આપનાર અંતઃકરણોને મ્હારા લેખક જીવનની આ પ્રવૃત્તિ–તે જેવી હોય તેવી–અર્પણ કરૂં છું. ભાઈ નગીનદાસ અને **માણેકલાલ અમુલખરાય શાહ** ( મુંબઈ ) તથા ભાઇ છોટાલાલ અને છગનલાલ વિમલચંદ ગેલીઆરા ( રંગુન ) જેઓ મ્હારા લેખોના સતત્ અભ્યાસથી '**જૈન**' બન્યાનું જાહેર કરી ચૂકયા છે અને જેઓનું **જૈન જીવન** મ્હને વટાવી ગયાના પુરાવા ત્હેમના દેશસેવાના મુંગાં કાર્યો તથા ચારિત્ર પોતે જ આપી રહ્યા છે, તેઓને–તે મ્હારા પોતીકા 'શ્રાવકો' અને મ્હારા પોતીકા મુક્તિદાતાઓને–ત્હેમની વગર પરવાનગીએ જ આ પુસ્તક આપોઆપ અર્પણ થઇ જાય છે.

## લખાય છે—એજ કલમથી !

તાકીદથી બ્હાર પડશે !

હમણાં જ નામ નહિ નોંધાવનારે બીજી આવૃત્તિની રાહ જોવી પડશે.

( સાથેનું કાર્ડ ભરી આજે જ પોષ્ટ કરો ! )

## જૈન દીક્ષા—બીજો ભાગ.

સાધુદીક્ષા પર શાસ્ત્રપ્રકાશ,—ખુદ સાધુરત્ન તરફથી:
યુવક સંઘની નિયમાવલિની ચિકિત્સા. મૂલ્ય
નવયુગમાં સાધુ કેટલા પ્રકારના જોઈશે ? વગેરે. રૂ. ૧॥

## માયાની છાયામાં !

શ્રેણિકના શૅરીફે અનુભવેલી માયા.
શ્રી કૃષ્ણે નારદને બતાવેલું માયાનું સ્વરૂપ. મૂલ્ય
રિપ-વાન-વિન્કલે જોયેલો માયાનો ચમત્કાર. રૂ. ૧)
માયાની છાયાને કોણ વટાવી શકે ?

## લગ્ન, પુનર્લગ્ન, બ્રહ્મચર્ય:

સ્વાભાવિક અને કૃત્રિમ,
શાસ્ત્ર, અનુભવ તથા ન્યાયની દૃષ્ટિએ.
મૂલ્ય રૂ. ૧)

## મહાવીર કહેતા હવા.

પ્રગતિપ્રેમીઓની નવી ગીતા.
તદ્દન ફરીથી લખાયેલું—નવાંજ ચિત્રો સાથે.
મૂલ્ય ૦—૮—૦

**નામ નોંધાવનારે પૈસા અગાઉથી ભરવાના નથી.**

નામ નોંધાવવાનું ઠેકાણું:—પાયોનિયર મિલ-સ્ટોર્સ ટ્રેડિંગ કું.

વા. ઓ. શાહ. સિરિઝના સોલ એજન્ટસ, નાગદેવી, મુંબઈ.

# સાદી સ્હમજ.

તનદુરસ્તી ( Health ) શું ચીજ છે ?

જે પ્રત્યેક મનુષ્યમાં **સ્વાભાવિક રીતે** હોવી જોઈએ જ છતાં જ્હેને માટે ઘણાખરા મનુષ્યો આખી જીંદગી સુધી ફોકટ ફાંફાં મારતા રહ્યા છે, એવી કોઇ ચીજ હોય તો તે તનદુરસ્તી છે !

**ફોકટ** ફાંફા ? હા, કારણ કે મનુષ્ય 'સાદી સ્હમજ' (Common Sense) ગુમાવી બેઠો છે અને તેથી તનદુરસ્તી શું તે પણ ભૂલી ગયો છે ! **અને** ભૂલી જવા છતાં પોતાની પાસે તનદુરસ્તી છે અને 'સાદી સ્હમજ' પણ છે એવું માનવા–મનાવવાની હઠ અથવા છૂપા મિથ્યાભિમાનને તો **પરણી બેઠો** છે !

**વ્યકિતની** તનદુરસ્તી કે **સમાજ**ની તનદુરસ્તી, ધર્મશાસનની તનદુરસ્તી કે પ્રજાશાસનની તનદુરસ્તી, ગૃહશાસનની તનદુરસ્તી કે ન્હાનીમ્હોટી સભા–સોસાઈટીની તનદુરસ્તી, વ્યક્તિના **અંતઃ**કરણ (આંતરિક મશિનરી : મન, બુદ્ધિ, ચિત્ત, 'અહં'કાર) ની તનદુરસ્તી કે વ્યક્તિના **બાહ્ય** કરણ ( જ્ઞાનેન્દ્રિયો અને કર્મેન્દ્રિયો ) ની તનદુરસ્તી : **બધે એક જ કાનુન રાજ કરે છે** : 'સાદી સ્હમજ' તનદુરસ્તીને જાળવી રાખે છે તેમજ ગુમાવેલી તનદુરસ્તીને પાછી મેળવી આપે છે, અને 'સાદી સ્હમજ' ગુમાવી બેસવાથી તનદુરસ્તી અદૃશ્ય થાય છે.

અને—

'સાદી સ્હમજ' ગુમાવવા **છતાં** 'સાદી સ્હમજ' નો ઇજારો પોતાની પાસે છે એવું માનનાર–મનાવનોર **માનસિક બિમારી** —માનસની વિકૃતિ–જ 'સાદી સ્હમજ' ને–અને પરિણામે તનદુરસ્તીને–પાછી મેળવતા **અટકાવે છે.**

ગ્રૅજ્યુએટ અને ગામડીઓ, પોપ અને પાપી, મુડીવાદી અને મજુર, સુધારક અને સ્થિતિચુસ્ત, રાજા અને પ્રજા, લેખક અને વાચક, કર્મયોગી અને જ્ઞાનયોગી : સર્વ 'કાંઇક' 'ભૂલે' છે : કાઇક : 'સાદી સ્હમજ' નો અવાજ ! Universal Harmonyનો અવાજ !

મન–બુદ્ધિ–ચિત્ત–અહંકારની **એકતારતાનો** અવાજ! બુદ્ધિ અને હૃદયની એકતારતાનો અવાજ! **સ્થૂલ** અને **સૂક્ષ્મ**ની એકતારતાનો અવાજ! વ્યક્તિ અને સમષ્ટિની એકતારતાનો અવાજ!—કહું, કહી દઉં ? : **ઈશ્વરનો અવાજ : ઐશ્વર્યમાંથી ઝરતો અવાજ !**

એ '**ઇશ્વરના અવાજ**' માં મુડી–મજુરી ભિન્ન નથી, રાજા અને પ્રજા એવા ખ્યાલ સ્વતંત્ર હયાતી ધરાવતા નથી, સંત અને સેતાન નથી, ધર્મ અને સાયન્સનાં જૂદાં નામ નથી, જ્ઞાન અને કર્મ ભિન્ન નથી, પૂજ્ય અને પૂજક તથા કાંનુંન અને વર્ત્તન નથી,—રે 'છે' અને 'નથી' ની પણ પ્રથક્તા નથી !' આખા શરીર'નો—આખા વિશ્વદેહનો–ચૌદ રાજલોકનો—**મનુષ્યમાંના** ચૌદ રાજલોકનો એ Harmonious Voice છે–Melody છે–**આત્મધ્વનિ** છે!

એ એકતારતા (Harmony) જ '**આત્મા**', એ જ **ઈશ્વર**, એ જ મુક્તિ, એ જ મનુષ્યનો જન્મસિદ્ધ હક્ક!

અને એ જ 'મનુષ્ય'ની–વ્યક્તિની તેમજ સમાજની–તનદુરસ્તી!

એની ગેરહાજરીનું નામ જ બિમારી, વિકૃતિ, સડો, ભ્રષ્ટતા, પાપ, પતન, નરક!

વ્યક્તિ શરીરમાં—તેમજ સમાજ શરીરમાં—જે અંગ વધુ **સૂક્ષ્મ** ત્હેની **શક્તિ** વધારે, અને તેથી, તેવા અંગની બિમારી બીજા ઓછી શક્તિવાળા કે સ્થૂલ અંગની બિમારી કરતાં **વધુ પ્રમાણમાં**, આખા શરીરની અંધાધુધી ઉપજાવનાર થઇ પડે. એ જ કારણ છે કે કર્મેન્દ્રિયોની બિમારી કરતાં જ્ઞાનેન્દ્રિયોની અને ત્હેના કરતા ય મનની, તેથી ય બુધ્ધિની, તેથી ય ચિત્તની અને તેથી ય 'અહં'કાર અથવા વ્યક્તિત્વની બિમારી વધુ ભયંકર થઈ પડે છે. તેવી જ રીતે, મજુરની શારીરિક કે માનસિક બિંમારી કરતા મુડીવાદીની બિમારી- અને તેથી ય શિક્ષક, પત્રકાર, વકીલ,ડાકટર, ધર્મગુરૂ અને રાજદ્વારીની બિમારી આખા મનુષ્ય સમાજને માટે **વધુ** ભયંકર પરિણામ ઉપજાવનારી થઇ પડે. આ સ્વાભાવિક નિયમના ભાષાન્તર તરીકે જ 'કર્ત્તવ્ય' અને 'જોખમદારી' એવા શબ્દો બુદ્ધિના સામ્રાજ્યમાં ઉત્પન્ન થવા પામ્યા હતા. પણ બુદ્ધિ એ કોઇ સ્વતંત્ર સત્તા નથી, એ તો પ્રતિબિંબ ઝીલનારો આયનો (looking glass) માત્ર છે, અને **તેથી**

'કર્ત્તવ્ય' અને 'જોખમદારી' એવા એમા પ્રતિબિંબિત થયેલા **શબ્દો** **ક્રિયાત્મક** થઈ શકતા નથી,-સિવાય કે ત્ય્હાં દેખાતા એ શબ્દો ચિત્તના ગર્ભસ્થાનમાં જાય અને ત્ય્હા વિકસિત થઇ 'અહં'કારના બીબામાં જઇ **આકાર** પામે.

'કર્ત્તવ્ય' અને 'જોખમદારી' જેવું કાંઇ આજના **હિંદમાં-હિંદની** પ્રત્યેક કોમમા-બહુ જ અલ્પ જોવામા આવે છે,-કહો કે શૂન્ય! અને તેથી, જે હેતુથી **જૈન** અને **બ્રાહ્મણ** ધર્મ સ્થપાયા હતા તે હેતુ ભૂલાઇ જઇ 'ખોખાં' રૂપે એ ધર્મોને લોકો વળગી રહ્યા છે અને વધુ ને વધુ 'કર્ત્તવ્યહીન' તથા 'જોખમદારીના ભાન વગરના' બનતા જાય છે. તેઓ નથી જતા **ધર્મોના 'મૂળ'**મા કે નથી છોડી શકતા **ધર્મોના મૃત દેહને**! અને તે છતા તેઓ 'સ્વરાજ્ય' મેળવવાની કૂદાકૂદ કરી રહ્યા છે! ધર્મને ભોગવી ય નથી જાણતા અને છોડી ય નથી જાણતા! બિચારાઓ વિદેશીઓની 'દયા' ખાતર 'મુડદા'ને જેમતેમ વળગી રહ્યા છે!

***

જૈનદીક્ષા નિમિત્તે હમણા હમણાં જાહેર પ્રજામાં કોલાહલ ચાલી રહ્યો છે. કોઇ કહે છે: સાધુઓ સત્યાનાશ વાળવા બેઠા છે! તો કોઇ કહે છે: તેઓ બિચારા જિનવરની આજ્ઞા પ્રમાણે જગતનો ઉધ્ધાર કરી રહ્યા છે પણ આજની 'બગડેલી' દુનિયા ધર્મરહસ્ય નહિ જાણ-વાથી ફોકટ એમને સતાવી રહી છે! અને આ ભિન્ન અભિપ્રાય ધરાવનારાઓ અભિપ્રાય ધરાવીને બેસી ન રહેતા એક બીજાપર પત્થર વર્ષાવવા લાગ્યા છે! અને બાકીના લાખો જૈનો અને રાત્રી દિવસ હજારો વર્ષથી જૈનોની સાથે વસતા ક્રોડો હિંદુઓ આ 'વગર ફીનું નાટક' માણી રહ્યા છે! આટલી નિર્માલ્યતા જાણે બસ ન થતી હોય તેમ, ખુદ જૈનોના એક ભાગની કૉન્ફરન્સ ઑફિસે તો— **સ્થાનકવાસી** જૈન કૉન્ફરન્સ ઑફિસે તો-પવિત્રતાનો ઢંઢેરો પીટાવવાની તક મેળવી છે! ત્હેનો સુશિક્ષિત સેક્રેટરી જાહેર પેપરોમાં જાહેરખબર આપે છે કે ત્હેની કોમને આ આગથી કાંઈ લેવા દેવા નથી! કેટલી સહૃદયતા! અને પ્રમાણિકતાનું તો પૂછવું જ શું: હજી ગઇ કાલે જ એ જ શાહુકારના ઘેરથી એક એવા છોકરાને દીક્ષા

આપવામાં આવી હતી કે જે સાધુપણું છોડી ત્રણ વખત નાશી ગયો હતો અને ભઠીઆરખાનામાથી ખેંચી લાવવામાં આવ્યો હતો. હજી ગઇ.કાલની વાત છે:એ જ કૉન્ફરન્સના ક્રોડપતિ પ્રમુખે આઠ વર્ષની છોકરીને બલાત્કારે દીક્ષા આપી હતી ! હજી ગઈ કાલની વાત છે: બાલદીક્ષા સંબધમાં કાનુન કરવા તૈયાર થયેલા જોધપુર રાજ્યને આ ઑફિસે પણ વિરોધ લખી મોકલ્યો હતો ! ખુદ જૈન નેતાઓ, શ્રીમતો, ભણેલાઓ અને કૉન્ફરન્સ સંસ્થાઓનું આ માનસ છે, ત્હાં હિંદુઓને સહૃદયતાના અભાવ માટે કોણ ઠપકો આપી શકશે ?

અને ઠપકો આપો ન આપો : સાર્થકતા શું ? આ દેશમા દરરોજ ઠપકાના ઠરાવોની સેંકડો મિટિંગો થતી શું આપણે નથી જોતા ?

પણ એ હિંદુઓ ને એ જૈનોને હું પૂછું: **'સાદી સ્હમજ'ને ઓળખો છો** ? 'ઘર' તપાસ્યું છે ? જે દૃશ્ય પર હસો છો તેવું જ કાઈક ત્યહા પણ છે કે જૂદું કાઇ ? હાલમાં બનેલી ઘટના તો આયનો છે, જેમાં ત્હમે પોતાનું મ્હો જોઇ શકો અને જોઇને 'ઠીકઠાક' કરવાને જાગી શકો.

હિંદુ ધર્મ અને જૈન ધર્મ એક જ જમીનની પેદાયશ છે કે? એક જ ધ્યેય-મુક્તિ-માટે જ બન્નેનો જન્મ હતો કે ? આજે હિંદુ કે જૈન ધર્મના અનુયાયીઓ મુક્ત-સ્વતંત્ર-ખુદ પોતીકા દેશમા પણ સ્વતંત્ર-ખુદ પોતીકા ઘરમાં પણ સ્વતંત્ર છે કે? પરતંત્ર માનસ હોય ત્હાં ધર્મ કે સમાજ-જૈન કે હિંદુ-આજે જે જૈન ફારસો પર હસો છો તેથી વધુ સારી દશામાં હોઈ શકે કે ? હિંદુઓનું જૈનો તરફનું હસવું વાસ્તવમા પોતા તરફનુ હસવું તો નથી ને ? જૈનો હસવા લાયક બન્યા હોય તો ત્હેમા હિંદુસમાજ અને હિંદુધર્મનો કાઇ ફાળો નથી શું ? શું તેઓ હજારો વર્ષથી પરસ્પર સારી-માઠી અસર કર્યા **સિવાય** જ સાથે રહી શકયા છે કે ? જૈન ધર્મની માન્યતાઓ અને વિધિઓનો મ્હોટો ભાગ-હયાતી આપતી લગ્ન સસ્થાની વિધિ પણ-હિંદુઓ પાસેથી આવેલી નહોતી કે? પુણ્ય, પાપ, સાધુપણું (asceticism), દેવ, સ્વર્ગ, નરક વગેરે સબધી માન્યતાઓ જૈનો તેમજ બૌદ્ધોએ હિંદુઓ પાસેથી લીધી નહોતી કે ? આ માન્યતાઓનાં પરિણામ જ્યહા પણ

—હિંદુઓમાં, જૈનોમા કે બૌદ્ધોમા*—માઠાં આવ્યાં હોય ત્હેહા ત્હેહાં હિંદુ સિવાય બીજા કોને નીચે જોવાનું હોય ?

* *
*

છતાય હસવું હોય તો ખુશીથી હસજો: 'સાદી સ્હમજ'જન્ય એકતારતા (Harmony) એકહાથ કર્યા પછી આજની બધાની મૂર્ખાઈ પર પેટ ભરીને હસજો !...એ હસવું 'તનદુરસ્ત' છે !

વૈદો કહે છે: બિમાર હસી શકતો નથી અને હસવા જાય તો ...રડી પડે છે ! હસી શકવા પહેલા તો તેણે આરોગ્ય પ્રાપ્ત કરવું જોઇએ અને આરોગ્ય માટે પેટ સાફ કરવું જોઈએ: પ્રક્ષેપિત માન્યતાઓરૂપ બધા કચરા જુલાબથી દૂર કરવા જોઈએ. પછી જુલાબ આપનાર વૈદ પોતે જ 'માત્રા'આપવા ખુશી થશે: માત્રા પણ ડબલ,—જૈનના માથા પર છે તેવી ! અને એમ થશે ત્હેહારે તો માત્ર કહેવાતા જૈનોજ નહિ પણ હિંદુઓ અને તમામ હિંદીઓ 'જૈન'—જ્ઞાન-ક્રિયાશક્તિવાળા જન—વીર-બન્યા હશે ! ત્હેહાં સુધી તો હિંદમાં નથી કોઇ જૈન કે નથી આર્ય: છે માત્ર 'રૂદન' ! અને એવા દેદાર વખતે અમેરિકન ટુરીસ્ટ મિ. શૉ હિંદના ચેતનવાદનો અનુભવ કરવા પધાર્યા છે ! બિચારો કહે છે કે એને અમેરિકામાં જડવાદ જોઇજોઇને કંટાળો આવ્યો તેથી તે કંટાળાને દૂર કરવા ચેતનવાદી હિંદમાં 'તાજગી' માટે તે આવી પહોંચ્યો છે !

અને આ પુસ્તક એમની જ ડાયરી છે.

આ ડાયરી મ્હને સોંપતાં ત્હેમણે કહ્યુ હતું: ત્હમારા દેશને 'સાર'× શોધવા જતા અતિસાર+ મળી ગયો જણાય છે !

---

* એક વિદ્વાન બૌદ્ધ ધર્મગુરૂ પોતાના પુસ્તકમાં એકરાર કરે છે કે બુધ્ધે પોતાના ખાસ સિધ્ધાન્તો તો માત્ર પોતાના સાધુવર્ગ-ને જ શિખવ્યા હતા અને શ્રાવક વર્ગને તો હિંદુ માન્યતાઓ અને વિધિઓને અનુસરવા દીધા હતા.

× સાર=સાર પદાર્થ, મુક્તિ.

+ અતિસાર=ઝાડાની બિમારી, કે જે અપચાથી થવા પામે છે. ગંદી બિમારી, કે જે આસપાસની જમીન તથા હવાને પણ ગંદકી ધીરે છે, અને બિમારને કૃશ તથા ન્હીકીઓ બનાવી દે છે.

મ્હે કહ્યું: ભાઈ, અતિવૃદ્ધ અવસ્થામાં બધું ય થાય.

મિ. **શૉ** બોલ્યો: **અતિવૃદ્ધ**ના અતિસાર તો બહુ જ ભૂંડા! એ તો મરણના ઢંઢેરા!

મ્હે કહ્યુ: પણ અમે નિશ્ચય કર્યો છે કે અમારે મરવું જ નથી!

તે બોલ્યો: રાજીખુશીથી મરીને ત્હમારી જ 'પ્રજા'ને જીવવા દો અથવા પ્રજા**સહિત** ત્હમે શત્રુના હાથે મરો. સમષ્ટિની અમરતા એમ જ બની રહે છે. કાનુન બદલાતો નથી!

મ્હે કહ્યુ: એમ તો એમ: ભલે અમે મરીએ, ભલે અમારી પ્રજા ય મરે: **પણ** અમારો **ધર્મ** તો નહિ જ મરવા દઇએ.

મિ. **શૉ** હશ્યો: "મ્હને **મહાવીર** સ્વામીએ સ્વપ્નમા કહ્યુ છે કે દુનિયાના બધા ધર્મો મરવાના છે,—**એટલા માટે** કે બધા ધર્મોની પ્રજારૂપ 'HARMONY' ધર્મ અમર જીવે!"

* * *

મિ. **શૉ** કહે છે કે **સાદી સ્હમજે** જ ત્હેને અમેરિકાથી હિંદ એચી આણ્યો હતો, **સાદી સ્હમજ** વડે જ તેણે અહીંના ધર્મીઓની માન્યતાઓ અને વર્ત્તનોની માહેતી મેળવી અને **સાદી સ્હમજ** વડે જ તે માહેતીઓના તળે છુપાયલાં સત્યો શોધ્યા તેણે શું માહેતીઓ મેળવી અને શું સત્યો શોધ્યા, તથા તે સત્યો અને તે માહેતીઓ આજના જૈનોને તથા અજૈનોને કેવી રીતે ઉપયોગી થઇ શકે તેમ છે એ કહેવાનું કામ આ પુસ્તક વાચનારનું પોતાનુ છે. હુ તો ફક્ત એ પરદેશી પંખીની ઇન્ટ્રોડકશન કરાવવા પૂરતો વચ્ચે આવ્યો છુ,—અને ઈન્ટ્રોડકશનમાં એટલું કહેવા બંધાયલો છુ કે મિ. **શૉ** એક એવો માણસ છે કે જે ગમે તેવા માણસને સાંભળવા વખતે પોતાના પ્રાણો અને પોતાના ભાવો બન્નેને રૂંધી શકે છે અને પછી કચરામાંથી ય રત્ન મેળવી લેછે!

અને એને માત્ર તેઓ જ વાંચી શકે કે જેઓ ત્હેની માફક પોતાના ભાવોને દાબીને—કોરા મગજથી—વાચી જાણતા હોય, પોતા માટે જ—પોતાના અનુભવવિસ્તાર માટે જ—વાચી શકતા હોય, અને યુવાન

સ્ત્રી જેટલી 'રતિ' સહિત વાંચી શકતા હોય. બીજાઓ આ એની ડાયરીને હાથ પણ ન લગાડે એમ તે ઇચ્છે છે. લાખોના અભિપ્રાય-ની એને દરકાર નથી,—અમેરિકા પાછો ગયા બાદ એને કોઇના ભલા-બુરા અભિપ્રાય સાંભળવા ય ક્યહાં છે?...અને ..આખી દુનિયામાં જેને Voice જ નથી એવા લોકોના અભિપ્રાયની કિંમતે શું છે?

વા. મો. શાહ.

## જાણકારોં પ્રત્યે.

આ પુસ્તકની વસ્તુસંકલનામાં છૂપો યોગ છે, જે શોધી લખી જણાવનાર આ લેખકનો ગુરૂ બનશે.

કોઇ પણ સવાલ પર ચર્ચાનું આમંત્રણ સ્વીકારવાનું લેખકની પ્રકૃતિમા નથી.

આત્મભાવે (વ્યાપક દૃષ્ટિએ) જે કાંઇ સૂચનો મળશે ત્હેનો ઉપયોગ બીજા ભાગમા થશે.

આ પુસ્તકમાં સર્જનાત્મક, સંહારક **તેમજ** સંરક્ષક કાર્ય સ્વભાવત. થયેલું જોવામાં આવશે.

## પ્રકરણ ૧ લું.

### અમેરિકાથી હિંદ,–ચેતનવાદની શોધમાં.

અમે અમેરિકનો સાહસશક્તિ માટે જગવિખ્યાત છીએ. ભૂગોળ–ખગોળને લગતી શોધો પાછળ અમે ક્રોડો ડૉલર અને જરૂર પડયે જીંદગીનો પણ ભોગ હસતે મુખે આપતા રહ્યા છીએ. જો કોઇ એક ચીજ એવી હોય કે જેની શોધનું ચેટક અમને અદ્યાપિ પર્યંત લાગવા ન પામ્યુ હોય તો તે **ચેતનવાદ** છે.

હા, શોપનહોર, નિત્શે અને મૅક્સમુલર જેવા વિદ્વાન જર્મનોએ ચેતનવાદ સંબંધમાં લખેલાં પુસ્તકોએ અમારામાંના થોડાઓનુ ધ્યાન તો અવશ્ય ખેચ્યું હતુ, પણ ચેતનવાદના જન્મસ્થાનમાં જઇ એ અનુભવની મોજ માણવાનું સદ્દભાગ્ય તો મ્હારે જ માટે રિઝર્વ્ડ રાખવામાં આવ્યું હતુ !

ઓહ **અમેરિકાનું** જડવાદી જીગર !...એનું રાજ્યતંત્ર જડવાદના પાયાપર, વ્યાપારપ્રવૃત્તિ જડવાદના પાયાપર, સાહિત્ય અને કલા પણ મુડીવાદપ્રેરિત,–રે ખુદ **ધર્મ**સંસ્થા ય જડવાદની કુલદેવી !

**જડવાદે** જણેલાં **પ્રપંચ** અને **મુડીવાદ** નામક સંતાનોની લીલા જોઇજોઇને હું ધરાઇ ગયો હતો. **ચેતનવાદના** શાન્તિ-દાયક પ્રદેશને ભેટવા મ્હારૂં મન તલપાપડ થઇ રહ્યું હતું. મ્હેં વાંચ્યું હતુ કે **ચેતનવાદનુ** પારણું **હિંદમાં** હતું અને મ્હે **હિંદીઓના** હૃદયાકાશમાં દેવદૂત (Angels) કલ્પ્યા હતા. એ દેવદૂતોનુ જીવન પ્રત્યક્ષ જોવાનો મ્હેં નિશ્ચય કર્યો હતો. કારણ કે, **ચેતનવાદને** પરિણામે મનુષ્યનાં **માનસ** અને **વર્ત્તન** કેવાં બનવાં પામે એ મ્હારે–મ્હારા **ત્રીજા*** નેત્રથી–જોવું હતુ. હું કહી ગયો કે જડવાદની મ્હને અરૂચિ થઇ હતી,–જડ નેત્રોનો ય મ્હને વિશ્વાસ રહ્યો નહોતો.

અને એ જ કારણ છે કે હું ચેતનવાદી હિંદીઓના **સહવાસમાં** આવવાને અધીરો બન્યો હતો. એ તો દેખીતું છે કે, સહવાસ અથવા 'સંગ'થી જે જ્ઞાન થાય છે તે વાણીથી નથી થઇ શકતુ,' વાણીથી વક્તાના આશયનું જે જ્ઞાન થાય છે તેવુ ત્હેના લેખથી નથી થઇ શકતું, અને ત્હેના લેખથી જે જ્ઞાન થાય છે તેવુ ત્હેના ભાષાન્તરકાર કે વિવેચકના લેખથી નથી થઇ શકતુ.

આંખો ઠગારી છે,–હા, પણ વાણી તો એથી ય જબરી ઠગારી છે !

અને છતાય જગતનો સારો વ્યવહાર વાણી દ્વારા જ શક્ય છે !

* અનુભવરૂપી નેત્ર.

આ, પરસ્પરવિરોધી ગુણોની દુનિયામાં–આ વાણીજન્ય દુનિયામાં–તત્ત્વવેત્તા રહી શકતો જ નથી. એકાન્તવાસ એ એટલા જ માટે એની અનિવાર્યતા હોય છે,–પણ જનતા માને છે કે તેણે એને હરાવી હાંકી કહાડયો છે અને 'નીતિવાદી 'એ માને છે કે એણે સર્વસંગત્યાગનુ મહાવ્રત સ્વીકાર્યુ છે।

એવા કોઇ એકલડોકલ તત્ત્વજ્ઞાનીની મુલાકાત એ મ્હારો પહેલો સંકલ્પ હતો અને એવુ 'શાહી પુષ્પ' જે સમાજરૂપી જમીનમાં ઉગી શકતુ હોય તે સમાજરૂપી જમીનની ખાસીઅતો (characteristics) પણ જોવાનો મ્હારો નિશ્ચય હતો. એટલે કે, એ સમાજની સામાજિક, આર્થિક, ધાર્મિક, રાજકીય સ્થિતિઓનો ખ્યાલ ( idea ) લેવા મ્હેં ઇચ્છ્યુ હતું.

પણ ઇચ્છા થતાં જ હિંદ દોડી જાઉ એટલો હુ છીછરો નહોતો. પદાર્થવિજ્ઞાન શાસ્ત્ર (Science), તર્કશાસ્ત્ર (Logic) તથા માનસશાસ્ત્ર ( Psychology )ના અભ્યાસે મ્હને 'ઉંડો' બનાવ્યો હતો; અને પચ્ચાસ વર્ષના જીવતરે એટલુ સ્હમજવાપૂરતી વ્યાપક દૃષ્ટિ ( Common-sense ) આપી હતી કે, દેહીનો આત્મા ગમે તેટલો ઉંચો ઉડે તો પણ ત્હેના વાહનરૂપ દેહનુ ઉત્પત્તિસ્થાન પૃથ્વી હોઇ ત્હેનો ખોરાક તો પૃથ્વી પાસેથી જ મેળવવો શક્ય છે તેથી હિંદ જવાની ઇચ્છાનો અમલ કરવા પહેલાં મ્હે સઘળી **જરૂરીઆતો**નો વિચાર કરી લીધો.

કોઇ પણ સંસ્કૃતિ (Civilization–સભ્યતા–શિષ્ટતા)નો અનુભવ કરવા ઇચ્છનાર પાસે પહેલામાં પહેલી મુડી તરીકે **ફુરસદ** (Leisure) અને **ધીરજ** (Patience) જોઇએ. ફુરસદ એ શબ્દ **સમય**ને ઉદ્દેશીને હું વાપરતો નથી, પણ **મન**ની ફુરસદના અર્થમાં–મનને સર્વ પ્રવૃત્તિમાથી ખેંચી લઇ

એક જ ધ્યેય પર લગાડવાની સગવડના અર્થમાં-વાપરૂં છું. પ્રવૃત્તિપરાયણ અને મુડીપ્રધાન યુરપ-અમેરિકામાં આજકાલ 'ફુરસદ'નો કાળ પડયો છે, એનુ કારણ કદાચ એ હશે કે મ્હારા જેવી થોડીએક વ્યક્તિઓએ એ માલ એકહાથ કરી લીધો છે! એ એકહાથ કરાયલા માલની કિંમત હુ ન જાણુ તો બીજું કોણ જાણે? તેથી હું કહી શકુ છું કે એ ફુરસદ કોઇ અક્રિય તત્ત્વ નથી પણ વધુમા વધુ સક્રિય તત્ત્વ છે; અને એ ધીરજ નામનો માલ કોઇ પ્રમાદભૂમિકાનો પાક નથી પણ સારી રીતે ખેડાયેલી સહનશક્તિ ( Endurance ) નામની જમીનનો છોડ છે. એ ધીરજ વડે જ, જોવા-સાંભળવા-વાંચવામાં આવતા તમામ પ્રાણી-પદાર્થ-ઘટના-વિચાર પર પ્રથમ *પૃથક્કરણ ( analysis ) અને પછી સમન્વય ( synthesis ) ક્રિયા કરી શકાય છે અને એ રીતે ત્હેની ખરી કિંમત આંકી શકાય છે જેનાથી આ ક્રિયાઓ થઇ શકતી નથી ત્હેને કોઇ પ્રાણી-પદાર્થ-ઘટના-વિચાર-યોજના પર અભિપ્રાય યા જજમેંટ આપવાનો અધિકાર ન હોઇ શકે તાત્પર્ય કે મ્હારે જે મિશન અથવા ઉચ્ચ પ્રવૃત્તિ માટે હિંદ જવું હતું તે મિશનને અંગે જોઇતી ફુરસદ અને ધીરજ નામની મુડી તો મ્હારી પાસે જ હતી એ ઉપરાત બીજી બે પ્રકારની મુડી મેળવવાની રહેતી: હતી ભાષાજ્ઞાન અને નાણુ.

ભાષાજ્ઞાન વગર કોઇ પણ પ્રજાનુ હાર્દ સ્પર્શી શકાય નહિ તેથી સંસ્કૃત, હિંદી અને ગુજરાતી ભાષાઓનુ સામાન્ય જ્ઞાન મ્હેં મેળવી લીધું રહ્યો હવે સવાલ નાણાંનો. તે માટે કાં

* એક ચીજનાં અંગોપાગ જૂદાં પાડી પ્રત્યેકનું સ્વરૂપ તપાસવાની ક્રિયા તે પૃથક્કરણ ક્રિયા, અને છૂટા ભાગોને એકત્ર કરી આખા શરીરથી શું બને છે તે જોવું એ સમન્વય ક્રિયા. સાયન્સ પૃથક્કરણ શક્તિ આપે છે; યોગ સમન્વય શક્તિ આપે છે.

તો કોઇ મુડીવાદીની ખુશામત કરવી જોઇએ, અગર તો હિંદની કોઈ યુનિવર્સિટીમાં માનસશાસ્ત્રના પ્રોફેસર તરીકે કામ કરવા જવા સાથે મ્હારૂં મિશન સગવડે સગવડે ચલાવવાના નિશ્ચય પર આવવું જોઇએ પહેલો રસ્તો લેવાની યોગ્યતા જો મ્હારામાં હોત તો તો ચેતનવાદની શોધનું ચેટક મ્હને લાગી જ શક્યુ ન હોત! અને બીજો રસ્તો એટલો અશક્ય હતો કે જેટલો 'ભસવુ અને લોટ ખાવો' એ પ્રયોગ અશક્ય છે! ઉદરનિર્વાહ માટે રળવું અને આંતરસૃષ્ટિમાં ભ્રમણ કરવું: એ બે એકસાથે બની શકતાં જ નથી. વળી, કોઇ કામ અપનાવવું છે તે તો ત્હેનાથી પાણિગ્રહણ કરવા સમાન છેઃ લગ્ન કરવા બરાબર છે

અને લગ્નનાં કરાર 'પવિત્ર' છે

આખરે આર્થિક સગવડ કરી આપવાનું બીડુ ચિકાગોની યુનિવર્સિટીએ ઝડપ્યુ,—એવી શરતે કે હિંદી ચેતનવાદના મ્હારા અનુભવ પર એક પુસ્તક મ્હારે ત્હેને લખી આપવુ.

મિશન માટેની સર્વ જરૂરીઆતો પૂરી પડતાં હુ ઉપડવા તૈયાર થયો. અમેરિકાથી હિંદ જળમાર્ગે જવાય છે પણ ઘણા પ્રયત્ને—અને ઘણા સાહસિક મનુષ્યોના ભોગે—આકાશમાર્ગ પણ થોડુ થયાં ખુલ્યો હતો. સ્થળમાર્ગ કરતાં જળમાર્ગ વધારે ત્વરિત પણ વધુ જોખમભર્યો હોય છે અને તેથી ય વધુ ત્વરિત તથા વધુ જોખમભર્યો માર્ગ આકાશનો હોય છે: અનુભવીઓ, જડવાદ, અને બુદ્ધિવાદ અને ચેતનવાદની બાબતમાં પણ એમ જ કહે છે

કોણ જાણે કેમ, મ્હને હમેશ છેલ્લો માર્ગ જ વધુ પસંદ છે.

જે ઍરોપ્લેન મારફત હુ મુંબઇ પહોચ્યો ત્હેનું નામ 'VICTORY' હતુ હું એને વિજયપતાકા વિમાન કહેતો.

એનુ શરીર એટલું મજબૂત ( strong ) બાંધવામાં આવ્યું હતું અને એની અંદરની મશિનરી એટલી તાકાદવાળી ( powerful ) હતી કે પૃથ્વીનું ગુરૂત્વાકર્ષણ એને નીચે ખેચવામા ફાવતુ નહિ એ વિમાનમાં મુસાફરી કરતાં મ્હને આભાસ થયો કે જાણે હું ચેતનવાદના વિમાનમાં ઉડુ છું અને દુન્યાવી શોરબકોર તથા આક્રદ સાંભળવાને મ્હારા કાન બહેરા થઇ ગયા છે ! એક વધુ આશ્ચર્યજનક અનુભવ તો એ થયો કે, જેટલી ઉંચાઇએ મ્હારૂ વિમાન ઉડતું તેટલી જ હૃદયની ઉંડાઇમાં મ્હારૂં ભાન ઘૂસતું.

## પ્રકરણ ૨ જું.

### ભોમીઆ તરીકે મ્હને જૈન પત્રકાર સાંપડે છે.

મુંબઇમાં મ્હેં એક હિંદી માલેકીની હૉટૅલમાં ઉતારો કર્યો મૅનેજરને મ્હારી હિંદની મુલાકાતનો આશય સ્હમજાવી એક એવો ભોમીઓ (Guide) મેળવી આપવા અરજ કરી કે જે મ્હને હિંદી ધર્માચાર્યોથી મુલાકાત કરાવી શકે

બીજી સ્હવારે મ્હારી બેઠકમાં એક શુમારે ચાળીશ વર્ષની ઉંમરનો, શ્યામ મુખપર શીળીનાં ચાઠાંવાળો, ઉંચો સુક્કલકડી યુવાન, પરવાનગી માંગવાની ય રાહ જોવા સિવાય દાખલ થયો. પોતાને અગત્યનો માણસ મનાવવા મથતો ત્હેનો દેખાવ હતો. સફેદ ખાદીનો લાંબો ડગલો, પૈન્ટ અને 'ગાંધી કૅપ'નો એનો પહેરવેશ એના ટચુકડા કપાળ, ન્હાનીશી આંખો તથા શંકાજનક રેખાઓવાળા ચહેરાને જરાક બંધબેસતો નહોતો. એના કપાળમાં પીળા રંગનું ગોળ ચિન્હ હતું.

"મિસ્ટર શૉ આપનું નામ કે?" તેણે પૃછ્યું.

જવાબમાં મ્હેં માથું હલાવ્યુ.

"મ્હારૂં નામ મિસ્ટર 'પાતક છે" તેણે પોતાની ઓળખ પોતે જ આપતા કહ્યું "અને મ્હને આ હૉટૅલના મૅનેજરે મોકલ્યો છે. એમણે મ્હને કહ્યું છે કે આપ હિંદના વધુમાં વધુ આગળ પડતા ધર્મ સંબધી માહેતી ઇચ્છો છો અને એ માટે એક 'ગાઈડ'ની શોધમાં છો. એવા ગાઇડ તરીકે સેવા આપવા હુ ખુશી છુ. હું એ કામ માટે લાયક પણ છું, કારણ કે હિંદના વધુમાં વધુ આગળ પડતા અને વધુમાં વધુ જૂના ધર્મનો—જૈનધર્મનો—હુ અનુયાયી છું અને એ ધર્મના મ્હોટા સંતો, સાહિત્યકારો તથા સંઘપતિઓથી સંબધ ધરાવુ છું. વળી એક જાણીતા દૈનિક પત્રનો એક ઍડિટર પણ છું."

હું ત્હેને ખુરશી બતાવું તે પહેલાં તો તેણે પોતાનો અડ્ડો જમાવી લીધો હતો.

"માફ કરો, મિ. પાતક!" મ્હેં કહ્યું "ત્હમે જેને સેવા આપવા આવ્યા છો તે એકાદી મિસ મેયો નથી કે જે બેચાર દિવસ અહીતહીં ભટકી સુનીસુનાઇ વાતોથી સંતોષ પકડે. હું બીજાઓ માટે લખવા આવ્યો નથી, પણ પોતાને માટે 'શોધવા' અને પોતાના હૃદયપર લખવા અહીં આવ્યો છું. મ્હારે જૈન તેમજ અન્ય ધર્મોના વિવિધ શ્રેણિના મનુષ્યોને મળવુ જોઇશે અને તે માટે દેશભરમાં ભ્રમણ કરવુ પડશે. તેથી બધો વખત મ્હારી સેવામાં રહી શકે એવો જ ગાઇડ મ્હને કામ લાગે ઍડિટર તરીકેની જોખમદારી અદા કરતા જવા સાથે મ્હારા ગાઇડ બનવું શક્ય નથી."

પછી ત્હેને વધુમાં વધુ sensational રૂપ આપી લોકોમાં હોહાકાર મચાવવો કે જેથી છાપાની ખપત જાગે: એ ફરજ અમને સોંપાયલી હોય છે અને તે અમારે પબ્લિકના હિસાબે અને અમારા પોતીકા જોખમે બજાવવી પડે છે,—ભૂખે મરતી કે ફસાઈ પડેલી નિર્દોષ બાળાઓને અનીતિનાં ધામોમાં કરવું પડે છે તેમ અમારી આ સ્થિતિને લીધે ગમે તેવા પવિત્ર કે નિર્દોષ સંત, નેતા, સાક્ષર, સમાજસેવક, સંસ્થા કે પ્રવૃત્તિ લોક-બત્રીસીએ ચ્હડવાથી બચી શકતાં નથી કેટલીએ વખત અમે માર પણ ખાઈ બેસીએ છીએ અને કેટલીએ વખત કોઈની ખટપટના ભોગ થઇ પડી રોજી ગુમાવી બેસીએ છીએ અને નવી ગુલામીની શોધમાં ભટકીએ છીએ. અનેક ઘર માંડતાં વ અમારૂં ઠેકાણું પડતું નથી અને તે છતા અમારો ઉદ્ધાર કર-નાર કોઇ સમર્થ સુધારક, સખાવતી કે સંત આ દેશમાં હજી પાક્યો નથી. ”

હું કલ્પ્યો મુડીવાદની ભયકરતાઓ હું ઘણીએ જોઈ ચૂક્યો હતો, પરંતુ ચેતનવાદી દેશમા જૂદું જ દૃશ્ય જોવાની મ્હેં આશા રાખી હતી. આ એકજ માહિતી મ્હને એવા અનુ-માન પર લઈ જવાને પૂરતી હતી કે, ચેતનવાદી હિંદ ક્યારનો-ય મરી ચૂક્યો હતો અને ત્હેની જગાએ બુદ્ધિવાદી હિંદ જીવતો હતો. બુદ્ધિવાદ ભયંકરમાં ભયકર ચીજને પણ તર્કનાં સુંચણાથી આકર્ષક બનાવી શકે છે ગમે તેવા પ્રપંચ ‘રાજ-નીતિની પવિત્ર જરૂરીઆત ’ તરીકે ચાલી શકે તે માત્ર બુદ્ધિ-વાદના સામ્રાજ્યમાં જ. ઉત્કટ મનુષ્યત્વને લીધે પોતાની મેળે બનતા યોદ્ધાઓને સ્થાને માણસાઇ વગરનાં પૂતળાઓને પગાર આપી સૈનિક બનાવવા અને ત્હેમને માટે વેસ્યાઓ પણ પૂરી પાડવી: એવા કૃત્ય માટે બુદ્ધિવાદના શબ્દકોષમાં ‘ દેશ-રક્ષાની અનિવાર્યતા ’ જેવો સુંદર શબ્દ યોજાયલો હોય જ.

જડવાદ એ બુદ્ધિવાદનું જ ફરજંદ છે. બુદ્ધિ જેમ જેમ ખીલતી જાય છે તેમ તેમ જડવાદને વધુ ને વધુ પોષણ મળતુ જાય છે અને વધુમાં વધુ ઝડપથી નાશ કરે એવાં વિષો આકર્ષક રૂપમા રજુ થાય છે. એ subtle સર્પગતિવાળી બલાનું વિષ ઉતારનાર કોઈ મણિ–કોઇ ગારૂડી–હોય તો તે એક જ છેઃ **ચેતનવાદ** કે **અધ્યાત્મવાદ**

મ્હારી વિચારણા મિ. **પાતક**ની ખાંસીથી અટકી પડી. તેણે મ્હને આંતરસૃષ્ટિમાંથી બાહ્યસૃષ્ટિમાં ખેંચી આણ્યો અને સ્મરણ કરાવ્યું કે તે મ્હારા જવાબની રાહ જોતો હતો.

"મિ. **પાતક**!" મ્હે કહ્યું "હું બરાબર જાણું છું કે મુઠ્ઠીભર માણસો જ્યહારે ધનનો ઇજારો લઈ બેસે છે ત્યહારે જનતા ( masses ) દરિદ્રતાનો ભોગ બને છે,—અને દરિદ્રતા શારીરિક તેમજ માનસિક સર્વ 'નબળાઈ'ઓની જનેતા છે. એ 'રોગ' તિરસ્કારથી કે દંડથી મટાડી શકાતો નથી. જ્યહારે **મુડીવાદીઓમાં ચેતનવાદ ઘૂસે ત્યહારે જ જનતાની આ નબળાઇઓ નષ્ટ થાય.** પણ ચેતનવાદ એવી મહાસત્તા છે કે જેની પધરામણી ભયકરમા ભયંકર ગાજવીજ વગર–મ્હોટામાં મ્હોટી આફત વગર–થતી જ નથી. આફત નબળાનો–masses નો–નાશ કરનાર થઈ પડે, પણ સબળાને વધુ સબળ બનાવે અર્થાત્ એના આત્માને જગાડનાર થઈ પડે અને 'જાગેલો' મનુષ્ય જ પછી નબળાઓને ધીમેધીમે સબળ કરી શકે."

"મિ **શા**!" મ્હારા શબ્દોથી ઉત્સાહમાં આવેલો મિ **પાતક** બોલ્યો "આપનું આ કથન અમારા જૈનધર્મની એક સંસ્થા પર–સાધુસંસ્થા પર–અને ત્હેની પ્રવૃત્તિની ઉપયોગાતા પર સુદર પ્રકાશ પાડે છે. ઈતિહાસપરથી જણાય છે કે આ ધર્મનો પ્રતાપીમાં પ્રતાપી જમાનો એ હતો કે જેમાં મ્હોટા

જડવાદ એ બુદ્ધિવાદનું જ ફરજંદ છે. બુદ્ધિ જેમ જેમ ખીલતી જાય છે તેમ તેમ જડવાદને વધુ ને વધુ પોષણ મળતું જાય છે અને વધુમાં વધુ ઝડપથી નાશ કરે એવાં વિષો આકર્ષક રૂપમાં રજુ થાય છે. એ subtle સર્પગતિવાળી બલાનું વિષ ઉતારનાર કોઈ મણિ–કોઇ ગારૂડી–હોય તો તે એક જ છેઃ **ચેતનવાદ કે અધ્યાત્મવાદ.**

મ્હારી વિચારણા મિ **પાતક**ની ખાંસીથી અટકી પડી તેણે મ્હને આંતરસૃષ્ટિમાંથી બાહ્યસૃષ્ટિમાં ખેચી આણ્યો અને સ્મરણ કરાવ્યુ કે તે મ્હારા જવાબની રાહ જોતો હતો.

“ મિ. **પાતક** ! ” મ્હેં કહ્યું “ હું બરાબર જાણું છુ કે મુઠ્ઠીભર માણસો જ્યહારે ધનનો ઇજારો લઈ બેસે છે ત્યહારે જનતા ( masses ) દરિદ્રતાનો ભોગ બને છે,—અને દરિદ્રતા શારીરિક તેમજ માનસિક સર્વ ‘ નબળાઈ’ઓની જનેતા છે. એ ‘ રોગ ’ તિરસ્કારથી કે દંડથી મટાડી શકાતો નથી **જ્યહારે મુડીવાદીઓમાં ચેતનવાદ ઘૂસે ત્યહારે જ જનતાની આ નબળાઇઓ નષ્ટ થાય.** પણ ચેતનવાદ એવી મહાસત્તા છે કે જેની પધરામણી ભયકરમા ભયકર ગાજવીજ વગર– મ્હોટામાં મ્હોટી આફત વગર–થતી જ નથી. આફત નબળાનો–masses નો–નાશ કરનાર થઈ પડે, પણ સબળાને વધુ સબળ બનાવે અર્થાત્ એના આત્માને જગાડનાર થઈ પડે અને ‘ જાગેલો ’ મનુષ્ય જ પછી નબળાઓને ધીમેધીમે સબળ કરી શકે. ”

“ મિ **શૅા** ! ” મ્હારા શબ્દોથી ઉત્સાહમાં આવેલો મિ. **પાતક** બોલ્યો “ આપનુ આ કથન અમારા જૈનધર્મની એક સંસ્થા પર—સાધુસંસ્થા પર—અને ત્હેની પ્રવૃત્તિની ઉપયોગીતા પર સુદર પ્રકાશ પાડે છે. ઈતિહાસપરથી જણાય છે કે આ ધર્મનો પ્રતાપીમા પ્રતાપી જમાનો એ હતો કે જેમાં મ્હોટા

નરેશો અને શ્રીમંતો, એમના હૃદયને ભયંકર આઘાત કરનારો પ્રસંગ આવતાં, 'સાધુ' થઈ જતા—એટલે કે 'મિલ્કત'**માત્ર**નો ત્યાગ કરી **ચે**તનવાદની શોધમાં ફરતા. જ્યહારે ત્હેમનું ચૈતન્ય બરાબર જાગતું ત્યહારે તેઓ પોતાના જેવાઓને એટલે કે રાજાઓ અને શ્રીમંતોને શોધીશોધીને ઉપદેશ આપતા અને જનતામાં દરિદ્રતા રહેવા ન પામે એવી વ્યવસ્થા કરવાનું ત્હેમના પર દબાણ કરતા. આ સાધુઓ નિસ્વાર્થી અને નિષ્પક્ષપાતી હોવા છતાં જનતાની અપેક્ષાએ શ્રીમંતો અને રાજાઓને ઉપદેશ આપવાની વધુ કાળજી કેમ રાખતા હશે એવો પ્રશ્ન મ્હારી માફક ઘણાઓને થતો રહ્યો છે, પણ આજે આપે સહજાસહજ ત્હેનું સમાધાન કર્યું છે આજે અમારો ધર્મ ફક્ત વ્યાપારી કોમમાં —**વ**ણિકોમાં—મુડીવાદી વર્ગમાં જ ગોંધાયલો છે અને એ વર્ગની આર્થિક મહત્તાને લીધે આ ધર્મ પણ આગળ પડતો ગણાય છે,—જો કે હું કબુલ કરીશ કે આજે રાજા કે ધનાઢ્ય વર્ગમાંથી બનેલા નહિ પણ જનતામાથી બનેલા સાધુ જ અમો ધરાવીએ છીએ ".

" એટલે કે " મ્હેં કહ્યું " ચગદાયલા વર્ગનો બળવો છે, સમષ્ટિભાનવાળી વિકસિત વ્યક્તિઓનો યજ્ઞ નથી. "

મિ. **પા**તક કાંઈ જ ન બોલ્યો

" ત્હમારા સાધુઓ **જનતા**ના હૃદય પર કાબુ ધરાવે છે કે શ્રીમંતો અને રાજાઓ-કે રાજપુરૂષોમાં સારો મોભ્ભો ધરાવે છે કે ? " મ્હેં પૂછ્યું

" જનતાના હૃદયપરનો ત્હેમનો કાબુ તો " મિ. **પાત**કે ઉત્તર આપ્યો " એટલો વજ્રલેપ છે કે એમના શબ્દ કે ઈચ્છાવટીકનુ પણ ઉલ્લંઘન થઈ શકતુ નથી. શ્રીમંતો અને રાજાઓ તથા રાજપુરૂષો પર, હું કહી ગયો તેમ, પૂર્વે તેઓ

લાગવગ ધરાવતા, આજે રાજાઓ અને રાજપુરૂષો ત્હેમને હસે છે અને શ્રીમંતો—એટલે કે અમારા ધર્મના શ્રીમંતો—પોતાની મતલબ ખાતર આમનું માન રાખે છે."

મ્હને લાગ્યુ કે જૈનસમાજ અને જૈનધર્મનો અભ્યાસ કરવામાં મ્હને રસ પડશે. મિ. પાતક એ રસ્તે ઉપયોગી થઇ પડશે એમ પણ મ્હને લાગ્યુ. ચાલુ તંગીએ એની ગમે તેવી વિકૃતિ કરી હોય, પણ તંગીથી છૂટકારો અને ઉત્તમ સંગ એ બે ઇલાજો એનુ માનસ બદલ્યા વગર નહિ રહે એવી મ્હારી ખાત્રી હતી.

"મિ. પાતક!" મ્હેં કહ્યું "ત્હમે જેને ગંદુ અને ત્હમારા હૃદય વિરૂદ્ધનુ કામ કહો છો તે આજથી છોડી દેશો તો હું ત્હમને રોજના ત્રણ ડૉલર આપવા ખુશી થઈશ. ત્હમે જોઈ શકશો કે પૂરી કિંમત ભર્યા સિવાય કોઈ પણ મનુષ્ય કે ચીજનો લાભ નહિ લેવાના ઠરાવવાળા મનુષ્યોમાંનો હું એક છું અને, તે સાથે જ, સચ્ચાઈ અને વફાદારીની પૂરી આશા રાખીશ."

હું જોઇ શક્યો કે મિ. પાતકના ચહેરા પર આભારની લાગણી છાઈ રહી હતી.

"ભલા મહાશય!" તે બોલ્યો "મ્હારી યોગ્યતા તેમજ આશા કરતાં ય આપે વધુ સારી ઑફર કરી છે. શબ્દોથી ઉપકાર માનવા કરતા, આપે કહ્યું છે તેમ, 'સચ્ચાઈ અને વફાદારી' ભરી સેવાથી જ જવાબ આપવા હું પ્રયત્ન કરીશ."

'સચ્ચાઈ અને વફાદારી' ભરી **સેવા**!

એક દિવસ તે જોશે કે તે **સેવા** મ્હારી નહિ, પણ ત્હેની **પોતાની** હતી!

અને ત્હેની માફક એક દિવસ દુનિયા પણ સ્હમજતી થશે કે સેવા એ સાચા **સ્વાર્થ**ને અપાયલુ મોહક નામ માત્ર હતું!

# પ્રકરણ ૩ જું.

## જૈનો સંબંધી સામાન્ય જ્ઞાન મેળવું છું.

ગઈ કાલે છૂટા પડવા પહેલાં નક્કી કર્યું હતુ તેમ, આજનો આખ્ખો દિવસ યોગીશ્વરી ગુફાઓમાં ગાળવા અમે આવ્યા હતા.

આ તે સ્થાન હતું કે જ્યહાં એક વખત બુદ્ધના સાધુઓ ધ્યાન ધરવા આવતા,—જો કે મ્હને સ્પષ્ટ શબ્દોમા ચેતવણી આપવામા આવી હતી કે ત્યહાં મ્હને કોઇ ધ્યાનપ્રેમી સાધુ કે ગૃહસ્થનો ભેટો થવા પામશે એવી આશા મ્હારે ન રાખવી.

મ્હને કહેવામાં આવ્યું હતુ કે બુદ્ધ અને મહાવીર સમકાલિન હતા અને તેમના ઉપદેશો પણ લગભગ એકસરખા હતા. બન્ને ક્ષત્રિય રાજવંશમાં ઉપન્યા હતા અને ભરયૂવાનીમાં સઘળા વૈભવને પીઠ કરી—એકલા જ—નીકળી પડયા હતા.

જનતા (masses) અને જનતાના ઇતિહાસકારોને જ્યહાં સુધી લાગેવળગે છે ત્યહાં સુધી તો અલબત્ત મહાવીર અને બુદ્ધ

ભિન્ન દેહો હતા, પરન્તુ તત્ત્વદષ્ટિને વીરતા અને પ્રબુદ્ધતા એક જ શક્તિરૂપ દેખાય છે.

ભોમીઆની મના છતા મ્હેં બુદ્ધની ગુફામાં મહાવીરને ભેટી પડવાની ચોક્કસ આશા રાખી હતી.

એ ઇચ્છાને મનમાં જ રાખી હું ચૂપચાપ ભોમીઆની પાછળ પાછળ એક મ્હોટી ગુફામાં દાખલ થયો.

ગુફામાં પગ મૂકતાં ત્રણ અનુભવ થયાઃ શીતળતાનો, ચુપકીનો અને અંધકારના અસીમપણાનો.

મ્હારૂ મન અને બુદ્ધિ ઠરી ગયાં મ્હારૂ ભાન ચિત્તના ભોંયરામાં જઇ ભરાયું.

પણ એટલામાં તો બાહ્ય ભાનવાળો મ્હારો ભોમીઓ બોલી ઉઠયોઃ "મ્હેં જબરી ભૂલ કરી, મિ. શૉ! પૉકેટ લાઇટ લાવવુ હુ ચૂકી ગયો!"

"મહાવીરની ખાતર ચૂપ રહો!" મ્હે કહ્યું "પ્રકાશથી દેખાતી મૂર્ત્તિઓ તો મ્હે અસંખ્ય જોઇ છે ત્હમે પોતે, હું, સઘળા મનુષ્યો, પ્રાણીઓ, પદાર્થો મૂર્ત્તિ નથી તો બીજું શું છે? એ મૂર્ત્તિઓએ ઉપજાવેલી-વિષમતા દૂર કરવા માટે તો હુ અહી આવ્યો છું છતાં અહીં પણ પ્રકાશ અને પ્રકાશથી દેખાતી મૂર્ત્તિ લાવવાનુ ત્હમને સૂઝયાં કરે છે! મ્હારે તો આ અંધકારમા જ અને મ્હારા પોતીકા પ્રકાશવડે જ બુદ્ધિની મૂર્ત્તિ જોવી છે. ત્હમે ચૂપ રહો એટલી જ ત્હમારી સેવા બસ થશે."

"મ્હને માફ કરો, સાહેબ!" તેણે કહ્યું "પણ આવા ગાઢ અંધકારમાં મૂર્ત્તિ કેમ દેખાશે?"

"હુ ફરી કહું છું કે ત્હમે '**ચૂપ રહેતાં**' શિખો" મ્હેં કહ્યું "ત્હમારા કરતાં આ સ્થાન બાંધનાર અને ત્હેમાં મૂર્ત્તિ મૂકનાર વધારે અક્કલવાળો હશે."

થોડા વખતમાં મ્હારી આંખો અંધકારથી ટેવાઇ ગઇ અને સફેદ પત્થર જેવું **કાંઈક** દેખાવા લાગ્યું. ધીમે ધીમે એનો **આકાર** પણ સ્પષ્ટ થવા લાગ્યો છેવટે એક **કદાવર** મનુષ્યાકૃતિ હું જોઇ શક્યો. એનાં પ્રત્યેક અંગો વિશાળ અને કસાયલાં જેવાં દેખાતાં હતાં. એનું મસ્તક માનસિક વિકાસની પરિપૂર્ણતા સૂચવતું હતું એનો ચહેરો શારીરિક અને માનસિક બળોને કાબુમાં રાખનારી આધ્યાત્મિક શક્તિથી ભરપૂર અને તેથી 'તૃપ્ત'—શાન્ત—દેખાતો હતો એની ધ્યાનાવસ્થાની પલાંઠી સઘળી 'ધમાલો'ને નીચે પટકીને એના પર આસન જમાવ્યું હોય એમ સૂચવતી હતી.

એનું **પત્થર**નુ શરીર એનુ ચારિત્ર (Character) કેટલુ **ઘટ** હતું અને એનો 'સંતોષ' અથવા 'આનંદ' કેટલો **ઘન** હતો તે સૂચવતુ હતું. Was it not a solid piece of Will purified ?

**હિંદે કેવો ભવ્ય આદર્શ ઘડ્યો હતો ?**

શારીરિક, માનસિક, આધ્યાત્મિક : ત્રણે શક્તિઓનો કેવો સુંદર સંગમ રચવા હિંદ મથતું રહ્યું હતું ?

અને એ જ જો હિંદીઓની 'મુક્તિ' અથવા 'ધ્યેય' હોય તો, એ જ હિંદીઓની સંસ્કૃતિ અથવા Civilizationનો છૂપો આશય હોય તો, એ હિંદને કયું મસ્તક નમ્યા સિવાય રહી શકશે ?

હિંદે **'શોધ્યું'** હતું કે, માટીનું 'કલ્યાણ' કોઇ ચતુર કલાકારના હાથથી સુંદર મૂર્તિ બનવામા છે; અને **શિખવ્યું** હતુ કે, મનુષ્યજાતિરૂપ માટીનું કલ્યાણ કોઇ પ્રખર તત્ત્વવેત્તારૂપ કલાકારની કલારૂપ ધર્મયોજના વડે પોતામાંથી એકાદ ભવ્ય **મહાવીર** કે **બુદ્ધ** ઉપજાવવામાં છે !

શું આજનું હિંદ જાણતું હશે કે આત્મિક કલ્યાણ એ કોઇ 'માન્યતા'નો વિષય નહિ પણ Will (ઇચ્છાશક્તિ) ને ખીલવીને ત્હેની ભસ્મ બનાવવાનો–શુદ્ધિકરણનો–પુરૂષાર્થ છે?

શું હિંદીઓ જાણતા હશે કે ધર્મ એ દલીલનો વિષય નહિ પણ ઇચ્છાશક્તિ પ્રકટાવવા અને ખીલવવાની 'તાલીમ' છે?

શું તેઓ જાણતા હશે કે નરા શરીરબળથી, નરા બુદ્ધિ-બળથી કે નરી ઇચ્છાશક્તિથી એકાદ **મહાવીર** કે **બુદ્ધ** –શક્તિની સર્વાંગસુંદર મૂર્ત્તિ–બનવા સંભવ જ નથી?

શું હિંદના વિવિધ ધર્મના આચાર્યો જાણતા હશે કે તેઓ કોઇ પ્રખર તત્ત્વવેત્તા કે Artistના પ્રતિનિધિ છે અને ત્હેમને એક એવું 'મિશન' સોપાયલું છે કે જે ત્હેમની સઘળી શક્તિ-ઓનો અને સઘળા સમયનો ભોગ માંગે છે,–એટલા માટે કે તેઓ માટીરૂપ જનતામાંથી એકાદ વીર ઘડી શકે?

શું રામ, કૃષ્ણ, **મહાવીર**, **બુદ્ધ**ને ઘડનાર હિંદી સ્રજન-શાસ્ત્ર આજે પણ એકાદ નૂતન મહાત્મા ઘડયા વગર ઝંપી શકતુ હશે?

કોને પૂછું? મ્હારો સોબતીઓ તો આવા પ્રશ્નોને સ્હમજ-વાને પણ યોગ્ય લાગતો ન હતો અને મૂર્ત્તિને પ્રશ્ન કરવા જેટલો હું બાલિશ ન હતો ઠીક, મ્હારામાં ઉગેલા પ્રશ્નોનો ઉત્તર હુ જ મેળવીશ. એ માટે મ્હારે જરા ભટકવું પડશે,–**હાતમ તાઇ**ની પેઠે, કે જે અમુક પ્રશ્નોના ઉત્તર મેળવવા અજાણ્યા પ્રદેશોમાં ભટકયો હતો અને મૃત્યુના મ્હોંમા મસ્તક ઘૂસાડવા જેવાં સાહસોમાં રમ્યો હતો

*    *    *    *

બાહ્ય એકાંત મ્હને આંતરિક એકાંતમા ખેચી જનાર થઇ પડયુ હતુ અને તે 'જમીન' મા–તે 'ગર્ભ'માં–ઉક્ત પ્રશ્નો ઉગ્યા હતા

ગર્ભસ્થાનમાં પડતા બિંદુને 'ફળ' રૂપ થતાં નવમાસ લાગે છે. મ્હારે પણ નવ દિવસ સબુરી પકડવાની જ રહી. તે દર્મ્યાન મ્હારે એક કામ અવશ્ય કરવાનું હતું,—ગર્ભના **પોષણનું.**

ગુફા છોડી અમે બહાર આવ્યા મિ. **પાત**કે એક જાજમ બીછાવી હતી તે પર અમે બેઠાં

માહેતી—માનસિક ખોરાક—મેળવવાનું કામ હવે શરૂ થયું.

" મિ **પાત**ક ! " મ્હે પૂછ્યુ "**બુદ્ધ**ને થયાં કેટલોક કાળ વીત્યો હશે ?"

" શુમારે અઢી હજાર વર્ષ " તેણે જવાબ આપ્યો "અને એટલો જ સમય **મ**હાવીરનિર્વાણને થયો,—**ક્રાઇસ્ટ**થી બહુ જૂના તેઓ નહિ "

**હું**:—આ દેશમા આજે **બુદ્ધ**ના અનુયાયીઓ કેટલાક હશે ?

**મિ. પાતક**—તે ધર્મ આજે મરી ગયો છે.

**હું**.—એમ જ હોય તો **ચીન**—**જૅ**પાનના દરેક ખૂણે એ ધર્મ કેમ પહોંચી શક્યો ? યુરપ—**અ**મેરિકામાં પણ પગપેસારો કેમ કરી શક્યો ? એ ધર્મ જીવતો ન હોય તો એનો પ્રદેશ દિનપ્રતિદિન વધુ ને વધુ વિસ્તૃત કેમ બનવા પામે ? **હિ**ંદમાં જન્મેલો એ ધર્મ **હિ**ંદમાંથી અદૃશ્ય થયો હોય તેથી ધર્મ મર્યો ન મનાય પણ **હિ**ંદી શરીર હવે ધર્મ ધારણ કરવાને યોગ્ય નથી રહ્યું એટલુ જ ફલિત થાય ધર્મ કાંઇ જમીન કે હવાપાણીમા રહેતી ચીજ નથી પણ મનુષ્યના હૃદયમા નિવાસ કરતુ તત્ત્વ છે શાસ્ત્રો જ્યહાં જ્યહા 'ભૂમિ' કે 'ભૂમિકા' શબ્દ વાપરે છે ત્યહાં ત્યહા મનુષ્યના હૃદયરૂપી ભૂમિકા જ કહેવા માગે છે. એ ભૂમિ જ્યહાં ફલદ્રૂપ (fertile) હોય છે ત્યહાં જ ધર્મ 'ઉગી' શકે છે, અને એ ભૂમિ જ્યહારે કસ વગર-

ની (barren) બને છે ત્યારે ધર્મ ત્યાંથી પલાયન કરી જાય છે અને હરકોઈ ફલદ્રૂપ ભૂમિ શોધી ત્યાં નિવાસ કરે છે.

**મિ. પાતક**:—બૌદ્ધ ધર્મ હિંદમાંથી અન્યત્ર ચાલ્યો જવાથી જો એમ ફલિત થતું હોય કે હિંદી હૃદયભૂમિ નિર્માલ્ય બની છે, તો પછી એ જ હિંદમાં જૈન ધર્મ ટકવા પામ્યો એમ કેમ બન્યું ?

**હું**:—જૈન ધર્મ ટકી **શક્યો** છે કે કેમ એ હજી જોવાનું રહે છે.

**મિ. પાતક**:—જ્યાં સુધી હિંદમાં જૈનધર્મને માનનારા ૧૩ લાખ મનુષ્યો છે અને સેંકડો ધર્મરક્ષક સાધુઓ છે, ભવ્ય મંદિરો અને લાખ્ખોનાં ધાર્મિક ફંડો છે, ત્યાં સુધી એ ધર્મ જીવતો છે એવી માન્યતામાં શંકા કેમ કરી શકાય ?

**હું**—તમે જે માહેતી આપી ત્હેની મ્હેં નોંધ અવશ્ય કરી એથી આગળ વધીને કોઇ પણ જાતનો **અભિપ્રાય** બાંધવા હું હમણાં તૈયાર નથી અભિપ્રાય તો બની શકતી તમામ માહેતી મેળવ્યા બાદ અને એ ઉપર ઉંડું મનન કર્યા પછી જ બંધાશે હમણા હું કાંઇ 'માનવા' કે 'શંકા કરવા' બેઠો નથી; માત્ર **માહેતી** ખેંચવા ( draw ) બેઠો છું તમે જે ૧૩ લાખ 'માનનારા' વગેરેની હયાતીની વાત કરી તે શું જૈનધર્મની હિંદમાં હયાતી હોવાનો પુરાવો છે ? એક સ્ત્રીએ ૪૦ વર્ષની ઉમર થતામા ત્રણ સંતાનને જન્મ આપ્યો અને પછી સંતાનોત્પત્તિ અટકી પડી,—જો કે પતિ હયાત છે અને તનદુરસ્ત છે. આ સ્ત્રીને તમે 'જીવતી' કહો કે 'મરી ચૂકેલી' કહો—ગમે તે કહો—પણ પ્રજોત્પત્તિ માટે તો તે ચોક્કસ મરેલી જ છે, જો કે એનું શરીર મોજુદ છે એક ખેતર વાવેતર માટે નકામું થઇ ચૂક્યું હોય તો તે 'જમીન' રૂપે ભલે વિદ્ય-

માન હોય પણ ' ખેતર ' રૂપે તો મરેલું જ છે, અને ત્હેના માલેકને ફલદાયક થવાને બદલે બોજારૂપ જ થશે. સંભવ છે કે, હિંદી હૃદય રૂપી ' ખેતર ' નિયમિત ખાતરની ગેરહાજરીમાં અને લાંબા કાળ સુધી પાક લેતા રહેવાને પરિણામે હવે વધુ વખત ' ખેતર ' નથી રહેવા પામ્યુ, માત્ર 'જમીન' તરીકે હયાતી ધરાવે છે.

**મિ. પાતકઃ**—તો પછી બે પ્રશ્નો ઉપસ્થિત થાયઃ હિંદી હૃદય જ જો કસ વગરનુ બન્યું હોય તો ત્હેમાં હિંદુ ધર્મ કેમ ટકી શકયો હોય ? અને **જૈન** ધર્મ હિંદ સિવાયના બીજા દેશોમા કેમ જોવામાં ન આવતો હોય ?

હું.—હિંદુ ધર્મ હિંદમાં ટકી શકયો છે એવુ ત્હમે ' માની લેતા ' હો તેમ જણાય છે વસ્તુતઃ એ ધર્મ હિંદમા કાયમ રહ્યો છે કે કેમ એ મ્હારી શોધનો વિષય છે. મ્હારી શોધના ભોમીઆ તરીકે ત્હમે–એક **જૈન**–મળી આવવાથી પ્રથમ હુ એ ધર્મ સંબધી શોધ કરૂં છું, અને તે પછી હિંદુ ધર્મ તરફ દષ્ટિ કરીશ હાલ તુરતને માટે તો હિંદુ ધર્મ સંબંધી એક વિચાર મ્હારા મગજમાં છે અને તે એ છે કે, **બૌદ્ધ** ધર્મના અનુયાયીઓ જે દેશોમાં–**ચીન**, **જૅપાન**મા–વસે છે ત્ય્હાં તે લોકો પોતે જ રાજ્ય કરે છે, ખ્રિસ્તી ધર્મના અનુયાયીઓ જે દેશોમાં–યુરપ, **અમેરિકા**મા–વસે છે ત્ય્હાં ક્રિશ્ચીઅનો જ રાજ્ય કરે છે, પણ હિંદુધર્મના અનુયાયીઓનો એકનો એક દેશ હિંદ હિંદુઓના હાથમાં નથી,–જે એવા અનુમાન પર આવવાને કારણ આપે છે કે આજે હિંદમા હિંદુધર્મ જીવતો નથી એ અનુમાન સાચુ છે કે ખોટુ તે તો હવે પછીની તપાસ પરથી નક્કી થશે તેમજ જો **જૈન**ધર્મ પણ હિંદમાંથી મરી જ ગયો હોવાનું સાબીત થશે તો પછી આપણે એ શોધ-

વાનુ રહેશે કે તેણે મરીને કયે સ્થળે જન્મ લીધો છે હમણાં તો આપણે જૈનધર્મ હિંદમાં જીવતો છે કે કેમ તે તપાસમાં જ ગોધાઇ રહીશું વારૂ, જૈન ધર્મને હયાતીમાં આવ્યાને કેટલોક કાળ થયો હશે?

**મિ. પાતકઃ**—એ કાળનું માપ કરવાને આજનુ ગણિત સખ્યા ધરાવતું નથી જૈનધર્મના સ્થાપક શ્રી ઋષભદેવ આજથી ક્રોડો વર્ષ પર થઇ ગયા, કે જે વખતે ખેતી કે ઝુપડુ શું તે પણ કોઇ મનુષ્ય જાણતો નહોતો,-અર્થાત્ સસ્કૃતિ અથવા Civilizationનું અસ્તિત્વ જ નહોતું તે વખતે બાળક-બાળકી જોડલે જન્મતાં, પ્રજોત્પત્તિ કરતાં અને સાથે જ મરતાં, અને જીવતાં ત્યહાં સુધી પોતાની તમામ જરૂરીઆતો એક પ્રકારના વૃક્ષોમાંથી પૂરી કરતાં એમની જરૂરીઆતો હજી તદ્દન સ્થૂલ હતી 'સમાજ' જેવી, 'ધર્મ' જેવી, 'રાજ્ય' જેવી કોઇ ચીજની એમને જરૂર જ લાગી નહોતી. 'સાયન્સ' કે 'આર્ટ'ની કલ્પના પણ તે કાળે જાગી નહોતી એ કાળે ઋષભદેવ નામક વ્યક્તિએ 'સમાજ'ની સ્થાપના કરી. 'રાજ્ય'ની સ્થાપના કરી, તથા અસિ-મસિ-કૃષિ ('તલવાર અથવા યુદ્ધકળા, વાણિજ્ય અને ખેતી )ની સ્થાપના કરી તથા ધર્મ અને ધર્મ-શાસનની સ્થાપના કરી. એ ધર્મસસ્થા 'જૈનધર્મ'નામથી જન્મ પામી અને ત્હેના સ્થાપક ઋષભદેવ પહેલા જૈન તીર્થંકર હતા.

**હું:**—ત્હમારા કથનમાથી ત્રણ અગત્યના મુદ્દા તારવી શકાય. (૧) દુનિયામા પહેલામા પહેલી સસ્કૃતિ 'જૈનધર્મ' એવા નામથી થઇ. (૨) એ પહેલી સસ્કૃતિ સાયન્સ, આર્ટ તેમજ ધર્મ એ ત્રણેના સયોગપૂર્વક થઇ હતી. નહિ કે માત્ર સાયન્સ અને આર્ટ વડે (૩) એ સસ્કૃતિને જન્મ પામ્યાને-ત્હમે માનો છો તેમ-ક્રોડો વર્ષ થયા હોય તો, અગર ઓછામાં

ઓછાં લાખ વર્ષ પણ થયાં હોય તો, એ સંસ્થા આજે અતિ વૃદ્ધ અને તેથી મૃતપ્રાય બની ચૂકી છે.

**મિ. પાતક:**—એમ કદાચ થયું હોત,–પણ વખતોવખત એમાં નવો પ્રાણ ફુંકનારા મહાપુરૂષો–**તીર્થંકરો**–પાકતા રહ્યા હોવાથી **જૈન**ધર્મ આ જમીનમાં જીવતો રહેવા પામ્યો છે. છેલ્લામાં છેલ્લા **તીર્થંકર**–**ભ**ગવાન **મ**હાવીર–હજી હમણાં જ થઇ ગયા,–શુમારે અઢી હજાર વર્ષ પર.

**હું:**—'તીર્થંકર' શબ્દથી શું સ્હમજવું?

**મિ. પાતક:**—**તૃ** એટલે ઓળંગી જવું, વટાવી જવુ, એ ધાતુ પરથી બનેલા **તીર્થ** શબ્દનો અર્થ 'જે વડે અજ્ઞાનમય કે દુઃખરૂપ જીવનને વટાવી જવાય એવી કોઈ યોજના, સંસ્થા કે શક્તિ' એવો થાય છે. એને જ વળી 'ધર્મ' કહે છે એ શક્તિ જેના વડે પ્રકટે અથવા એવી યોજના જેનાથી ઘડાય કે એવું સંઘટન જેનાથી થવા પામે ત્હેને 'તીર્થ'નો કરનાર અથવા **તીર્થંકર** કહેવાય છે.

**હું:**—એટલે કે **તીર્થંકર** તે પુરૂષ છે કે જે મનુષ્યજાતિમાં એવી શકિત પ્રકટાવી શકે કે જે શકિત વડે તેઓ અજ્ઞાનમય અને દુઃખરૂપ જીવનને વટાવી જઇ શકે દુઃખ અને અજ્ઞાનથી મુક્ત થવાની શક્તિ પ્રકટાવી શકે, એટલે કે એવુ પરિણામ ઉપજાવવાની યોગ્યતાવાળી **યોજના** ઘડી શકે તથા એવુ **સંગઠન** કરી શકે તે તીર્થંકર, અને એની યોજનાને 'ધર્મ' કહેવાય અથવા એણે ઉપજાવેલી શક્તિને પણ ધર્મ કહેવાય અર્થાત્ ધર્મ એ કોઇ કલ્પના માત્ર નહિ પણ જીવનના સઘળા પ્રશ્નો સાથે સંબંધ ધરાવતી સુવ્યવસ્થિત **યોજના** છે અને તે સાથે જ **શક્તિ** છે.

**મિ. પાતક**—હકીકતમાં એમ જ હોવું જોઇએ,–જો કે

અમો આજના **જૈનો** ધર્મ માત્ર માન્યતાના અર્થમાં સ્હમજીએ છીએ **જૈન**ધર્મના સ્થાપક **ઋ**ષભદેવે તે વખતના લોકોનું દુઃખ તેમજ અજ્ઞાન બન્ને દૂર કર્યાં હતાં અને એ બન્નેને વટાવી જઇ શકાય એટલા માટે સાયન્સ તેમજ આર્ટ, અધ્યાત્મવિદ્યા તેમજ યુદ્ધકળા શિખવ્યાં હતાં. ત્હેમણે શિખવેલી ત્રણ વિદ્યાઓમાં પહેલો નંબર **असि** એટલે તલવારનો હતો—યુદ્ધકળાનો હતો. આ બધી શાસ્ત્રમાં કહેલી વાતો પરથી જ સિદ્ધ થાય છે કે, શબ્દશાસ્ત્રને આધારે ધર્મ, તીર્થ અને તીર્થંકર એ શબ્દોના જે અર્થ આપણે વિચાર્યા તે ખરા જ છે.

**હું**:—વારૂ, 'ધર્મ' શબ્દ કયા ધાતુ પરથી બનેલો છે?

**મિ. પાતક**:—**धृ** એટલે ધારણ કરવું, પડતાં અટકાવવું, ધરી રાખવું 'ધર્મ' એટલે તે કે જેને મનુષ્યે **હૃદય**માં ધારણ કર્યું છે

**હું**:—**અને** જે ત્હેને હૃદયમા ધારણ કરનારને ધરી રાખે છે—પડતાં અટકાવે છે. એટલે કે એવી **શ્રદ્ધા** (Conviction) કે જે હૃદયમા લાંબો વખત રહેવાથી **શક્તિ** રૂપ બને છે અને દુઃખરૂપ કે અજ્ઞાનરૂપ દશામાં ગબડી પડતાં અટકાવે છે.

**મિ. પાતક**:—મ્હારે એ વાત સ્વીકારવી જ પડશે. ઋષભદેવનો 'ધર્મ' હૃદયમા ધારણ કરવાથી લોકો ભૂખમરો, બીમારી, અજ્ઞાન અને પરતંત્રતા એ સર્વથી બચવા પામ્યા હતા.

**હું**:—અને જ્યહારે જ્યહારે ભૂખમરો, બીમારી, અજ્ઞાન કે પરતંત્રતાની સતામણી વધી પડી ત્યહારે ત્યહારે એક નવા **ઋ**ષભદેવ—એક નવા Spiritualised John Bull—એક નવા સમર્થ આત્મા—એક નવા '**તીર્થંકર**' થતા. વારૂ, ત્હમે અઢી હજાર વર્ષ પર થયેલા **મહાવીર તીર્થંકર**નો ઇસારો કરી

ગયા પણ ત્હેમની પહેલાં કયા **તીર્થંકર** કયારે થયા હતા તે હવે કહેશો ?

**મિ. પાતકઃ**—**મહાવીર**ને અમારાં શાસ્ત્રો આ યુગના ૨૪ મા અને **છેલ્લા તીર્થંકર** કહે છે. ત્રેવીસમા **તીર્થંકર** શ્રી **પાર્શ્વ**નાથના દેહાંત પછી શુમારે અઢીસો વર્ષે **મહાવીર** થયા હતા.

**હું**:—અને **મહાવીર** પછી કોણ અને કેટલે અંતરે થયા ?

**મિ. પાતકઃ**—હું કહી ગયો કે, **મહાવીર છેલ્લા** હતા અર્થાત્ એમના પછી કોઇ **તીર્થંકર** થયા જ નથી અને થશે પણ નહિ

**હું**:—એટલે ?

**મિ. પાતકઃ**—એવું ભવિષ્ય કથન **જૈન** શાસ્ત્રોમાં હોઇ અમે જૈનો એમ માનતા આવ્યા છીએ

**હું**:—અને એ જ જૈન શાસ્ત્રો કહે છે કે **પાર્શ્વ**નાથ પછી માત્ર અઢીસો વર્ષમાં જ નવો ધર્મ—નવો આત્મા—પ્રેરવાની જરૂરીઆત ઉભી થઇ હતી અને એ જરૂરીઆત પૂરનાર પુરૂષ પણ મળી શકયો હતો.

**મિ. પાતક**–'ધર્મ' નવો નહિ, 'શાસન' નવુ ખરૂં, ધર્મ તો **ઋષભદેવે** આપ્યો હતો તે જ.

**હું**:–ત્હમે શબ્દોના જ રાજ્યમા વસતા જણાઓ છો, 'ધર્મ'ના નહિ. ધર્મ એટલે શક્તિ–ચૈતન્ય–તો એક જ છે, પણ ચૈતન્યને એક સ્થાને ધરી રાખવા–સાચવી રાખવા–માટે નવું ખાતર, નવી યોજના, નવું બંધારણ, નવી 'ગવર્નમૅન્ટ' જોઇએ–એ જ 'શાસન'. ધર્મ અથવા ચૈતન્ય જે **ઋષભદેવ**ના વખતથી પ્રગટયુ હતુ ત્હેને તે પ્રદેશમા કાયમ રાખવામાં **પાર્શ્વ**નાથના શિષ્યો કાર્યસાધક ન રહ્યા ત્ય્હારે **મહાવીર** ઉપજ્યા અને એમણે જૂનું ખાતર કરી ન વાપરતા નવું જ ખાતર–

નવું જ બધારણ–નવું જ શાસન–પૂરૂં પાડ્યુ, જેથી ધર્મ–કે જ્હેને ત્હમે જૈનધર્મ એવું નામ સગવડખાતર આપો છે તે–એ સ્થાનેથી ઉઠી જતો અટક્યો એ વખ્તે **પાર્શ્વ**નાથના મુખ્ય શિષ્યો પણ મોજુદ હશે અને ત્હેમણે **મ**હાવીર સ્હામે વિરોધ જગાડી નવુ જ શાસન રચતાં એમને અટકાવ્યા પણ હશે?

**મિ. પાતકઃ**–જી, ના. તેઓએ કાંઇજ વિરોધ નહોતો કર્યો.

**હું**:–ત્યહારે જ **મ**હાવીર પોતાનું સ્રજન કાર્ય (અગર કહો કે કૃષિકાર્ય) સાંગોપાંગ પાર ઉતારી શક્યા, નહિ તો, એમની શક્તિઓ તે વખતના ખેતરના રખવાળો સ્હામે લડવામાં જ બહુધાં ખર્ચાઇ જાત અને થોડીઘણી બચત શક્તિઓ વડે તેઓ માત્ર **સુધાર** કાર્ય કરી શક્યા હોત, નહિ કે પુનર્ રચનાનું કાર્ય. જણાય છે કે ત્રેવીસમા **તીર્થં**કરના શિષ્યો બુદ્ધિમાન હતા,–ધમાલીઆ, કીર્તિભૂખ્યા અને મિથ્યાભિમાની નહિ વારૂ, **મ**હા-વીર પછીનાં-૨૫૦૦ વર્ષોમાં કોઇ પુનર્રચના (Re-construction) કરનાર કે સુધાર કાર્ય (Reform) કરનાર–એમાંથી એક પણ કોટિનો પુરૂષ થયો જ નહિ?

**મિ. પાતકઃ**–પુનરૂરચના કરનાર તો કોઇ થયું નથી, અને અમે માનીએ છીએ કે થાય જ નહિ. પણ સુધારકાર્ય કરનાર તો થોડાઓ નીકળ્યા હતા દાખલા તરીકે, '**સંઘપટ્ટક**' ગ્રંથના કર્ત્તા એક એવા સાધુ થયા, કે જેમણે તે વખતના સઘળા સાધુઓ અને શ્રાવકોના દુરાચાર૰ સ્હામે જબરજસ્ત બળવો કર્યો હતો, પણ તેઓ કાંઇ અગત્યનુ પરિણામ ઉપજાવી શક્યા નહિ શ્રી **આ**નંદઘનજી નામના એક સાધુ સમર્થ તત્ત્વ-વેત્તા થયા, જેમણે સાધુઓ, શ્રાવકો, મૂર્ત્તિ ઈત્યાદિ પ્રત્યેક અંગ સ્હામે ગર્જના કરી હતી, પણ ત્હેમના પર એવા ત્રાસ તે વખતના સાધુવર્ગે કર્યા કે ત્હેમને આખરે સમાજથી છૂટાછેડા

કરી જગલમાં જઇ વસવુ પડયુ. લોંકાશાહ' નામની એક વ્યક્તિ —ગૃહસ્થ વ્યક્તિ—એવી થઇ કે જેણે અમારાં શાસ્ત્રો સ્વીકારવા છતાં એમાંની એક વાત—મૂર્ત્તિપૂજન—સ્હામે બળવો કર્યો, અને અમૂર્ત્તિપૂજક **જૈન** સમાજ સ્થાપ્યો. એના ઉપર અને અમારામાંના જેઓ એના **મિશ**નમાં ભળ્યા તેઓપર અમારા સમાજે ત્રાસ વર્તાવવામા કચાશ રાખી નહોતી છતાં ત્હેના 'ફીરકામાં અમારા જેટલી જ સંખ્યા થઈ ગઇ. તે એ કાળ હતો કે જ્યહારે **યુરોપ**માં **રોમન કેથોલિક** ધર્મનું સામ્રાજ્ય હતું, જેના ધર્માચાર્યો સપત્તિ, સત્તા અને સ્ત્રી એ ત્રણે પ્રકારના 'કેફ' ના ઇજારદાર બન્યા હતા અને એમના જુલ્મથી લોકોને બચાવનાર સુધારક **લ્યુથર** બહાર પડયો હતો જેણે '**પ્રોટેસ્ટન્ટ ક્રિશ્ચિ**યાનિટિ' ને જન્મ આપ્યો હતો

**હું**;—**લોં**કાશાહના ફીરકાનું નામ શું, અનુયાયીઓની સંખ્યા કેટલી અને તે પ્રગતિશીલ છે કે કેમ, તે હુ જાણવા ઇચ્છું છું

**મિ. પાતક**;—અમો 'શ્વેતામ્બર મૂર્ત્તિપૂજક **જૈન**' કહેવાઇએ છીએ, અમારામાંથી નવો નીકળેલો **લોં**કાશાહનો ફીરકો 'શ્**વે**તામ્બર **સ્થા**નકવાશી જૈન' કહેવાય છે અને ત્હેની સંખ્યા અમારા જેટલી જ—લગભગ પાંચ લાખની—છે પણ હવે તે સંખ્યા વધતી નથી એટલુ જ નહિ પણ બીજા ત્રણે જૈન ફીરકાની માફક ત્હેની સંખ્યા પણ પ્રતિદિન ઘટતી જાય છે.

**હું**.—ત્હમે જે ત્રણ 'બળવાખોરો'ની વાત કહી તેઓ 'સુધારક' બનીને અટકી પડયા, 'સ્રષ્ટા'—નવું સ્રજનારા—નવુ શાસન રચનારા બનવા જેટલી પ્રગતિ ન કરી શકયા, એનુ કારણ એ કે, તેઓને તે વખતના સાધુવર્ગના બલાત્કારો **સ્હામે** કામ કરવાનુ હોઇ ત્હેમની શક્તિઓનો મ્હોટો ભાગ વ્યર્થ

ગુમાવવો પડ્યો. ત્રેવીસમા તીર્થંકરના ગણધર જેવા સ્હમજદાર સાધુઓ તે વખતે હોત તો તે સુધારકો પોતાની સંઘળી શક્તિ સ્રજન કાર્ય માટે ફાજલ પાડી શક્યા હોત અને સુધાર કામને બદલે સ્રજન કાર્ય તેઓ કરી શક્યા હોત તેઓ સ્રજન કાર્ય ન કરી શક્યા એમા એક બીજુ પણ કારણ હતું: મહાવીરના નામથી ફેલાવવામાં આવેલી એક ભવિષ્ય વાણી. "મહાવીર પછી કોઇ 'જ્ઞાની' કે તીર્થંકર થશે જ નહિ" એવી જે ભવિષ્ય વાણી કોઇ ત્હેમની પછીના સાધુઓએ ગમે તે કારણથી ફેલાવી અને તેમ કરવામાં ખુદ 'જ્ઞાની'–મહાવીર–ના જ શ્રીસુખનો ઉપયોગ કર્યો તેથી લોંકાશાહ વગેરે સુધારકોના છૂપા ભાન (sub-conscious mind)માં એ નિરાશાવાદી શ્રદ્ધા (Pa-ssimistic faith) રહી ગઇ હતી કે જે ત્હેમની શક્તિઓનું પરિપૂર્ણ પ્રાકટ્ય થવામા વિઘ્નરૂપ થઇ પડી હતી. મતલબ કે એ સુધારકોને બબ્બે અંતરાય(disadvantages) વચ્ચે પોતાનુ કામ બજાવવાનું હતુ: એક તો નિરાશાવાદી શ્રદ્ધા રૂપી સૂક્ષ્મ અંતરાય અને બીજુ સત્તાધારીઓના ભયંકર વિરોધ રૂપ સ્થૂલ અંતરાય. આમ બબ્બે જબરજસ્ત અંતરાયો છતાં તેઓ આટલુ કામ બજાવી શક્યા તો એ બે અંતરાયો ન હોત તો શુ તેઓ પુનરૂરચનાનું કામ કરવામા સફળ ન થયા હોત? પરિણામ પરથી સ્હમજી શકાય છે કે **ભવિષ્યવાણી પરની શ્રદ્ધાએ જ ભવિષ્યવાણીને સાચી પાડી** છે અને વધુ મહાવીરો પાકતા અટકાવ્યા છે! વળી ભવિષ્યવાણી માની–મનાવીને જ ન અટકતા સ્રજનકાર્યના **પ્રયત્નને** પણ 'ગુન્હો' કે 'પાપ' મનાવી તેવા પ્રયત્ન કરનારને સજા કરવાની પદ્ધતિ ૨૫૦૦ વર્ષ સુધી સેવવામા આવી છે,–એટલે કે, સ્રજનકાર્યનો બહિષ્કાર **અને** વિનાશ એને જ 'ધર્મ' મનાવવાની ચીવટ રખાઇ છે. આનું પરિણામ ધર્મનાશ–ચૈતન્યનાશ–એ સિવાય બીજું આવે

તો હું તાજુબ થાઉં. વારૂ, ૨૫૦૦ વર્ષ સુધી ખુદ **મહાવીર**નાં જ લખેલાં શાસ્ત્રો મનાતાં રહ્યાં છે કે ?

**મિ. પાતક:**—ખુદ **મહાવીરે** તો કદાપિ કાંઇ જ લખ્યું નથી, ત્હેમની પછી શુમારે હજાર વર્ષે ત્હેમના ઉપદેશો અમુક સાધુઓએ યાદદાસ્તીમાંથી મળ્યા તેટલા અને તેવા નોંધ્યા અને તે 'જૈનશાસ્ત્ર' કહેવાયા.

**હું:**—**મહાવીર**ના સમયમા **હિંદ**માં લેખનકલા તો હતી જ અને તે વખતનાં લખાણો આજે મોજુદ પણ છે એક નૂતન 'શાસન' સ્થાપનાર **મહાવીરે** કાંઇ જ ન લખ્યું હોય એ બનવા જોગ નથી, અને લખ્યું હોય તો તે ૧૦૦૦ વર્ષમાં—ત્હેમનું શાસન જીવતું છતાં—નાશ પામે એ પણ બનવા જોગ નથી. ૧૦૦૦ વર્ષ સુધી **મહાવીર**ના ઉપદેશો—આશય મુદ્દલ પલટાય નહિ એવા રૂપમાં—વંશપરંપરા યાદ રહે એ પણ બનવા જોગ નથી ભલા ૧૦૦૦ વર્ષ સુધી **મહાવીર**ના સાધુઓએ **મહાવીર**ના ઉપદેશોની નોંધ ન કરી અને ૧૦૦૦ વર્ષ **પછી** નોંધ કરવાનું ઉચિત ધાર્યું એનુ કાંઇ કારણ ?

**મિ. પાતક:**—એક આચાર્ય ઔષધિ માટે સુંઠનો ગાંગડો માગી લાવ્યા હતા ત્હેનો ઉપયોગ કરવાનું ભૂલી ગયા તેથી તેઓને એમ લાગ્યું કે હવે લોકોની યાદશક્તિ નબળી પડી અને હજુ વધુ નબળી પડશે, માટે હવે તો જેટલુ યાદ રહ્યું હોય તેટલુ નોંધવું જરૂરનુ છે. પછી તેમણે કેટલાક સાધુઓને એકઠા કરી 'કૉન્ફરન્સ' ભરી અને શાસ્ત્રો લખ્યાં

**હું.**—એ સાધુઓનો વાસ્તવિક આશય અલબત નિર્મળ હોવો જોઇએ પરન્તુ જાહેર કરવામાં આવેલુ કારણ ગળે ઉતરે તેવું નથી અમુક મનુષ્ય કે મનુષ્યોને—એક વખત—કોઇ બાબતનું વિસ્મરણ થયું એટલા પરથી કાંઇ યાદશક્તિનો યુગ જ ગયો

એમ માની લેવાનું વાજબી નથી. યાદશકિતનો યુગ ગયો જ હોય તો આજે—ત્હેમના પછી ૧૫૦૦ વર્ષે—એવા મનુષ્યો કેમ જોવામાં આવી શકયા હોત કે જેઓ ૬—૭ વર્ષ જેટલી ન્હાની ઉમ્મરમાં સવા લાખ શ્લોક કંઠાગ્ર કરી શકયા છે અને તે પર માતૃભાષામાં વિવેચન કરી શકે છે? કમમાં કમ, જેઓની યાદશકિત તાત્કાલિક અનિવાર્યતા ખાતર લાવવામાં આવેલી ચીજનુ પણ વિસ્મરણ થવા જેટલી હદે નબળી પડી હોય તેઓના હાથે હજાર વર્ષ સુધી યાદ રખાયલાં કથનોની નોંધ થવા પામે ત્યારે ત્હેને મહાવીરના ભાવોની સંપૂર્ણ વફાદાર નોંધ તરીકે માનવા પહેલાં બે વાર વિચાર કરવો ઘટે. મ્હને લાગે છે કે જે રૂપમાં શાસ્ત્રો મોજુદ છે તે રૂપમાં તે લખવાનુ કાંઇ જૂદુ જ કારણ હોવુ જોઇએ.

**મિ. પાતક:**—એવી પણ નોંધ છે કે તે અરસામાં બાર વર્ષનો ભયંકર દુષ્કાળ પડયો હતો અને સાધુઓને પણ અન્ન માટે મુશ્કેલી પડતી હતી તેવે વખતે ઘણાએ ધૂર્તો જૈન સાધુનો દેખાવ કરી તથા ભોળા લોકો પાસે ધર્મને નામે જાદુ કરી અન્ન મેળવી લેતા એ વખતે જૈન ધર્મના નામે જે કાંઇ બોલાય કે કરાય તે બધું માની લેવાની ભૂલ લોકો ન કરી બેસે એટલા માટે પણ—લોકોને ચેતવવા ખાતર પણ—લોકપ્રસિદ્ધ સાધુઓની કૉન્ફરન્સ ભરીને પ્રમાણભૂત મનાય એવા ગ્રંથ રચી એને મહાવીરના વચન તરીકે પ્રસિદ્ધિ આપવી પડી હોય.

**હું:**—યોગને નામે જાદુ કે મૅસ્મેરીઝમ કરી લોકોને ઠગનારા પુરૂષો આજે પણ આપણે પ્રત્યક્ષ જોઇએ છીએ અમેરિકામાં પણ કેટલાએ હિંદીઓ અને કેટલાએ અમેરિકનો એ બાજી ખેલી રહ્યા છે તેમ ભૂખમરાના એ દિવસોમાં કેટલાકો જાદુ, મૅસ્મેરિઝ્મ, હાથચાલાકી, વાગ્ચાતુરી ઇત્યાદિના જોરથી પોતાને 'તીર્થંકર' મનાવવા અને એ રીતે પેટ ભરવા પ્રયત્ન કરે એ

બનવા જોગ છે અને એવાઓથી લોકો ઠગાય નહિ એટલા માટે, '**મહાવીર પછી કોઇ તીર્થંકર થશે જ નહિ**' એવુ વચન **મહાવીરના** નામથી **મહાવીરના** સાચા મિશનરીએ લખવું પડયુ હોય એ બનવા જોગ છે. આ અથવા એવા બીજા કોઇ કારણથી શુભાશયી આચાર્યોએ એક વાત ગમે તેમ લખવી પડી હોય તે છતાં વ્યાપક દૃષ્ટિ (Commonsense) વાળાઓએ હમેશ **મહાવીરનાં** Psychological Truths (માનસ શાસ્ત્રને લગતા સિદ્ધાંતો) પર જ દૃષ્ટિ રાખવી જોઇએ એ સિવાયનું બધુ **કાંઇ કાંઇ હેતુથી**—દેશકાળને અવલબીને—લખાયું હોય તેથી તે 'વ્યવહાર સત્ય' હોય, નહિ કે નિશ્ચય સત્ય (relative truths, not Absolute Truth). વ્યવહારમાં કોઇ વખત પિતાએ બાળક તરફ સખ્ત થવુ પડે અને કોઇ વખત કોમળ થવુ પડે, પણ એ બન્ને વર્તન પાછળ નિશ્ચય સિદ્ધાંત એ છે કે પિતાએ બાળકની રક્ષા અને વિકાશ કરતા રહેવું.

**મિ. પાતક**:—એ વાત અનુભવને માન્ય છે, અને હવે મ્હને એક શાસ્ત્રીય કથનનો ખરો અર્થ સૂઝી આવે છે શાસ્ત્રોમાં એક જગાએ **મહાવીરના** મુખમા એ શબ્દો મૂકયા છે કે જેનો અર્થ એવો છે કે, **મહાવીર** પછીના લોકો **वक्र** અને **जड** થશે 'વક્ર' એટલે જેનો હૃદયનો આયનો વાંકો છે તેવા, વક્ર આશય વાળા. વાંકા આયનામા સુદર ચીજનુ પણ પ્રતિબિબ વિકૃત દેખાય અને 'જડ' એટલે બુદ્ધિની બાબતમા જડ, જેની બુદ્ધિ વસ્તુની આરપાર ન જઇ શકે તેવા, બુઠી બુદ્ધિવાળા અને એવા લોકો માટે જ—એમને ધીમે ધીમે કેળવવાના આશયપૂર્વક—રચાયલા શાસ્ત્રોમાં સ્વાભાવિક રીતે જ નિશ્ચય સત્યને ગૌણ રાખીને વ્યવહાર સત્યોને પ્રાધાન્ય આપવામાં આવે એક જગાએ એમ પણ કહેલું છે કે, "બાલ, સ્ત્રી...માટે પ્રાકૃત શાસ્ત્રો કરાયાં છે." અમારા પડિતો આ કથનનો એવો અર્થ કરતા આવ્યા છે કે,

ઉચ્ચતમ સંસ્કારવાળા લોકોની ભાષા સંસ્કૃત હતી તેથી ઉચ્ચતમ પુરૂષોએ શાસ્ત્રો એ જ ભાષામાં લખ્યાં હોત પણ બાલબુદ્ધિવાળા એટલે અજ્ઞાન તથા સ્ત્રીપ્રકૃતિવાળા એટલે કમજોર આત્માઓના હિત માટે પ્રાકૃત ભાષામાં શાસ્ત્રો લખવામાં આવ્યાં. હવે હુ સ્હમજુ છું કે ઉક્ત કથન ભાષાને ઉદ્દેશીને કરાયલું જ નહોતુ. શાસ્ત્રો પ્રાકૃત ભાષામાં શા માટે લખ્યાં એ પ્રશ્ન નહિ પણ પ્રાકૃત શાસ્ત્રો—હમણાં જે રૂપમાં શાસ્ત્રો જોવામાં આવે છે તેવાં શાસ્ત્રો—શા માટે રચવામાં આવ્યાં તે કહેવાનો આશય હતો. જેમનો વિકાસ બાલક કે સ્ત્રી જેવો જ છે તેવા મનુષ્યો માટે આવા જ શાસ્ત્રો હિતકર હોય, એવો ઇસારો એ કથન દ્વારા કરવાનું ઇચ્છયું હતુ

**હું:**—વારૂ, જૈન શાસ્ત્રો ઇશ્વરને માને છે કે?

**મિ. પાતક:**—જી, ના. તેઓ શિખવે છે કે, ઇશ્વર છે જ નહિ દરેક જીવ ઇશ્વર છે, માત્ર કર્મોના પડદાને લીધે ઐશ્વર્ય ઢકાયલુ છે, અને પુરૂષાર્થથી તે પડદાને દૂર કરવામાં આવતા દરેક જીવ પોતાને ઇશ્વર તરીકે જોઇ શકે છે હલકામા હલકી શ્રેણિમા—ભંગીચમાર જેવી જાતિના—મનુષ્યો પણ ઇશ્વર બની શક્યા છે ખુદ મહાવીરને ડંખનાર એક 'નાગ' પણ ઇશ્વર બની શક્યો હતો.

**હું:**—આટલી હદની મહત્વાકાંક્ષા પ્રેરનાર સિદ્ધાન્ત જે પુરૂષે શિખવ્યો—આટલી હદનું optism (આશાવાદ) જે હમેશ પ્રેરતો રહ્યો—આટલી હદનો ભાર જેણે સદા 'પુરૂષાર્થ'ના ગુણ (virtue) પર મૂક્યા કર્યો—તેવા મહાવીરે હવે પછી સૃજનકાર્ય થઇ શકશે જ નહિ એવુ કથન કર્યું હોય અને સૃજનકાર્ય એ પાપ છે એમ શિખવ્યુ હોય તે કોઇ કાળે બનવા જોગ નથી મહાવીર પછી હજાર વર્ષે જેઓએ—શુભ આશયથી—તે વખતની જરૂરીઆતને સ્વીકારીને—અમુક ભવિષ્ય કથન મહાવીરના નામથી

લખ્યું તેઓ પણ દોષિત ન ગણાય, પરન્તુ તે કાળ માટે લખાયલુ તે કથન તે કાળ પસાર થયા પછી પણ લોકો માનતા રહે —અને ખાસ કરીને ધર્મગુરૂઓ મનાવતા રહે—એ જ મનુષ્ય-વિકાસને બાધક છે. જે દેશમાં અથવા જે કાળે પાણીનો દુષ્કાળ હોય તે દેશ અને તે કાળના ધર્મ તરીકે—એટલે કે '**વ્યવહાર** ધર્મ' યા 'નીતિ' તરીકે—સ્નાન કરવાની મના કરવામાં આવે એ ઉચિત છે; કારણ કે શ્રીમંતો બધા સ્નાન કરે તો જનતા પીવાના પાણીના અભાવે મૃત્યુ પામે. પણ પાણીની એવી અછત ન હોય એવા દેશકાળમાં સ્નાનને પાપ ઠરાવી ત્હેની મના કરવામાં આવે તો લોકોનાં તન તેમજ મન રોગી થાય જ. હા, જંગલમાં સૂર્યપ્રકાશ નીચે અને ખુલ્લે શરીરે વસનાર મનુષ્ય જલસ્નાન ન કરે તો એને હરકત નહિ, કારણકે જલ-સ્નાનને બદલે તેથીય વધુ અસરકારક વાયુસ્નાન તથા સૂર્યસ્નાનનો લાભ તે અવશ્ય લે છે. ખાઉધરી અને સ્વાદુ જનતાને ધર્મના મુખ્ય અંગ તરીકે લાંઘણુ —તપ—લાંબા ઉપવાસ ફરમાવવામાં આવે એ તદ્દન ઉચિત છે, કારણ કે તેથી અંદરનો કચરો બળી જવા પામે અને જીભ એની મૂળ (normal) સ્થિતિમાં આવી જાય; પણ રોગ વગરના અને નિયમિત તથા સાદો ખોરાક લેવાની ટેવવાળા મનુષ્યોને ફરજ્યાત તપ—ખાસ કરીને લાંબા તપ—કરવાનું કહેવામાં આવે તો તેથી, શારીરિક તેમજ માનસિક અશક્તિ જ પરિણમે. 'લકીરના ફકીર' બનવાથી—જડ શબ્દને જ શ્રદ્ધાપૂર્વક પૂજવાથી—એવી જાતની 'ભક્તિ' શિખવવાથી જ ધર્મ અથવા ચૈતન્ય મરી જાય છે અને મનુષ્ય ખોખા રૂપે રહી જઇ સડે છે. ત્હમે કહો યા ન કહો, માનો યા ન માનો, હિંદમા ધર્મ નથી જ—સડો છે; અને તેથી જ 'સ્વરાજ્ય' નથી, પરરાજ્ય છે. વારૂ, આજે કોઇ શ્રાવક એકાદા 'વ્યવહાર સત્ય'ની કોઇ વાત માનવા ના કહે અગર એનું ખંડન કરે તો શુ થાય?

**મિ. પાતક:**—તો એને 'મહાવીર શાસન'નો મહાશત્રુ, પાપી, મહાઅપરાધી ઠરાવી એનો બહિષ્કાર કરવામાં આવે, એને હલકો પાડવામાં આવે, એના ધંધા–નોકરીને તોડી પાડી એના પર કંગાલયત ખેંચી લાવવા માટે બની શકતા દરેક પ્રપંચ કરવામાં આવે.

**હું:**—અભિપ્રાયસ્વાતંત્ર્યને દાબી દેવું; મનુષ્યબંધુને ખુવાર કરવો કે હલકો પાડવો અને પ્રપંચ કરવા એ સઘળું જૈનધર્મના ઉપદેશોનો એક ભાગ છે કે?

**મિ. પાતક:**—હરગીજ નહિ, મિ. **શૉ**! જૈનધર્મના મૂળ સિદ્ધાન્તોથી તદ્દન વિરૂદ્ધનું એ સઘળું છે.

**હું:**—અને કહેવાતાં સત્યો–કે જે બહુ તો અપેક્ષિત સત્યો (relative truths) છે–ની વિરૂદ્ધ બોલવા–વિચારવાના કહેવાતા ગુન્હાને બર આવવા માટે કાયમી સત્ય–મૂળસત્ય–પ્રાથમિક સિદ્ધાતો–નો ઇરાદાપૂર્વક ભંગ કરવો એ જ આજના જૈનોનો ધર્મ કે? આ એક જ વસ્તુ સ્થિતિ એમ પુરેવાર કરવાને બસ છે કે કહેવાતા જૈનસમાજમાં જૈન ધર્મ આજે હયાત નથી,–ધર્માભાસ–ધર્મનો પડછાયો–અવશ્ય હયાત છે. કલ્પના કરો કે, એક ગામમાં પીવાનુ પાણી તેમજ સ્નાનાદિ માટે જોઇતુ પાણી મેળવવા માટે એક સરોવર માત્ર છે. એ ગામનો રાજા 'અતિડાહ્યો' હોઇ એણે એ તળાવમાં બહારનો કચરો ભળતો અટકાવવાની કાળજીને લીધે એની ચોતરફ પત્થરની ઉંચી દીવાલો કરી છે. અલબત બહારનો કચરો તો આવતો અટકી પડે છે, પણ તે **સાથે** જ બહારની ભરતી પણ આવતી અટકે છે એ બંધીઆર જળમાં લીલ થાય છે, દુર્ગંધ થાય છે, અને તે પીનાર પ્રજાને વ્યાધિ થવા લાગે છે. રાજાને અરજ કરતાં કાંઇ દાદ મળતી નથી. પ્રજાના જાનમાલના રક્ષણ માટે પગાર ખાતા અમલદારો આરામથી પોઢ્યા રહે છે તે વખતે સત્તા કે જોખમદારી વગરનો

કોઇ સજ્જન પોતાના હિસાબે ને જોખમે તળાવમાંથી લીલ દૂર કરવા અને તળાવને ગાળવા બહાર પડે છે. રાજા કે રાજ્યના અમલદારો તે સજ્જનને ધન્યવાદ દેવા અને મદદ કરવાને બદલે એને અટકાવે,–એટલું જ નહિ પણ એને ગુન્હેગાર ઠરાવી કેદમાં નાખે, તો એવા રાજા કે અમલદારો માટે ત્હમે શું કહેશો ?

**મિ. પાતક:**—તેઓને દરેક મનુષ્ય નાલાયક જ માત્ર નહિ પણ મહાગુન્હેગાર કહેશે અને એમજ, ધર્મગુરૂએ કે નેતાએ કરવાનું શુદ્ધિકાર્ય તેઓ ન કરે અને જેને માથે એવી જોખમદારી નથી એવો કોઇ પરોપકારી પુરૂષ તે કામ કરવા બહાર પડે ત્યહારે ત્હેને મદદ કરવાને બદલે કે કમમાં કમ શબ્દોથી ય અનુમોદન આપવાને બદલે ખુવાર કરવા કમર કસે તો તેવા ધર્મગુરૂ કે સમાજનેતાનું તે વર્ત્તન અજ્ઞાન કે પ્રમાદથી પ્રેરાયલું નહિ પણ ઇર્ષા અને મલીન આશયથી પ્રેરાયલું હોઇ 'મહા ગુન્હા' તરીકે ગણાવું જોઇએ અને સમસ્ત પ્રજાએ તેવા કહેવાતા નેતાઓની અક્કલ ઠેકાણે લાવવા સંયુક્ત બળ વાપરવું જોઇએ. નહિ તો એ પ્રજા મરી ચૂકેલી જ ગણાય. કારણકે કોઇ પણ જીવતી પ્રજામાં આટલી હદના ગુન્હા થઇ **શકતા** જ નથી.

**હું:**—હવે આગળ ચાલો; ત્હમે આજના જૈનો ચાર ભાગમાં વહેંચાયલા છે એમ કહી ગયા અને ચાર પૈકીનાં બેનાં નામ આપી ચૂકયા. બીજા બે ફીરકાઓનાં નામ કહેશો ?

**મિ. પાતક:**— મ્હેં જે બે ફીરકાની વાત કહી તે વાસ્તવમાં તો એક જ કહેવાય; કારણકે તેઓ બન્નેનાં ધર્મશાસ્ત્રો એક જ છે,–ફક્ત એક વિભાગ મૂર્તિપૂજનમાં માને છે અને બીજો નથી માનતો એટલો જ ભેદ છે. બન્ને 'શ્વેતામ્બર જૈન' કહેવાય, પણ ઉક્ત ભેદને લીધે એકને 'શ્વેતામ્બર મૂર્તિ-

પૂજક જૈન' નામથી ઓળખાય છે, જ્યહારે બીજો ફીરકો શ્વેતામ્બર અમૂર્તિપૂજક અથવા 'શ્વેતામ્બર સ્થાનકવાસી' નામથી ઓળખાય છે. મૂર્તિ માટેના મંદિરને બદલે શ્રાવકોને ધર્મધ્યાન કરવાનું સ્થાન તેઓ રાખતા હોઇ તથા તે સ્થાનમાં જ ત્હેમના સાધુઓ ઉતારો કરતા હોઇ એ પંથનું નામ 'સ્થાનકવાસી' પડયું. શ્વેતામ્બર જૈનો ઉપરાંત બીજાઓ પણ છે, જહેમને 'દિગમ્બર જૈનો' કહેવાય છે. 'દિગમ્બર' એટલે દિશારૂપી વસ્ત્રવાળો, નગ્ન આ વર્ગના સાધુ તદ્દન નગ્ન રહે છે તેથી તેમજ એઓ તીર્થંકરની જે મૂર્તિ પૂજે છે તે પણ નગ્ન હોવાથી એ પંથના અનુયાયીઓ 'દિગમ્બર જૈન' કહેવાયું છે. શ્વેતામ્બર શબ્દ દિગમ્બરની અપેક્ષાએ બોલાય છે. શ્વેતામ્બર સાધુ નગ્ન નથી રહેતા, પણ નગ્નતા ઢાંકવા પૂરતાં એ વસ્ત્રો—શ્વેત એટલે રંગ કે ભભકા વગરનાં—પહેરવાની આવશ્યકતા સ્વીકારે છે. દિગમ્બરોનાં શાસ્ત્રો જૂદાં છે, અને શ્વેતામ્બર શાસ્ત્રોં કરતાં નિશ્ચય દૃષ્ટિબિંદુ તરફ વધુ વલણ ધરાવનારાં છે. સ્વાભાવિક રીતે જ આ કાળમાં દિગમ્બર (નગ્ન) સાધુની સંખ્યા અતિ અલ્પ છે—પાંચ દશ જેટલી. તે પંથના શ્રાવકોની સંખ્યા લગભગ ૩ લાખ જેટલી હશે એ પંથમાના કેટલાક ગૃહસ્થો ઉપદેશકનું કામ બજાવે છે અને તેઓ શ્વેતામ્બર સાધુઓ કરતાં પણ વ્યાકરણ, ન્યાય વગેરેમાં ઘણા પ્રવિણ હોય છે,—જો કે સઘળા ફીરકાઓમાં સામાન્ય વર્ગ તો સાહિત્ય અને ખાસ કરીને ધર્મસાહિત્યમાં છેક જ અજાણ છે 'સાધુ'ઓ અને 'પંડિતો' જે કહે તે બધુ શાસ્ત્રવચન! હુ કહી ગયો કે દિગમ્બર જૈનો મૂર્તિ પૂજે છે, પણ તેઓ નગ્ન મૂર્તિનો જ આગ્રહ કરતા હોવાથી શ્વેતામ્બર મૂર્તિપૂજક વર્ગ સાથે વારવાર અથડામણમાં આવે છે. એ વર્ગમા પણ, શ્વેતામ્બર વર્ગની માફક જ, એક સુધારક થયો હતો, જેણે મૂર્તિપૂજાનો

નિષેધ કરી '**તારણ** પંથ' નામે ચોથો ફીરકો સ્થાપ્યો હતો અને નવાં જ શાસ્ત્રો રચ્યાં હતાં, પરન્તુ વ્યવહારને છેકજ વિસારી નિશ્ચયપર જ સઘળો ભાર મૂકવાથી તે પંથ બહુ ચાલી શક્યો નહિ આજે તે પંથ માત્ર **નાગ**પુરની આસપાસમાં અને તે પણ માત્ર બેચાર હજારની સંખ્યામાં રહી જવા પામ્યો છે અને જનતામાં કાંઇ પણ અગત્ય ધરાવતો નથી.. એક.વાત એ પણ કહી લઉં કે, **દિગમ્બર જૈનો** જ્ઞાનને વધુ અગત્ય આપે છે, જ્યહારે **શ્વેતામ્બર જૈનો** ક્રિયા (ceremonials)ને વધુ અગત્ય આપે છે, એટલે કે. **શ્વેતામ્બર મૂર્ત્તિપૂજક જૈનો સ્થૂલ** ક્રિયાને–પૂજન, વરઘોડા, યાત્રા, ભોજન ઇત્યાદિ ધર્મનિમિત્તે થતી ક્રિયાને–વધુ અગત્ય આપે છે, જ્યહારે **અમૂર્ત્તિપૂજક શ્વેતામ્બરો** તપ, વ્રત, નિયમાદિ **સૂક્ષ્મ**ક્રિયા તરફ વધુ ઝુકે છે. સાહિત્યજ્ઞાનની બાબતમાં, છેલ્લો કહેલો વર્ગ છેલ્લો નંબર ધરાવે છે, **મૂર્ત્તિપૂજક શ્વેતામ્બરો** વચલો નબર અને **દિગમ્બર જૈનો** પહેલો નંબર ધરાવે છે. પણ સાહિત્યજ્ઞાન માત્ર Written word 'લખાયલા શબ્દ' પૂરતું જ, વિતંડાવાદ પૂરતુ જ, નહિ કે વ્યાપક દૃષ્ટિ (Common sense)-વાળુ 'માન્યતા' ઓ નિમિત્તે. ઝગડા પ્રત્યેક પથમાં–પોતામાંજ-નિરંતર ચાલતા હોય છે તેમજ એક–બીજા પંથ વચ્ચે પણ અવારનવાર ચાલતા હોય છે; અને એ ઝગડાઓ મ્હોટે ભાગે 'સાધુ'ઓ અને 'પંડિતો'એ કે ત્હેમની છૂપી પ્રેરણાથી ત્હેમના મુઠ્ઠીભર અંધ અનુયાયીઓએ જગાડેલા હોય છે. સામાન્ય વર્ગ તો એ ઝગડાઓનું કારણ પણ જાણતો નથી હોતો અને માત્ર ગતાનુગતિક પ્રકૃતિથી એક યા બીજા પક્ષમાં ભળી બગડા પાડતો હોય છે.

હું:—વારૂ, જૈન ધર્મની રક્ષા અને પ્રચાર માટે ત્હમે કહી ગયા કે, સાધુઓ અને પંડિતોની મ્હોટી સંખ્યા છે, મ્હોટા

શ્રીમંત આગેવાનો છે, પુષ્કળ નાણાં છે, ભવ્ય મંદિરો છે, ઇશ્વરને ય પદભ્રષ્ટ કરવાની તાકાદવાળાં શાસ્ત્રો છે–બીજું શું શું છે તે તો હવે પછી જોઇશું–તો પછી જૈનોની સંખ્યા વધવાને બદલે નિયમિત રીતે ઘટતી રહેવાનું ત્હમે કહ્યુ હતું તે શાથી

**મિ. પાતકઃ**—પ્રથમ તો, આજે જેઓ પોતાને 'જૈન' કહેવડાવે છે તેઓ કાંઇ **બનેલા** જૈન નથી પણ વંશપરંપરાથી એક કુળમાં ચાલ્યા આવતા જૈન એવા **નામ**ના વારસ હોઇ **જૈન કહેવાય** છે જૈનધર્મનો અભ્યાસ કરી, બીજા ધર્મોના સિદ્ધાન્તો સાથે જૈનધર્મના સિદ્ધાન્તોનો મુકાબલો કરી અને જૈન સિદ્ધાન્તોનો જીવનના પ્રશ્નો સાથેનો સંબંધ વિચારીને—અર્થાત્ **પુરુષાર્થપૂર્વક**—બનેલા જૈનો જોશો જ નહિ. તાત્પર્ય કે જૈન નામથી ઓળખાવવામાં આવેલા 'ધર્મ' ને **હૃદયમાં** 'ધારણ કરવા'થી બનેલા જૈનો છે જ નહિ અને તેથી જૈનત્વ-નિર્બળતા પર જય મેળવવાની શક્તિ—નું અસ્તિત્વ જ નથી. તેથી નજીવી પવનની લહરી તરખલાને આમતેમ ઉડાવી શકે છે કેટલાકોને આ સમાજમાં કન્યા નહિ મળવાથી તેઓ આ સમાજ છોડી જ્યહા તે સગવડ મળે તે સમાજમાં ભળે છે કેટલાકો ધંધા નોકરીની સગવડ ખાતર પણ તેમ કરતા હોય છે (૨) બીજા કેટલાકો કે જેઓ નીતિમાન છે અને હમેશ ચાલતા ટંટાઓથી નાખુશ હોય છે તેઓ જૈન-સમાજમાં ભાગ લેતા અટકી જાય છે અને 'જૈન સમાજના સભ્ય' તરીકે ઓળખાવવા ખુશી નથી હોતા,—જો કે તેઓ બીજા ધર્મનું પણ નામ અંગીકાર નથી કરતા (૩) સામાન્ય ગણમાં નિર્ધનતાનું જોર વધારે હોવાથી તથા આરોગ્યવિષયક જ્ઞાનનો અભાવ હોવાથી મરણપ્રમાણ પ્રતિદિન વધતું જાય છે. (૪) કન્યાવિક્રય, વૃદ્ધલગ્ન, બાલલગ્ન આદિ કુરીતિઓને

લીધે પ્રજોત્પત્તિના સંભવો ઘટયા છે. (૫) ફરજ્યાત વૈધવ્ય પાળતી સ્ત્રીઓની સંખ્યા કુંવારા આથડતા પુરૂષોની સંખ્યા જેટલી જ મ્હોટી હોઇ નવી ઉત્પત્તિનો માર્ગ બહુધા રૂંધાઇ ગયો છે (૬) સાધુઓ અને ધર્મશાસ્ત્રો પાસેથી મળી શકતુ જ્ઞાન જીવન અને જગત્ સાથે સબંધ ન ધરાવતું હોઇ કેળવાયલો વર્ગ અને કેળવાયલાનો સંગવાળો વર્ગ અંદરખાનેથી ધર્મની શ્રદ્ધા ગુમાવી બેસે છે અને પ્રાયઃ દંભી બને છે,—એટલે કે શંકા કે ટીકા કરવાથી જે પાયમાલી થાય છે ત્હેનું ભાન હોવાથી અને આધ્યાત્મિક શક્તિ નહિ કેળવેલી હોવાથી 'સગવડ પંથી' બને છે અને એ રીતે—કોઇ વખતે મૌનથી તો કોઇ વખત, ક્રિયાત્મક રીતે—અંધકારની શક્તિઓને ટેકો આપનાર થઇ પડે છે. (૭) બીજી હિંદુ કોમો માફક જૈન કોમ પર પણ ખ્રિસ્તી અને મુસલમાન ધર્મોનું આક્રમણ દિનપ્રતિદિન વધુ ને વધુ ઉગ્રરૂપે થતું રહે છે, અને તે આક્રમણ કરનારાઓ ખુદ જૈનોને ખરીદી લઇ તેઓની મદદથી જ તે પંથનો શિકાર કરી જાણે છે થોડા વખત પર એક શ્વેતામ્બર જૈન સાધુએ ખ્રિસ્તી મિશનરી બની જઇ જૈનધર્મ વિરૂદ્ધ પુસ્તકો લખી જૈનોને ખ્રિસ્તી બનાવવાંનો ધંધો આદર્યો હતો. હમણાં એક વિદ્વાન દિગમ્બર જૈન મુસલમાન બની હિંદુઓ તથા જૈનોને એ ધર્મમાં ખેંચી જવાનું તેમજ એ કોમોની વિધવાઓને મુસલમાનો સાથે પરણાવી મુસલમાનોની સંખ્યા ઉત્તરોત્તર વધારવાનુ નિયમિત મિશન લઇ બેઠા છે (૮) કોઇ જૈનેતર જૈનશાસ્ત્ર વાંચીને કે ઉપદેશ સાંભળીને એ ધર્મમાં આવવા માંગે તો ત્હેનાથી ભોજનવ્યવહાર અને લગ્નવ્યવહાર કરવા જૈનો તૈયાર નથી, એટલુંજ નહિ પણ પોતાનામાંના જે માણસો પરકોમ સાથે લગ્નવ્યવહાર કરે અથવા પ્રચલિત માન્યતાઓ પૈકીની કોઇની વિરૂદ્ધ વર્તે કે બોલે તો એમનો સમાજથી

બહિષ્કાર કરી પોતે જ સમાજનું સંખ્યાબળ ઓછું કરે છે. (૯) મંદિર, અપાસરા, પૂજા, વરઘોડા, યાત્રા, સાધુ ઇત્યાદિ ધર્મનાં મનાયલા 'સાધનો' પાછળ અને પશુરક્ષા પાછળ ધમધોકાર ખર્ચ કરવામાં આવે છે, પણ જૈનોને ભૂખમરાથી બચાવવા, કુરૂઢિઓનાં ત્રાસદાયક પરિણામોથી બચાવવા તથા અજ્ઞાનથી બચાવવા પાછળ ખર્ચ કરતાં તેઓ હજી શિખી શક્યા નથી.

**હું**;—જૈનો નવી ભરતી (offensive war) કરી શકતા નથી એટલુ જ નહિ પણ બીજાઓના હુમલા સ્હામે સ્વરક્ષા (defensive war) પણ કરી શકતા નથી—ઉલટું આપોઆપ થતી ભરતીને પણ રોકે છે અને કોઇના હુમલા વગર પણ સ્વધર્મ છોડે છે; અને તે છતાં ત્હમે કહો છો કે સાહિત્યજ્ઞાન પહેલાં કરતાં વધ્યું છે અને જૈન સાધુઓની સંખ્યા પણ વધતી જાય છે! એનો કંઇ અર્થ નીકળી શકતો હોય તો તે એ જ કે આ સાહિત્યજ્ઞાન અને આ સાધુસંખ્યામાં **ચેતન** નથી, 'ધર્મ' અથવા આત્માની ચમક નથી

**મિ. પાતક**;—લાગે છે તો એમ જ. છતાં ય એક પ્રશ્ન ઉભો થાય છે. જો ચેતન ખરેખર નથી રહ્યું એમ માનીએ તો **જૈનો**ની આજની અંદરોઅંદરની લડાઇઓનો ખુલાસો કેમ કરી શકીશું? મુડદું કાંઇ લડી શકતુ નથી.

**હું**;—ત્હમે 'લડાઇ' એવા શબ્દને જ ઓળખો છો, લડવાની ક્રિયાથી વાકિફ નથી જણાતા. ત્હમે કદાપિ **લડ્યા** છો?

**મિ. પાતક**:—જી, ના.

**હું**:—ધન, સ્ત્રી, સત્તા, ઇજ્જત, સિદ્ધાન્ત (principle), ધર્મ: આમાંની જે કોઇ ચીજને મનુષ્યે **અપનાવી** હોય,

હૃદયમાં **ધારણ કરી** હોય, ત્હેનાપર જ્યહારે કોઇ આક્રમણ કરે છે ત્યહારે યુદ્ધ થયા વગર રહેતું જ નથી. યુદ્ધમાં એક યા બીજો પક્ષ ઘાયલ થવાનો અને કદાચિત્ મરણ પણ પામવાનો એ વાતનું યુદ્ધ કરનારને ભાન હોય છે જ અને તે **છતાં** તે યુદ્ધ કરે છે; એટલે કે જીવનલાલસા અને મૃત્યુભય એ બન્ને 'નબળાઇ'ઓ પર **જય** મેળવ્યો હોય તો જ યુદ્ધ થઇ શકે છે. અને એ **जय** જ ચૈતન્ય છે, ચેતનનો પુરાવો છે; બાકી—

**મિ. પાતક**—વચ્ચે બોલવા માટે મ્હને ક્ષમા કરશો, પણ આપના આ શબ્દો મ્હને એકાએક અમારા ધર્મના નામનું રહસ્ય સુઝાડે છે. **जैन** શબ્દ અમારા ધર્મના અને અમારા સમાજના નામ માટે પસંદ કરવાનું કારણ હવે હું સમજી શકું છું. તે શબ્દ **जि** એટલે જીતવું એ ધાતુપરથી નીકળેલો છે. 'જૈન' એટલે **जय** જેના હૃદયમાં છે તેવો પુરૂષ. હવે હું સમજ્યો કે, જીવનલાલસા અને મૃત્યુભય એ બે નબળાઇઓ કે જે સમસ્ત જનતા પર રાજ્ય કરે છે ત્હેના પર જેણે **जय** મેળવ્યો છે—સંયમ દ્વારા જેણે પોતામાં એ શક્તિ પ્રકટાવી છે તે જ **जैन** છે.

હું:—યથાર્થ કહ્યું, મિ. **પાતક**! હવે મ્હારૂં અધુરૂં કથન પૂરૂં કરવા દો. એ **जय** જ ચૈતન્ય છે, ચેતનનો પુરાવો છે, ધર્મના અસ્તિત્વની સાબીતી છે; બાકી કોઈની ઉશ્કેરણીથી કે અજ્ઞાનથી સહજસહજમાં ગાળગલોચ; વાનરનક્કલ, ધક્કામુક્કી કે ઉન્દરકર્મ થાય છે તે કાંઈ યુદ્ધ કે લડાઇ નથી પણ 'ધાંધળ' છે, અશક્તિની ક્રિયા છે. એક 'યોદ્ધા'ને કોઈ એવી ક્રિયામાં —ધાંધળ કે ઉંદરકર્મ કે વાનરનક્કલમાં—ઉતારી શકતું જ નથી. યોદ્ધો **અંદરથી** પ્રેરાય ત્યહારે જ યુદ્ધક્રિયામાં ઉતરે, અને તે અંદરથી ત્યહારે જ પ્રેરાય કે જ્યહારે તેણે અંદર—હૃદયમાં—

ધારણ કરેલ કોઇ તત્ત્વપર આક્રમણ થયું હોય. 'યોદ્ધો' પગાર ખાતર કે કોઇની શિખવણીથી કે મીજાજ ગુમાવી બેસવાના કારણથી યુદ્ધમાં પ્રેરાય જ નહિ. એનું યુદ્ધ તો એક 'ખેલ' છે અને ખરાખરીનો 'ખેલ' છે, એ કાંઇ 'નાટકનું યુદ્ધ' ન હોય હું નથી ધારતો કે ત્હમે જેને જૈનોની અંદરોઅંદરની લડાઇઓ કહો છો ત્હેમાં બે પક્ષ જાતે તલવાર કે તીરકામઠાં લઇ હિસાબ ચૂકવતા હોય!

**મિ. પાતક**.—રામ રામ કહો, સાહેબ,—એવી કોને પડી છે?

**હું**;—ત્યહારે આ અચલ સત્ય બરાબર સાબીત થાય છે કે, જે વ્યક્તિમાં ક્ષાત્રવૃત્તિ ન હોય તે કોઇ પણ 'ધર્મ'ને, કોઈ પણ સિદ્ધાન્તને કે મિત્રતાને ધારણ જ ન કરી શકે; અને જે સમૂહમા ક્ષાત્રવૃત્તિ ન હોય તે સમૂહ **સંઘટન** કાર્ય ન કરી શકે અને તેથી ત્હેની નજીવી શક્તિઓ પણ આશય વગરની 'ધમાલો' માં જ ખર્ચાઇ જઇ ત્હેનો અંત આવે.

**મિ. પાતકઃ**—એટલું તો સ્પષ્ટ જોવામાં આવે છે કે, જે પ્રમાણમાં જૈનોની સંખ્યા ઘટતી જાય છે તે પ્રમાણમાં જ અંદરોઅંદરની ધાંધળધમાલ વધતી રહી છે,—અને આપે કહ્યું તેવું સાચું યુદ્ધ તો કદાપિ થતુ જ નથી એ માટેની શક્તિ જ નથી. એટલું જ નહિ પણ એવી શક્તિ કદાપિ પ્રકટવા જ ન પામે એવું શિક્ષણ—ધર્મના નામે—અપાતુ રહ્યું છે યુદ્ધને એકાંતે 'પાપ' રૂપ—અને તેથી 'ત્યાજ્ય'—ઠરાવ્યું છે.

**હું**:—હાલના '**જૈન શાસન**'ના સ્થાપકના વખતમાં વસ્તુસ્થિતિ કેવી હતી?

**મિ. પાતકઃ**—હાલના '**જૈન શાસન**'ના સ્થાપક

શ્રી **મહાવીર** જ માત્ર નહિ, પરન્તુ ત્હેમના પહેલાંના ત્રેવીસે '**તીર્થંકર**' પણ—એકેએક શાસનસ્થાપક—ક્ષત્રિયકૂળમાં જ જન્મ્યા હતા અર્થાત્ **ક્ષાત્રવૃત્તિ એમની પ્રકૃતિરૂપ હતી.** પહેલા **તીર્થંકરે** જગતને જે અનેક વિદ્યાઓ શિખવી ત્હેમાં પહેલ-પ્રથમ **असि** એટલે તલવાર અથવા યુદ્ધકલા શિખવવી યોગ્ય ધારી હતી છેલ્લા **તીર્થંકર મહાવીરની** હયાતીમાં ત્હેમના પરમ ભક્તો—**ચેડા** રાજા વગેરે—વચ્ચે એવું તો ભયંકર મહાયુદ્ધ થયું હતું કે જેમાં વીસમી સદીના યુરોપી મહાયુદ્ધ કરતાં ય વધુ મનુષ્યોનો સંહાર થયો હતો,—અને '**अहिंसा परमो धर्मः**' એ સૂત્રના ઉત્પાદક શ્રી**મહાવીરે** એમાં કશી ય ડખલગીરી કરી નહોતી હું કહી ગયો કે એ કાળે **જૈન**ધર્મ પ્રાયઃ ક્ષત્રિયો અને ધનાઢ્યોનો જ હતો વળી ખુદ **મહાવીરના** જન્મપ્રસંગ નિમિત્તે શાસ્ત્રમાં કરાયલો ઉલ્લેખ પણ ધ્યાન ખેંચનારો છે. એમનો જીવ અકસ્માત્‌થી બ્રાહ્મણીના ગર્ભાશયમાં આવ્યો હતો, જ્હાંથી દેવોએ સ્થાનાંતર કરી ક્ષત્રિયાણીના શરીરદ્વારા જન્મ અપાવ્યો હતો.

હું:—ત્હમારા શાસ્ત્રકારો જબરા માનસશાસ્ત્રી હોવા જોઇએ ! મહાવીર (Superman) બનવા ઇચ્છનારે બ્રાહ્મણત્વ અથવા વિવેકશક્તિપૂર્વક ક્ષાત્રત્વ કેળવવું જોઇએ, એવું શિક્ષણ એ કથનદ્વારા એમણે આપ્યું છે જેમ તેમ ટપલા ખાઇ જીવન ગુજારવું એ મનુષ્યત્વ નથી પણ **કીડા**પણું છે; અને શરીરબળ કે સત્તાબળ કે ધનબળથી છાકટા થઇ એ બળનો જેમતેમ ઉપયોગ કરવો એ પણ મનુષ્યત્વ નથી, **છાકટા**પણું છે. સર્વાંગપૂર્ણ મનુષ્ય—મહાવીર—તો પ્રથમ જ્ઞાન કેળવે અને પછી યુદ્ધબળ કેળવે અને જ્ઞાનજન્ય વિવેકશક્તિપૂર્વક જ યુદ્ધમાં ઉતરે.

**મિ. પાતક**—વર્ત્તમાન યુગના શ્રેષ્ટ વિદ્વાન શ્રીહેમચન્દ્રા-

ચાર્યે શ્રીમહાવીરનો ઇતિહાસ લખતાં એવો જ એક પ્રસંગ ચીતર્યો છે. મહાવીર અને ત્હેમની નક્કલ કરવાના સ્વભાવવાળો ત્હેમનો થઇ પડેલો શિષ્ય ગોશાળો ફરતાં ફરતાં મર્દનનામના ગામમાં આવી પ્હોચે છે, જ્યહાં તેઓ બન્ને બલદેવના મંદિરમાં પ્રવેશ કરે છે, અહીં બન્નેનુ વર્તન ભિન્ન પ્રકારનુ બને છેઃ મહાવીર બલદેવની મૂર્ત્તિ સ્હામે ધ્યાનારૂઢ થાય છે અને ગોશાળો એ મૂર્ત્તિના મુખમાં પુરૂષચિન્હ મૂકી ખુશી થાય છે. આ રૂપકનુ રહસ્ય આપના હમણાંના કથનથી મ્હારી સ્હામે સ્પષ્ટ થાય છે. બલદેવના મદિરમાં અર્થાત્ શક્તિના રાજ્યમાં કોણ કોણ જઇ શકે અને જેઓ ત્યહાં જઇ શકે તેઓ શક્તિના પરિણામે કેવું વર્ત્તન કરે, એ બતાવવાનો એ વિદ્વાનનો આશય છે. તે કહે છે કે ગોશાલક એટલે ફક્ત ઇન્દ્રિયોની જ શાળામાંથી શિક્ષણ પામેલો—જડવાદી—મનુષ્ય પણ જો મર્દન ગામમાં જાય—સંકટમાં ઉતરે—તો સંકટ એની શક્તિઓ ખીલવે (તે બલદેવના મદિરમા પ્રવેશ પામે) પણ જ્યહારે બલદેવની મૂર્તિ એટલે શક્તિનાં મૂર્ત્ત સ્વરૂપ—ધન,સત્તા,કીર્ત્તિ,વિદ્યા, શરીરબળ આદિ—ત્હેની સમક્ષ ખડાં થાય ત્યહારે તે ત્હેનાથી વ્યભિચાર સેવે—ત્હેને abuse કરે—offense against nature કરે—દુરૂપયોગ કરે બીજા હાથ પર, એક મહાવીર—એક ચેતનવાદી—જેણે પ્રથમ બ્રાહ્મણીના ઉદરમાં વાસ કર્યો છે અર્થાત્ જ્ઞાનજન્ય વિવેકશક્તિ મેળવી છે અને તે પછી જ ક્ષાત્રતેજ ખીલવ્યું છે એવી વ્યક્તિ જો સકટમાં ઉતરે તો સકટથી એની શક્તિઓ વધારે ખીલે ખરી પણ જ્યહારે શક્તિનાં મૂર્ત્તસ્વરૂપ—ધન, સત્તા, શરીરબળ આદિ—ત્હેની સમુખ થાય ત્યહારે ત્હેની સ્હામે તે આંખો બધ કરે અર્થાત્ એવી કોઇ શક્તિથી તે પોતે પ્રેરિત થાય નહિ પણ શક્તિમાત્રને ધ્યાનથી પોતામાં હજમ કરી આત્મસંતુષ્ટિનો વિસ્તાર કરે. ગોશાળો એટલે સામાન્ય મનુષ્ય, 'જનતા'—

માનો એક, અને **મહાવીર** એટલે **વિશેષ** મનુષ્ય–Superman: એ બે Type જાતિ પર સંકટની શું અસર થવા પામે અને એ બે Type શક્તિનાં સ્થૂલરૂપોનો ઉપયોગ કેવા કરે એ બતાવવા હેમચંદ્રાચાર્યે સુંદર કલા વાપરી છે. મૂળશાસ્ત્રો યોજનારે પણ '**ज्ञानक्रियाभ्यास् मोक्षः**' એવા સૂત્ર દ્વારા એ જ સત્ય શિખવ્યું હતુ.

હું:–મહાવીરના જન્મપ્રસંગના વર્ણનમાં બ્રાહ્મણત્વ અને ક્ષત્રિયત્વ એવા બે જે ગુણ કહ્યા તે જ ત્હમે હમણાં કહેલા **ज्ञान** અને **क्रिया**. ક્રિયા શબ્દ અને ક્ષત્રિયત્વ શબ્દ કાંઇ લડાઈ કે ધર્મક્રિયાના અર્થમા ગોંધી રાખવાના નથી,–જેમ **ज्ञान** એ શબ્દ અમુક શાસ્ત્રપાઠ કે સાહિત્યના જાણપણામાં ગોધી રાખવાનો નથી 'ક્રિયા' એટલે activity, સક્રિયતા, પુરૂષાર્થ. સૂત્રની મતલબ એ છે કે, વિવેકપૂર્વક સક્રિય જીવન જીવવું એ જ મોક્ષ છે, દુઃખના ડંખથી મુક્ત થવાનો ઇલાજ છે ખરે આવાં સુંદર સત્યો જે ધર્મ શિખવી શકતો હોય ત્હેને આખી દુનિયાપર રાજ્ય કરવાનો હક્ક છે. આવો ધર્મ વારસામાં પામવા છતાં, જેઓ નિર્માલ્ય રહેવા પામે તેઓ ખરે જ દયાપાત્ર ગણાય

જૈનોની સ્થિતિ સંબંધી માહેતી મેળવવા માટે ઉપાડેલી વાતચીત અમને જૈન સિદ્ધાન્તોમાં ખેંચી જનાર થઇ પડી અને ત્હેને પરિણામે મ્હને આ ધર્મ અને આ કોમ સબંધી વધુ ને વધુ જાણપણું કરવાની ઉત્કટ ઇચ્છા થતી ગઇ તેથી બીજા દિવસના પ્રોગ્રામમાં **મુંબઈ** પાસેના **ઘાટકોપર**ના ડુંગરા પર જઇ ત્હા આખો દિવસ **જૈન** કોમ સબંધી વધુ વાતચીતમાં પસાર કરવાનું ઠરાવી અમે **યોગીશ્વરીની** ગુફાઓ છોડી.

---

## પ્રકરણ ૪ થું.

### જૈનો સંબંધી સામાન્ય જ્ઞાન મેળવવાનું ચાલુ રાખું છું.

ધાટકોપરના ઘાટ ( ડુંગર ) પર પ્રભાત થતાં પહેલાં—પહેલાં અમે પહોચી ગયા હતા

તેજોમૂર્તિ સૂર્યનાં દર્શન હજી થઇ શકતાં નહોતા. હજી તો '**અંધકારના રાક્ષસો**'ની નાસભાગ જ ચોતરફ નજરે પડતી હતી

લોહીખરડયો પ્રકાશ એકાએક પૂર્વમા ભભૂકયો.

અને જોતજોતામા તે 'તેજનો દડો' બની એવા તો અલૌકિક પ્રભાવથી 'રાજવા' લાગ્યો કે એના તરફ 'ઉંચી નજર' કરી જોવું જ અશક્ય થઇ પડયુ સભવ છે કે, જગતના 'દૃષ્ટા' રૂપ એને જગતની એક પામર 'વ્યક્તિ' **દૃશ્ય** બનાવે એ એની પ્રકૃતિને પાલવતું ન હોય!

મ્હેં **નીચે** નજર કરી.

ગામડું 'જીવતુ' થયું હતું મનુષ્યો અને જાનવરોનો સંચાર શરૂ થઇ ચૂકયો હતો. કહે છે કે એ પ્રતાપ સૂર્યનાં

**કિરણો**નો હતો, કે જેઓ છાપરાં વીંધીને-અને મનુષ્યોની છાતીના બખ્તરને પણ વીંધીને-હર જગાએ પ્રવેશ કરતાં હતાં અને ત્યહાં **ક્રિયાશક્તિ** તેમજ **ક્રિયાક્ષેત્ર** મૂકતાં જતાં હતાં.

**સૂર્ય**-પ્રતાપી **સૂર્ય**-તો, તથાપિ, અક્રિય જ દેખાતો હતો! નરો યોગીશ્વર!

* * *

જ્યહાં જ્યહાં **સૂર્ય**નો પ્રકાશ પડે છે ત્યહાં ત્યહાં સમય (Time) નુ સામ્રાજ્ય સ્થપાય છે અને સમય રાત્રિ-દિવસ આદિ 'દ્વંદ્વ' થી યુક્ત છે. તેથી, એ સામ્રાજ્યની અંદરની તમામ વસ્તુઓ એક-બીજીને લઇને જ અસ્તિત્વ ધરાવતી હોય છે-relative ( સાપેક્ષ ) હોય છે, 'સ્વતંત્ર' (absolute) નહિ. સરકારો સ્વતત્ર નથી, સંસ્કૃતિઓ સ્વતંત્ર નથી, સાયન્સ કે આર્ટ સ્વતંત્ર નથી, સાહિત્ય કે સંસ્થા સ્વતંત્ર નથી, ધર્મ કે ધર્મી સ્વતત્ર નથી.

પણ **સૂર્ય** એ સર્વથી સ્વતંત્ર છે! સર્વથી 'પર' છે!-કેમ જાણે કોઇ 'નગ્ન વીર'-મહાયોગી-તત્ત્વવેત્તા કે **મૂર્ત્તિમાન 'નગ્ન સત્ય'** ન હોય!

જનતા અને **સૂર્ય** વચ્ચેનું લાખ્ખો યોજનનું અંતર એ **જનતા**ની 'જરૂરીઆત' છે અને **સૂર્ય**નો 'સ્વભાવ' છે.

અને 'જનતા' કોણ?.. **સૂર્ય** પાસેથી મળેલા ચેતન વડે જ સૂર્યપર ધૂળ ફેંકે,-અને બીજી જ ઘડીએ ત્હેનું પૂજન કરે! જનતાનાં **સઘળાં** પૂજનો અને **સઘળા** તિરસ્કારો એવા જ 'અર્થવગરનાં' હોય!......સઘળા 'પૂજકો' અને 'અનુયાયી'-ઓ અર્થ વગરના ઓળા જ હોય!

* * *

**સૂર્ય** કાંઇ કરતો નથી, કરવા ઇચ્છતો ય નથી, તથાપિ એનાં હાથ–પગ રૂપ કિરણો તો બધે ય જાય છે અને બધુ ય કરે છે. કરવાની શક્તિ અને ક્રિયાનો માર્ગ બધાને તેઓ જ આપે છે. અને એમ જ **મૂર્તિ**માન '**નગ્ન સત્ય**' રૂપ દિગમ્બરની સાત્વિક્ શકિતરૂપ 'શ્વેતામ્બર* સત્તા' ઓ કે 'સાધુ'ઓ જનતાનાં હૃદયોમાં **પ્રકાશ** અને **શક્તિ** રેડે છે,–પ્રકાશ એટલા માટે કે તેથી ગતિનો માર્ગ સૂઝે, અને શકિત એટલા માટે કે સૂઝેલા માર્ગ પર ગતિ થઇ શકે.

એટલુ છતાં ય, એ **સૂર્ય**કિરણોમાં તેમજ એ 'શ્વેતામ્બર સત્તા' ઓમા **એક** ચીજનો **અભાવ** છે તેઓએ આપેલી શક્તિ અને જ્ઞાન વડે મનુષ્યો શું કરે છે અને શું નથી કરતા તે જોવાનુ એમને 'આળસ' હોય છે. અર્થાત્, રાજામા તેમજ પ્રજામાં, પતિમાં તેમજ પત્નીમાં, શાહુકારમાં તેમજ બહારવટીઆમાં, ભોક્તામાં તેમજ ભોજ્યમાં, **તાત્કાલિક** પરિણામોના ખ્યાલથી **ભયભીત** થયા સિવાય, **જ્ઞાન** અને **ક્રિયા** શક્તિઓ પ્રેરી તેઓ દૂર રહે છે અને ત્હેમને તે શક્તિઓનો ઉપયોગ કરવામા 'સ્વતંત્ર' રહેવા દે છે. પ્રાણીઓને પોતાની પસંદગી–નાપસંદગી પર લટકતા પંગુ બનાવતા તેઓ શિખ્યા નથી ! 'ગાળ આપી કડલી કહાડી લેવા' નુ ત્હેમની પ્રકૃતિમાં નથી ! તેઓએ આપેલી જ્ઞાન–ક્રિયા શક્તિઓ વડે કોઈ નોકરી કરશે તો કોઇ શેઠાઈ કરશે, કોઈ રાજાપણું કરશે તો કોઈ બ્હારવટું કરશે, કોઈ પ્રજોત્પત્તિ કરશે તો કોઈ વીર્યને ઉર્ધ્વમાર્ગે ખેંચી યોગશક્તિ પ્રકટાવશે, કોઈ રણસંગ્રામમાં ખેલશે તો કોઈ ઘવાયલાને મલમપટ્ટો કરશે જેવો જેનો ગુણ–સત્વ, રજસ્ કે તમસ્–તે પ્રમાણે તે શક્તિનો ઉપયોગ કરશે

* શ્વેત વસ્ત્ર : શુક્લ લેશ્યા : સત્વ ગુણ : સાત્વિક શક્તિ : સમષ્ટિભાન (universal consciousness)માથી પ્રકટતી શક્તિ.

**અને ઉપયોગદ્વારા જ પોતાનો વિકાસ કરશે.** તમો-ગુણવાળો જ્ઞાન અને શક્તિ પામીને પણ નોકરી–દાસત્વ–જ કર્યા કરશે,–જો કે તે કામ તે પહેલાં કરતાં વધુ સ્હમજપૂર્વક અને ઉત્સાહપૂર્વક કરશે, કે જેથી ક્રમશઃ તે રજોગુણનો અધિકારી બનશે. રજોગુણી એ શકિતનો ઉપયોગ લડવામાં–શરીરથી કે બુદ્ધિથી–સમાજકાર્ય કે રાજકાર્યમાં–કરતો રહેશે, પણ પહેલાં કરતાં વધુ વિચારપૂર્વક, વધુ યોજનાપૂર્વક, વધુ આશય-પૂર્વક અને વધુ ઉત્સાહપૂર્વક કરવાને લીધે પોતામાં ક્રમશઃ સત્ત્વ ગુણ પ્રકટાવશે. સત્ત્વ ગુણવાળો મનુષ્ય એ શકિતનો ઉપયોગ સમાજના હૃદયપર ઘડતર કલા અજમાવવા પાછળ જ કર્યા કરશે,–જો કે પહેલાં કરતાં વધુ 'ઉંડો' અને વધુ 'તલ્લીન' બનીને કરશે અને તેથી પરિણામે શાન્ત શક્તિ ભડોળરૂપ–silent Dynamite રૂપ બનશે મનુષ્યસૃષ્ટિની ઉત્પત્તિ, સ્થિતિ અને લય આ સર્વ ગુણો તથા ત્હેના પાત્રો માંગે છે. એ ત્રણ ગુણો પૈકી એક પણ ઓછો થવા પામે કે દાબી દેવામાં આવે તો મનુષ્યસૃષ્ટિમાં અંધાધુંધી થાય અને સર્વત્ર 'પામરતા' પ્રકટે. કામ કરવાની ઇચ્છા અને શકિતવાળા મનુષ્યને સ્વમાનપૂર્વક રોટલો ય ન મળી શકવાથી તે બ્હારવટુ કરે ત્યહારે ત્હેને તો સંયુકત બળથી દાબી દેવામાં આવે, અને તે જ વખતે છૂપી લૂટ કરતા અને દાટી રાખતા મુડીવાદીને તે કામમાં રક્ષણ આપવા ઉપરાંત તે "બહાદુરી' માટે માનઅકરામ આપવામાં આવે, તો એને પરિણામે માનવજાતિમાં 'પામરતા', વક્રગતિ, દંભ અને કીડાપણુ જ આવે બહારવટીઓ, નિરંકુશ રાજા અને ધનસંગ્રહ કરતો મુડીવાદીઃ એઓ એક બીજાના જનક છે અને મરશે ત્યહારે સાથે જ મરશે બદમાસી છે ત્યહાં સુધી સાધુઓ પણ જોઇશે; બદમાસી અદૃશ્ય થશે ત્યહારે 'સાધુ' નામવાળી વ્યક્તિ શોધી નહિ મળે, સર્વત્ર સાધુતા જ હશે. એમ જ દરેક બાબતમાં.

જ્યહાં સુધી પ્રાણીસૃષ્ટિવાળી પૃથ્વી છે ત્યહાં સુધી સૂર્યનો અભાવ નથી જ, જ્યહાં સુધી સૂર્ય છે ત્યહાં સુધી એના હાથ-પગ રૂપ કિરણો પણ છે જ. અને જ્યહાં સુધી કિરણો છે ત્યહાં સુધી પૃથ્વીપર પ્રકાશ અને શક્તિ રેડાતાં જ રહેવાનાં... જ્યહાં સુધી માનવસૃષ્ટિ છે ત્યહાં સુધી સૂર્યસમાન પ્રતાપી તત્વવેત્તા—દિગમ્બર મહાવીર—અનિવાર્ય છે, અને ત્હેનાં કિરણો રૂપ 'શ્વેતામ્બર સાધુવર્ગ' અથવા સત્ત્વગુણરૂપ શક્તિ ધરાવતા સાધુપુરૂષોનો સમૂહ આવશ્યક છે.

*

માથા પરના સૂર્યે—એટલે દૂરથી પણ—મ્હારૂં મસ્તક તપાવી નાખ્યું અને મ્હારૂં મનનકાર્ય અટકી પડ્યું. અને હું મિ. પાતકે ખડા કરેલા તંબુમાં જઇ ભરાયો.

એકાકી સ્થિતિમાં મનનક્રિયા થાય છે· સંગમાં વાર્ત્તાલાપ ઉપડે છે. અને વાર્ત્તાલાપ વખતે બાહ્યભાન હોય છે,–જો કે તત્ત્વજ્ઞાનીઓ એવે વખતે પણ અવારનવાર આંતરભાવની ડૂબકી ચૂકતા નથી.

મિ. પાતક–બહુ ઉંડા વિચારમાં ઉતરી ગયા હતા?

હું:–આ ત્હમારો પૂર્વનો સૂર્ય મ્હને ગંભીર વાતો સંભળાવી રહ્યો હતો! ત્હેણે મ્હને હમણાં ત્હમારા જૈનધર્મ સંબંધી સુંદર માહિતી આપી અને દિગમ્બર–શ્વેતામ્બર સાધુની સુંદર ઓળખ કરાવી આપી! હું ધારૂં છું, મિ. પાતક, કે દિગમ્બર સાધુ જનતાથી ભળતા નહિ હોય અને અકસ્માત્ કોઇથી ભેટો થવા પામતો હશે તો એમની વાત કોઇથી નહિ સ્હમજી શકાવાને લીધે ગેરસ્હમજ (misunderstanding)

જ ઉત્પન્ન થતી હશે અને લોકો ભયભીત થઇ ત્હેનાથી દૂર નાસતા હશે.

**મિ. પાતક**.–ભાવદિગમ્બરની બાબતમાં એમ જ બને, મિ. શૅા! બાકી આજ તો દિગમ્બર સાધુ તરીકે ઓળખાતાઓને પણ 'ટોળાં' જોઇએ છેઃ તપનું પારણું કરે તોય પૂજકોનાં ટોળાં જોઇએ અને કેશલોચ કરે ત્ય્હારેય એની જાહેરાતરૂપ ધામધૂમ જોઇએ. હા, એટલું ખરૂં કે એમની સંખ્યા—ફરજ્યાત નગ્નતાને લીધે—અતિ અલ્પ રહી ગઇ છે અને તેઓ પણ સરકારી કાનુનને લીધે વસ્તિમાં રહી શકતા નથી, તેથી તેઓ શ્વેતામ્બર સાધુવર્ગથી વધુ નિરૂપદ્રવી તો અવશ્ય છે.

હું–એટલે? શુ શ્વેતામ્બર સાધુઓ ઉપદ્રવ કરે છે? સૂર્યે તો હમણાં મ્હને એમ કહ્યું હતું કે શ્વેતામ્બર સાધુ જનતામાં જ્ઞાનશક્તિ અને ક્રિયાશક્તિ પ્રેરીને તે શક્તિઓનો ઉપયોગ કરવામાં જનતાને સ્વતંત્ર રહેવા દે અર્થાત્ તેઓના વ્યવહારમાં પોતે કાંઇ જ દખલગીરી ન કરે.

**મિ. પાતક**–જી, હા; શ્વેતામ્બર શાસ્ત્રકારોનો આશય પણ એ જ છે કે સાધુએ શ્રોતામાં નવચેતન ('ધર્મ') રેડીને તથા વસ્તુસ્વભાવ ('ધર્મ') સ્હમજાવીને દૂર રહેવું અને 'આમ કરો'–'તેમ ન કરો' એવા વિધિ–નિષેધથી બચવું. આ મૂળ વાત આજે વિસરાઇ ગઇ છે,—જો કે હજીએ કેટલાક પુરાણપ્રેમી ( orthodox ) સાધુઓના મુખેથી વગર સ્હમજ્યે બોલાતા આ શબ્દો સાંભળીએ છીએ કે 'અમો સાધુઓથી સંસારીની વાતમાં ભાગ લઇ શકાય નહિ, વસ્તુસ્વરૂપ સ્હમજાવવા પૂરતો ઉપદેશ કરવાની જ અમને જિનવરની આજ્ઞા છે.' તથાપિ તે ભદ્રિક સાધુઓ પણ, એક યા બીજી રીતે,

એમને પસંદ એવી કોઇ પણ પ્રવૃત્તિનો આદેશ–રે દબાણ પણ–કરવા ચૂકતા નથી અને ત્હેમને નહિ પસંદ એવી પ્રવૃત્તિનો નિષેધ કરવા ય ચૂકતા નથી. આ તો થઈ ભદ્રિક સાધુઓની વાત. તે સિવાય બીજાઓ છે કે જેઓ 'સુધારક'નો જભ્ભો પહેરી '**આ કાળમાં** વિધિ–નિષેધની **આવશ્યકતા** છે,' એમ કહી પોતે લીધેલા શાસ્ત્રોક્ત નિયમનો ભંગ કરે છે. ત્રીજા વર્ગની તો હું વાત જ કરવા નથી માંગતો, કે જે વર્ગની પ્રકૃતિ જ પોતાનું અસ્તિત્વ બતાવવા માટે ખટપટે અને ધામધૂમો ઉપજાવવાની છે. સાધુ જો ધર્મનું **વાસ્તવિક** અને **વિશાળ આશયવાળું** સ્વરૂપ સ્હમજ્યો હોય તો ત્હેને કોઇને 'ફોસલાવવા'ની કે 'શરમાવવા'ની કે 'ઉશ્કેરવા'ની કે 'અટકાવવા'ની કે **નિંદવાની** જરૂર જ ન પડે. જેએ ધર્મનું એવું સ્વરૂપ સ્હમજ્યા નથી તેઓ ધાર્મિક જુસ્સો (religious spirit) ઉપજાવી શકતા નથી કે જે જુસ્સો કોઇની ભલામણ કે આદેશ કે દબાણ વગર સ્વતઃ જ ગતિમાન થાય છે. જે વૈદ્ય બીમારના શરીરમાં ગરમી ઉપજાવી શકે તે બહારથી ગરમી આપવાની જરૂર જોતો નથી; અને ઉંટવૈદ્ય તો એક બીમારી મટાડવા જતાં અનેક બીમારીઓ ઉત્પન્ન કરે છે. જૈનોમાં આજકાલ ઉંટવૈદું ધમધોકાર ચાલી રહ્યું છે. નેતાઓ ઉંટવૈદ્ય, સાધુઓ ઉંટવૈદ્ય, પત્રકારો ઉંટવૈદ્ય, સુધારો ઉંટવૈદ્યઃ ઉંટવૈદ્યોનો તો રાફડો ફાટયો છે. એક વૈદ્યરાજ કહેશે. નવાં મંદિરોથી દેશને છાઇ દો, કે જેથી ત્હમે તીર્થંકરગોત્ર બાંધો અને અમારૂં નામ ઇતિહાસમાં અમર થાય! તો બીજો કહેશે. જિર્ણોદ્ધાર છોડી એ કામ કરવું એ પાપ છે....એક કહેશેઃ જેમ બને તેમ વધુ દીક્ષાઓ આપી સાધુ-સૈન્ય વધારો, જેથી ત્હમને મુક્તિ મળે અને અમે મહાન આચાર્ય ગણાઇ ત્હમારા પર વધુ તાકાદથી રાજ્ય કરી શકીએ.

તો બીજો કહેશે: એમ કરવું જમાના વિરૂદ્ધનું પાપ છે માટે ત્હેનો વિરોધ કરવો જોઇએ....એક કહેશે: બોર્ડિંગ હાઉસો ખોલવાં એ ખરો ધર્મ છે; તો બીજો કહેશે: ભણેલાઓ જીવહિંસા કરે છે માટે બોર્ડિંગ હાઉસોનો વિરોધ કરવો એ ખરો ધર્મ છે....એક કહેશે: કેટલાક જૈનો મદ્યમાંસ વાપરે છે માટે તેઓનો તિરસ્કાર કરવો એ ધર્મ છે; તો બીજો કહેશે: એ શબ્દો જૈનસંઘનું ડૅફેમેશન છે અને તેથી એ બોલનારનો તિરસ્કાર કરવો એ જૈનધર્મ છે....એક કહેશે: અમુક આચાર્ય ખુદ મહાવીર ભગવાનના પરંપરાગત શિષ્ય હતા અને એમનાં પુસ્તક મ્હને મળ્યાં છે માટે મહાવીર ભગવાનનો સાચો વારસ હું જ છું, મ્હારા સિવાયના કોઇનું સાંભળે તે મહાવીરનો ગુન્હેગાર. તો બીજો કહેશે: વાક્ચાતુરી મ્હને વરી છે, કે જે વડે હું ઘણાઓ પાસે ગૃહત્યાગ કરાવવાનું સામર્થ્ય ધરાવું છું, માટે હું જ મહાવીરનો ખરો વારસ છું, મ્હારા સિવાયનાઓ પાખંડી છે....ઇત્યાદિ, ઇત્યાદિ. આ ઉપરાંત, ક્રિયાકાંડ અને શાસ્ત્રીય માન્યતાઓ સંબંધી મતભેદને આગળ કરીને પણ અનેક આજ્ઞાઓ અને મનાઓરૂપી 'ફતવા' ચાલતા જ હોય છે.

હું:–અને એવી 'આજ્ઞા'ઓ તથા 'મના'ઓને—એવા 'ફતવા'ઓને—અનુસરનારાઓ મળી શકે છે?

મિ. પાતક:–સર્વદા અને સર્વત્ર! ફતવો નીકળવાની વાર, ઝીલનારા તૈયાર જ છે.

હું:–એટલે કે પ્રેરિત ગતિના જ સર્વકોઇ ગ્રાહક છે, પ્રગતિના નહિ.

મિ. પાતક:–'પ્રેરિત ગતિ' અને 'પ્રગતિ' આપ કોને કહો છો?

હું–પવનના જોરને તાબે થઈને આ આપણો આ-ખ્ખોય તંબુ ઉડે તો તે તંબુની 'પ્રેરિત ગતિ' કહેવાય. પેલું ન્હાનકડું પતંગીઉં પોતાની ઇચ્છાથી અને વાયુને પોતાનુ વાહન બનાવીને અહીં તહીં ઉડે છે તે ત્હેની 'ગતિ' કહેવાય. પેલુ આકાશમાં ઉંચે ઉડતું ગરૂડ પશ્ચિમનો પવન હોવા છતાં પૂર્વમાં જોરભર ઉડે છે તે ત્હેની 'પ્રગતિ' કહેવાય. પૃથ્વી અને પૃથ્વીરૂપ જનતાના આકર્ષણને જીતી, ઉર્ધ્વ દિશાએ, ઉચ્ચતમ લક્ષ્ય તરફ, ગતિ કરનારની 'પ્રગતિ' કહેવાય.

મિ. પાતક–અજાયબ જેવું છે, મિ. શા ? કે આપની Enlightened Common-senseથી આપ જે કાંઇ બોલી જાઓ છો તે જ મતલબનો ઉલ્લેખ અમારાં શાસ્ત્રો-માંથી જડી આવે છે. જૂદેજૂદે પ્રસંગે જે જૂદાજૂદા અર્થમાં* 'ધર્મ' શબ્દનો ઉપયોગ જૈનશાસ્ત્રોમાં કરવામાં આવ્યો છે ત્હેમાંનો એક અર્થ કે જે સાયન્ટીફીક અર્થ છે તે એ છે કે 'ગતિ કરવામાં સહાયભૂત તત્વ તે ધર્મ.' આ અર્થ સૂચવે છે કે જ્હાં પોતાની રહમજથી કે ઇચ્છાશકિતથી થતી 'ગતિ' કે 'પ્રગતિ' છે ત્યહાં 'ધર્મ' અવશ્ય છે,-કહો કે ધર્મ નામના વાયુ (ether) પર સવાર થઇને જ અથવા ધર્મ નામના વિમાનમાં બેસીને જ 'ગતિ' અથવા 'પ્રગતિ' કરી શકાય છે, અન્યથા નહિ જ.

હું:–'ગતિ' કરતા ય 'પ્રગતિ'માં વધારે શકિતની–વધારે 'ધર્મ' ની–જરૂર પડે છે. તેથી પ્રગતિ કરનારને ગતિ કરનાર મનુષ્યની અપેક્ષાએ, 'દેવ' કહીએ તો ચાલે. દેવ એટલે દિવ્ય

*ધર્મ–વસ્તુસ્વભાવ; ધર્મ એટલે વર્તનના કાનુન; ધર્મ તે છે કે જેને હૃદયમાં ધારણ કરવાથી તે ધારણ કરનારને ધરી રાખે છે.

શક્તિવાળો, સઘળાં વિરૂદ્ધ બળોની સ્હામે પોતાના લક્ષ્ય તરફ આંતરબળથી ગતિ કરનારો જીવાત્મા. એનામાં થેકડા મારતી શક્તિ હોય અર્થાત્ શક્તિનો થનથનાટ કે નાચ હોય. બુદ્ધાદિ મહાપુરૂષો પાસે દેવો પોતાની દેવીઓ સહિત આવી નૃત્ય કરતા એવો ઉલ્લેખ જ્યહારે મ્હારા વાંચવામાં આવ્યો ત્યહારે મ્હને ત્હેમાં અશક્ય જેવું કાંઇ જ નહોતુ લાગ્યું અને હું સહજમાં સ્હમજી શક્યો હતો કે, પ્રગતિપરાયણ સાધુપુરૂષો પોતાની દિવ્યશક્તિ સહિત સાધુશિરોમણિ પાસે આવતા અને પોતાની આંતરશક્તિનો પરિચય કરાવતા. હું જોઇ શકું છું, મિ. શૉ! કે ત્હમારા ધર્મસ્થાપકે 'જૈન' નામ પસંદ કરવામાં ઘણું ડહાપણ વાપર્યું છે. 'જનતા' (masses)ની અપેક્ષાએ જ 'જૈન' શબ્દ યોજ્યો છે. જનતાની સઘળી હીલચાલ 'પ્રેરિત ગતિ'નું જ કાર્ય હોય. લોકો દશવાગે જમે છે, માટે ત્હમે પણ દશ વાગ્યા કે જમવા બેસશો,—અંદરની માગણી ન થઇ હોય તો પણ લોકો દાળ–ભાત–રોટલી–શાક ખાય છે માટે ત્હમે પણ તે જ ખાશો,—એ હજમ ન થતું હોય કે એનાથી ત્હમારા કામ પુરતું પોષણ ન મળતું હોય તો પણ. લોકો ગપસપ કે પરનિંદામાં સમય અને શક્તિ ગુમાવે છે તે જોઇ ત્હમે પણ તેમ જ કરશો,—ત્હમારી પાસે ઘણું અગત્યનું કામ પડેલું છતાં અને મગજ થાકેલુ હોય તે છતાં. લોકો પરણે છે માટે ત્હમે પણ પરણશો,—ત્હમારાં આર્થિક અને શારીરિક બળો નવી જોખમદારી અદા કરવા પૂરતાં ન હોય તો પણ અને સ્ત્રજન શોખ ન હોવા છતાં. લોકો વ્યાપાર કરે છે તેથી ત્હમે પણ વ્યાપાર જ કરશો,—વ્યાપારકળા અને અનુભવ તથા સાધન ન ધરાવવા છતાં તથા સમય અનુકુળ ન હોય તે છતાં. લોકો મંદિરે કે ધર્મગુરૂ પાસે જાય છે માટે ત્હમે ણપ જશો,—કાંઇ પણ મેળવવાની ઉત્કંઠા કે ગુમાવી નહિ બેસવાની

સાવચેતી વગર જ. લોકોએ અમુક સાધુ કે રાજદ્વારી પુરૂષ કે નેતાની 'જય' પોકારી એટલે ત્હમેય તે ધ્વનિમાં સાદ પૂરશો,–ત્હમારા તે અનુમોદન વડે જ ત્હમારૂં અને લોકોનું ભયંકર અહિત થવાનું છે એવા કાંઇ પણ ખ્યાલ વગર જ. લોકો કોઇને પૈસા આપે છે એ જોઇ ત્હમે પણ આપવા લાગશો અને કોઇ ફંડ ઉઘરાવનારને ચોર કહે છે તો ત્હમે પણ ચોર કહેવા લાગી પડશો,–એથી બદમાસને ઉત્તેજન અને સજ્જનને અન્યાય અને તેથી આખરે સમાજને જ હાનિ થાય છે એવા કાંઇપણ વિચાર વગર જ. લોકો તપ કરે છે એ જોઇ ત્હમે પણ તપ કરવા લાગશો,–તપની જરૂર ત્હમને છે કે નહિ અને હોય તો કેટલી હદના તપની એ બાબતના કશાય વિચાર વગર જ. આમ ત્હમારી સઘળી પ્રવૃત્તિ 'પ્રેરિત ગતિ' રૂપે જ છે. **જનતાનું આ જ સ્વરૂપ** છે. એ 'પ્રેરિત ગતિ' રૂપ નિર્બળતાને વટાવી જઇ ત્હમે જ્યહારે પ્રશ્ન કરતા થાઓ કે "મ્હારે શા માટે અમુક કામ કરવું? મ્હારે શા માટે અમુક કામ કરતાં અટકવું? 'લોકો' કોણ? હું કોણ? હું આજસુધી મનુષ્ય હોવા છતાં ગાડર જેવું વર્તન કેમ કરવા પામ્યો? મ્હારૂં **ધ્યેય** શું? કશા પણ ધ્યેય વગર મ્હારી મર્યાદિત શકિતઓ ખર્ચી નાખવાનું મ્હને પાલવ્યું કેમ? કોઇ 'મદારી' ના 'વાનર' થવું મ્હને–મનુષ્યને–પાલવી શકે જ કેમ? મ્હારા જીવન રૂપી પુંજીપર. સત્તા મ્હારી હોય કે બીજાઓની? એક ન્હાનીસી માંખી પણ જ્યહારે ત્હેને સુંદર ઘરમાં લઇ જઇ રક્ષણ આપવાની મીઠી લાલચ બતાવતો કરોળીઓ આમંત્રે છે ત્યહારે 'સાવધાન' બને છે અને 'ના, ત્હમારી મહેરબાની!' એમ કહેવાની હિંમત ધરી શકે છે, એટલી ય '**સાવધાની**'–'ના' કહેવાની એટલી ય **હિમ્મત**—શું હું મનુષ્યમાં નથી? હું કોણ ત્યહારે? મ્હારૂં ધ્યેય શું?

મ્હારાં સાધન શું? મ્હારો માર્ગ શું?" એવા પ્રશ્ન જ્યહારે ત્હમે કરતા થાઓ ત્યહારે ત્હમે 'શ્રાવક' બનો છો: દિલમાં ઉગેલા 'પ્રશ્ન' પર પ્રકાશ ઢૂંઢવા નીકળેલી 'વ્યક્તિ' બનો છો: **આજ સુધી 'જનતા' હતા અને હવે 'વ્યક્તિ' બનો** છો. હવે ત્હમારામાં 'પ્રેરિત ગતિ'ને સ્થાને 'ગતિ' આવી છે અને જ્યહારે ત્હમે પ્રગતિ કરતા કોઇ મહાપુરૂષના અનુભવો સાંભળવા પામશો અને તે ઉપર **પોતાના મનન રૂપ 'ગતિ'** કરશો, અને એ રીતે **પોતાનું** ધ્યેય અને **પોતાનો માર્ગ** નક્કી કરશો, અને એ માર્ગ પર, એ ધ્યેયની દિશામાં, ગમે તેટલા વિરોધ છતાંય, આગળ ને આગળ ધપ્યે જશો ત્યહારે ત્હમે **જૈન** છો, 'પ્રગતિ' કરનારા છો,–'જનતા' અને 'શ્રાવક' બન્નેને વટાવી ઉર્ધ્વ માર્ગે આગળ વધેલા છો. ત્હમને બબ્બે પાંખો ફૂટી ચુકી છે. બબ્બે માત્રાઓ–બબ્બે ખાખો–ત્હમે ખાધેલી છે. હવે ત્હમે કોઇની પીઠ પર બેસવાને બદલે કોઇને 'ગતિ' પ્રેરવાની તાકાદ ધરાવતા થયા. **વિચારશક્તિ** અને **ક્રિયાશક્તિ** એવી બબ્બે પાંખો ફુટેલી હોવાથી હવે ત્હમે પોતા માટે તેમજ બીજાઓ માટે વિચાર તેમજ કાર્ય કરી શકશો અને **જ્યહાં વિચાર અને કાર્ય શક્તિની માત્રા આટલી જબરી હોય ત્યહાં કાર્યક્ષેત્ર ન્હાનકડું રહી શકતું જ નથી:** આખું વિશ્વ–આખી મનુષ્યસૃષ્ટિ–એનું કાર્યક્ષેત્ર બને છે. બીજા શબ્દોમાં કહું તો જેમ ત્હમે 'જનતા'–માંથી 'વ્યક્તિ' બન્યા હતા, તેમ હવે 'વ્યક્તિભાન'માંથી 'સમષ્ટિ ભાન'માં આવો છો. સમષ્ટિભાનની ગેરહાજરી હોય તે 'જૈન' કહેવાય જ નહિ,–તે કાં તો 'વ્યક્તિ' હોય અથવા પામર–પરતન્ત્ર 'જનતા' હોય. ત્હમે હમણાં સાધુઓ અને શ્રાવકોનું જે વર્ણન કર્યું તે પરથી તો એમ જ સ્હમજાય કે બધુ 'ફૈંકાફૈંઠ' છે, 'ગતિ' કે 'પ્રગતિ'નું તો નામનિશાન

પણ નથી. આંખ્ખો સમૂહ 'જનતા' છે,–નથી કોઈ 'જૈન' કે નથી 'શ્રાવક' પણ. અને જો એમ જ હોય તો પછી 'જૈન શાસન' નો દુનિયામાં કાંઈ ઉપયોગ ન રહ્યો અને ઉપયોગ વગરની ચીજ દુનિયામાં જીવી શકતી નથી, કારણ કે પ્રત્યેક ચીજ–મનુષ્ય–બંધારણ બીજી તમામ ચીજો–મનુષ્યો–બંધારણોથી સંકળાયલાં છે અને એક–બીજાને પોષણરૂપ થઇ પડવાથી જ પોતે જીવી શકે છે.

**મિ. પાતક**–વ્યક્તિ અને સમૂહના જીવનમાં આવો મ્હોટો 'અર્થ' રહેલો છે અને '**જૈન શાસન**'ને મનુષ્ય-સૃષ્ટિમાં કાંઇ મહત્વનું કાર્ય બજાવવાની 'જોખમદારી' છે, એવી તો કલ્પનાએ અમને આજ સુધી થવા પામી નહોતી. '**જૈન શાસન**' શબ્દથી અમો કાંઇ સ્હમજતા હોઇએ તો તે એટલું જ કે અમો જ્હેમને જૈન માનતા હોઇએ એવા–સાધુ, સાધ્વી, શ્રાવક, શ્રાવિકા–ને ધર્મક્રિયા કરવાની અને ધર્મોપદેશ લેવા–દેવાની સગવડ જળવાય એવું બંધારણ. આ ચારથી બહાર અમારી નજરે જતી નથી અને આ ચારના પણ આરોગ્ય, આબાદી તથા વિકાસ સાથે '**શાસન**'ને કાંઇ લેવા–દેવા હોય એવું અમે માની શક્યા નથી.

હું–વિશ્વદેહના એક ઉપયોગી અંગ તરીકેનું ભાન ભૂલી માંસના ટુકડા તરીકે 'છૂટા' પડયા એ જ નિર્જીવ-પણાનું લક્ષણ.

**મિ. પાતક**:–સબુર, વિશ્વદેહની ભાવના અમારાં જૈન શાસ્ત્રોમાં અપાયલી હોવાનું મ્હને સ્મરણ થાય છે. સકળ વિશ્વને ચૌદ ભાગમાં વર્ણવતાં શાસ્ત્રોએ એને **બરાબર મનુષ્ય શરીરનો** જ આકાર આપ્યો છે. હવે હું સ્હમજી શકું છું કે મનુષ્યમાં જ ચૌદ રાજલોક અથવા વિશ્વનો સમા-

વેશ થાય છે,-ખાસ કરીને 'જૈન' મનુષ્યમાં-વિશ્વભાનવાળા મનુષ્યમાં. 'શ્રાવક'માં-માત્ર વ્યક્તિ અભિમાન જેનામાં પ્રગટ્યું છે ત્હેનામાં-હોય 'દેશભાન' અથવા સ્વદેશભાન-patriotism. અને જનતામાં તો વ્યક્તિ-અભિમાન જ ન હોઈ સ્વદેશભાન પણ ન જ હોય, જેથી તે તો સ્વદેશરિપુથી કે સ્વદેશભક્તથી જેમ ઠેલાય કે ફેંકાય તેમ જાય. 'જનતા' એ તો સ્વદેશરિપુ અને સ્વદેશભક્તને ખેલવાનો દડો! એ દડાને 'ટીમ'ના બન્ને પક્ષો જાળવી રાખે-ખાસ્સી મજાની પેટીમાં મૂકે, કે જેથી જોઇએ ત્ય્હારે ખેલવાના કામમાં આવે!

હું:-એ 'દડા'ના **મિથ્યાભિમાન** (vanity)ને જાળવીને એને ગમે તેમ વાપરો-ચાહે તો ઠોકર મારો, ચાહે તો બૅટથી ઉછાળો-ચાહે તો કાદવ કે નરકમાં ફેંકો! ખરે જ દયાપાત્ર છે 'જનતા'! વારૂ, મ્હને જાણવા દો કે ત્હમારા સમાજમાં 'મિથ્યાભિમાન'ની માત્રા કેવીક છે?

**મિ. પાતક**:-પ્રથમ તો, મિ. **શૉ**! આખ્ખોય સમાજ એવું મિથ્યાભિમાન ધરાવવામાં સહમત છે કે દુનિયા આખ્ખી મૂર્ખ અને પાપી છે અને નરકમાં જનારી છે, અમે જૈનો જ એકલા અક્કલવાળા અને ધર્મી છીએ અને સદ્ગતિના અધિકારી છીએ. આ મિથ્યાભિમાનને લીધે પોતપોતાના બે હાથના વાડા બહાર તેઓની નજર જ જઈ શકતી નથી અને તેથી કૂપમંડૂક તરીકે દરેક જૈન કુલાઇને ફાટી પડે છે અને 'ટી-પૉટનુ તોફાન' જગાવી પ્રતિક્ષણ ભાવમરણ-પોતાનું અને બીજાઓનું-ઉપજાવે છે. સાધુ એમ માને છે કે મુક્તિની સાધના તે જ ખરી જાણે છે, બીજા બધા ધર્મપંથોના સાધુ તો 'મિથ્યાત્વી'-અવળે રસ્તે ચ્હડેલા-છે અને તેથી બીજાઓના ધાર્મિક અને તત્વજ્ઞાનવિષયક ગ્રંથોમાંથી મળી શકતા અનુભવોથી તે બેનશીબ રહે છે. દરેક સાધ્વી પોતાને **મહાસતી**

સીતા તો માત્ર સતી કહેવાતી—કહેવડાવે છે અને સ્ત્રીત્વની સફલતા શામાં છે તે જાણવાની બેદરકારી ધરાવે છે. દરેક શ્રાવક–શ્રાવિકા પોતાને 'મહાજન' કહેવડાવે છે અને સર્વ મનુષ્યો તથા જીવોને પોતાનાં 'દયાપાત્ર' માને છે ! કોઇ ત્હેમનાથી જૂદી જાતનો પોશાક પહેરતો હોય, કોઇ ત્હેમનાથી જૂદી જાતનો ખોરાક કે જૂદી રીતે ખોરાક ખાતો હોય, કોઇ ત્હેમનાથી જૂદી જાતના રીતરસમ ધરાવતો હોય તો તે આમની દૃષ્ટિમાં 'હલકો માણસ'! તેઓની પોતાની અંદર પણ કોઇ જરા દાંપત્ય સુખ ભોગવતો કે સંપત્તિસુખ ભોગવતો કે કીર્તિ-સુખ ભોગવતો જોવામાં આવે તો ત્હેને 'વંઠેલો' કહી ઇર્ષાનો જ્વાલામુખી સળગાવતાં વાર લાગે નહિ. અમારાં જ શાસ્ત્રોએ 'નરક' અને 'નારકી'ની કલ્પના કરતાં જે કહ્યું છે કે નારકીઓ અંદરોઅંદર કપાઇ મરે છે તે કથન 'જનતા'ની પ્રકૃતિનું આબેહુબ ચિત્ર છે એમ હવે હું સ્હમજી શકું છું. નરકમાં તો તીર્થંકર જન્મપ્રસંગે પ્રકાશ અને સુલેહશાન્તિ પથરાય છે, પણ આ જનતા તો તીર્થંકરજન્મનું વાંચન ચાલવાના દિવસે–પર્યુષણપર્વમાં પણ–ન હોય ત્ય્હાંથી કલહો ઉભા કરે છે અને કવચિત્ કવચિત્ તો એકબીજાનાં માથાં ફોડે છે. આ undisciplined masses–વ્યક્તિત્વ જેનામાં હજી ઉગ્યું નથી એવી માટી–નું મિથ્યાભિમાન નહિ તો બીજું શું ? એ મિથ્યા-ભિમાનની ય મોસમ હોય છે. 'જનતા' પૈકીના હિંદુ નામથી ઓળખાતાઓ માટે 'હોળી' એવી મોસમ છે, મુસલમાન નામથી ઓળખાતાઓ માટે 'મહોરમ' એવી મોસમ છે, અને જૈન નામથી ઓળખાતાઓ માટે 'પર્યુષણ' એવી મોસમ છે. એ પ્રસંગે ખૂબ નાચ્યાકૂદ્યા પછી બધાએ 'ઠંડા' પડે છે ! પછી બાકીના દિવસોમાં તે બધાય 'ટપલાં' ખાધાં કરે. આત્મિક બળ–અંદરની અગ્નિ–વગર માત્ર શરીરબળના

અને મિથ્યાભિમાનના કૂદકા બધા એવા જ ક્ષણિક હોય. ત્ય્હાં બળના સંઘટ્ટનની અને યોજનાપૂર્વક ઉપયોગની વાત કેવી ?

હું:–ત્હમે મ્હને ઠીક યાદ કરાવ્યું. હું એ પૂછવા માગતો હતો કે, ત્હમારા કહેવા પ્રમાણે, જૈનો અને બ્હારનાઓ વચ્ચે ( મુસલમાનો, ખ્રિસ્તીઓ વગેરેના આક્રમણને લીધે ) ટંટા ચાલુ છે, શ્વેતામ્બર–દિગમ્બર ફીરકાઓ વચ્ચે અને શ્વેતામ્બર ફીરકાના બન્ને પેટા વિભાગો વચ્ચે એક યા બીજા પ્રકારના ટંટા ચાલુ રહે છે અને દરેક પેટાવિભાગમાં પોતામાં પણ અનેક પ્રકારના ઝગડા ચાલુ રહે છે, ત્ય્હારે, સઘળા જૈન ફીરકાના સુલેહપ્રેમી અને વગવસીલાવાળા પ્રતિનિધિઓથી બનેલું એકાદ ‘ સુલેહ મંડળ ’ હોવું જોઇએ.

મિ. પાતકઃ–એવું એક પણ મંડળ નથી.

હું–કમમાં કમ એકેક ફીરકાની અંદરના ઝગડાની શાન્તિ તથા અટકાયત માટે તે ફીરકાના વિદ્વાન અને વયોવૃદ્ધ સાધુઓનું એક મંડળ યા કૉન્ફરન્સ જેવું તો કાંઇક હોવું જ જોઇએ.

મિ. પાતકઃ–એવા ઝગડા જાય તો પછી સાધુઓનું સ્થાન ક્ય્હાં? એમનું મહત્વ શું? એમનો ભાવ કોણ પૂછે ? અને કૉન્ફરન્સ થાય તો પહેલું સ્થાન કોણ લે? એક વખત સો ગિરાસીઆ રાજાથી રીસાઇ પરરાજ્યમાં નોકરી શોધવા ગયા. શરીરબળમાં તેઓ કોઇથી જાય તેવા નહોતા. ત્હેમને કદાવર બાંધાવાળા જોઇને પેલા રાજાએ કહ્યું કે આજની રાત તો સ્હામેના ઉતારામાં પડયા રહો, કાલે સ્હવારે ત્હમારી અરજનો ઉત્તર આપીશું. ઉતારામાં ખાનપાન અને બીછાનાંની

સુંદર વ્યવસ્થા હતી. બધાએ સારી પેઠે જમ્યા અને પછી સૂવાની તૈયારી કરવા લાગ્યા. મ્હોટા હૉલમાં ચોતરફ ગાદલાં બીછાવવામાં આવ્યાં હતા અને વચ્ચમાં એક સુંદર પલંગ પાથરવામાં આવ્યો હતો. પેલા ૧૦૦ બહાદૂરો પૈકી એક બોલ્યોઃ હું સૂર્યવંશી છું માટે પલંગનો હક્ક મ્હારો જ હોયઃ બીજો પોતાને ચંદ્રવંશી કહી તે હક્ક કરવા લાગ્યો. ત્રીજાએ પોતાના દાદાની તો ચોથાએ પોતાના બાપની અને પાંચમાએ પોતીકી અમુક ફતેહની બડાઇ કરી ઉચ્ચતમ આસન માટેનો પોતાનો હક્ક આગળ કર્યો. જીભની લડાઇ પરથી હાથની લડાઇ પર આવી ગયા, જેમાં સૌ અધમુઆ થઇ ગયા. સારે નશીબે હજી તલવારો નીકળવા નહોતી પામી! છેવટે થાકયા-પાકયા સૌ ગાદલાં પર પડયા,—પણ પગ તો પલંગની ઇસ પર અઢેલીને જ પડયા! એમનાં શરીર નીચે હતાં, પણ પગ તો ઉંચા જ હતા! અને એમ જ બધા નિદ્રાવશ થયા. સ્હવારે રાજા આવીને જુએ છે તો પલંગ ખાલી હતો અને ૧૦૦ શિરદારો પગ ઉંચે છે ને મસ્તક નીચે એવી રીતે પડયા હતા. ઘણા પ્રયત્ને તેણે હસવું ખાળ્યું. બપોરે તેણે કહાવી મોકલ્યુ કે ત્હેને આવા બહાદૂરોની જરૂર નહોતી! જેઓ બહારનાઓનો વિશ્વાસ ન કરી શકે, એટલુ જ નહિ પણ પોતા પૈકીના પણ કોઇએકને વિશ્વાસપાત્ર ન જોઇ શકે અને પોતાને જ સર્વશિરોમણિ માને તેવા મિથ્યાભિમાનીઓનું ટોળું પોતાને તેમજ પોતાની આસપાસનાઓને વિનાશક જ થઇ પડે એ આ આધ્યાત્મિક નબળાઇનો જ પ્રતાપ હતો કે જેથી પૃથ્વીરાજ અને જયચંદ જેવા અસાધારણ આર્ય યોદ્ધા હિંદનુ સુકાન મુસલમાનોના હાથમાં જવામાં કારણભૂત બન્યા હતા. આજે મુસ્લીમ ધર્મ અને ખ્રિસ્તીધર્મ સ્હામે ટકવા ખાતર જૈનસાધુઓના સંગઠનની કદાપિ નહોતી એવી મ્હોટી

આવશ્યકતા ઉભી થઇ છે, પણ સૌને પોતપોતાના હુપદની જ લાગી હોય ત્હાં સમાજની આવશ્યકતા વિચારવા કે સાભળવા ય કોણ નવરૂં પડે ? સાધુ શું કે ગૃહસ્થ નેતા શું, કોણ આ સ્થિતિની ભયંકરતા નથી જાણતું ? અમુક મંદિરમાંની અનેક મૂર્ત્તિઓમાંની એક અમારી જ છે એવો હક્ક કરવા માટે શ્વેતામ્બર અને દિગમ્બર સમાજો વર્ષો થયાં લડયા કરે છે : અનેક કોર્ટોમાં લડયા : પૈસાના જોરથી લડયા : ભાડુતી માણસોના શરીરબળ વડે પણ લડ્યા, અને હજી લડાઇનો અંત તો નથી જ આવ્યો એમાં લાખ્ખો રૂપિયા હોમાયા તે કોના ગયા ? શું સાધુઓ દીક્ષા લેવા પહેલા રળેલી મિલ્કત અહીં આપે છે ? શું નેતાઓ ઘરમાંથી ક્હાડીને આ ખર્ચ કરે છે ? અગર જે જૈન ધારાશાસ્ત્રીઓ આ યુદ્ધોના શિરદાર બની મ્હોંમાગ્યા પૈસા તેમજ ધર્મરક્ષક તરીકેનાં માનપાન પામે છે તેઓ શું આ રકમ ક્હાડે છે ? કુલ નાણાં ‘ જનતા ’ નાં ! ગાયોને દોહી કૂતરાઓને ધરાવવાના ‘ ધર્મ ’થી પ્રભુ હવે તો અમને બચાવે ! એ જ નાણાં વડે અમારા સઘળા ફીરકાનું સંઘટ્ટન કર્યું હોત તો આજે ખ્રિસ્તીઓ અને મુસલમાનોના આક્રમણથી ડરવાનું ન રહ્યું હોત. હિંદુ કોમમાં વૈશ્યોના પૈસે બ્રાહ્મણોએ બાંધેલાં મંદિરોપર આજકાલ અસ્પર્શ્ય જાતિ પણ હક્ક કરવા લાગી છે અને કેટલીય જગાએ તે હક્ક તેઓએ મેળવ્યો પણ છે અને નજદીકના ભવિષ્યમાં હિંદુ મંદિરો સઘળી કોમો માટે ખુલ્લાં મૂકાશે જ. એ વગર એક પ્રજા તરીકેનો જુસ્સો સંભવતો જ નથી એવા યુગમાં પણ, એક જ દેવની મૂર્ત્તિને માનનારા અને સરખી સ્થિતિના, દિગમ્બર–શ્વેતામ્બર જૈનો એક બીજાનાં મંદિરો અને મૂર્ત્તિઓને આગવાં રાખવા ઇચ્છે અને સામાન્ય મિલ્કત બનાવવાનો તોડ ન ક્હાડી શકે એ શું બુદ્ધિની ખામી સૂચવે છે કે ? નહિ જ, બુદ્ધિ તો ઠેઠ પ્રીવી કાઉન્સીલ સુધી

લડવા જેટલી મ્હોટી છે, વાંધો જ મુઠ્ઠીભર મનુષ્યોના કીર્ત્તિ-લોભ, સત્તાલોભ કે ધનલોભ રૂપી **હૃદયના વિકારનો** છે. અમૂર્ત્તિપૂજક **જૈન** સમાજના બે સાધુઓએ પંચાંગ બનાવ્યાં. બન્નેની ગણતી જુદી પડતાં બન્નેના અનુયાયીઓમાં એટલા મ્હોટા ટંટા જાગ્યા કે પરિણામે એ પ્રાતના એ સમાજના લોકોનો **ચોથો હિસ્સો** બીજા ધર્મમાં ચાલ્યો ગયો ! મ્હને ખાત્રી છે કે એક દિવસ અમારાં સઘળા મંદિરો અને ધર્મખાતાઓ કાં તો સરકારના વહીવટ તળે જશે અથવા તો **હિંદી નેશના-**લીઝમના પૂરમાં તણાશે એ વખતે અમે રાંડીરાંડની માફક મ્હોં વાળીને બેસીશું પણ હમણાં **સ્હમજીને**—આત્મબળના પરિણામરૂપ તોડજોડને અપનાવીને—શાન્ત બેસીશું નહિ. આપે ઠીક જ કહ્યું કે 'જનતા'માં અંદરનું બળ ન હોય અને અંદરના બળથી થતી 'ગતિ' કે 'પ્રગતિ' ન હોય, માત્ર 'પ્રેરિત ગતિ' જ હોય 'સુલેહ' અને 'તોડજોડ' કરવામાં તો 'અંદરનુ બળ'—**ગતિ**બળ જોઇએ, **જૈનત્વ** જોઈએ, જેની ગેરહાજરીમા 'પ્રેરિત કે કાંફેંકી, ખેંચાખેંચી અને કાપા-કાપી' જ હોય.

**હું**:—ત્હમે કહી ગયા કે આવાં યુદ્ધો લડવામાં ખુદ **જૈન** ધારાશાસ્ત્રીઓ ભાગ લે છે. હું તો ધારતો હતો કે, કમમાં કમ કેળવાયલો વર્ગ—અને ત્હેમાં ય ધારાશાસ્ત્રીઓ કે જેઓ 'ગવ્હર્નમેન્ટ'નું એક અંગ છે અને Common Senseના પ્રતિનિધિ છે તેઓ તો—આવાં યુદ્ધોના ભાગીદાર, પ્રતિનિધિ કે સહન કરનાર પણ થવાને બદલે એમનો સક્રિય નહિ તો અક્રિય પણ વિરોધ જ કરતા હશે

**મિ. પાતક**.—હકીકતમા એથી ઉલટું જ બનવા પામ્યું છે બન્ને વર્ગના બે ધારાશાસ્ત્રીઓ જ કેસ લડ્યા છે,—અને તે બન્ને પણ એવા પુરૂષો કે જેઓ પોતાને અધ્યાત્મવિદ્યાના

શિક્ષક કહેવડાવે છે. બન્નેએ અધ્યાત્મપર પુસ્તકો લખ્યાં છે અને એક તો સઘળી પ્રવૃત્તિ અને પ્રૅક્ટીસ છોડી વાનપ્રસ્થાશ્રમ સેવનાર તરીકે પોતાને જાહેર કરે છે.

હું:—આ દેશમાં કપડાં બદલવાથી જ આશ્રમ બદલ્યો સ્હમજાતો જણાય છે, અને અધ્યાત્મ નામની **આગ**ને સ્થાને મુખની **વરાળ**થી જ સંતોષ લેવાતો જણાય છે. સારામાં સારા આધ્યાત્મિક પુરૂષોનાં લખાણોનો સંગ્રહ કરનાર, કે તે પર ટીકા લખનાર કે ત્હેનું રૂપાંતર કરનાર મનુષ્ય કાંઇ આધ્યાત્મિક પુરૂષ ન કહેવાય. તે એક 'સંગ્રહકર્ત્તા'—કે સારી ઇબારત જાણતો હોય તો સાહિત્યશાસ્ત્રી—કહી શકાય. સાહિત્ય તો અધ્યાત્મનો ઓળો છે. બુદ્ધિ અને લાગણીને થતા અનુભવો—જીવતા અનુભવો—જેના મુખ કે કલમમાંથી વગરપ્રયત્ને નીકળતા હોય ત્હેને **વિચારક** (Thinker) કહેવાય અને બુદ્ધિ તથા લાગણીને વટાવી ગયેલો પુરૂષ '**આધ્યાત્મિક પુરૂષ**' કહેવાય આધ્યાત્મિક પુરૂપ સૂર્ય છે, વિચારક એનું કિરણ છે. સાહિત્યશાસ્ત્રીને આધ્યાત્મિક પુરૂષ તરીકે ઓળખવો અને સંગ્રહકર્ત્તાને સાહિત્યકાર તરીકે ઓળખવો એ નરૂં અજ્ઞાન છે. પણ 'જનતા'માં એમ જ ચાલે! અને 'જનતા'ના ઝગડામાં સાધુઓ અને સાહિત્યકારો અને ધારાશાસ્ત્રીઓ પોતાની 'તક' જુએ તો એમાં હું આશ્ચર્ય પણ પામું નહિ. મગજ **તેમજ** હૃદય: બન્નેની શક્તિઓ જેઓમાં ન ખીલી હોય અને બન્ને શક્તિઓરૂપ પાંખોના સહકારપૂર્વક ગતિ ન થતી હોય એવા તમામ મનુષ્યો જગતના સુલેહ તથા વિકાસને ભયરૂપ જ થઇ પડે **અમેરિકન** મુડીવાદ અને એ મુડીવાદથી થતી દરેક પ્રવૃત્તિ —વ્યાપાર, જર્નાલિઝ્મ, ગવર્હ્નમેન્ટ, કલા, આદિ સર્વ કાંઇ— મ્હને બીમારીનાં કૃત્ય—અજૈન કૃત્ય—લાગતાં હોય તો ત્હેનું એ જ

કારણ છે કે તે એકલી બુદ્ધિનાં સંતાન છે, બુદ્ધિ અને લાગણીના સહકારનાં સંતાન નથી સઘળુ પૉલીટીક્સ એ જ ગંદા ખાબોચીઆનું ડુક્કર છે અને આજની દુનિયાએ ડુક્કરના માસથી બનેલા બૉવરીલને મ્હોટામા મ્હોટું ટૉનીક માની અપનાવ્યું છે—એ જ વીસમી સદીના માનસની વિચિત્રતા છે. અને ત્હમે જે સાધુઓ સંબંધમાં કહ્યુ કે ત્હેમને પોતાની માનપૂજાની જ ચીવટ છે ત્હેમા તો બુદ્ધિ તેમજ હૃદય બન્નેના ગુણનો અભાવ જણાય છે. એવું સાધુપણું તો નરો 'બળવો' છે: શ્રીમંતો, રાજદ્વારીઓ, વિદ્વાનો વિરૂદ્ધ 'જનતા'ના એક ભાગનો બળવો છે લાંબા વખતની પગદલિત સ્થિતિ જનતાને —જનતાના એક ભાગને—'બળવા'ખોર બનાવે, અને 'બળવા' માટે જોઇતી તાકાત પોતામાં ન હોવાથી તેઓ સર્પગતિથી કામ કરવાનું પસંદ કરે સાધુ બની પાટે બેસે એટલે અત્યાર સુધી એમને દમનારા—લૂટનારા—કાબુમાં રાખનારા—આંજી નાખનારા સમર્થ પુરૂષો હવે એમના પગ આગળ શિર ઝૂકાવે અને હાથ જોડી હજુરમાં ઉભા રહે. અસમર્થનું સાધુપણુ હમેશ સમર્થ સ્હામેના બળવા રૂપ જ હોય, અને તેવું સાધુપણું જ્હારે 'મુક્તિ'ની વાત કરતુ હોય ત્હારે ખાત્રીથી માનવુ કે એ કોઈ આધ્યાત્મિક મુક્તિની વાત નથી પણ મહત્વાકાંક્ષાનો જે કીડો ત્હેના દિલમા લાંબા વખતથી સસળી રહ્યો હતો ત્હેની તૃપ્તિનો જ આશય છે

**મિ. પાતક**:—ત્હારે **સમર્થનો બળવો** કેવી જાતનો હોય ?

હું:—'સમર્થનો બળવો' એ શબ્દ જ ખોટો છે. માત્ર 'અસમર્થનો બળવો' એવા શબ્દની **અપેક્ષાએ** ત્હમારે એવો શબ્દ યોજવો પડે છે. 'સમર્થની **ગતિ**', 'સમર્થની પ્રવૃત્તિ', 'સમર્થનુંવર્તન'

કહો તો તે યથાર્થ છે. સમર્થ કોઇની 'ઉશ્કેરણી'થી લડવા નીકળી પડતો નથી, ઢોલ–નગારાં–રણગીતોથી ઉશ્કેરાઈ 'મારો મારો' કરવા કૂદી પડતો નથી, **મિથ્યાભિમાન** કે ઇર્ષાનાં ભૂતોથી ઉશ્કેરાઇ ધમાલમાં જોડાતો નથી. તે 'પ્રેરિતગતિ'થી કે અંદરની નબળાઇથી કાંઇ જ કરવા ઉઠતો નથી. એનું બેસી રહેવું–અક્રિય કે મૌન રહેવું–એ પણ આંતરિક બળ કે 'પુરૂષાર્થ'નું જ પરિણામ હોય,—નહિ કે લાગણીરહિતપણાનું તે જ્યહારે પોતાના કે સમાજના વિકાસને અંતરાયરૂપ કાંઈ ઘટના જુએ ત્યહારે પ્રથમ તો લાગણીતત્ત્વને પણ બુદ્ધિબળથી દાબીને 'ચુપ' રહે, ચુપકીના ભોંયરામાંથી માર્ગસૂચન અને વિજળીક શક્તિ મેળવે, અને પછી–સમય વિચારીને–અંતરાયરૂપ ઘટનાના **મૂળ કારણ** પર જ તરાપ મારે હોહા કરીને તે રિપુને ચેતતો બનાવી ન દે. મૂળ કારણ સિવાયની બીજી કોઇ ચીજો કે વ્યક્તિઓ પર પોતાનું બળ ગુમાવી ન દે. લક્ષ્ય સાધ્યા વગર તો તરાપ પણ ન મારે, અને એક તરાપ ખાલી જાય તો પાછળ પડવાની મૂર્ખાઈ પણ ન કરતાં, બીજી તક માટે રાહ જુએ, રાહ જોવા જેટલુ ઉંડાણ–ધૈર્ય–એનું પહેલું લક્ષણ હોય. એકલા હાથે સાધના સાધ્ય થવી અશક્ય લાગતી હોય તો સંગઠન કર્યા બાદ જ પ્રવૃત્તિ પ્રારંભે, ત્યહાં સુધી સમ્પૂર્ણ ચુપકી પકડે. સંગઠન કરવામા ય પાત્રાપાત્રનો 'વિવેક' ચૂકે નહિ અંગત વૈર કે અંગત સ્વાર્થથી પ્રેરિતં થયેલી વ્યક્તિઓને–તે ગમે તેટલા જાહેર જુસ્સાની બરાડો પાડતી હોય તો પણ–પોતાના 'મિશન'મા જોડવાને તે ખુશી ન હોય. હિંદના ઇતિહાસમાં મ્હે વાંચ્યુ છે કે ટેકીલો રાણો પ્રતાપ બાર બાર વર્ષ સુધી જંગલમાં અક્રિય બેસી રહ્યો હતો અને ખરા યોદ્ધા તેમજ યુદ્ધસામગ્રી બન્નેની તક મળતા સુધી પોતાની Willને એકાતમા 'દમ મારીને' ખીલવતો જતો

હતો. જ્યારે **એના** ધ્યેયને **પોતાનું** ધ્યેય માનનારા ખરા વીરોનો સમૂહ તથા યુદ્ધસામગ્રી માટે જોઇતા પુષ્કળ ધનને ત્હેના **ચરણમાં રજુ કરનાર ભામા**શાહ મળ્યો ત્યારે જ તે કેશરીસિંહે દેશરિપુપર તરાપ મારી. એનું નામ **શ**મતા ગુણ અથવા શમતા **શક્તિ.** નિર્બળોથી એવી શમતા નહિ રહી શકે, અને **સાચું** સંઘટ્ટન (organization) પણ નહિ બની શકે Common Cause—સર્વનું એક જ 'ધ્યેય'—ન હોય ત્યાં સંઘટ્ટન કેવું અને પોતાના સાધનોનો 'ધ્યેય'ના ચરણમાં ભોગ આપવો કેવો? અને હસતે મુખે—**પોતાની** ગરજે અને અને નહિ કે ઉપકાર તરીકે—અપાતા ભોગ સિવાય **સિદ્ધિ** કેવી? એટલા જ માટે તો, મધ્યકાલિન યુરૂપમાં જ્યારે જ્યારે રાજ્યનો જુલમ વધી પડતો ત્યારે ત્યારે એકાદ છૂપી મંડળી પ્રજાને એ ત્રાસમાંથી છોડાવવા ઉભી થતી અને ધ્યેયને ગુપ્ત રાખીને છૂપી રીતે પણ મક્કમ હાથથી કામ કરતી એમાં કોઇ નબળો 'ભગતડો' કે વિરૂદ્ધ પક્ષનો નિશાચર ભળી જવા પામે તો **ધ્યેય સાધ્યા વગર જ** સર્વનું મ્હોત થઇ જાય, એ વાતનું ભાન હોવાથી તેઓએ ઉમેદવારની આકરી પરીક્ષા કરવાનું ધોરણ રાખ્યું હતું દાખલા તરીકે, સોગંદનામા પર સહી કરવા માટે ઉમેદવારે પોતાના કાંડાને પોતાના હાથથી ઘાયલ કરી ત્હેના લોહીનો ઉપયોગ કરવો પડતો. તે જરા પણ ખચકાય તો એને ખુરખા સાથે જ પાછો ધકેલી દેવામાં આવતો

**મિ. પાતકઃ**—જૈન શાસ્ત્રમા પણ **સાધુ**દીક્ષા માટે એવી જ યોજના છે દીક્ષાના ઉમેદવારને પ્રથમ નોંતરે ને વરઘોડે ચ્હડાવવામા આવે છે—'અનુકૂળ પરિસહ'ની કસોટીએ ચ્હડાવવામાં આવે છે, જો તેથી તે પ્રસન્ન થતો દેખાય તો ત્યહા જ એને તગડી મૂકવામાં આવે અને એ કસોટીમાં તે પસાર થાય તો

'પ્રતિકૂળ પરિસહ' તરીકે બીજી કસોટીમાં—કેશલોચની કસોટીમાં—ત્હેને મૂકવામાં આવે છે ત્હેના મસ્તક પરના બધા વાળ ખેંચી કઢાડવા છતાં ત્હેના મુખપરની રેખા બદલાય નહિ અને nerves (જ્ઞાનતંતુ) સંકોચાય નહિ તો પછી એને 'પ્રાથમિક દીક્ષા' આપવામાં આવે ત્યારથી તેણે સાધુનાં મહાવ્રતો પાળવાં જ જોઇએ,—જો કે હજી સાધુઓ સાથે સહભોજનનો અધિકાર ત્હેને ન જ મળે એના **સ્થૈર્યની** પૂરી ખાત્રી અનુભવી ગુરૂને જ્યહારે થાય ત્યહારે—મહીને, ૭ મહીને કે ૭ વર્ષે—ત્હેને 'અંતીમ દીક્ષા' આપી સાધુ તરીકે જાહેર કરવામાં આવે અને ત્હેનાથી બીજા સાધુઓ સહભોજનનો વ્યવહાર કરે. દર્મ્યાનમા જો તે અયોગ્ય માલૂમ પડે તો એને ધકકેલી મૂકવામાં આવે, સાધુવર્ગ સાથે તેણે ભોજન લીધેલુ ન હોવાથી પોતાના સમાજમા—જાતિમાં—પાછો જતાં એને હરકત ન આવે.

**હું**:—મિ. **પાતક**! ત્હમે જે કહ્યું તે **શાસ્ત્રોમાં** ભલે હોય, આજના **વ્યવહારમાં** હોય એમ માનવાને હું ના કહુ છું. એવી કસોટીમાં પસાર થયેલો સાધુ કાંઇ 'ધ્યેય' વગરનો ન હોય અને જ્યહાં 'ધ્યેય' હોય ત્યહા અહપદ અને છીછરાપણું સંભવે જ નહિ હું વગર મુશ્કેલીએ અનુમાન કરી શકું કે આજનો સાધુ**પદ**નો—નહિ કે સાધુ**તા**નો—ઉમેદવાર એક વરરાજાની માફક વરઘોડે મ્હાલતો હશે, એને અપાતી મીજબાનીઓ ભૂખડુની પેઠે માણતો હશે અને કેશલોચ વખતે ત્હેનુ આખુ ય શરીર કંપતું હશે તથા આખોમાથી નદી પણ વ્હેતી હશે,—અગર લોચથી ઓછામાં ઓછી વેદના થાય એવા રસ્તા યોજાયા હશે, અથવા તો અસ્ત્રાથી પણ વાળ દૂર કરાતા હશે. પણ દીક્ષાની વધુ ચર્ચા બીજા પ્રસગ માટે મુલ્તવી રાખી આપણે મુદ્દાની વાત પર આવીશું. ત્હમે મ્હને

'સમર્થના બળવા' નું સ્વરૂપ "કહેવા અરજ કરી હતી અને હું એનો જવાબ આપી રહ્યો હતો હું એ મુદ્દા પર હતો કે પોતાના બળાબળનું બરાબર માપ કર્યા સિવાય અને સમય વિચાર્યા સિવાય તથા ઘટતાં સર્વ સાધનો મેળવ્યા સિવાય સમર્થ પુરૂષ કૂદી પડતો નથી માત્ર ભાષણો કે લખાણોથી કાંઈ જ પરિણામ ઉપજાવી શકાતુ નથી હા, જે દેશમાં લોકો સારી રીતે વાચી-વિચારી શકે છે ત્હા એ પ્રવૃત્તિનું કાઇક પરિણામ હોય છે ખરૂં, પણ જેમની બુદ્ધિ તેમજ હૃદય બન્ને મુડદાલ છે તેવી પ્રજામાં એ શસ્ત્રો લગભગ નકામાં છે. પ્રથમ તો ગમે તેવા ઉત્તમ લેખોનો ભાવ જ લોકો ઝીલી ન શકે ઉલટું, એ જ લખાણોમાથી ગેરસ્હમજ ઉપજાવવાના પ્રયત્ન થાય મૂળ વાત બાજુએ રહી જાય અને છાયા રૂપ 'ઉપજેલી' વાતો પર મારામારીઓ ચાલે। હિંદમા યુરોપ-અમેરિકાની કાર્યપદ્ધતિઓનું અનુકરણ ભાગ્યે જ કારગત થઇ શકે 'જેવુ માનસ તેવો ઇલાજ' હોવો જોઇએ. સમર્થની પ્રવૃત્તિમાં આ બધી વિચારણાઓ-અને બીજી અનેક-સમાયલી જ પડી હોય...વારૂ, ત્હમારા સમાજમાં શ્રીમતો અને સાધુઓનો સબધ કેવા પ્રકારનો છે?

**મિ. પાતક:**-આપ કદાચિત્ નહિ જાણતા હો કે દુનિયામાં નિર્ધનમાં નિર્ધન દેશ કોઇ હોય તો તે હિંદ છે. અહી મનુષ્યની સરેરાસ માસિક આમદાની ૨ કે ૩ રૂપિયા છે. એવા દેશમા દશ-વીશ હજાર પણ જેની ગાઠે એકઠા થાય તે પોતાને બીજાઓ કરતાં મ્હોટો માને એમાં નવાઇ પામવા જેવુ ન હોય તેથી ન્હાનો મ્હોટો દરેક 'દુકાનદાર' પોતાને 'શેઠ' કહેવડાવવા માંગતો હોય છે ત્હેમાં ય કોઇ પાસે ૫૦ હજાર કે લાખ થાય ત્હારે તો સઘનો નેતા કે

સંઘપતિ કહેવડાવા કૂદી રહ્યો હોય એવા નેતાપદના સઘળા ઉમેદવારો વચ્ચે ઘૂરકાઘૂરકી અને પાર્ટીસ્પીરીટ તથા પૂઠ નિંદા અવશ્ય હોય જ બધાને સાધુઓના સહકારની ગરજ પડે,—કારણ કે 'જનતા'નો દડો આના હાથમાં મૂકવો કે પેલાના હાથમા ફેંકવો તે ત્હેમની મરજીની વાત હોય છે. તેથી દરેક મ્હોટો શ્રીમંત એકાદ સાધુને પોતાનો બનાવી લેવા ચૂકતો નથી, અને સાધુ ત્હેની ફી પણ પૂરી લેવાનું ચૂકતો નથી. ગમે તેવા અભણ, નાલાયક, વ્યભિચારી કે તુચ્છ મનુષ્યને સાધુદીક્ષા આપી પોતાનુ લશ્કર જમાવવાની સાધુની ભૂખ ભાગવામાં તે નેતાપદનો ઉમેદવારે મદદગાર થવુ જ જોઇએ. થોડા જ વખત પર પર એક શ્રીમંત કેળવાયેલા જૈને ત્રણ ત્રણ વખત સાધુવસ્ત્ર છોડી ભડીઆરો બનેલા સાધુને ફરી દીક્ષા આપવાની ધામધૂમ પોતાના ઘેરથી કરી હતી, અને પોતાના પદરના હજારેક રૂપિયા ઉપરાંત લાગતાવળગતાઓના પાંચેક હજારનો ધુમાડો કરી બહારથી એવી વાત ફેલાવી કે જૈન શાસનની ભક્તિમાં તેણે પોતે પચાસ હજાર રૂપિયાનો યજ્ઞ કર્યો હતો! યુનિવર્સિટીના ઉંચા શિક્ષણ પછી પણ આવી કૂપમંડૂકની રમતડીઓ અને ગંદી બાજીઓ થઈ શકતી હોય તે હૃદયો કેટલાં મરેલાં હોય ત્હેની કલ્પના આપ જ કરી લેશો વળી સાધુઓના ચાતુર્માસ, વરઘોડા, તપસ્યાનાં ઉજમણાં, એમણે જગાડેલા ખુલ્લા કે છૂપા ઝગડા, ઇત્યાદિ પાછળ ખર્ચ થાય ત્હારે જ અમુક સાધુ અમુક શ્રીમંતની નેતા તરીકે જાહેરાત કરે, પછી તો શેઠજી પધારે નહિ ત્યહાં સુધી શાસ્ત્રવાચન પણ મોકુફ રખાય, શેઠજી માટે બધાને ચીરીને રસ્તો કરી અગ્ર સ્થાન યોજાય; પાંચ–દશ મિનિટ શાસ્ત્રવ્યાખ્યાન મોકુફ રાખી શેઠજીની શ્રીમંતાઇ અને કીર્ત્તિ અને સર્વગુણસંપન્નતાનું જ વ્યાખ્યાન વંચાય! અને શેઠજી પણ સાધુમહારાજનાં યશોગાન

ગાવા માટે પંડિતો પાસેથી અનેક અલંકાર ગોખી રાખે ! બન્નેને પોતપોતાનો ઇષ્ટ 'નફો' મળી રહે,—શ્રાવકોના હિસાબે તેમજ **જોખમે**.

હું.—પણ એ સોદો બન્નેને સરખા લાભ આપનારો ન થયો ગૃહસ્થને ફક્ત 'પ્રતિષ્ઠા' લાભ જ થયો, સાધુને તે લાભ ઉપરાંત એનાં ઇચ્છિત કાર્યો પાછળ ધનવ્યયનો લાભ થયો ત્હમે તો કહી ગયા હતા કે ત્હમારો સમાજ વણિકોનો—દુકાનદારોનો—Shop-Keepers નો છે; દુકાનદારી એવી 'કાચી' ન હોય કે ૧૦૦ રૂપિયાની ચીજ માટે ૨૦૦ રૂપિયા આપી બેસે !

**મિ. પાતક**:—ખરૂં, પણ પ્રતિષ્ઠા બીજા લાભોને પણ આસ્તે આસ્તે ખેંચી લાવે જ. ધારો કે હું 'પ્રતિષ્ઠા' પામેલો માણસ છું. કોમી ફંડોનાં નાણા મ્હારા ઘેર જ જમા રહેશે. બેચાર વર્ષ ત્હેનો હિસાબ બરાબર બહાર પાડતો રહુ અને પછી લોકોને ફંડનું વિસ્મરણ થવા દીધા બાદ—૮–૧૦ વર્ષ બાદ—આખ્ખી ય રકમ કે એનો અમુક ભાગ હું હજમ કરૂં તો કોણ પૂછનાર છે ? હજમ કરવા જેટલો હું પતિત ન હોઉં તો એ રકમનો ઉપયોગ મ્હારા વ્યાપારમાં કરી એનો નફો મ્હારા ઘરમા મૂકું ત્હેમાં મુશ્કેલી શું હોય ? અને નફો આપવાને બદલે મ્હારો વ્યાપાર સઘળી મૂડી લૂટનારો થઈ પડે તો આપવુ છે શું ને લેવુ છે શું ? હુ વધારે સારો શાહુકાર હોઉ તો ફંડનુ ત્રણ ટકા વ્યાજ આપુ અને બાર કે ચોવીશ ટકા વ્યાજ ઉપજાવું એમા કોણ વાંધો કરનાર ? ન્હાના ગામડાના લોકો અને ખાસ કરીને વિધવાઓ તો પોતાની મુડી મ્હારા જેવા 'પ્રતિષ્ઠિત' ના ઘેર જ મૂકે

અને કોઇકોઇ વખત તેઓને રડવું પણ પડે જ. જાહેર સંસ્થાઓમાંય મ્હોટા શ્રીમંતો જ સત્તાધીશો હોય, છતાં ત્યહાં ખજાનચી કે મૅનેજર કે નામાદારને બક્ષીસો તરીકે રકમો માંડી વાળવામાં આવતી હોય તે શાથી ? અલબત, આંગળીના વેઢે ગણાય એટલા અપવાદ પણ હોય જ. જે વસ્તુસ્થિતિ મ્હેં પોતાની આંખે જોયેલી છે તેથી 'વ્યાપારી'ઓ 'પ્રતિષ્ઠાના વ્યાપાર' માં છેતરાય છે એમ માનવાને હું તૈયાર કેમ થઇ શકું ?

હું;—પણ નેતાઓ ગમે તેવા સ્વાર્થી હોય તો પણ નેતાપણું ટકાવી રાખવાના સ્વાર્થ ખાતરે કાંઈ નહિ ને કાંઈ તો કરતા જ હશે ને ?

**મિ. પાતક:**—શા માટે નહિ ? થોડા દિવસની વાત પર એક શ્રીમંત સુશિક્ષિત પ્રમુખે કોમના એક ઉત્સાહી યુવાનને બોલાવીને કહ્યું કે કોમમા અમુક સમાજસુધારણાની મ્હોટી જરૂર છે અને તેણે તે કાર્ય ઉપાડવું, અને વચન આપ્યુ કે તે જો ચળવળ ઉપાડશે તો પોતે તે ચળવળનો રાહબર અને સહાયક બનશે. સરળ દિલના યુવકે એક સભા સ્થાપી તે દ્વારા ભાષણો અને લખાણો શરૂ કર્યા. પેલા પ્રમુખે ઝટપટ કોમની મિટિંગ ભરીને પેલા યુવાનને સમાજ વિરૂદ્ધ ગુન્હો કરનાર તરીકે બોલાવી મંગાવ્યો અને બહિષ્કારનું શસ્ત્ર કે શાસ્ત્ર બતાવી દીધું. કોમના લોકો પ્રમુખની વાહવાહ કરવા લાગ્યા કે તે કેવો કોમાભિમાની અને ધર્મચુસ્ત હતો ! એનાં કેટલાંએ કાર્યોથી લોકો એનાથી વિમુખ થવા લાગ્યા હતા, પણ હવે લોકો એને દેવ ગણવા લાગ્યા. કહો મિ **શૉ !** નેતાપદ જાળવી રાખવા માટે કંઇ નહિ ને કંઈ કરતા રહેવાનું ભુલે તેવા છે અમારા 'પ્રતિષ્ઠિત' પુરૂષો ?

હું:—સમાજમાં પત્રકારો છે કે ?

**મિ. પાતક**–પત્રકારો તો ઘણાએ છે, પત્રકારિત્વ નથી. 'જનતા' છે, જૈન નથી. શરીરો છે, આત્મા નથી જેમ 'શ્રાવક' બન્યા પહેલાં 'સાધુ' બનવાની લાલસા છે, જેમ 'પ્રજા' બનવા પહેલાં 'પિતા' બનવાનો મોહ છે, જેમ 'શ્રોતા' બનવા પહેલાં વક્તા અને ઉપદેશક બનવાની ઘેલછા છે,–બરાબર તેમજ દેશ અને સમાજનુ જાણપણું મેળવ્યા પહેલાં પત્રકાર બનવાનો મિથ્યાભિમાન છે. હજી હું શુભ આશય, સેવાની ધખસ અને આત્મભોગના જુસ્સાની તો વાતે નથી કરતો,–કારણકે એ તો 'જાહેર છાપા' કહાડનારાઓમાં પણ પ્રાયઃ શૂન્ય જ હોય છે. નથી તેઓમાં પ્રૌઢતા, વિશાળ દૃષ્ટિ, સત્ય શોધવાની બુદ્ધિ, કે સત્ય કહેવાની હિંમત, નથી દુનિયાનો અનુભવ કે નથી શાસ્ત્રરહસ્યનું જ્ઞાન,–રે રિપોર્ટર તરીકે પણ આપના દેશનો કોઈ પત્રકાર અમારા એડિટરને નહિ રાખે છાપામાં આવેલો એક પણ ભાષણનો રિપોર્ટ સાચો નહિ જ હોય મૂળે તો ટુંકાક્ષરી લિપિ જ અમારી ભાષાઓ માટે યોજાયલી નથી અને વિષય પરિપૂર્ણ સ્હમજવા જેટલી કેળવણી રિપોર્ટરમાં નથી હોતી, એટલે તે પોતાની બુઠી અક્કલ તથા નાજુક સ્મરણશક્તિ વડેજ 'રિપોર્ટ' લખે છે અને તે પણ જગાના પ્રમાણમાં ટુંકાવવાનો હોય ઉપરાંત ઘણાખરા દાખલામાં ઈરાદાપૂર્વકની વિકૃતિઓ થતી હોય તે તો જૂદી. ટુંકમા એક સાચો રિપોર્ટ જેઓ પાસેથી ન મળી શકે તેઓ પાસેથી સામાજિક ઘટનાઓ પરના પરિપક્વ અવલોકનોની તો આશાએ શી કરાય? આર્થિક સ્થિતિ પણ એવી જ દયાજનક હોય છે ૩૦૦ થી ૧૩૦૦ ઉપરાંત ગ્રાહક સંખ્યા એકકે જૈન પત્રની ન મળે. એમાંથી પેપરનું ખર્ચ પણ ન નીકળી શકે તો પત્રકારના પોતાના ખર્ચની તો વાતે શી કરવી? પછી તેઓ સાધુ અને શ્રીમંતોના 'ઓશીઆળા' બને એમાં આશ્ચર્ય પણ શું? ફલાણા સાધુ

ફલાણા ગામથી ફલાણા ગામ 'પધાર્યા' છે, અને ફલાણા શેઠ-સાહેબ દર્શન કરવા 'તશરીફ લાવ્યા' છે તથા પચીસ રૂપિયાની મહાન 'સખાવત' કરવા મહેરબાન થયા છે, અમુક શેઠજીની છોકરાનાં વહુજી માંદાં પડયાં છે અને અમુકનો છોકરો મેટ્રિકમાં પાસ થયો છેઃ આવી જાતનાં 'ભરતીઆં'ને જ અમે 'પત્ર' નામથી ઓળખીએ છીએ વધુમાં વધુ કેળવાયલા એડિટરના પત્રમા સાહિત્યનાં ચુંથણા સિવાય બીજું 'માલ'વાળું ભાગ્યે જ જોઈ શકશો. 'જનતા' સ્હામે બખાળા કહાડવામાં તો એ બહાદુરો કમ્મર કસી 'જાહેર હિમ્મત'નું પ્રદર્શન કરશે, હમણાં હમણાં સાધુઓ સ્હામે પોકાર કરવાની 'ફૅશન' નીકળી હોવાથી એઓ ઉપર—પણ ખટાવનાર વ્યક્તિઓને જાળવીને—મોટા હેડિંગો અને લાગણી ઉશ્કેરનારી વાક્જાળથી અંકના અંક ભરી નાખશે, પણ આખાં કોળાં શાક કરનારા બડેખાંઓની બાબતમા તો ચર્ચાપત્ર પણ નહિ લઇ શકે,—કારણ કે બડેખાંઓ હમેશાં કાયદાબાજને બગલમા લઈ ફરનારા હોય છે અને ડેફેમેશનના કાયદાનો આર્થિક નાશકારક ઉપયોગ કરી જાણતા હોય છે. એકાદ બે શુભાશયી અને વિદ્વાનના હાથે લખાતાં પત્રો પણ હશે, પરન્તુ 'જનતા' ત્હેની કદર ન કરી શકે એ દેખીતું છે. એવા પત્રકાર પત્રને વધુ વ્યાપક રૂપ આપી, ઘેરેઘેર ત્હેનો પ્રચાર નામમાત્રની કિમતથી અને લાંબા સમય સુધી કરવાની યોજના કરી શકે તો લોકોનો 'ટેસ્ટ.' આખરે બદલાવા પામે જ. પણ તે દિવસ ક્યહાં કે મીઆંના પગમાં જૂતી હોય? વળી, આ દેસમાં–ખાસ કરીને આ કોમમાં–, સાધુ વર્ગ, શેઠ વર્ગ, સાહિત્યકાર વર્ગ અને છાપાવાળાનો વર્ગઃ એ વર્ગો એવા છે કે જેઓ પોતાની જ એક્સંપી ન કરી શકે,—બાકી તો આખી દુનિયાને એક્સંપીનો ઉપદેશ કરવામાં કુશળ! એક્સંપીનો પાયો **મિથ્યાભિમાનનો ત્યાગ** અને **કાનુનનું**

**માન** માંગે, કે જે બન્ને આ અનિયંત્રિત સત્તાઓને અસહ્ય કે અસ્વાભાવિક લાગે ! Discipline વગરનું જીવન એ જ 'મ્હોટા ચાર'નો 'મહારોગ' છે મ્હેં સાંભળ્યું છે કે યુરોપ-અમેરિકામાં—ખાસ કરીને ઇંગ્લાંડમાં—ત્હેમાંય ઉચ્ચ શ્રેણિના લોકોમાં—એક બાળક પણ મૂર્તિમાન discipline હોય છે. અમારા દેશમાં પણ—અમારૂં પોતીકું રાજ્ય હતું ત્યારે—બ્રાહ્મણ વર્ગમાં શ્રેષ્ઠ discipline હતી. આજે એ discipline ને સ્થાને બાહ્ય વિધિઓ અને વધારે પડતી મીઠી જીભ રહી ગઇ છે

હું:—આવી પરિસ્થિતિઓ છતાં 'જૈન કૉન્ફરન્સ' જેવું કાંઇ થવા નથી પામ્યું ?

**મિ પાતક**:—શા માટે નહિ ? 'કૉન્ફરન્સ'ને બદલે ચાર ફીરકાઓની ચાર 'કૉન્ફરન્સો' છે, અને પાંચમી એક સંયુક્ત કૉન્ફરન્સ છે આ પાંચમી તો થોડાક કેળવાયલાઓનું એક સ્વપ્ન માત્ર છે ફંડ તેમજ સંખ્યાબળની બાબતમાં એક બાળકના ખેલ જેવી કહી શકાય સમાજનો હજારમો ભાગ પણ ત્હેના અસ્તિત્વથી વાકેફ નહિ હોય અને ચારે ફીરકાઓની અલાયદી કૉન્ફરન્સો ગામોગામ પ્રસિદ્ધ છે—ત્હેમના અંધેર અને જોહુકમીને માટે ! એ કૉન્ફરન્સોની શુમારે પા સદીની કારકીર્દીમાં એક બાળલગ્ન કે વૃદ્ધલગ્ન રોકવા કે ઓછા કરવા જેટલું ય ન્હાનુંસુ સમાજસુધારણાનું કાર્ય નથી થઈ શક્યું મંદિરો અને ધર્મગુરૂઓ પાછળ ખર્ચાતા ધનનો હજારમો હિસ્સો પણ શિક્ષણપ્રચાર પાછળ ખર્ચવાની વ્યવસ્થા નથી થઈ શકી જાહેર મત કેળવવાનો કિંચિત્ પણ ઉદ્યમ નથી સેવાયો ધર્મનો જીવન સાથેનો સંબંધ સ્હમજાવી સાચો ધાર્મિક જુસ્સો પ્રકટાવવાને રસ્તે કંઈ જ નથી થઈ શક્યું વિધવાઓની અસાધારણ મ્હોટ

સખ્યા તથા કામ ધંધા વગરના મરદોની સહાય માટે કશી વ્યવસ્થા નથી થઇ શકી. કોઇ 'જીવ'વાળું સાહિત્ય રચાવા પામે એવી પણ પ્રવૃત્તિ નથી થઈ. 'ધર્મ'નો ઉદ્ધાર કરવો છે, માટે બધાએ આવવું અને થેલી સાથે લેતા આવવુ' એવી ઘોષણા કરી જનતાને ખેંચવામાં આવે અને પછી 'જનતા'ની શ્રદ્ધાને ભવ્ય વરઘોડા અને નાટકીઆં દેખાવોથી ગલગલીઆં કરી એમની દુબળી થેલીઓને ઓકાવે, અને પછી એ જ ધનના બળથી એમના પર સત્તા ચલાવવામાં આવે. એક ફીરકાની કૉન્ફરન્સના એવા એક સત્તાધીશ-પ્રમુખ અને વળી લખોપતિ--કુલં ભંડોળની લગભગ ચોથા હિસ્સા જેટલી રકમ હોઇઆ કરી ગયા અને એ વાતને બીજા સત્તાધારીઓ-અલબત્ત શ્રીમંતો જ-વર્ષો સુધી દાબી રાખ્યા બાદ ધીમે રહીને 'માંડી વાળવા' જેટલા 'ઉદાર' થયા! એક ફંડના ચોપડા અને રકમ આખુ સમુળગુ ગુમ થયું અને ફરી ફરી કરાયલા ઠરાવો પર પાણી ફેરવી એવી સફાઇથી રકમ માંડી વાળવામાં આવી કે રકમ અને ચોપડા કોના હસ્તક હતા તે—એકજ શહેરના બધા હોવા છતાં અને માત્ર ૫-૭ વર્ષ જ વીતવા છતા—શહેરમાના કે બીજા કોઇ શહેરના સભ્યને યાદ નથી રહ્યું! યુવાનો, કેળવાયલાઓ અને સરળસ્વભાવી લોકોની **'લાગણી'** ઉપર ખેલ કરનારા મદારીઓ જ ફક્ત આવી સંસ્થાથી હિત સાધી શકે એક મદારી તો એવો ઉસ્તાદ કે પોતે સંત અને ઉદાસિન તરીકે પાછળ રહી 'ભોટ મામા'ઓને અગ્રેસર કરી એઓ ન સ્હમજી શકે કે કેવાં જોખમભર્યા પગલા ત્હેમની પાસે ભરાવવામાં આવે છે તેવી રીતે પોતાનુ ધાર્યું તેઓ પાસે કરાવે. તે 'કહે છે કે એ વિદ્યા તે **અમેરિકનો** પાસેથી શિખ્યો હતો.

હું:—**અમેરિકાને** તે ખોટું માન આપે છે! પૉલીટીક્સમાં

અમેરિકનો એવું બધુંય કરે, વ્યાપારમાંય કરે, પણ ધર્મના બ્હાને તો નહિજ. એ સંતપણું તો તહમારા દેશને જ મુબારક હો! એવા માનસને જ હું મુડદાલપણું કહુ છુ પણ હુ પૂછું છું લોકો આવી ચાલબાજી નહિ સ્હમજી શકતા હોય?

**મિ પાતક.**—સ્હમજવાની વાત તો દૂર રહી પણ સ્હમજાવનાર મળે તો ય લોકો એના એ જ,—રડતી શિકલ! એક વાર એક સ્વતંત્ર વિચારકે એક કૉન્ફરન્સનું પ્રમુખપદ લઇને સઘળી પરિસ્થિતિઓ ખુલ્લી કરી બતાવી, તમામ ગોંધી રાખેલાં નાણાંનો વ્યય કરી નાખવાના ઠરાવ સર્વાનુમતે કરાવ્યા, સત્તાધારીઓની જોહુકમી તેમજ અંધેર પ્રત્યક્ષ કરી બતાવ્યા, અને એટલેથી ન અટકતાં ધર્મનું રહસ્ય તથા સમાજના વ્યવહારૂ બંધારણના પાઠો વિસ્તારથી સ્હમજાવ્યા અને પછી—પછી તેણે કાદવમાં પડેલા હાથ ધોઇ નાખી પોતાના હમેશના એકાન્તનો રસ્તો પકડયો બીજે જ દિવસે 'એના એ ભગવાન!' અને એના એ લોકો! એક દિવસ મ્હેં એ વિચારકને ત્હેના અણધાર્યા પદત્યાગનુ કારણ પૂછ્યું તો તેણે કહ્યું "મુડદાંઓ પર રાજ્ય કરવાંથી એકકે પક્ષનું કલ્યાણ સંભવે છે ભલા? સાધુ વર્ગ તેમજ શ્રાવક વર્ગ બન્ને તરફથી અસાધારણ આગ્રહ થયો ત્હારે આ સમાજરૂપી દુનિયાનું મિથ્યાપણુ (futility) સાબીત કરી આપવાની તકરૂપ પદસ્વીકાર કર્યો હતો મ્હેં એ પદેથી અને એ પદ વડે જ સાબીત કરી આપ્યુ કે 'જૈન સમાજ' જેવી કોઇ ચીજ અસ્તિત્વ જ ધરાવતી નથીઃ જૈનો ઘડનારા શિલ્પીઓ હજી હવે પાકવાના છે. હજુ તો થોડાક 'શ્રાવકો'ના આગમનનાં પગલાં વાગી રહ્યાં છે, અને એ આગન્તુક 'શ્રાવકો'ના સુયુક્ત લગ્નની 'પ્રજા'માંથી કેટલેક કાળે થોડાક 'જૈનો' જન્મશે!"...

એક વખત અમારા **મહાવીર**ને પણ કોઇ 'ગોવાળે' પોતાની 'ગાયો' ભળાવી હતી. ગાયોની પ્રકૃતિ જાણતા **મહાવીરે** એ ભળામણનો કાંઇ જ ઉપયોગ ન કર્યો અને ગાયોને સ્વતંત્ર રહેવા દીધી. ગાયો **એ સ્વતંત્રતાથી જ** ચાહીચાલીને ગઈ—પાછી હેમના 'માલીક'ના 'વાડા'માં, કે જ્યહાં હેમને ખીલે બાધવામાં આવતી, જંગલનું ઘાસ આપી સત્વરૂપ દૂધ દોહી લેવામાં આવતું અને ઉપરથી દંડપ્રહાર કરવામાં આવતા ! એ સઘળી વિધિઓથી જેમની nerves ટેવાઈ ગઇ હતી એમને એ વગર ચૅન જ કેમ પડે ? અમારાં શાસ્ત્રોમાં બીજા એક કથાનકદ્વારા પણ આ જ રહસ્ય શિખવવાનો પ્રયાસ થયેલો છે. બે મિત્રો વચ્ચે એવી જીવજાન દોસ્તી હતી કે તેઓ એક બીજા સિવાય ઘડી પણ રહી શકતા નહિ આ જન્મમાં જ માત્ર નહિ પણ બીજા જન્મમાં પણ સાથે જ રહેવાની પ્રબળ ઇચ્છાને લીધે તેઓએ 'સંકલ્પ' કર્યો અને એક બીજાને 'વચન' આપ્યું કે તેઓ પૈકીનો જે ઉચ્ચ ગતિએ જાય હેણે બીજાને ઉંચે ખેંચવા નીચે આવવું, જેથી બન્નેને સહવાસનો આનંદ મળે. બન્યું એમ કે, કેટલેક કાળે બેમાનો એક 'મરીને' (having outlived or surpassed himself) દેવભૂમિકામાં (દિવ્ય ભાનમાં) પહોંચ્યો કહે છે કે, દેવલોકના વાસીઓને પાછલા જીવનના સંબંધોનું સ્મરણ ભાગ્યે જ થવા પામે છે,—એટલા તલ્લીન તેઓ પોતાની દેવીઓ (દિવ્ય શક્તિઓ)ના નાચ (સક્રિયતા) જોવામાં હોય છે તેથી કેટલેક કાળે 'દેવ' બનેલા મિત્રને, પોતાના પૂર્વસ્નેહીનું સ્મરણ થયુ ત્યહારે 'વચન' પાળવા ખાતર તે 'નીચે ઉતરી આવ્યો' (condescended),—જો કે 'નીચેના પ્રદેશ'ની 'દુર્ગંધ' 'દેવો'ને અસહ્ય હોય છે તેણે જોયુ કે હેનો પૂર્વસ્નેહી 'મરીને' (having degraded life) ડુક્કર (Swine, beastly, sensual)

બન્યો હતો અને વિષ્ટાના ખાબોચીઆ ((objects of low taste) માં પોતાની 'ડુક્કરી' (sensuality) સાથે ખેલતો હતો. દેવ ત્હેને પોતાની ઉચ્ચ ભૂમિકામાં લઈ જવા માગતો હતો,—પણ સંબંધ, લાગવગ કે દયાથી ઓછો જ કોઈ "ડુક્કર" 'દેવલોક'માં જઈ શકે છે! એ કોઇ સ્થૂલ ભૂમિ નહતી કે જ્યહાં ખભે બેસાડીને કે વિમાનમાં નાખીને કોઇને 'ઉપાડી' જઈ શકાય એ 'ચ્હડણ' તો ધર્મની પાંખોથી જ ચ્હડાતું શક્ય છે, અને તે પાંખો ચ્હડવા ઇચ્છનારની પોતાની અંદર ફુટવી જોઇએ. કોઈ મિત્ર વધુમા વધુ મદદગાર થઇ શકતો હોય તો તે ફક્ત પાંખો ફુટાડવાના કામમાં—ધર્મતત્ત્વ પ્રેરવારૂપે તેથી દેવમિત્રે ઉપદેશ આપવા માંડયો અને 'ભુંડણની સોબત' છોડવા વિનંતિ કરી ત્હેને જવાબ મળ્યો:—'મ્હને ત્હારૂં સ્વર્ગ નથી જોઇતું ભલો થઇ જીવ ખાતો બંધ થા અને મ્હારી મોજમા અંતરાય ન કર. શું ત્હારા દેવલોકમાં આવું મજાનું સરોવર અને આવી ફુફાટા કરતી જાડી ભુંડણ છે?'.. દેવ બિચારો **લજવાઇને** ચૂપચાપ ચાલ્યો ગયો!

હું.—એમ જ હોય, 'દેવો' જ લજવાય, 'ડુક્કર'ને ઓછી જ લાજ હોય છે? પણ 'દેવો' કોણ તે ત્હમે લોકો જાણો છો? ફૂદકા મારતી યુવાની ધરાવતા મનુષ્યો, સાહસશક્તિથી નાચી રહેલા મસ્તો, 'કાંઇક કરવું, **કાંઇક** કરવુ, કાંઇક **કરવું**, કરીને જ મરવુ, કરવાસા જ મરવું, કરવા માટે જ મરવુ અને મરીને જીવવું': એવો ધ્વનિ જેમના જ્ઞાનતંતુઓમાથી સતત નીકળ્યા કરતો હોય તેવા 'મરદો': એ જ 'દેવો'! ત્હમારા શાસ્ત્રોએ દેવોનો નિવાસ 'આકાશ'મા કહ્યો છે તે તદ્દન સત્ય જ કહ્યું હતું. દિવ્યતા હૃદયાકાશમાં જ વસે છે, ગપાટામાં

નહિ. યુવાનીના જોશવાળા હૃદયાકાશમાં જો 'ધર્મ'ની -વિચારશક્તિ અને ક્રિયા શક્તિ રૂપ ધર્મની-જ્યોત પ્રકટાવી શકશો તો તે **શક્તિઓ** જ દેવ તરીકે ખેલશે.-દિવ્ય ( magnanimous ) સામાજિક યુદ્ધો લડશે અને 'કુક્કરો'ને 'દેવ' બનાવવા-નહિ માને તો વસતિ બહારના ઉકરડામા ધકેલી કહાડવા-કમર કસશે

**મિ. પાતકઃ**— યુવાનો તો ઘણાએ છે. એમને જે થોડુ-ઘણું વસ્તુસ્થિતિનુ ભાન થવા પામ્યું છે તેથી તેઓના હૃદયને આઘાત પણ પહોંચ્યો છે. એમાંના કેટલાકો **સુધારક** પ્રવૃત્તિ માટે સસજ્યા પણ છે. પણ સાધુ, શ્રીમંત અને 'દલાલ'ના તેવડા જોડાણ ( Tripple Alliance ) સ્હામે તેઓનાં સાધનો કમજોર જણાય છે. વળી તેઓમા વ્યવસ્થાપક શક્તિ (organizing capacity) ની પણ ન્યુનતા હોય.

હું:—એનો અર્થ એટલો જ કે 'આધ્યાત્મિક **આગ**'-ની તંગી છે અને માત્ર 'સુધારકના **ઉત્સાહ**'થી ઝુઝવું છે ના, તે થોડાઓએ 'તાલીમ' લેવી જોઇશે, ધર્મ હમ્બગ નથી પણ સત્ય છે અને વ્યવહારૂ જીવનમાં પ્રતિક્ષણ કામ લાગતું સત્ય છે, એવી શ્રદ્ધાનું બળ પ્રાપ્ત કરવુ જોઇશે જૈન ધર્મના સિદ્ધાન્તો અને ધાર્મિક ક્રિયાઓનો જીવન સાથેનો સંબંધ શોધીને બતાવતા લેખો વાંચવા-વિચારવા જોઇશે; અને એ વિચારણાથી એમના હૃદયમા ધર્મપર **જીવતી** શ્રદ્ધા અને **જીવતો** પ્રેમ જાગી તેઓ હરકોઈ ભોગ આપવા ઉત્સાહી બનશે લ્યુથર, **જોન ઓફ આર્ક**, દયાનંદ **સરસ્વતી** અને **રામદાસ** સ્વામી. એ બધાએ એ જ માર્ગ લીધો હતો,-અને એ બધા 'આગના તણખા' હતા.

**મિ. પાતક.**—ઓહ, ત્યહારે અમે કેવી મ્હોટી ભૂલ કરી

છે! 'આગીઆ'પણું એ આધ્યાત્મિક શક્તિ છે, નહિ કે દુર્ગુણ અથવા માનસિક વિકાર, એવું જો અમે પહેલાં શિખ્યા હોત તો 'પગ પર કુહાડો' મારવા જેવી ભૂલ અમે કદાપિ ન કરી હોત. જે 'વિચારક'ની મ્હેં આપને હમણા જ વાત કરી હતી તે પણ એક વખત એવો જ આગીઓ હતો, અને 'આગીઓ' હતો **તેથી જ** અમારાથી તે ખમાતો નહોતો આપે કહ્યું તેવું **જૈન** ધર્મનું **વ્યવહારોપયોગી** સ્વરૂપ તેણે વિચાર્યું હતુ અને જૂદે જૂદે પ્રસંગે લખ્યું હતુ. કમનશીબે હવે તો એણે લખવુ જ બંધ કર્યું છે અને એનાં પહેલાનાં લખાણોનો ચાહ **રહી રહીને હવે** પ્રકટવા લાગ્યો છે,—**હવે** કે જ્યારે તે છૂટાંછવાયાં લખાણો મળી જ શકતાં નથી મ્હને પોતાને તો એની વિચારણા તેમજ પ્રવૃત્તિઓની કિંમત **આપના** વિચારો જાણવાથી જ સ્હમજાવા પામી હમણાં આપની મુલાકાતનો પ્રસંગ ન આવ્યો હોત તો સંભવ છે કે હુ એને આખી જીંદગી સુધી એક ધૂની કે અભિમાની કે ગુસ્સાબાજ માણસ જ માન્યા કરત.

હું.—તો જો કે એમ કરવામાં ત્હમારો કાંઈ બુરો આશય નથી. પણ એમ જ બને. જીવનની ઉપલી સપાટીની પ્રવૃત્તિમાં જ જેમનુ 'ભાન' હોય તેવાઓ, એક નિયમ તરીકે જ, આંતર સૃષ્ટિમાં કામ કરનારાઓના આશય સ્હમજવામાં ભૂલ જ કરી **બેસે**. આંતરસૃષ્ટિમાં કામ કરનારાઓના આશય સંબંધી જેમ વધુ ગેરસ્હમજ થવા પામે, અને તેથી જેમ ત્હેમના દિલને વધુ ને વધુ આઘાત પહોંચતો રહે, તેમ વધુ ઉંડી વિચારણાના ઝરા તે દિલમાથી વહેવા પામે. જનતાનુ હિત આંતરસૃષ્ટિમાં કામ કરનારાઓની વેદનામા જ છે. એ વિશ્વયોજનાની વિચિત્રતા છે!...અને ત્હમે કહ્યુ કે ત્હમે ત્હેને **મ્હારી** વાતચીત માર્ફત જ પહેલી વખત ઓળખ્યો, એમાંય મ્હને તો આશ્ચર્ય

ન લાગે. અમે પશ્ચિમવાસીઓ પૂર્વ તરફ જ દૃષ્ટિ ફેંકીએ છીએ, અને ત્હમે પૂર્વના લોકો પશ્ચિમના મુખમાંથી આવતાં વચનોને જ દેવવાણી માનો છો. પૂર્વનું તેજ પશ્ચિમમાં જાય અને ત્હાંથી પાછું પૂર્વમાં કદર પામે! એનું નામ જ Relative World! ...પણ ત્હમારો એ વિચારક પછી શું મરી ગયો?

**મિ. પાતક**—છે તો ઘણોએ જીવતો—કદાચિત્ પહેલાં કરતાંય 'વધુ જીવતો,' પણ અમારે મન મરી ગયેલો છે! એક પણ સાથી કે અનુયાયી નહોતો તેવે વખતે તે પા સદી સુધી રાત્રી દિવસ ધૂનીની પેઠે કામ કરતો, આજે જ્હારે સેંકડો યુવાનો રણસગ્રામમાં ઉતર્યા છે અને હજારો એની માર્ગપ્રતીક્ષા કરતા ઘરમાં બેઠા છે ત્હારે તે ઉલટો 'ખોવાઇ જવા'નું પસંદ કરે છે અને આ બધી ગર્જનાઓને દિલપર લેવાની ય ના કહે છે. કાલે આપને ગુફામાં બુદ્ધની મૂર્ત્તિ **ગાઢ અંધકારમાં** જ જોવાની જીદ થઇ આવી હતી અને બત્તીનું નામ યાદ કરવા માટે પણ મ્હને ઠપકો આપવાનુ મન થયું હતુ તેમ, આને પણ નજરે ન દેખાય એવી જાતની કોઇ ઉંડી ખાણનાં પડ વિંધવાનું અને ગુગળાઇ મરવાનું ગમ્યું છે. પોતાની તેમજ સમાજની ખાણા-ખરાબી થાય તે તરફ તે Cynic અટ્ટહાસ્ય કરે છે,—કેમ જાણે સમાજના નાશથી તે ખુશી થતો ન હોય! એક વાર એણે લખ્યું હતું કે—'જે અટકતું અટકતું પડે ત્હેને ધક્કો મારવો જોઇએ!'...સંભવ છે કે અતિ પ્રવૃત્તિની આ પ્રતિક્રિયા (reaction) હોય. સભવ છે કે પા સદીનો થાક ઉતારતો હોય. બિચારો એકલા હાથે ચારચાર રણક્ષેત્રોમાં—વગર સેનાએ અને વગર દારૂગોળાએ—લડતાં કેટલો બધો થાકી ગયો હશે! અત્યારે જો તે સાજોતાજો અને પહેલાં જેવો ક્રાન્તિવાદી હોત તો—

હું:—એ ત્હમારી મિથ્યા કલ્પનાઓ છે. ત્હમે લોકો ઉંડું

વિચારી શકતા નથી. એક મનુષ્યને એક વખત જોવા કે વાંચવાથી ત્હેનું જે ચિત્ર ત્હમારા મગજમાં પડયું તે ચિત્ર મુજબનો જ તે પૂર્વે હતો, આજે છે અને હવે પછી રહેશે એવુ ત્હમારૂં માનવું છે,—જ્ય્હારે હકીકતમાં જેના ચિત્રને ત્હમે વળગી રહ્યા છો તે મનુષ્ય તો વખતોવખત—અંદરથી તેમજ બહારથી—બદલાતો જ રહ્યો હોય છે મહાયુદ્ધ વખતનાં છાપાંઓ પરથી ત્હમારા મગજમાં પ્રૅસિડન્ટ **વિલ્સન**નુ એક ચિત્ર બની ગયુ હતું, પણ ત્હમે **વિલ્સન**નાં વિવિધ ચિત્રો કલ્પી શકતા નથી હું ત્હમને કહું છું. એક **વિલ્સન** ખંતીલો વિદ્યાર્થી હતોઃ ત્હમારે નિર્દોષ રમતગમતનો ભાગીઓ જોઇતો હોય તો તે **વિલ્સન**ની પાસે—તે કાળે—જવું-જોઇતું હતુ. એક **વિલ્સન** આતુર આશક હતોઃ જો ત્હમને યુવાનીની ઉષ્ણતા જોઇતી હોય તો તે કાળના **વિલ્સન**નો સંગ કરવો જોઇતો હતો. એક **વિલ્સન** સહૃદયી શિક્ષક હતોઃ ઇતિહાસ કે શિક્ષણ-કળા શિખવાની ત્હમને જિજ્ઞાસા હોય તો તે તો તેજ વખતનો **વિલ્સન** પૂરી શકે એક **વિલ્સન** **અમેરિકા**નો પ્રૅસિડન્ટ હતોઃ ત્હમારે રાજકાર્યના કાયડા છોડતાં શિખવુ હોય કે બ્યાપારી હક્ક કે એવું કાંઈ જોઇતું હોય તો તે વખતના જ **વિલ્સન**ના અરજ-દાર થવું જોઇતું હતુ એક **વિલ્સન** સઘળી રાજ્યસત્તાઓનો સરપંચ હતોઃ ઇંગ્લંડે તે જ **વિલ્સન**ને આમંત્રીને અપૂર્વ સત્કાર કર્યો હતો ! એક **વિલ્સન** ગામડાના કૉટેજમાં પડયો-પડયો ઉક્ત સર્વ **વિલ્સન**ોની પ્રવૃત્તિઓને 'વાગોળતો'* નિર્દોષ ગાયની જ્યેમ સમય ગુજારતો હતો. ત્હમારે ' કાર્ય ' નહિ પણ ' અનુભવ ' જોઇતો હોય તો તે 'દુઝણી ગાય' પાસે જવુ જોઇતુ હતુ **આજે** બધા **વિલ્સન** મરી ગયા છે,—સિવાય કે **નામ** **વિલ્સન** : મ્હત્તાનું સ્વપ્ન ત્હમને જોઇતુ હોય તો

* વાગોળતો—Ruminating, maditating, re-creating.

**ત્હેનો** ખપ કરો....ત્હમારા વિચારકની બાબતમાં પણ એમ જ સ્હમજી લેવું. ત્હમે ત્હેની પાસેથી સ્થૂલ સેવા–પ્રવૃત્તિમય સેવા–લેવા માંગતા હો તો થોભવું જોઇશે,–તે મરીને યુવાન કાયા સહિત પાછો આવે ત્હાં સુધી! અને હું ત્હમને અહીં એટલી ખાત્રી આપી શકું કે તે વખતે તે રોક્યો પણ નહિ રોકાય એટલી પ્રવૃત્તિ કરશે ત્હમને 'અનુભવ' અને માર્ગદર્શનની જરૂર હોય તો આજની તે 'વાગોળતી ગાય' જ કામ લાગશે,–પણ તે ત્હમારી નહિ પણ ત્હેની સગવડે. કોઇ ગાય ત્હમારી સગવડે દૂધ નહિ જ દે. અને જો ત્હમને માત્ર 'પ્રેરણા' જોઇતી હોય તો એને મરવા દો· માત્ર મરેલાનું જ નામ પ્રેરણા આપી શકે છે! ત્હમને શું જોઈએ છે ને શું નથી જોઇતું તે ત્હમારે જ નક્કી કરવું રહ્યું અને ખચ્ચીતપણે જે જોઇતુ હોય ત્હેની જ પ્રાપ્તિનો ઉદ્યમ કરવો જોઇએઃ બાકી ત્હમારો તે વિચારક શું ધારતો હશે ને શું નહિ ધારતો હોય ત્હેની કલ્પનાઓ કંઇ જ કામ નહિ લાગે. એમ પણ કા ન હોય કે જીર્ણ મદિરને થીગડાં મારવામા થોડીસી બચત શક્તિ ખર્ચી નાખવી એની·આજની પ્રકૃતિને પાલવતી ન હોય અને તે જ વખતે 'નૂતન મદિર'–Neo–Jainism—ઘડવાની સામગ્રી 'દેવો' એના પગ આગળ લાવીને ન મૂકે ત્હાં સુધી મૌન સાધી પોતાના હૃદયાકાશમા જ નૂતન મદિર કે નૂતન સ્વર્ગ રચી એમાં જ પડયા રહેવાનુ પસંદ કરતો હોય વિશ્વામિત્રે એક વખત વિદ્યમાન્ દેવલોકોથી કટાળીને નવુ જ સ્વર્ગ ઘડયું હતું અને ત્હા જ વાસ કર્યો હતો!

**મિ. પાતક.**—પણ અમને તો હમણાં આ પૃથ્વીપરના સ્વર્ગની જ જરૂર છે,–આકાશી સ્વર્ગ માટે વિચાર કરવા જેટલી નિરાંત જ ક્યહા રહી છે? આ ભૂમિને સ્વર્ગ બનાવ્યા પછી બીજા સ્વર્ગનો વિચાર અમારૂ તે વખતનું વિસ્તૃત ભાન પોતે

જ કરી લેશે હમણાં તો અમને અમારા સમાજરિપુઓને દબાવી દેવામાં મદદગાર જોઇએ છે.

હું:—એ જ રોગ છે. **બહારની** મદદ જોઇએ છે, **અંદરની** મદદની હજી દરકાર નથી **પોતાની** અંદર પોતાનું દેવલોક ઘડવાની વાત ત્હમને હજી ય 'કલ્પના'તુલ્ય લાગે છે,–ઉપદેશકનો અલંકાર માત્ર લાગે છે, એ જ મ્હોટો રોગ છે. અને રોગી વળી ઇચ્છે છે કે ડાક્ટર ત્હેને ઘેર ચાહીચાલીને જાય અને **મફત** ઉપચાર કરે ! એટલે કે 'જીવતા' મનુષ્ય કરતાં 'મુડદું' વધારે કાળજી કરવા જોગ ! ત્હમને કોઈએ 'દયા'ની ખોટી વ્યાખ્યા શિખવી જણાય છે જે પોતાને મદદ કરવા તૈયાર થયો નથી ત્હેને ખુદ દેવોનો દેવ પણ મદદ ન પહોચાડી શકે. ત્હમે ત્હમારા દેશનો પ્રાચીન ઇતિહાસ–**મહા-**ભારત ગ્રંથ વાંચ્યો છે ? એમાં એક એવી ઐતિહાસિક ઘટનાનો ઉલ્લેખ છે કે જે ત્હમને કામ લાગે **પાંડવો**ના ગુપ્ત નિવાસનો એ સમય હતો **ભીમ** જે શહેરમાં છૂપાયો હતો તે શહેરની બહાર **બકાસુર** નામનો એક રાક્ષસ જાતિનો મનુષ્ય રહેતો હતો **હિંદ**ના એ પ્રદેશમાં એ કાળે જગાએ જગાએ એ મનુષ્યભક્ષી રાક્ષસ જાતિનો એકાદ માણસ ઠાણું નાખીને પડયો રહેતો હતો. આ રાક્ષસોથી ત્રાસીને દરેક રજવાડાએ એમને એવો 'લાગો' બાંધી આપ્યો હતો કે દરેક ઘેરથી વારાફરતી ત્હેમને દરરોજ એક ગાડું અન્ન, બે ભેંસ અને એક મનુષ્ય ભોજન માટે મળ્યાં કરે એ સર્વ ભોજનની ઓછામા ઓછી કિંમત ગણતાં મહીને રૂ ૨૦,૦૦૦ નો પગાર દરેક રાક્ષસને આપવો પડતો ! ઉપરાંત રાજાનો ટૅક્ષ જૂદો ! બિચારી પ્રજા **રક્ષણ** અને **વિકાસ**ના બદલા તરીકે ટૅક્ષ ભરે તે તો ઠીક, પણ અહી તો બદલામાં રક્ષણ પણ ન મળતુ અને તે છતાં ટૅક્ષ અને મુજરો બન્ને ભરતાં ય રાક્ષસનો લાગો તો ઉભો જ

રહેતો ! તે લાગો ન ભરાય તો કુટુંબનાં તમામ માણસોને તે મારી ખાતો, તેથી વેચાતું માણસ ન મળે તો ઘરમાંથી એક માણસ અને તે સાથે બે ભેંસો અને ગાડું અનાજ રાક્ષસના ઘેર પહોંચાડવાની કાળજી કરવી જ પડતી. લોકો **ત્રાસી** ગયા હતા. વર્ષો સુધી મુંગે મ્હોડે ત્રાસ **સહી** રહ્યા હતા તેઓ કહેતાઃ “ પણ કરવું શું ? આપણાથી શું બને ? કોઈ દેવ આવીને બચાવે, અગર એક રાક્ષસ સ્હામે બીજો રાક્ષસ કામે લગાડવામાં આવે તો જ બચાય !” જોયું **હિંદી** માનસ ? મિ. **પાતક** ! એને ‘ દેવ ’ અને ‘ રાક્ષસ ’ની મદદ વગર ચાલતું જ નથી. ત્હેમાં ‘ દેવ ’ કોઇ ત્હેમની મદદે આવ્યા નહિ,—જો કે તે વખતે તો તે બહુ દૂર નહોતા રહેતાઃ માત્ર ટિબેટમાં જ રહેતા. અને રાક્ષસની મદદ ખરીદવાના પરિણામનો તો એમને અનુભવ થયો હતો આખરે **માણસ** જ કામ લાગી શક્યો. એ શહેરના એક **બ્રાહ્મણ**ના ઘરમાં નોકર તરીકે ગુપ્ત રહેલા **ભીમે બક**ાસુરને જમીન પર પટકી ખોખરો કરી માણસાઇ શિખવી અને પછી જીવતો છોડયો. પછી તેણે ગામલોકોને કહ્યુંઃ “ ત્હમારા જેવા જ એક મનુષ્યથી અને એકલા હાથે આ રાક્ષસ મટકાયો છે તે ત્હમે પ્રત્યક્ષ જોઇ ચૂક્યા છો. ૪૦,૦૦૦ મનુષ્યોને તે એકલો વર્ષો સુધી ભયભીત કરી શક્યો હોય તો તે ત્હમારા ડરપોકપણાને આભારી છે. હું **એનો વધ નહિ કરૂં તેમ ત્હેને હાંકી પણ નહિ કહાડું, કારણ કે એમ કરવાથી ત્હમને પોતાનું બળ વધારવાની તાલીમની ગરજ નહિ થાય.** ૪૦,૦૦૦ પ્રજાજનોમાં કમમાં કમ ૫૦૦૦ યુવાનો તો હશે જ અને મહીને ત્હમે જે ૨૦૦૦૦ રૂપિયા આ રાક્ષસને ખોરાક તરીકે આપતા હતા તે જ રકમ જો આ ૫૦૦૦ યુવાનોને તાલીમ આપવામાં અને દૂધ પાવામાં ખર્ચો તો પાંચ વર્ષ બાદ તે જ યુવાનો આવા

કમમાં કમ ૧૦૦૦ રાક્ષસોને હાંકી કહાડવા સમર્થ બને અને ફક્ત ત્હમારા શહેરને જ નહિ પણ આખા પ્રદેશને સહીસલામત બનાવવાનો ત્હમને યશ મળે દેવોના નામની માળા ફેરવવાથી કે રાક્ષસોના નામની પોક્કો મૂકવાથી કાંઇ ત્હમારો દહાડો વળવાનો નથી."...**ભીમ** તે લોકોનો 'શિરદાર' બનવા રહ્યો નહિં તેમ તાલીમની વ્યવસ્થા કરી આપવાય રોકાયો નહિ,—ફક્ત 'જીવતી શ્રદ્ધા'—'ધર્મ'—પ્રેરી ચાલતો થયો. ત્હેનું કામ રાક્ષસની પ્રતિષ્ઠા તોડવા પૂરતું અને પ્રજાજનોમાં નિડરતા તથા સંઘશક્તિ જગાડવા પૂરતું હતું. અને **ખરી** મદદ પણ એનું જ નામ કહેવાય જે બીજાને હમેશ મદદ કરતો રહે છે અગર બીન-જોખમભરી સ્થિતિ ઉપજાવી આપે છે અર્થાત્ 'કાંટા વગરની હરીઆળી જમીન' બનાવી આપે છે, તે તો ઉલટું ત્હેનું અહિત કરે છે ..વારૂ, મ્હને કહો કે જેમ આ મહાભારતમાંના શહેર-ના લોકો મહીને વીસ હજારની રકમ—ઇચ્છાથી કે વગર ઇચ્છાથી—કહાડતા તેમ ત્હમારા સમાજમાં પણ—ઇચ્છાથી કે વગર ઇચ્છાથી—'ધર્માદા' તો થતા જ હશેને?

**મિ. પાતકઃ**—થાય છે, અને તે બે પ્રકારે એક એવી જાતનો ધર્માદો કે જે શ્રીમંતોની સત્તા જમાવવા માટે હોય છે, અને બીજો એવી જાતનો કે જે સ્વતંત્રતાનો પગપેસારો કરવા માટે હોય છે. પહેલા પ્રકારના ધર્માદાનો ખરડો સત્તાધારી શ્રીમંતોથી શરૂ થાય છે અને પછી ત્હેમા પુરાણપ્રેમી (ortho-dox) મધ્યમ સ્થિતિના લોકોને ખેંચવામાં આવે છે. બીજા પ્રકારની સખાવતનો ઝંડો ઘણેભાગે કેળવાયલી કોઇ વ્યક્તિ ઉપાડે છે અને એમાં પણ,—મને કે કમને—પુરાણપ્રેમી મધ્યમ સ્થિતિના લોકો જ નાણાં ભરે છેઃ સત્તાધારીઓ ક્વચિત્ જ ભરે છે અને ભણેલાઓ તો અપવાદ તરીકે જ. એથી ત્રણ વાતો સ્પષ્ટ દેખાય છેઃ (૧) શ્રીમંતો પ્રાયઃ સત્તાના સ્વાર્થે ખાતર જ આપે છે,

(૨) મધ્યમ સ્થિતિના પુરાણપ્રેમી મનુષ્યો સરળ હોઇ પહેલા કામમાં ભક્તિની વાતોથી પ્રેરાઇને ભરે છે અને બીજા કામમાં, તે એમને ગમતું ન હોવા છતા કોમી અભિમાનથી પ્રેરાઇને કે લાગવગથી દબાઇને ભરે છે, અને (૩) કેળવાયલો વર્ગ અપવાદ તરીકે જ અને પ્રાયઃ કેળવણીના કામ પાછળ જ ભરે છે, બાકી મ્હોટે ભાગે તે વર્ગ ભાષણ કે લખાણ કરીને જ દૂર રહે છે અને ઇચ્છે છે કે કેળવણીના કામની જોખમદારી બીનકેળવાયલો વર્ગ જ અદા કરે આ વસ્તુસ્થિતિનુ વધુ અપ્રિય અંગ એ છે કે, ફંડો કે ફંડોથી ચાલતી સંસ્થામાં જ્યહાં એકાદ વકીલ ઘૂસ્યો ત્યહાં ત્હેને માટે કે ત્હેના કોઇ શ્રીમંત 'અસીલ' માટે એકહથ્થુ સત્તા મેળવવા ખાતર કાયદાના નામથી જે ગંદી બાજી ખેલાય છે તેથી ફંડ કે સંસ્થાનુ સત્યાનાશ જવા ઉપરાંત સમાજમાં ભારે કલેશ ઉત્પન્ન થાય છે. એક શ્રીમંત વકીલે પોતાની અભણ જ્ઞાતિ માટે હજારેક રૂપિયા પદરના ભરી જાહેર ફંડ ખોલ્યું અને બીજાઓ પાસેથી હજારો રૂપિયા એકઠા કર્યા. એ ચાર વર્ષ બાદ એનો હિસાબ કે ઉપયોગ કાંઇ ન મળે! વિદ્યાર્થીઓ અરજીઓ કરે તે ગટરમાં જાય. અને કોઇએ પ્રશ્ન કર્યો તો ઝગડા જાગ્યા! વર્ષોના વર્ષો થયાં એ ગંજાવર ફંડ વકીલ શેઠીઆના કબજામાં સૂતુ પડયું છે. આ તો દાતાઓની હયાતી દર્મ્યાન થતી સખાવતોની સામાન્ય સ્થિતિ કહી, પણ ઘણેભાગે સખાવતો મરણપથારીએથી—યમદૂતને લાંચ તરીકે—થતી હોય છે અને યમદૂતના મ્હોંનો કોળીઓ પડાવનારા પણ કાંઇ ઓછા પડયા નથી.

હું:—અને જે લોકોને માટે એ સખાવતો હતી, જેઓ ત્હેના ખરા હક્કદાર છે, તેઓ તો બધા ચૂપચાપ જોયા જ કરે છે એમ ને? બરાબર છે. વ્યક્તિત્વ વગરના લોકોમાં અને

'મ્હારે શું ?' એવું કહેનારા લોકોમાં એમ જ બનવું જોઇએ. મ્હને એક લોકપ્રિય દંતકથા હમણાં યાદ આવે છે. એક મહત્વાકાંક્ષી મનુષ્યને 'રાજાના બનેવી' બનવાનો દોહદ થયો. તેણે તે માટે એક સ્હેલો માર્ગ પણ શોધી કહાડયો. સંકુચિત સ્વાર્થ અને ગુલામી માનસનો વારસો મેળવવા ભાગ્યશાળી થયેલા લોકોનું એક શહેર શોધી ત્હેની બહાર પોતાનો ભભકાદાર તંબુ ઠોક્યો અને શહેરમાં પ્રવેશ કરતા દરેક મનુષ્ય પાસેથી દાણ–'Duty'–માંગવા લાગ્યો અલબત તે રૂઆબથી માંગતો હોઇ ધણાખરાઓ તો ચૂપચાપ દાણ ચૂકવી આપતા. કવચિત્ કોઇ પૂછવાની નફટાઇ કરતો કે દાણ કોના તરફથી ઉઘરાવવામાં આવતું હતુ, તો ત્હેને બેવડી નફ્ટાઇથી જવાબ મળતો: 'રાણીના સાળા' તરફથી ! અને રાજા કે રાણીનુ નામ જ ત્હેના ગુલામી માનસને વધુ પ્રશ્ન કરતાં અટકાવવા બસ થતું કોઇને એવો તો પ્રશ્ન પણ થવા ન પામ્યો કે '**પુરૂષને** સાળો હોઇ શકે પણ **સ્ત્રીને** સાળો કેવો ?' અને કવચિત્ કોઇને થયો હશે તો તેણે એ પ્રશ્નને એવા વિચારથી દાબી દીધો હશે. કે "**મ્હારે** શુ ? કોઇને નથી પડી તો મ્હને શું પડી છે ?" એમ કરતાં દિવસો, મહીનાઓ અને વર્ષો વીત્યા અને તે દર્મ્યાન એ 'મ્હારે શું ?' નામની પ્રજાના લાખ્ખો રૂપિયા 'રાણીના સાળા'ના ખિસ્સામાં પડી કૂદાકૂદ કરવા લાગ્યા ! એમાથી બેચાર લાખ રૂપિયા પડોશી રાજાના મહેલમાં કૂદી પડયા–કારણકે તેણે આ સેનારહિત 'રાણીના સાળા'ને પોતાનું લશ્કર ધીર્યું હતું ! અને એ જ લશ્કર વડે 'રાણીના સાળા'એ 'રાજા'ને મ્હાત કરી, ભયભીત બનાવી, ત્હેની બ્હેનનો હાથ મેળવ્યો હતો !...જે થોડાઓને 'રાણીનો સાળો હોઇ જ કેમ શકે ?' એવો પ્રશ્ન થવા પામ્યો હતો તેઓ જો 'આપણે શું' એવા વિચારથી પેલા પ્રશ્નને દાબી દેવાને બદલે પ્રશ્નપરંપરામાં

આગળ વધ્યા હોત તો અવશ્ય જોઇ શક્યા હોત કે ' રાણીનો સાળો ' એક ભૂત માત્ર હતું,—એવું ભૂત કે જે ત્હેને માનો તો જ સતાવી શકે છે અને ન માનો તો અસ્તિત્વ જ ધરાવતું નથી ! પેલા છક્કડબાજ પાસે નહોતું કાંઇ લશ્કર, નહોતુ શસ્ત્ર-બળ કે નહોતું અસાધારણ અંગબળ પણ,—હતું માત્ર **બાહ્ય દમામ**નું બળ. એ દમામ પોલો હતો—બોળો હતો અને જો એને સાચી ચીજ તરીકે માનવાની ના કહેવા જેટલી જ —ફક્ત એટલા સંકલ્પ જેટલી જ—તાકાદ તેઓ ધરાવતા હોત તો દાણ કાંઇ એમની પાસેથી જબરાઇથી તો લઇ શકાવાનું નહોતુ. અને પાંચ—દશ માણસોને દાણ ભરવાની 'ના' કહેતા જોઇને બીજા બધાઓ પણ હિમતવાન બન્યા હોત. પણ ' આપણે શું ? 'એ જ ધર માર્યું છે ! ' બે ચાર આના ભરી દેવાથી ક્યહાં આપણે મરી જવાના છીએ ? ' એવા માનસવાળી પ્રજા જ ' રાણીના સાળા ' ને રાજાનો બનેવી—બીજા અર્થમાં, પ્રજાનો જ બનેવી—બનાવી મૂકે છે લક્ષ દેવા જેવી વાત તો એ છે કે બનેવી થવાની મહત્વાકાંક્ષાવાળાઓ, નિયમ તરીકે જ, સાળા બનીને શરૂઆત કરે છે ! ' સેવક ' બનવાથી જ સેવ્યપદ સ્હેલું થાય છે !...પણ ત્હમારા યુવાન મડળે તો ' સેવ્ય ' તેમજ 'સેવક' બન્ને ઢોંગોને બદલે ભાગીદાર તરીકેના હક્કથી જ આગળ આવવું જોઇએ અને સઘળા દાણ ઉઘરાવનારનાં ખીસ્સાં—અલબત્ત સરકારના સહકારથી જ—તપાસવાં જોઇશે અને એમ કરવા માટે બેચાર ફર્યાદો કરવામાં પાંચ—દશ હજારનો વ્યય પણ કરવા પોતપોતામાંથી જ જોગવાઇ કરવી જોઇશે. એ થોડા અંગત ખર્ચથી અને બેચાર કેસ જેટલી જ અંગત મહેનતથી લાખોની રકમો બચી જવા પામશે અને એમાંથી સુધાર કાર્ય તેમજ શિક્ષણ પ્રચાર કાર્ય બન્ને મ્હોટા પાયાપર

થઇ શકશે. મિશન પવિત્ર છે અને પવિત્ર હાથથી જ ત્હેનો સ્પર્શ થવો જોઇએ. જો કોઇને પણ 'રાણીનો સાળો' કે 'રાજાનો બનેવી' બનવાની લાલસા હોય તો એણે આ યજ્ઞકુંડથી સહીસલામત છેટે રહેવું. યજ્ઞકુંડ અભડાવનાર કોઇ 'રાક્ષસ' ઘૂસવા ન પામે એ તમામ યુવાનોની મ્હોટામાં મ્હોટી કાળજી હોવી જોઇએ,–નહિ તો બિચારી સમાજ 'ઉલ'માંથી 'ચૂલ'માં પડશે. ત્હમને લાગે છે, મિ. **પાતક**, કે ત્હમારી આ નવયુવક ટોળીને કોઈ સાધુ કે શ્રીમંત કે દલાલ પોતાનું છૂપું હથીઆર બનાવી લેવાની તજવીજમાં નહિ જ ફાવે?

**મિ. પાતકઃ**–એ તો એ ટોળીના શિરદારના બુદ્ધિબળ પર આધાર રાખે છે.

**હું**:–બુદ્ધિબળ નહિ પણ હૃદયબળ પર. હૃદયમાંની ધાર્મિક શ્રદ્ધાની માત્રા (degree) પર; અને શિરદારના જ નહિ પણ તમામ સભ્યોના હૃદયબળપર તેઓ જે ધર્મના નામે બહાર પડયા છે તે ધર્મની સચ્ચાઇ પર પૂર્ણ શ્રદ્ધા ન હોય તો હૃદય-બળ મજબુત હોઈ શકેજ નહિ અને હૃદયબળ ન હોય તે માણસ કાં તો સ્વાર્થના ખેલમા સપડાઈ જાય અગર તો પ્રમાદવસાત્ ઠગાઇ જાય. સ્વાર્થ યા તો પ્રમાદ એ બેમાંની એકાદ નિર્બળતા તો બુદ્ધિક્ષેત્રમાં અવશ્ય ઘૂસવાની જ, પણ બેમાંની એકકે નિર્બળતા હૃદયબળના કીલ્લામાં ઘુસી શકતી જ નથી. અને આ હૃદયબળની મુખ્ય શરત એકેએક સભ્યે અદા કરવાની હોય એમ કહેવાનું કારણ એ છે કે, એક પણ સભ્ય આ બાબતમાં નબળો હોય તો આખી યોજનાનો નાશ કરનાર થઇ પડે સભ્યોમાં બુદ્ધિતત્ત્વ ઓછું હોય તો પણ ચાલે,–માત્ર શિરદારમાં ત્હેની માત્રા પૂરતી હોવી જોઇએ.

**મિ. પાતકઃ**—આપે બુદ્ધિબળ અને હૃદયબળની કિમ્મતો

ઠીક આંકી બતાવી. અમારામાં એક '**જૈન ઍસોસિએશન ઑફ ઇંડિયા**' નામની સંસ્થા છે, જે પોતાને સમસ્ત હિંદના અને તમામ ફીરકાઓના કાયદેસરના પ્રતિનિધિ તરીકે સરકારને, જાહેર પ્રજાને અને **જૈન** પ્રજાને અરજ, ભલામણ કે દબાણ કરવાનો હક્ક ધરાવનાર તરીકે જાહેર કરે છે. આ સભાના નિયંતાઓ બુદ્ધિબળની બાબતમાં સૌથી ચ્હડે એવા છે એમ સ્વીકારવું જ પડશે. પણ હૃદયબળની બાબતમા સાતડે સાત ! પ્રથમ તો **જૈન** સમાજે એમને આવી સત્તા આપી નથી,—રે તેમણે એવી સત્તા માંગીય નહોતી બીજું, એમાં ફક્ત **શ્વેતામ્બર મૂર્તિપૂજક જૈન** ફીરકા સિવાય બીજા કોઇ ફીરકાના અનુયાયીને દાખલ જ ન કરવો એવો ચોક્કસ નિયમ છે તેથી બીજા ત્રણે **જૈન** ફીરકાઓની **વતી** તો શુ પણ ત્હેમના **સંબંધમાં** પણ વાત કરવાનો ત્હેમને હક્ક ન હોઈ શકે ખુદ **શ્વે. મૂ. જૈન** ફીરકાના પણ પ્રાયઃ એકાદ શહેરના જ—અને તે પણ વિરૂદ્ધ મત ન રજુ કરે તેવા—સભ્યોથી જ સંસ્થા બનેલી છે સૌ કોઈ જાણે છે કે હિંદના સમસ્ત **જૈનો**ના નામથી બોલવા–માંગવા–દેવાનો કોઇને કાંઈ પણ હક્ક—લૂલો લંગડો પણ હક્ક—હોય તો તે ચારે ફીરકાની કૉન્ફરન્સોને જ માત્ર. સૌ કોઇ જાણે છે કે, '**ઍસોસિએશન**' તો માત્ર અમુક મુઠ્ઠીભર મુડીવાદીઓનું યંત્ર છે. ત્હેના સભ્યોમાં જો હૃદયબળ જેવી ચીજ હોત તો સઘળા ફીરકાઓ વર્ષો થયાં જે માગણી કરતા રહ્યા છે તે સ્વીકારીને સર્વને માટે પોતાનાં દ્વાર ખુલ્લાં કરત, ચારે ફીરકાઓ વચ્ચેના અને જૈન–અજૈન વચ્ચેના ઝગડાઓમાં લવાદનુ કામ બજાવત અને ચારે ફીરકાઓમાં સમાજસુધારણા તથા શિક્ષણપ્રચારનો ઝુંડો જોરશોરથી ફરકાવત એનામાં જો હૃદયબળ હોત તો યુવાનોને સ્વતંત્ર કામ કરવા બહાર પડવાની જરૂરે શી પડત ? એમનામાં જ જો

હૃદય હોત તો જૈનસમાજમાં 'રાણીના સાળા'ઓ ઘૂસી જ કેમ શક્યા હોત? હૃદયથી તેઓ વાત કરી જ શકતા હોત તો સાધુઓના ભવાડા થવા જ કેમ પામત? બધો રોગ, આપે હમણાં નાડીપરીક્ષા કરી તેમ, બુદ્ધિમા નહિ પણ હૃદયમાં છે અને યુવાનો જો આ નાડીચિકિત્સાથી મળતો અનુભવ સદા દૃષ્ટિ સમક્ષ રાખે તો જ મુડીવાદી કે બુદ્ધિવાદીની જાળમાં ફસાઈ પડતા બચી શકે.

હું.—ત્હમે 'ઍસોસિએશન'ની બાબતમાં કહ્યું કે તે સમસ્ત જૈનસંઘોના પ્રતિનિધિ તરીકે સરકારને અરજ કે ભલામણ—પોતાની મરજી મુજબની—કરે છે, તો જ્યહારે એવી અરજ કે ભલામણ બીજા ફીરકાઓના લાભ કે અભિપ્રાયને પ્રતિકૂળ હોય ત્યહારે તે બીજાઓ સરકારને પોતા તરફની અરજ કે ભલામણ લખવા અને 'ઍસોસીએશન'ના ખરા સ્વરૂપની માહેતી આપવા બહાર નહિ પડતા હોય?

**મિ. પાતકઃ**—એમ બહાર પડવાની સત્તા તે તે ફીરકાઓની કૉન્ફરન્સોને જ હોઈ શકે, અને દરેક કૉન્ફરન્સ ઑફિસનુ સુકાન મુડીવાદીના હાથમાં હોય, તથા, મુડીવાદી–મુડીવાદીના પરસ્પરના સંબધ હોય અને છૂટી વ્યક્તિઓ સરકારને લખે તે, મ્હોટા નામવાળા મડળ તરફથી ગયેલા પત્ર પછી, ભાગ્યે જ વજનદાર થઇ પડે વળી જ્યહાં સરકારને અનુકૂળ હોય એવી જ કોઈ વાત ત્હેને લખવાની હોય ત્યહા સરકાર 'સંસ્થા'ને માન આપશે કે વ્યક્તિને? સાથે સાથે કહી લેવા દો કે, દેશાભિમાન જેવી ચીજ અમારે હજી હવે શિંખવાની છે.

હું.—તે હું પૂછવા નહોતો ઇચ્છતો જ્યહાં વ્યક્તિત્વ ન ખીલ્યુ હોય ત્યહાં દેશાભિમાન ન જ હોઇ શકે દેશાભિમાન એ વ્યક્તિત્વ નામક છોડનુ પુષ્પ છે,—જેમકે સમષ્ઠિ અભિમાન

એ તત્ત્વજ્ઞાન નામક છોડનું પુષ્પ છે. હવે આ વાતને એટલે જ છોડો. આ બધી વસ્તુસ્થિતિ અમુક માનસ (mentality)-માંથી ઉત્પન્ન થવી જ જોઈતી હતી અને થઇ છે. પણ હવે હું એ 'માનસ'નું કારણ જાણવા માંગું છું: ઉત્પત્તિનું ક્ષેત્ર અને બીજ કેવું છે, લગ્નસંસ્થા અને પ્રજોત્પત્તિ સંબંધી વ્યવસ્થા કેવી છે તે જાણવા માંગું છું.

**મિ, પાતક:**—ચાહે શ્રીમત હો વા ગરીબ હો, સાધુ હો વા શ્રાવક હો, ગ્રૅજ્યુએટ હો વા અપઢ હો—સર્વની બાબતમાં એક વાત સામાન્ય છે: સર્વની ઉત્પત્તિ (જન્મ), સ્થિતિ (જીવતર) અને ક્ષય (મૃત્યુ)માં કોઈ જાતનો **ધ્યેય** (aim) નથી હોતો અને કોઇ જાતની **'યોજના'** નથી હોતી. વગર **સંકલ્પે** જન્મ અપાય છે, વગર **ધ્યેયે** જેમતેમ જીવતર ખેંચી કઢાય છે, અને ધ્યેય પાછળ મરી ખુટવાને બદલે બીમારી કે અકસ્માત-થી કે સડીસડીને મરણ**વશ** થવાય છે. જીંદગીના ત્રણે મુખ્ય તબક્કામાં અમે કાંઇ 'કરતા' નથી,—અમારા પર કાંઇ **કર-વામાં** આવે છે. અમે **જીવતા** (અસ્તિત્વના અશ્વપર સવાર થતા) નથી, પણ અમારે **જીવવું પડે** છે (જીવનનું ગાડું અમારી ગરદન પણ લાધવામાં આવ્યું છે તે વગર ઇચ્છાએ પણ ખેંચવું પડે છે). અમે **મરતા** (મ્હોતને ભેટતા) નથી, પણ મરણને **શરણ** થઇએ છીએ. અમે **પરણતા** નથી (અનુકુળ ભાગીદારને શોધી કહાડી સ્વેચ્છાથી એક–બીજાની પાછળ ફરતા નથી), પણ અમને **પરણાવવામાં** આવે છે (સ્ત્રી–પુરૂષનાં માથાં ભટકાવવામાં આવે છે.) સારી પેઠે સગ્રહેલી શક્તિ ઉભરાઇ જવાને પરિણામે થતી **સૃજનક્રિયા** કાંઇ અમે **કરતા** નથી, પણ રૂપ, વાણી, વસ્ત્ર, એકાંત કે હક્ક: આમાંના એકાદ બાહ્ય પદાર્થની પ્રેરણાથી અમે કામની **સેવા** (=કામસેવન) કરીએ

છીએ- અર્થાત્ જન્મ, જીવન, પરણ અને મરણ: ચારે બાબતમાં અમે **કર્ત્તા** (subject) નથી, **કર્મ** (object) છીએ; 'મનુષ્ય' નથી,-'જાનવર' છીએ; ચેતન નથી,-જડ છીએ Like material objects we are acted upon,—pulled, pushed, pressed or blown! અને તેથી જ અમારો બધો વ્યવહાર જડવાદનો વ્યવહાર છે. અમારી લગ્નસંસ્થા જડવાદની સાક્ષાત્ મૂર્તિ છે, અમારી વ્યાપારસંસ્થા જડવાદના પાયા પરની પોલી પણ સુંદર ઇમારત છે, અમારી મિત્રતા—અમારી શત્રુતા—અમારી શેઠાઈ—અમારી નોકરી સર્વ જડવાદનાં સંતાનરૂપ છે, નહિ કે 'ઉચ્ચ શોખ'ના—'ખાનદાની'ના—દિલની મોજના—ઉંચા આશયના સંતાનરૂપ.

ધર્મને નામે અમને ધર્મગુરૂઓએ શિખવ્યું છે કે સ્ત્રી એ 'નરકની ખાણ' છે અને જીંદગી એ પાપનું ઘર છે અર્થાત્ પાપમાંથી અમારી ઉત્પત્તિ અને પાપમાં જ નિરંતર નિવાસ: ત્હાં પછી પવિત્ર **જન્મ** કેવા, પવિત્ર **જીવન** કેવાં અને પવિત્ર **મરણ** કેવાં! અમે અમારા ધર્મગુરૂઓએ જેવા બનાવ્યા તેવા છીએ! જેણે જીવનને જ પાપ માન્યું તે જીવનને ઉંચો **આશય** અને **યોજના** તો આપી શકે જ કેવી રીતે? અને ઉંચા આશય અને યોજના: એ બન્નેની ગેરહાજરીમાં જીવન-પ્રવાહ ઉંચે ચ્હડવાને બદલે નીચે જ—પાણીનો એ સ્વભાવ છે—પડે એમાં આશ્ચર્ય પણ શું? એ નીચે પડવું એ જ **પતન** અથવા **પાપ** છે, એ જ **નરક*** છે; અને તે પાપનું—તમામ જૈન કોમની દરેક વ્યક્તિના આખ્યાય જીવનના પાપનું—તથા નારકી જીવનનું—કારણ ધર્મગુરૂઓ છે, કે જેઓએ અમને જીવન એ જ પાપ છે એમ ઠસાવી જીવનને **આશય** તથા **યોજના**

* નરક, જ્યહાં સુખ નથી એવી સ્થિતિ, જ્યહાં વ્યવસ્થાને સ્થાને અંધાધુંધી છે-પ્રેરિત ગતિ માત્ર છે—એવી દશા.

આપતાં અટકાવ્યા છે,—અટકાવ્યા છે એટલું જ નહિ પણ ઉપરથી "ત્હમે અમુક અખાદ્ય ખાવાનું 'પાપ' કર્યું, અમુક બોલવાનું 'પાપ' કર્યું વગેરે વગેરે ઠપકાના પ્રહાર કરી અમારા જીગરને છેક જ મુડદાલ કરી નાખ્યું છે. ના તેઓ અમને ધર્મ રૂપી હથર આપી ઉંચે ચ્હડાવી શકયા, કે ના તેઓએ અમને અમારા હિસાબે ને જોખમે થઈ શકે તેવા જીવનપ્રયોગો-દ્વારા ક્રમશઃ ઉંચે ચ્હડવાને સ્વતંત્ર રહેવા દીધા. ખાન–પાન, પઠન–પાઠન, વક્તૃત્વ–શ્રવણ, આય–વ્યય, ક્રિયા–અક્રિયાઃ એવા તમામ અમારા વ્યવહાર પર કાનુનોની બેડીઓ નાખતા રહ્યાઃ કોઈ વખત ભલા નેમથી, કોઈ વખત બુરા નેમથી તો કોઇ વખત માત્ર દેખાદેખીથી કાયદાનો વિસ્તાર મનુષ્યના માનસને ગુલામ બનાવે છે એ તો ખુલ્લું સત્ય છે, અને ગુલામની પ્રકૃતિ sneaking છૂપી રીતે ગતિ કરનારી અર્થાત્ પ્રપંચી–તુચ્છ–કીટવત્ જ બને એ પણ સૌ સ્હમજી શકે એવી વાત છે. આનુ એક જ 'ફળ' હોયઃ **लज्जा-शंका-भय** એવા ત્રણ રાક્ષસોના હાથમાં સોંપાયલુ જીવન અર્થાત પરતંત્ર, પ્રતિક્ષણ તરફડાટવાળું, depressed જીવન. અને એવું અમારૂ જીવન કરી નાખીને પછી અમને 'જૈનો ફલાણી ધાડ કેમ નથી મારતા અને ફલાણુ પરાક્રમ કેમ નથી કરતા ?' એવાં મ્હેણાં સભળાવવામાં આવે છે. અમે અમારા સમાજમાં સ્વતંત્ર નથી, ઘરમાં સ્વતંત્ર નથી, ખુદ અંગત જીવનમા સ્વતંત્ર નથી,—અને અમે દેશ-સ્વાતંત્ર્યની 'આશા'ઓ કરીએ છીએ ! મ્હારે સમાજની મિટિંગ-મા કોઇ અંધાધુધી બાબતમાં બોલવું હશે તો હું પોતે ન બોલતાં બીજા કોઇને આગળ કરીને ત્હેની પાસે બોલાવીશ, કાંઇ લેખ લખવો હશે તો કલ્પિત નામથી લખીશ અને બહાદુરી બતાવવા મ્હારી સહીથી લખીશ તો કડવી વાત 'એવી અફવા છે કે' એવો અથવા એવો બીજો કોઇ પડદા ગોઠવ્યા પછી

જ લખીશ, કોઈ મિટિંગમાં કે કોઇ સાધુ પાસે જવાની રૂચિ નહિ હોય તો પણ કોઇ પૂછશે ત્હારે ખરૂં કહેવાની કે મૌન સેવવાની હિંમતમાં રહેલા જોખમને લીધે કહીશ કે હું જરૂર આવીશ અગર આવવાનો ચોક્કસ ઇરાદો રાખું છું :- આ બધી માયાજાળ વ્યક્તિગત સ્વતંત્રતા લૂટનારાં સામાજિક અને ધાર્મિક બંધારણોનું જ પરિણામ નહિ તો બીજું શું છે ? અમારા **શબ્દ** પર—**વચન** પર—**કરાર** પર—**કબુલાત** પર—**સોગંદ** પર વિશ્વાસ ન જ મુકી શકાય એમ અમે પોતે શબ્દ બોલતી વખતે જ જાણતા હોઇએં છીએ. અમારી મિત્રતા અર્થ વગરની ( without sense )—ક્વચિત્ દગાના આશયવાળી—છે. અમારી શત્રુતા પાયા વગરની, ક્વચિત્ પ્રેરિત, ક્વચિત્ કલ્પિત અને એકકે પક્ષનો સ્વાર્થ સાધી ન શકે એવા પ્રકારની છે. અમારી પ્રવૃત્તિ આશય વગરની, યોજના વગરની, પલટાતા સંજોગોને પહોંચી વળવા માટે કરવા જરૂરના પલટા વગરની, નિશ્ચય બળ (determination) વગરની અને સમય તથા શક્તિ આદિ સાધનોની કરકસર વગરની હોય છે અમારી એકાંત-એકાંતવગરની, શાન્તિવગરની, પ્રમત્ત દશાવાળી, આર્ત્ત–રૌદ્ર ધ્યાનની ધાધળ વાળી હોય છે.અમારો આરામ (re-creation) Creative power પાછી મેળવવાને બદલે છતી શક્તિનું છેલ્લું પરમાણુ ગુમાવનારો હોય છે. અમારૂં બોલવુ–લખવુ અમારા ઇરાદા પ્રગટ કરનારૂં નહિ પણ ઇરાદા છૂપાવનારૂ હોય છે. અમારૂં વાચન પ્રકાશ અને શક્તિ મેળવવા માટેનુ નહિ પણ કોઇ ક્ષણિક વૃત્તિને તૃપ્ત કરવા માટેનું કે અમારી ભાષાને ઓપ ચ્હડાવતાં શિખવા માટેનુ હોય છે. અમારી ભક્તિ પ્રાયઃ દંભરૂપ, ક્વચિત્ અંધશ્રદ્ધાપ્રેરિત, ક્વચિત્ કોઇ તાત્કાલિક અસરના ક્ષણિક રંગરૂપ, જરા પણ ઊંડાણ વગરની, વગર ઇરાદાએ પણ ભક્તિપાત્રને કલંકિત કરનારી અને અમને પોતાને સદા

નિર્બળ કરનારી હોય છે ભક્ત અને ભક્તિપાત્ર, પત્ની અને પતિ, નોકર અને શેઠ, પ્રજા અને શાસક, બે ભાગીદારો કે બે મિત્રો, પ્રમુખ અને સભ્યો, ઉપદેશક અને શ્રોતા, ગ્રાહક અને દુકાનદાર: આ પ્રત્યેક દ્વંદ્વના બન્ને પક્ષોના પરસ્પરના દરેક વ્યવહારના પાયામાં **શંકા** ડાકણનો વાસો હોય છે. કુટુમ્બીઓ પ્રત્યેનાં વર્ત્તન પણ **લજ્જા અને ભયથી** જ પ્રેરિત હોય છે. ફક્ત અમારા પોતા પર **દયા** કરવાનું અમે શિખ્યા નથી,—બાકી તમામ પર દયા કરવાનો અમે ઇજારો લીધો છે—એટલા ખાતર કે દુનિયા એક વખત અમને **દયાસાગર** અને **પરોપકારી** તરીકે ઓળખી લે તો પછી ગમે તેવું વર્ત્તન ચાલ્યું જાય! પેપરો જુઓ, ભાષણો જુઓ, સંસ્થાઓના જાહેર કરવામાં આવેલા આશયો જુઓ,—વાંચવામાં આવશે તે કરતાં જૂદો જ આશય વાસ્તવમાં હશે. લોકોએ 'બુરૂં' ઠરાવેલું કોઇ કામ કરવાનું હોય ત્યારે તેવું કામ ખુલ્લી રીતે કરવાજેટલી હિંમત તો દૂર રહી પણ લોકોએ 'બુરૂં' નહિ ઠરાવેલું કામ —પણ ખુલ્લી રીતે—કરવામાં ત્રણ ત્રણ બલાઓઃ લજ્જા, શંકા ભય : ની તાબેદારી ખરી જ!—એટલે સુધી કે પોતાને કોઇ ગુરૂના શિષ્ય, કોઇ સજ્જનના મિત્ર કે પ્રશંસક, કોઈ લેખક કે સમાજસેવક તરફ સહાનુભૂતિ ધરાવનાર તરીકે જાહેર કરતાં કે જાહેર થવા દેતાં ય ભય લાગે! તમારા મ્હોટામાં મ્હોટા માણસને 'મિસ્ટર' શબ્દથી બસ થાય, કે જે શબ્દ ન્હાનામાં ન્હાના માણસને પણ લગાડાતો હોય છે; પરન્તુ અમારા તો ન્હાનામાં ન્હાના માણસને ય રા. રા. (રાજ્યમાન્ય, રાજેશ્રી!) અને 'શ્રીયુત' 'મહાશય' પદ વગર ચેન ન પડે, જો કે—અમારા મ્હોટામાં મ્હોટા માણસનો આશય (goal) એક તસુથી વધુ લાંબો ભાગ્યે જ હોય છે,—હજાર માઇલનો કે દશ પેઢી જેટલો લાંબો તો કોઈનો

તીકી સ્ત્રીની કે બાળકની ય ખરી દયા કરતા-કે જાણતા નથી અને છતાં જાનવરો અને જંતુઓની દયાના પોકાર ઘડી પણ છોડતા નથી. સ્વાર્થનું સાચુ સ્વરૂપ શોધવાની અમને પરવાહ નથી અને 'પરોપકાર'નો મુદ્દો એક પણ અમારા ભાષણ, લખાણ કે વાતચીતમાં ઘુસાડ્યા સિવાય અમને ચેન પડતું નથી પ્રમાણ–માત્રા (degree)નો તો અમને ખ્યાલ જ નથી. શ્લોક ગોખનાર, શ્લોક રચનાર અને તત્ત્વજ્ઞાની એ સર્વ અમારે મન 'વિદ્વાન'! તેમજ અભિપ્રાય આપવો, શાન્ત વિરોધ જણાવવો, ક્રિયાત્મક વિરોધ કરવો અને નીચ પ્રપંચ કરવો. એ સર્વ અમારે મન 'શત્રુકાર્ય'! ઉપકાર કરી ચૂપ બેસનારને અમે 'ભોટ' કે 'બગલો' કહી વખોડીએ અને લૂટ કરવા ઉપરાંત પોતાને પરોપકારી કહેવડાવનારના પગ પૂજીએ! ...ટુંકમા, આખ્ખું જીવન વિકૃત બનવા પામ્યું છે, અને તે વિકૃત બનવા પામ્યું છે એટલુ ય અમે હજી જોઈ શક્યા નથી. અમે un-wanted જન્મ્યા હતા અને un-necessary જીવીએ છીએ,–અથવા પ્રતિક્ષણ મરીએ છીએ.

ઘડીભર અમારૂં ઉત્પત્તિ સ્થાન જુઓ. હુ કહી ગયો કે પુરૂષજીવન ધ્યેય અને યોજના વગરનુ છે, અને હવે કહી લઉં કે સ્ત્રી એ પુરૂષની છાયા ગણાય છે એટલે **એના** જીવનને તો ધ્યેય કે યોજનાની જરૂર જ ક્યી? પુરૂષના ભઠીઆરા અને નોકર તરીકેની અને વિષયતૃપ્તિની ગરજ સરી એટલે ગંગા નાહ્યા! અને એ ક્રિયાઓને પણ સાયન્ટીફીક બનાવવાની દરકાર નહિ: કારણકે એક તો સાધુઓએ એ બધી ક્રિયાઓમાં 'પાપ' મનાવ્યુ છે અને બીજું એ કે વ્યક્તિ તરીકે નહિ પણ ઓળા તરીકે જીવવાના ભાનવાળી વ્યક્તિમાં સાયન્ટીફીક કાર્ય-પદ્ધતિનો રસ પણ ન જ સંભવે તેથી ત્હેમની વૃત્તિ 'પરવારવા'માં હોય છે, નહિ કે કામને ખીલવવામાં–વિસ્તારવામાં અને તેથી 'ઉંચો

શાળ' પ્રકટી શકતો નથી. દરેક છોકરી-પછી તે અભણ હો, રોગી હો, બાડખાંપણવાળી હો, નૈતિક નિર્બળતાવાળી હો-ને પરણવું જ પડે છે, અને તે પણ ૧૨ થી ૧૬ વર્ષની અંદર. અને જીવનપર્યંતના એ કોન્ટ્રાક્ટનો કોન્ટ્રાક્ટર મરણ પામે તો પણ તેણીએ તેના કુટુંબની મિલ્કત તરીકે બાકીની આખી જીંદગી ત્યાં જ ફરજીયાત રીતે પૂરી કરવી પડે છે. કદાચિત સ્ત્રી પહેલી મરણ પામે તો પુરૂષ, ગમે તેટલી વૃદ્ધ ઉમ્મરનો પણ બાધ વગર, ફરી પરણી શકે છે અને ઘણે ભાગે તો પરણે જ છે. કોઈ કોઈ સંજોગોમાં તો તેણીની હયાતીમાં પણ તે બીજી પત્ની કરી શકે છે. સ્ત્રી-પુરૂષોની સંખ્યા લગભગ સરખી જ છે, છતાં વધુ યોગ્યતા ધરાવતા યુવાનોનો મ્હોટો ભાગ કુંવારો જ આથડે છે, કારણકે ઉમ્મર, આરોગ્ય તથા વિદ્યા વગેરે બાબતની યોગ્યતા વગરનાઓ કન્યાઓને એક યા અનેક વખત ખરીદી શકે છે અને હજારો યુવાન વિધવાઓ પાસે ફરજીયાત વૈધવ્ય પળાવવામાં આવતું હોય છે. પોતાના પગ પર ઉભા રહેવાનું સામર્થ્ય તથા બાળઉછેરની જોખમદારી અદા કરવાનું સામર્થ્ય મેળવ્યા પહેલાં લગ્નની જિમ્મેવારીથી બચતા રહેવું, એટલી સાદી સમજ હજારમાં એક સ્ત્રી પુરૂષ ધરાવતાં હશે, અને યુજીનિક્સ કે સંતતિ. નિયમનના સિદ્ધાન્તો સમજવાની તો લાખમાં પણ એક વ્યક્તિને દરકાર નથી. વેદોમાં પ્રજોત્પત્તિ શાસ્ત્ર સમાવવામાં આવ્યું હતું પણ તે વાંચવું એ તો 'મિથ્યાત્વ' ગણાય। આ સંજોગોમાં મોહજન્ય કુરકુરીઆંની ભરતી નિરંકુશ રીતે થતી રહે છે. એમને પોષવાનાં ય સાધનો પૂરતાં નથી તો સારી રીતે પોષવાની વ્યવસ્થાની તો વાત શું કરવી અને સાયન્ટીફીક રીતે ઉછેરવા તથા કેળવવાની તો આશા ય શું કરવી? પણ હું કહી ગયો કે કોઇ પરણતું નથી, દરેકને પરણાવવામાં આવે છે, અને જેમને ભા-

ગીદારીમાં જોડવામાં આવે છે તેઓ એક બીજાની પ્રકૃતિ કે જીવનધ્યેયને અનુરૂપ છે કે કેમ અગર થઇ શકશે કે કેમ તે બાબતની 'કાળજી' કરવાની સગવડનો જ અભાવ છે, કારણ કે પેટાજ્ઞાતિઓ અને પ્રાન્તભેદોને લીધે તેમજ સ્થિતિભેદો અને ધર્મભેદોને લીધે કન્યાવ્યવહારનું ક્ષેત્ર બહુ જ સંકુચિત હોય છે. હવે આ જેમતેમ ભેટાડવામાં આવેલાં બીનઅનુભવી પાત્રો સંયુક્ત કુટુંબના ક્લેશમય વાતાવરણમાં વિવાહિત જીંદગી શરૂ કરે છે અસુખાકારીભર્યું ગામ, એવું જ ઘર, એવી જ ઘર અને ગામની વ્યવસ્થા, સત્ત્વ વગરનો અનિયમિત ખોરાક, બહુધા જીંદગીની જરૂરીઆતો પુરતી આવકનાં પણ રોદણા: આ અને આવા અનેક બીજા સંજોગો વચ્ચે એક પછી એક સંતતિ પેદા થતી હોય! આ તે પ્રજોત્પત્તિ કે કીટોત્પત્તિ? અને પછી આ સંતાનો વ્યાપારમાં ધકેલાય કે વકીલાતમાં ધકેલાય, સેવકપદમાં ધકેલાય કે સાધુપણામાં ધકેલાય! બધુ 'ધકેલાવું' છે, અંદરના શોખથી 'બનવું' નથી આ વકીલ કે વ્યાપારી કે સાધુ જન્મના સંસ્કારની અને જન્મ પછીના ચાલુ વાતાવરણની અસરોને—માત્ર વાંચન વડે જ—નિર્મૂળ કરી તદ્દન ભિન્ન માનસ ધરાવતો કેવી રીતે બની જતો હશે તે ન સમજાય એવો કોયડો છે "અભ્યાસ"ને—રોગગ્રસ્ત માનસની આદતોને—બદલવા કેટલા બધા લાંબા કાળના 'અભ્યાસ' (discipline)ની જરૂર પડે છે, અને કેટલી ઉંડી **તથા** સતત વિચારણાની જરૂર પડે છે એ તો એક વિચારક જ કલ્પી શકે. દુઃખગર્ભિત નહિ પણ જ્ઞાનગર્ભિત વૈરાગ્યરૂપી યોગ્યતા વગર સાધુ ન જ બની શકાય એટલી હદની ઉંચી શરતો **સાધુ** પાસેથી માંગવાનો હમણાં પવન ચાલ્યો છે, પણ વ્યાપારી કે વકીલ બનનાર માટે કાંઇ 'ધોરણ' હોવું જોઇએ કે કેમ એ તો સવાલ જ કોઈ કરતુ નથી. સાધુ હા કહે કે ના કહે,

પણ સમાજનું અંગ તો તે છે જ, અને વ્યાપારી તથા વકીલ પણ સમાજનાં અંગ છે. દરેક અંગ પોતાના સડાથી આખા સમાજના જીવનને જોખમાવી શકે છે, દરેક અંગ પોતાના આરોગ્યથી આખા સમાજશરીરને વિકાસ તથા આનદ આપી શકે છે. સાંકડા કે રોગી હૃદયવાળો વકીલ કે વ્યાપારી એવા સાધુથી ઓછો ભયકર ન થઇ પડે. એક પ્રખ્યાત ધારાશાસ્ત્રીએ પોતે–મિ. ઇનિવેરાઇટીએ–વકીલ વર્ગ સબધમાં ઇસારો કરતાં 'કીડા'ની ઉપમા આપવાનું દુરસ્ત ધાર્યું હતું,–તો જો કે મિ. ઇનવેરાઇટી જેવા કેટલાએ દેવો પણ હશે જ. એ સાધુવકીલના ઉદ્‌ગાર કમમા કમ એટલું તો સૂચવે છે કે વકીલાતમાં માત્ર બુદ્ધિનું જ કામ પડે છે એવી માન્યતા પ્રચલિત છે તે ખોટી છે અને હૃદયવગરનો વકીલ જનતાને શાપ રૂપ જ થઇ પડે બીજા શબ્દોમા કહીએ તો જ્ઞાનગર્ભિત વિરાગ ( Selflessness as resulting from rationality ) ધારાશાસ્ત્રી પાસેથી માંગવાનો સાધુતાને એટલો જ હકક હોવો જોઈએ કે જેટલો હકક વકીલો કે ભણેલાઓ સાધુ પાસેથી જ્ઞાનગર્ભિત વિરાગ માગવાનો કરે છે. અને વ્યાપારી પણ હૃદય વગરનો હોય તો આખા દેશના વ્યાપારનો નાશ કરનાર થવા ઉપરાંત લાગતાવળગતાઓનાં નાણાંનો પણ લૂટારો જ બને. સાધુ પાસેથી તો વિરાગ તેમજ જ્ઞાન બન્ને માંગવાનો હક્ક કરાય છે, પણ સેકડે ૮૦ ટકા જેટલા વ્યાપારીઓ વ્યાપાર વિષયક જ્ઞાન ધરાવતા નથી- અને હૃદયના ગુણ બાબતમાં તો ન બોલાય તે જ ઠીક છે. પદ્ધતિસરનો પ્રમાણિક અને આબાદ વ્યાપાર ધરાવતી વ્યક્તિ એકાદ ટકા હોય તો હિંદનુ નશીબ ! બાકી તો ધધામાં 'ધકકેલાયલા'ઓ જેમતેમ ગાડી હાંક્યે રાખતા હોય છે મ્હોટાં નુકસાન આવે ત્યહારે એકાદ ગાડીઘોડો કે મોટર ખરીદવાથી અને એકાદ નવી શાખા

ખોલવાથી તથા મ્હોટી જાહેરખબરો પેપરોમાં આપવાથી કૃત્રિમ આબાદીનું પ્રદર્શન થઈ શકે છે, અને 'ઉભા કરેલા' લોક-મતથી લોનો પણ મળી શકે છે. આ જાતના 'વેપલા' આખા દેશને અને ખાસ કરીને-ધીરધાર કરનારાઓ તથા ખરીદ કરનારાઓને ભયરૂપ નથી એમ કહેવાની કોઇ હિમતે ધરી શકશે? છતાં પેપરમાં શું કે પુસ્તકમાં શું, ભાષણમાં શું કે સાધુના વ્યાખ્યાનમાં શું, સરકારના મુખેથી શું કે પ્રજાના મુખેથી શું, વ્યાપારી વર્ગની છાતી ફુલાવનારા જ શબ્દો નીકળતા રહે છે અને વ્યાપારીપણાને 'મ્હોડે ચ્હડાવેલા' બાળક માફક વધુ ને વધુ 'બગાડવા'માં આવે છે 'સમાજ' શરીરના સાધુવર્ગ અને 'ગૃહસ્થ વર્ગ' એવા બે કલ્પિત ભાગલા પાડવામાં આવે છે અને પછી બન્ને અંગોની જોખમદારીઓ એકલા સાધુ વર્ગને માથે ધકેલી દેવામાં આવે છે—એમ કહીને કે સાધુઓનુ તેમજ ગૃહસ્થવર્ગનું પતન ફક્ત સાધુવર્ગને જ આભારી છે. અને તે જ વખતે, ગૃહસ્થ વર્ગ તો પોતાની મેળે પણ સુધરવુ નથી અને સાધુના હાથે પણ સુધરવુ નથી અને બહારનાઓના હાથે પણ સુધરવુ નથી!

**હું:**—અને, મિ. **પાતક**, આ જાતના સમાજમાં જ પરણવુ અને સમાજના સભ્ય હરકોઇ ભોગે બન્યા રહેવાની ચિંતા કરવી એ નવી પ્રજાને હિતકર—કે સહ્ય પણ—લાગે છે? જે મૅમ્બરશીપથી હિત એક પણ નથી અને અહિત સર્વ પ્રકારનાં અને સર્વ દિશાનાં છે અને ઉપરથી ક્યારે અને કયા ખોટા આરોપના ભોગ બની દડાવુ નહિ પડે એ બાબતની પણ ખાત્રી નથી—એ મૅમ્બરશીપને **જ્ઞાનગર્ભિત વિરાગ ભાવથી** ધીમે રહીને—ગરબડ વગર—શાંતિપૂર્વક—**દયાપૂર્વક** જમીન પર મૂકી દઈ કુદરતી માનવસૃષ્ટિ રૂપ સમાજના સ્વયબુદ્ધ મૅમ્બર થવું એ વધારે ડહાપણભર્યું નથી શું? તમારી 'સાદી સ્હમજ'ને શું

નથી લાગતું કે એ જ ખરૂં 'જૈનપણું' છે? માત્ર પોતાના જ હિતની દૃષ્ટિએ નહિ પણ જેને ત્હમે હમણાં 'જૈનસમાજ' માનો છો ત્હેના પોતાના હિત ખાતર પણ—ત્હેમાંની વ્યક્તિઓના વિકાસ ખાતર પણ—ત્હમને એ અનિવાર્ય નથી લાગતુ કે વિવેકી વ્યક્તિઓએ કોઇ પણ જાતના વાડામાં ન રહેતાં વિશ્વવ્યાપી મનુષ્યસમાજના સભ્ય બની **પોતામાં** સ્વાતંત્ર્ય અને સુગંધ અને બળ ખીલવવાં અને પછી એ શક્તિઓ વડે —એ **જયવન્તી** શક્તિઓ વડે—એ **વિજિગીષા** કે **જૈનત્વ** વડે—નવા સ્વાભાવિક **જૈનો** બનાવવા?...જે મહેતાજી માર્યા વગર જ ભણાવતો હોય તે પ્રશંસવા યોગ્ય છે, જે મારીને પણ ભણાવતો હોય તે સહન કરી લેવા યોગ્ય છે, જે માર-તોય નથી અને ભણાવતો ય નથી તે છોડવા યોગ્ય છે,—પણ જે ભણાવતો નથી છતાં મારે છે—અને માર્યા કરે છે—એ મહેતા કરતા તો દુશ્મન પણ સારો અને ત્હેને તો માત્ર છોડવાથી જ ન ચલાવતાં કોઇ પણ જગાએ મહેતાગિરિ કરતો અટકાવી વિદ્યાર્થી તરીકે શિખવા જવાની ફરજ પાડયે જ છૂટકો.

**મિ. પાતક**:—આપનું કહેવુ તદ્દન સાચું છે. અને આ હિસાબે તો નવી પ્રજા અથવા યુવાન વર્ગ સ્હામે, મ્હેં કદાપિ કલ્પનાએ નહોતી કરી એટલું વિશાળ અને એટલુ કઠીન કાર્ય-ક્ષેત્ર પડયું છે, અને એ કાર્ય છે પણ એવા પ્રકારનું કે જેને અપનાવનારમાં Spirit of Religion ધર્મનો જોશ—પ્રગટયા વગર રહે જ નહિ. મ્હોટામાં મ્હોટી મુસ્કેલી આજના યુવાનોને દેખાવા સંભવ હોય તો તે ખાંડીખોબડી પણ લગ્નની સગવડને હરકત પહોચે એ એક જ પણ જરા વધુ વિચાર કરતાં એ ભય પણ ખોટો જ દેખાશે. પરણવું એ હકક અને કુવારા રહેવું એ અપવાદ : એવુ જે માનસ છે તે જ અસ્વા-

ભાવિક અને રોગીષ્ટ છે. યુરોપ—**અ**મેરિકામાં હજારો માણસો આખી જીંદગી સુધી—અને ધર્મ કે પુણ્ય કે 'પવિત્રતા'ના ઘમંડ વગર—કુવારા નથી રહેતા શું ?

હું.—અને તે પણ છતી તાકાદે ! કહો કે તાકાદવાળો જ કુવારો રહી શકે, નબળાનું મનોબળ પણ નબળુ જ હોય. અને એક વાત વધુ. **સુધારક** અને **વિચારક**ને તો પરણવા સમાન મ્હોટું 'પાપ' નથી, પતન નથી, અગવડ નથી; કારણ કે તેઓ પાસે ચોક્કસ મિશન છે કે જે એક સ્ત્રી જેટલુ ઇર્ષાળુ (jealous) છે. સ્ત્રી પોતાનો પતિ બીજી તરફ ધ્યાન આપે તો સહન કરી શકતી નથી, તેમ મિશન પણ મિશનરીનું ધ્યાન કે શકિત કે સમય બીજી કોઈ પ્રવૃત્તિ પર જાય તો રીસાઈ જાય છે,—વખતે 'વંઠી' પણ જાય છે ! એટલા જ માટે તો દરેક ધર્મસ્થાપક ધર્મગુરુ માટે **ફરજીયાત** બ્રહ્મચર્યાશ્રમ ઠરાવવાની જરૂર જોઈ હતી. હુ જે વિચારકો તથા સુધારકો માટેના બ્રહ્મચર્યનુ કહુ છુ તે તો **મરજીયાત** છે અને જ્યહારે પણ અંદરની ઇચ્છા પરણવાની થાય ત્યહારે તે **મરજીયાત લગ્ન**—ખુલ્લી રીતે, શરમાયા વગર અને પ્રમાણિકપણે—કરી શકે છે ત્હેને માટે આખી સ્ત્રીસૃષ્ટિ ખુલ્લી છે અને 'બહુરત્ના વસુન્ધરા'માં યોગ્ય પુરૂષને નિરાશ ભાગ્યે જ થવું પડતું હોય છે. તેમ છતાં ધારો કે કોઇકોઇને નિરાશ થવા જેવુ પણ બને, તો ય શું ? જીંદગીમાં—જનતાના જુના ચીલે ચાલતાં પણ—ક્યહાં અનેક નિરાશાઓ નથી વેઠી લેવી પડતી ? અને હવે છેલ્લી વાત: 'વેઠી લેવા'ની શકિત એ જ વિચારકનું વિચારકપણું તથા સુધારકનું સુધારકપણુ ! જેમ ઉંચો ટેસ્ટ તેમ વેઠવાનુ વધારે; જેમ નીચો ટેસ્ટ તેમ વધુ **સ્હેલુ** જીવન !......સુધારક અને વિચારક કાંઇ ખાબોચીઆમાં રહેનારા ન હોય, એ તો

સમુદ્રમાં વસનારા હોય,—અને સમુદ્રમાં રહેનારને મગરમચ્છોથી ડરવુ જેમ ન પાલવે તેમ આ વર્ગની વ્યક્તિઓને જીવનના સંકટોથી ડરવું ન પાલવવું જોઈએ.

**મિ પાતક**:–આપની સમુદ્ર સંબધી વાતે મ્હને યાદ કરાવ્યું, મિ. **શૉ**, ! કે મ્હારા એક સ્નેહીએ હમણાં જ ખરીદેલી સુંદર સ્ટીમ લૉન્ચ કાલના આખ્ખા દિવસ માટે આપની સેવામાં મૂકવાની ઇચ્છા બતાવી છે કાલનો પ્રોગ્રામ સમુદ્રમાં જ ગાળવાનો રાખી શકાય તેમ હોય તો એવો જવાબ મ્હારા મિત્રને આપવા અને બીજી ઘટતી વ્યવસ્થા કરવા મ્હારે હમણાં જ ઉપડી જવું જોઈએ.

મિ. **પાત**કનો આભાર માની તથા ત્હેના મિત્રને મ્હારી આભારની લાગણી પ્રદર્શિત કરવાનું કહી આજની વાતચીત સમાપ્ત કરી મિ **પાત**ક ત્હેના મિત્રના ઘર તરફ ગયો અને હું ટેકરીપરથી **સૂર્યાસ્તનુ દૃશ્ય** જોવા રોકાયો.

મહાન વ્યક્તિઓ, મહાન સંસ્થાઓ અને મહાન ઘટના-ઓના **પતન** પણ **પ્રેરણાત્મક** હોય છે !

તેઓ **પડે** છે,–પણ **સડતા** નથી.

એમનું પડવુ ય કીર્ત્તિમત (glorious) હોય છે અને પડયા **પછી** કેટલો ય સમય એમને ગળનાર દિશા પણ પૃથ્વીને પ્રકાશદાન કરવા ચૂકતી નથી

એ પ્રતાપી સૂર્યનુ પતન જોવાની **નિર્લજતા** માટે એક દિવસ હું યે પ્રાયશ્ચિત્ત લઇશ એક દિવસ શું કરવા ? કાલે જ કાલે હું અનશન–fast–પાળીશ કે જેથી કિમતીમાં કિમતી વિચારમૌક્તિક સમુદ્ર પાસેથી મેળવી શકું. મ્હોટા પેટ-વાળા રત્નાકર પાસે જવું અને ખાલી હાથે પાછા ફરવું એ તો મૂર્ખને જ પાલવે

## પ્રકરણ ૫ મું.*

### 'જૈનશાસન'નું સ્થાન અને અર્થ મ્હને 'જડે' છે.

પ્રભાત થતાં જ મિ. પાતક મ્હારા નિવાસમાં આવી પહોંચ્યો.

બ્રેકફાસ્ટનો+ હુકમ કરી અમો બન્ને છજામાં જઈ બેઠા, જ્યહાંથી સમુદ્રનો વ્યુ× દેખાતો હતો.

મ્હેં ત્હેને બ્રેકફાસ્ટ ચલાવવા કહ્યું.

"અને આપ?" તેણે અજાયબીથી પૂછયુ.

---

* આ પ્રકરણ તમામ ધર્મોની ચાવી રૂપ છે. જીવનમાં ધર્મનો ઉપયોગ શું છે અને મનુષ્યસમાજમાં ધર્મશાસનનું સ્થાન ક્યહાં છે તે આમાં બતાવી આપ્યું છે. નવી ધર્મસ્થાપના કેમ થાય, ધર્મની વિકૃતિ કેમ થાય અને ધર્મ-સંસ્થાનો નાશ કેમ થાય એ પણ બતાવ્યું છે. મનુષ્યના માનસનું સ્વરૂપ, એનું શુદ્ધિકરણ અને વિકાસ કેમ થાય તે બાબતના ઇલાજ બતાવ્યા છે. ધાર્મિક ક્રિયાઓ અને માન્યતાઓનાં વ્યવહારૂ રહસ્ય બતાવ્યાં છે. જૈનશાસન, સાધુ, શ્રાવકનું કાર્યક્ષેત્ર વિશ્વદૃષ્ટિએ સ્હમજાવ્યુ છે. સ્વર્ગ, નરક અને મુક્તિ અહીં હોવાનું સાબીત કર્યું છે.

+ અલ્પાહાર, સ્હવારનો નાસ્તો. × દૃશ્ય, દેખાવ

"મ્હને આજે ફાસ્ટ* છે, મિ. **પાતક**!" મ્હેં ઉત્તર આપ્યો.

મિ. **પાતક** વિચારમાં પડી ગયેલો દેખાયો. અલ્પાહારની શરૂઆત કરવાને તે નાખુશ દેખાતો હતો.

"કેમ? કાંઇ તબીઅત ઠીક નથી?"

"થૅન્ક યુ, મિ **શૉ**! હું સાજોતાજો છું."

"ત્હારે શું ત્હમને પણ આજે ફાસ્ટ છે?"

"જી ના; આજે કાંઇ અમારો તહેવારનો દિવસ નથી"

"પેટમાં અજીર્ણ મુદ્દલ ન હોય તે છતાં ય **ચોક્કસ** દિવસની ખાતર ફાસ્ટ કરવો એને ત્હમે 'તહેવાર' કહો છો?"

"છે તો એમ જ, મિ. **શૉ**! પણ એ **સાર્વજનિક** 'રિવાજ' છે અને ત્હેનું પાલન કરવાથી કાંઇ નુકસાન નથી."

"નુકસાન કેમ નહિ? મિ. **પાતક**! **જનતા**ના પ્રવાહમાં ખેંચાવાની હા કહેવાથી 'વ્યક્તિ'નું **વ્યક્તિત્વ**× અર્થાત્

---

*ઉપવાસ, અનશન, **'बाह्यतप'**,–**'आभ्यन्तर तप'** અથવા 'પુરૂષાર્થ' નો સ્થૂલ દેહપરનો પડઘો.

× Individuality, Personality. આત્મા અક્રિયતામાંથી સક્રિયતામાં આવવા માટે–ગતિશીલ બનવા માટે–બે પ્રકારની મશીનરીનો ઉપયોગ કરે છે: એક સૂક્ષ્મ અને બીજી સ્થૂલ–અથવા એક આભ્યંતર અને બીજી બાહ્ય. આભ્યંતર કે સૂક્ષ્મ મશીનરી એ જ 'અંતઃકરણ' અથવા અંદરનાં કરણ (agents). અંતઃકરણનું સ્વરૂપ બરાબર સમજાવવા ખાતર હિંદી તત્ત્વવેત્તાઓએ એના ચાર ભાગ કલ્પ્યા છે: મન, બુદ્ધિ, ચિત્ત અને 'અહં'કાર અથવા 'અહં' એવું ભાન. એ 'અહં'કાર એ જ 'વ્યક્તિત્વ' જેમાં ચારિત્રબળ રહેલું છે. એ જ Personality. સ્થૂલ અથવા બાહ્ય મશીનરીમા પાંચ જ્ઞાનેન્દ્રિયોનો અને પાંચ કર્મેન્દ્રિયોનો સમાવેશ થાય છે.

સ્વતંત્ર ઇચ્છાબળ દબાતુ નથી શું ? આજે **આ** ન્હાની દેખાતી બાબતમાં ને કાલે **તે** ન્હાની દેખાતી બાબતમાં એમ વખતો-વખત એ પ્રવાહમાં પોતાને ખેચાવા દેવાથી ધીમેધીમે વ્યક્તિત્વ લૂટાઇ જાય છે અને જનતા ( masses ) રૂપ બની જવાય છે. જનતા એટલે કાચી માટી માટીના ગોળો કરી ધૂપમાં સૂકવ્યા બાદ જો એને નદીના પ્રવાહમાં મૂકો તો ધીમેધીમે તે માટી રૂપ જ બની જશે, અને પીગળી જશે,—ગોળો નહિ રહેવા પામે. બીજું પણ નુકસાન છે, મિ **પાતક** ! જરૂરીઆત વગર ખાવું તેમજ જરૂરીઆત વગર ફ્રાસ્ટ કરવો એ બન્ને, એકસરખી રીતે, શરીરની ગવ્હર્નમૅન્ટને* અવ્યવસ્થિત કરી નાખે છે, અને એમ થતાં માનસિક ગવ્હર્નમૅન્ટ+ પણ ડોહોળાઇ જાય છે **વસ્તુ વસ્તુનો ધર્મ બજાવ્યે જ જાય** છે,—આપણી ઇચ્છા કે આશયની દરકાર કર્યા વગર જ. ”

“ ત્યહારે આપને શું અજીર્ણ છે કે જેથી ઉપવાસ કરવાનુ ઠીક વિચાર્યું ?”

“ હું સારી પેઠે છું, મિ **પાતક** ! પણ આજે મ્હારે ઘણું **સાંભળવું**° છે, બોલવું છે, વિચારવું છે. ઉગ્ર માનસિક

* ગવ્હર્નમેન્ટ=સરકાર=વ્યવસ્થા=શાસન. શરીરની ગવ્હર્નમેન્ટનું-વ્યવસ્થિતપણું=કુદકા મારતી તનદુરસ્તી.

+ માનસિક ગવ્હર્નમૅન્ટઃ અંતઃકરણઃ મન, બુદ્ધિ, ચિત્ત, અહંકારની સુવ્યવસ્થા, Harmony જેને જ દરેક ધર્મે શાસ્ત્રીય પરિભાષામા 'મોક્ષ' નામ આપ્યુ છે.

° સાંભળવું = શ્રવણ કલાનો ઉપયોગ કરવો. બીજી કલાઓ માફક, સાંભળવું એ પણ કલા છે. પોતાના આત્માને જાગતો રાખીને અને પોતાના ભાવોને સૂવાડી દઈને. બીજાના ભાવોને આકર્ષવા રૂપ ક્રિયા (action) કરવી એનુ નામ 'સાંભળવું' એ ક્રિયાશીલતા છે,—જો કે હલકા પ્રકારની. પણ જેઓ આટલીય ક્રિયાશીલતા ધરાવતા નથી, જેઓ પોતાના ભાવોને દાબી શકતા નથી, તેઓ તો

ક્રિયા કરવાની હોય ત્યારે ભોજનથી બચવું એ સ્વાભાવિક જરૂરીઆત છે,-કે જેથી ભોજન પચાવવામાં ખર્ચવી પડતી શક્તિ માનસિક ક્રિયા માટે ફાજલ પાડી શકાય એ જ કારણસર વળી અખંડ માનસિક કાર્ય કરનારાઓ-લેખકો અને વિચારકો-પરણવાનું પસંદ કરતા નથી. અગર પરણે છે તો ઘણું જ મિતવ્યયી* જીવન જીવવાની કાળજી રાખે છે. એ એક જ વીર્યનો ખજાનો છે કે જે વડે ચાહે તો પાચનક્રિયા કરો, મજુરી કરો, વાણીવ્યાપાર કરો, પ્રજોત્પત્તિ× કરો યા લેખન-મનન-ધ્યાનાદિ માનસિક સ્રજનકાર્ય કરો અને **શારીરિક પ્રવૃત્તિ કરતાં માનસિક પ્રવૃત્તિ વધુ વ્યય માંગે છે.**"

"સબુર કરો, મિ **શૉ** ! મ્હને મનન કરવા દો મ્હેં જોયું કે આપે કોઇ ધર્મસંસ્થાના સ્વીકાર વગર, કોઇ ગુરૂના ઉપદેશ વગર અને કોઈ શાસ્ત્રને માથે ચ્હડાવ્યા વગર, ઉપવાસ કર્યો છે હું એ પણ જોઉં છું કે, જો આપે ઉપવાસ ન કર્યો

---

masses ( જનતા ) છે, હજી 'શ્રાવક' પણ બન્યા નથી. જેઓ શ્રવણકળા ધરાવે છે તેઓ સાંભળેલી અનેક છૂટીછૂટી વાતોને એક આખા શરીર તરીકે જોડીને પછીજ-એ **આખા** શરીર પર જ-મનન ક્રિયા કરે છે.

* frugal, કરકસરવાળુ. વ્યય=ખર્ચ.

× Creating beyond ones self; પોતે જે જમીનમાં ઉગ્યો તે કરતા વધુ ઉંચી જમીન શોધીને અને પોતે જે વીર્યથી બન્યો તે કરતાં વધુ તાકાદવાળું વીર્ય પોતાના પ્રકટાવીને પછી તે બે સન્જોગો વડે પોતાથી વધુ જ્ઞાનક્રિયાશકિતવાળી વ્યકિત ઉપજાવવી એ પ્રજોત્પત્તિ કાર્ય,-બાકી બધુ વ્યભિચાર કાર્ય. એ જ નિયમ ગુરૂ-શિષ્યને લાગુ પડે. ગુરૂપણુ કરવું એટલે શિષ્ય પર પોતાની શક્તિનો વ્યય કરી ત્હેને પોતાથીય ચ્હડીઆતા વિકાસવાળો બનાવવોતે.

હોત અને તે છતાં સખ્ત માનસિક શ્રમ સેવ્યો હોત તો માનસિક કાર્ય **કરતી વખતે** થોડું ઘણું પણ **જાડ્ય**+ રહેવા પામ્યુ હોત, પુરતી 'જાગૃતિ' ન રહેત, અને તેથી શ્રવણ કે મનન કે વક્તૃત્વ એકેક ક્રિયા પ્રકાશમય ન થવા પામત, અને માનસિક **કાર્યને અંતે** depression (ખિન્નતા) થવાથી એ સ્થિતિ જ્યહાં સુધી ચાલુ રહેત ત્યહાં સુધી સ્વાભાવિક આનંદ* દબાઈ જાત અને એવે વખતે જે કાંઇ અનિવાર્ય× કામ કરવું **પડત** તે સ્વાભાવિક ઉત્સાહ અને આનંદનુ ફરજંદ÷ નહિ પણ 'વેઠ' રૂપ થવા પામત. તે કાંઇ અંદરના પ્રકાશ અને શક્તિના સ્વાભાવિક 'ઉદ્‌ગાર' (expression of Light and Energy within) રૂપ ન હોત. બીજા શબ્દોમા, તે વખતનું આપનું પ્રત્યેક કાર્ય **શક્તિનુ નહિ પણ અશક્તિનું સંતાન** હોત અને તેથી આપને કે બીજા કોઇને એક યા બીજા પ્રકારની હાની જ પહોંચત આ બધાં °**પતન**રૂપ પરિણામોને રોકવા ઉપવાસ

+ જાડ્ય=dullness, જૈનશાસ્ત્રોમા જેને 'પ્રમાદ' કહે છે તે, આત્માના 'ઉપયોગ' વગરની મનોદશા, want of 'ATTENTION'. જૈનશાસ્ત્રોમા 'યતના' (જયણા) શબ્દથી જે સ્થિતિ સૂચવવા ઇચ્છ્યુ છે તે સ્થિતિ એ જ ATTENTION, 'ઉપયોગ,' અપ્રમત્ત માનસ, vigilence, સાવધાન દશા.

* Harmony of the internal organs, that is, of Thought & Feeling; absence of struggle within, that is Natural State of Mind, which is neither plesure nor pain

× કર્યા વગર ચાલે જ નહિ એવું.

÷ ફરજંદ, સંતાન, ફલ, પરિણામ, result, creation, action.

° પતન, પડવાપણું, અંતઃકરણની શાન્તિ અથવા harmony વાળી સ્થિતિથી નીચે જવાપણું.

કરી લેવાનું આપને **સૂઝયું** એ એક વાત, અને જે 'સૂઝયું' તે વર્ત્તનમાં મૂકી ઉપવાસ **કર્યો** એ બીજી વાત એ 'સૂઝવું' એ જ '**ज्ञान**' અને એ 'કરવુ' એ જ '**क्रिया**', અને એ જ્ઞાન તથા ક્રિયાના પ્રતાપે આપ ઉક્ત આત્મહત્યાથી બચી આનંદમય સ્વભાવમાં કાયમ રહ્યા એ જ '**मोक्ष**'. અને એ જ અમારાં **જૈન**શાસ્ત્રોમાંના '**ज्ञानक्रियाभ्याम् मोक्षः**' એવા સૂત્રનો આશય આપને જો કુદરત અને જીવનનું–એટલે કે પદાર્થોનું અને માનસનું–**જ્ઞાન** ન હોત અને એ જ્ઞાનથી **સૂઝતી** ક્રિયા કોઇના દબાણ કે હુકમ વગર પોતે પોતા પાસે કરાવવા જેટલુ **વ્યક્તિત્વ** ન હોત તો આપ 'વેઠ'માં ગબડી પડચા હોત, કે જે સ્થિતિમાં આપને 'આમ કરો' અને 'આમ ન કરો' એવાં **સૂત્રની** તેમજ એ સૂત્રનો આપની પાસે અમલ કરાવવા માટે આકર્ષણ, લાલચ, ભય, શરમ વગેરે શસ્ત્રો વડે **ફરજ પાડનાર વ્યક્તિની** જરૂર પડત 'સૂત્રો' અથવા વિધિ–નિષેધો+ અને વિધિનિષેધનો અમલ કરાવી **યથેષ્ટ પરિણામ ઉપજાવતાં સુધી** ચોકીદારી કરનાર બાહ્ય સત્તા ( external agency ). એ બે આમની 'જરૂરીઆતો' (needs) બનત. અર્થાત્ આપને 'ધર્મશાસ્ત્ર' અને 'ધર્મગુરૂ' એ બેથી બનેલા સામ્રાજ્યમાં વસવું પડત. એ સામ્રાજ્યમાં 'વસવા'ની જરૂરીઆત (need) **લાગી** એ જ 'શ્રાવક'પણાનો **પ્રારંભ.** 'શ્રાવક' તરીકે આપના ઉપર બહારથી **ज्ञान-क्रियाभ्याम् मोक्षः** એ સૂત્ર પ્રક્ષેપવામાં આવત, કે જેને આપ એક સતાન ઇચ્છતી યુવતીની ગરજથી ઝીલીને પોતાના ચિત્તમાં ધારણ કરી **પોતાના** માંસ* અર્થાત્ અનુભવથી

+ અમુક કરો એવી આજ્ઞા એ 'વિધિ', અમુક કરતા બચો એવી આજ્ઞા એ 'નિષેધ.'

* તત્ત્વજ્ઞાન પરિભાષામા 'માંસ' શબ્દ 'અનુભવ'ના અથ માં

પોષત-વિસ્તારત અને ત્યાંથી તે જ્યારે પરિપક્વરૂપે બહાર પડત-ત્યારે ત્હેનું સ્વરૂપ કાંઇ ઓર જ જોવામાં આવત. તે વખતે આપ જ્ઞાન શબ્દને અંત.કરણમાંની જ્ઞાનશક્તિ, નહિ કે કોઇ શાસ્ત્ર કે સિદ્ધાંતનું જાણપણું: એ રૂપમાં જુઅત અને ક્રિયા શબ્દને પણ અંત.કરણની ક્રિયા–life force–ના રૂપમાં જુઅત. એટલે કે શાસ્ત્ર અને ગુરૂ આપનામાં જ્ઞાનક્રિયા શક્તિ પ્રકટાવીને–' વ્યક્તિત્વ ' પ્રકટાવીને–પોતે અદશ્ય થાત ”

"ત્યારે, પ્રથમ તો, કોઇ પણ ધર્મસંસ્થા એ મનુષ્યની જ બનાવટ છે,—અલબત **અનુભવી** મનુષ્યની તથા બનાવટ પણ **શુભ આશયવાળી,**—કહો કે 'કલા' (Art)...બીજુ, ધર્મ-સંસ્થા એ વ્યક્તિત્વ વગરના મનુષ્યોની જરૂરીઆત (need) છે, અને તે સાથે જ તે તે વર્ગની તાલીમ (discipline) પણ છે....ત્રીજું, ધર્મસંસ્થા તમામ જનતા ( masses ) માટે નહિ પણ જનતા પૈકીના જેઓને જીવનના ડંખ લાગ્યા હોય અને એ ડંખના ઓષધની ગરજ જેમનામા જાગી હોય તેવાઓ, જેને ત્હમે ' શ્રાવકશ્રેણિ ' કહો છો અને બીજાઓ ' મુમુક્ષુ શ્રેણિ ' કહે છે તે શ્રેણિના માણસો માટે જ ઉપયોગી છે ...ચોથુ, ધર્મસંસ્થાએ બે કાર્ય બજાવવાનાં હોય: માનસ* તથા માનસ જેના સંગમા આવે છે તે જગતના પદાર્થો: એ બન્નેનુ જ્ઞાન (Psychology અને Science) આપી શ્રોતાની

---

વપરાય છે 'સગાળશા' શેઠ (સુકાલ શ્રેષ્ઠિ, સ્વસંતુષ્ઠ અથવા ભરપુર મનુષ્ય, તત્વવેત્તા) પાસે સાધુએ ' માસ ' માગ્યું છે ત્હા પણ સ્વાનુભવ માત્ર પૂછ્યો છે, શાસ્ત્રો કે સાધુઓ પાસેથી સાભળેલી વાતો નહિ.

* માનસ, Mind, અંતઃકરણ કે જેમા મન, બુદ્ધિ, ચિત્ત, અહંકારનો સમાવેશ થાય છે

અંદરની જ્ઞાનશક્તિ જગાડી આપવી, અને ધાર્મિક ક્રિયાકાંડ દ્વારા શ્રોતાની અંદર ક્રિયાશક્તિ જગાડી આપવી. અને એ રીતે એને ' વ્યક્તિ ' બનાવી આપવીઃ...પાંચમું, ધર્મસંસ્થાએ જે પરિણામ ઉપજાવવાની **જોખમદારી** લીધી છે તે પરિણામ ઉપજાવવા માટેનાં એનાં સાધન–પ્રેરિત જ્ઞાન અને પ્રેરિત ક્રિયા–**એવી જાતનાં** છે કે એ સાધન ઉમેદવારને અર્થાત્ 'દર્દી'ને આપીને સાધુ દૂર થાય તો–અવારનવાર નિયમિત રીતે પરિણામો તપાસવાની કાળજી ન કરે તો–પ્રેરિતજ્ઞાન જ્ઞાનશક્તિમાં પલટાઇ જવાને બદલે **અંધશ્રદ્ધાનું** રૂપ લે છે અને પ્રેરિતક્રિયા એ ક્રિયાશક્તિનુ રૂપ લેવાને બદલે **ઝનુન** અથવા ધર્માંધપણા (madness, fanaticism)નું રૂપ લે છેઃ કે જે બન્ને વિકૃતિઓ* ઉમેદવારને પોતાને તેમજ સમાજને ભયરૂપ છે.... છઠું, 'શ્રાવક' નથી થયા તેવા મનુષ્યો તરફની–જનતા તરફની–જોખમદારી 'સાધુ'એ લીધી નથી પરન્તુ 'શ્રાવક'ની જોખમદારી તો તેણે અવશ્ય લીધી છે અને ત્હેને આપવામાં આવેલાં પ્રેરિત જ્ઞાન અને પ્રેરિત ક્રિયારૂપ ઔષધો જો જ્ઞાનશક્તિ અને ક્રિયાશક્તિ નામનું સ્વાભાવિક આરોગ્ય પ્રકટાવી ન આપતાં વિભાવરૂપ અંધશ્રદ્ધા અને ઝનુનરૂપે પરિણમે તો, એ પરિણામો એ વૈદ્ય કે કલાકારની ગેરહાજરી, ચોકીદારીની ફરજમાં ખામી અથવા ચોકીદારીના સાયન્સના અજાણપણાને આભારી હોઇ, **સઘળી અંધશ્રદ્ધા તથા ઝનુન અને ત્હેનાં પરિણામો માટે સાધુ જ જોખમદાર** છે...સાતમુ, 'સાધુ'એ 'શ્રાવક'માંથી–'વ્યક્તિ' ઘડવાની હોઈ, **તે પોતે તો 'વ્યક્તિ'ને વટાવી ગયેલો** અર્થાત્ સમષ્ટિભાનમાં (Cosmic Consciousness)મા આવેલો પુરૂષ હોવો જ જોઇએ, અને સમષ્ટિ-

* વિકૃતિ એ પ્રકૃતિથી ઉલટો ખ્યાલ આપનારો શબ્દ છે. deformity, વિકારવાળી દશા, વિભાવજન્ય દશા, રોગીપણું.

ભાન પોતામાં પ્રગટયા સિવાય–એ **યોગ્યતા** પોતામા પોતે ઉપજાવ્યા સિવાય–શ્રાવક યા શિષ્ય ઘડવાની જોખમદારી લેવાના 'મોહ'થી તેણે બચતા રહેવું જોઇએ ..આઠમું, 'શ્રાવક'ને 'વ્યક્તિ' બનાવી આપ્યા **પછી** તેણે ત્હેને પોતાથી મુક્ત કરવો જોઇએ અર્થાત્ સાધુએ શિષ્યને સ્વતંત્ર રહેવા દેવો જોઇએ, બલ્કે એ સંજોગમાં શિષ્ય 'વ્યક્તિ' બનેલો હોઇ સ્વભાવતઃ સ્વતંત્ર જ **બની ચૂકયો** હોવો જોઇએ .. નવમું, 'જનતા', 'શ્રાવક' અને 'સાધુ' એ ત્રણે શબ્દો ગુણસૂચક છે, **જાતિ**સૂચક નહિ, અને એકબીજાની અપેક્ષાએ જ અસ્તિત્વ ધરાવે છે. જનતાની અપેક્ષાએ શ્રાવક છે, અને શ્રાવકની અપેક્ષાએ સાધુ છેઃ બાકી વસ્તુતઃ જનતા, શ્રાવક અને સાધુ તમામ 'મનુષ્યો' છે અને **મનુષ્યસમાજથી બહાર છે નહિ તેમજ પોતાને ગણી શકે નહિ** 'તફાવત ગુણશકિતનો છેઃ જનતા ગુલામમાનસ (slavish mentality) ધરાવે છે અને તેથી ગુલામજીવન ગુજારે છે, સાધુ સ્વતંત્ર માનસ ધરાવે છે અને શાહીજીવન ગુજારે છે, અને શ્રાવક ગુલામી જીવનમાંથી છૂટી શાહીજીવનની જીત કરવા નીકળેલો પથિક છે,–તે હજી 'જૈન' નથી, **ભાવી જૈન** છે... દશમું, 'જનતા' એ તે સામાન્ય ગણ છે કે જેનામાં હજી જીવનના ડંખ પામવા છતાં ય ડંખનુ ભાન નથી ઉગ્યું અને છૂટકારાની ઇચ્છા ય નથી જાગી 'શ્રાવક' તે છે કે જેનામાં છૂટકારાની ઇચ્છા જાગી ચૂકી છે, કોઈએ નાખેલાં કે અનાયાસ આવેલાં બંધનો સ્હામે 'બળવો' (rebellion) જેનામાં જાગી ચૂકયો છે અને હવે તે પોતાની પસંદગીથી કોઇની તાબેદારીમાં જઇ ત્હેની સહાયથી તે બંધનો તોડવા તલપી રહ્યો છે અને સાધુ તે છે કે જે 'બળવા'ખોરને આશ્રય આપવા સદા તત્પર અને ખુશી છે તથા શક્તિમાન છે,– 'બળવાખોર'ને 'પ્રેરિત ગતિ'માંથી મુક્ત કરી 'ગતિ'માં–

પોતામાંથી એટલે પોતાની **શક્તિમાંથી** ઝરતી ક્રિયામાં—મૂકી આપવા સદા **તૈયાર** અને **કુશળ** છે...અગ્યારમું, આ જોખમદારી અદા કરી શકાય એટલા માટે 'સાધુ'માં પોતામાં માનસશાસ્ત્ર (' human psychology )નું વિશેષજ્ઞાન અને પદાર્થવિજ્ઞાન ( Science ) નાં મૂળતત્ત્વોનું (elementary) જ્ઞાન હોવું **અનિવાર્ય** છે, અને ઇચ્છાશક્તિ ( Will ) તથા તજ્જન્ય સાવધાનપણું ( watchfulness ) એ બે શક્તિઓ અનિવાર્ય છે. ( અલબત્ત સાવધાનપણાના પેટામાં વખતોવખત ઇલાજ બદલવાની શક્તિનો આપોઆપ સમાવેશ થાય છેજ. )...બારમું, ' શ્રાવક ' ' વ્યક્તિ ' બને અર્થાત્ 'જૈન' બનવા પામે તેટલો વખત ત્હેની જોખમદારી પોતાના શિરપર લેનાર સાધુવ્યક્તિની —અથવા ત્હેણે યોજેલા ત્હેના પ્રતિનિધિની—અખંડ ચોકી —નીઘરાણી—Watching આનવાર્ય છે....તેરમું, ' શ્રાવક 'માં જ્યહારે જ્ઞાનશક્તિ અને ક્રિયાશક્તિ પ્રકટે ત્યહારે—એ બે પાંખો ફુટે ત્યહારે—તે ' વ્યક્તિ ' અથવા '**જૈન**' કહેવાય, **'જન'પર બે પાંખો—બે માત્રાઓ—બે તાકાદો—ફુટતાં તે ' જૈન ' કહેવાય**...અને ચૌદમું, ધર્મસંસ્થા તે છે કે જે જનતામાંના એક ભાગને—willing souls‌ને—'જૈન' બનાવ્યા પછી પોતે જ અદૃશ્ય થાય અને 'જૈન'ને—વ્યક્તિને સ્વતંત્ર રીતે 'પ્રગતિ' કરવાને છૂટો મૂકે. ઉંચે ઉડાડીને પછી પોતે ખસી જાય"

"આપે તો ધર્મના સમુદ્રનું મન્થન કરીને ચૌદ રત્નો શોધી આણ્યાં ! મિ. શૉ !"

"હા, રત્નો સમુદ્રમાં જ હોય છે, ખાબોચીઆ કે સરોવરમાં ઓછાં જ હોય છે ? તેથી જ તો આજે આપણે સમુદ્રમાં જવાનો નિશ્ચય કર્યો હતો ! અને રત્નો કાંઇ ત્હમે કે હું ઉપજાવતા નથી, તે તો સમુદ્રમાં હોય છે જ. પણ સમુદ્રના

તળીએ ડૂબકી મારે–શ્વાસ રૂંધાઇ જાય એટલું મનન કરે–ત્યારે તે 'જડે'. "One *finds* them, not searches for them."

"પણ સમુદ્રને તળીએ મોઝાં ઉછળતાં હોય તો રત્નો જડે કેવી રીતે? મિ. **શૉ**!"

"ચિંતા ન કરો, મિ **પાતક**! સમુદ્રના તેમજ ચિત્તના તળીએ સદા સ્થૈર્ય અને શાન્તિ હોય છે: મોઝું કે હીલચાલ નામે ય નહિ! ત્હમે કદાપિ સાયન્સના અખતરા કરનાર કે શોધક કે વિચારકને જોયો છે? એના ઘરમાં ખાવાનું ધાન નહિ હોય, માથે કરજનો ત્રાસ હશે, ઘરમાં પત્ની કે બાળક બીમાર હશે, ઉપરથી શત્રુની સતાવણી હશે, કદાચ શરીરે પણ અસ્વાસ્થ્ય હશે પણ આ બધાં મોઝાંઓને વીંધી જ્યારે તે પોતાના માનીતા પ્રયોગ પાછળ એક બંધ કોટડીમાં લાગી ગયો હોય છે ત્હારે એને ઉક્ત કોઇ ચીજનું ભાન નથી રહેતું **દેહ** તેમજ **દુનિયા** બન્ને ત્હેનાથી અદૃશ્ય થાય છે: ત્હેનું ચિત્ત એકદમ શાન્ત હોય છે અને એના મનના સઘળા પરમાણુઓ આખા જગતના પદાર્થો પર ભટકતા હતા ત્હાંથી પાછા ફરી એકઠા થઇ એક ખ્યાલ પર એટલા તો જોરથી ફેંકાય છે કે ત્હા એકાએક ઇષ્ટ પદાર્થ ત્હેની **નજરે પડે** છે."

"ત્હારે તો **જૈન**ધર્મ સાયન્સને બહુ મદદગાર થઈ પડે, કારણ કે તે **ધ્યાનક્રિયા પ્રકટાવી આપે છે.**"

"અલબત્ત, મિ. **પાતક**! જો સાચો **જૈન**ધર્મ હાથ લાગે તો અને સાચો **જૈન** સાધુ જડી આવે તો. તેથી સાયન્સને જ મદદ મળે એમ નહિ પણ દુનિયાના તત્ત્વજ્ઞાનને પણ બહુ પ્રગતિ મળે. એટલું તો હું હમણાં પણ કહી શકું કે ત્હમારા ધર્મના પારિભાષિક શબ્દો—શ્રાવક, જૈન, સાધુ, મોક્ષ, જ્ઞાન, ક્રિયા ઇત્યાદિ—ખરેખર સાયન્ટીફીક મગજથી ઘડાયલા છે, પણ

સાયન્સે તૈયાર કરેલી ચીજ મૂર્ખાઓ પાસે જઇ પડે ત્યારે તે ‘વહેમ’થી ‘પૂજાય’ ! ”

“ એમજ અમારા દેશમાં પહેલવહેલી રેલગાડી આવી ત્યારે લોકો એને કોઇ દેવી તરીકે ગણી હાર પહેરાવી પૂજા કરતા હતા ! સાયન્સની બીજી બાજુનું નામ જ વહેમ ( Superstition ) ! ”

“ એમ જ ત્હમારા દેશમાં ‘આ લોક’થી ભિન્ન ‘પરલોક’ સંબંધમા પણ ‘વહેમ’ છે મનન ચિંતવન આદિ આભ્યંતર ક્રિયાઓ—અંતઃકરણના રાજ્યમાં થતી ક્રિયાઓ—થી જનતા (masses) અજ્ઞ હોય જઃ ત્હેમને ભાન હોય બાહ્ય ક્રિયાઓનું—પાંચ ઇન્દ્રિયોથી થતી ક્રિયાઓનું. તેથી તેઓ ઇન્દ્રિયો અને ઇન્દ્રિયોના વિષય રૂપ બાહ્ય દુનિયાને ‘ આ લોક ’ કહે છે અને એ સિવાય જે કાંઇ ‘ સૂક્ષ્મ ’ છે—ઇન્દ્રિયોથી ‘પર’ છે—અંતઃકરણનાં ચારે અંગોની ક્રિયારૂપ છે—ત્હેના સંબંધમાં કાંઇ જ જાણતા ન હોઇ અંતઃકરણની સૃષ્ટિને ‘ પરલોક ’ માનવાને બદલે આકાશમાં સ્વર્ગ—નરકાદિ લોકો અથવા દુનિયાઓ છે એમ માની ત્હેમને જ ‘ પરલોક ’ કહે છે, અને જે કાંઇ ધર્મ કરવો છે તે તેવી જાતના **‘પરલોક’ માટે** કરવો છે એવી શ્રદ્ધા ધરાવે છે એ શ્રદ્ધા જ એમને ‘ આ લોક ” તરફ બેદરકાર બનાવનાર થઇ પડે છે. ભવિષ્યનાં અચોક્કસ સુખ માટે વર્ત્તમાનની ચોક્કસ સગવડો પણ ગુમાવવી એમના દિલને ન જ પાલવે એ દેખીતી વાત છે,—જો કે એમની બુદ્ધિ—પ્રેરિત બુદ્ધિ—એમને અચોક્કસ ભવિષ્યના લાભ માટે ધકકેલતી રહી હોય છે. તેથી તેઓ થોડાંક સુખ જતાં પણ કરે છે અને એ રીતે **સંયમ** શક્તિ થોડે અંશે ખીલવે છે. પણ ત્યહાં અટકી પડે છે અને એક વધુ ધકકેલાની—વધુ પ્રેરણા કરનાર ‘ સાધુ ’ની—

ત્હેમને જરૂર પડે છે. સાધુ હાજર ન હોય, અગર પ્રેરણા કરવાની ત્હેનામાં તાકાદ ન હોય, તો 'શ્રાવક' ત્યહાં જ અટકી પડે છે અને અટકી પડયો એટલે કહેવાટ શરૂ થાય છે: અંધશ્રદ્ધામાં જ રહી જાય છે."

"એ હું નવું જ સાંભળુ છું, મિ **શૉ**! ત્યારે 'પરલોક'ના વર્ણન તરીકે તથા પરલોકની પ્રાપ્તિના ઇલાજ તરીકે જે કાંઇ **જૈનશાસ્ત્રોમાં** કહેવામા આવ્યું છે તે વસ્તુતઃ અંતઃકરણ (મન, બુદ્ધિ, ચિત્ત, અહંકાર)નુ સ્વરૂપ બતાવવાનો યત્ન (Science of mind, Psychology) તથા ત્હેનો ઇષ્ટ રસ્તે **ઉપયોગ** કરવાની પદ્ધતિ અથવા 'કલા' શિખવવાનો યત્ન (Art of Life, 'યોગ')માત્ર છે કે; જેમની સહાયથી મનુષ્યમાં દિવ્ય શક્તિઓ પ્રકટે અને એની **જીવનભૂમિકા જ દિવ્ય બને** હકીકતમાં એમજ છે તો તો, મિ **શૉ**! હું દાવાની સાથે કહી શકું કે **ભ**ગવતી **સૂ**ત્ર આદિ અમારાં **જૈ**ન શાસ્ત્રો ત્હમારા માનસશાસ્ત્રીઓને અને આ દેશના યોગીઓને અમૂલ્ય ખજાનારૂપ થઇ પડે,—જો માત્ર એ શાસ્ત્રોના શબ્દોને સાયન્ટીફીક દૃષ્ટિએ વાંચવામા આવે તો. અમારા શાસ્ત્રોને કાલ્પનિક ભૂમિનાં વર્ણનો અને એ ભૂમિ મેળવવા માટેના કાલ્પનિક ક્રિયાકાંડ તરીકે સેંકડો વર્ષથી અમે ખુદ **જૈ**નો જ ગણતા આવ્યા છીએ તો પછી બીજાઓ તો ત્હેની ખરી કિંમત જાણી શકે જ ક્યહાંથી? હવે આપે કરેલ સૂચન પ્રમાણે અમારે અમારાં શાસ્ત્રો નવાં ચક્ષુથી વાંચવા જોઇશે અને ત્હેમાંથી Science and Art of Life (જીવનનો સ્વભાવ અને જીવનકળા શિખવનાર રહસ્યો) તારવી કહાડવાં જોઇશે. અને એમ થાય તો જીવનના ડંખ અને મૃત્યુનો ભય એ બન્નેનાં રામબાણ ઔષધો મળી જાય, તેમજ શારીરિક અને માનસિક હજારો પ્રકારની વિકૃતિઓનાં મૂળ કારણ શોધવાની અને

ત્હેમના ઇલાજ કરવાની પણ સગવડ થઈ જાય. મ્હેં આપને જે જૈન વિચારકની વાત કહી હતી તે એકવાર કહેતો હતો કે, જૈન ખગોળ એ કોઇ આંખની ઇન્દ્રિને દેખાતા ગ્રહો આદિનું વર્ણન નથી જ, પણ અંતઃકરણ રૂપ આકાશમાં થતા ચ્હડતા-ઉતરતા દરજ્જાના પ્રકાશવાળા અનુભવોનું વર્ણન છે: સાઇકૉલૉજી છે એમાંનું વર્ણન સ્થૂલ ખગોળની દૃષ્ટિએ જૂઠુ જ પડે છે અને પડવું જોઇતું હતું આજ સુધી જૈન આચાર્યો અને પંડિતો જૈન ખગોળને પાશ્ચાત્ય ખગોળ સાથે બંધબેસતી ન જોવાથી અંદરથી ધર્મપરની શ્રદ્ધા ગુમાવતા રહ્યા છે અને ઉપરથી પાશ્ચાત્ય ખગોળને જૂઠ્ઠી ઠરાવવા લૂલા પ્રયત્નો કરતા રહ્યા છે. તે વિચારકે વળી એ પણ કહ્યું હતું કે મહાવીર આદિના જીવન ચરિત્ર તરીકે દોરાયલાં ચિત્રો એ કોઇ હાડમાંસના શરીરના ઇતિહાસ નથી પણ Permanent History of Man-મનુષ્યના **વિકાસ**નાં સ્થાયી ચિત્રો-છે, કે જે ચિત્રો દોરવામાં જાણીતી વ્યક્તિઓ અને સ્થાનોનાં નામોનો તેમજ જાણીતી ઐતિહાસિક ઘટનાઓનો પણ ઉપયોગ અવશ્ય કરવામાં આવ્યો હોય. આ વાત મ્હેં પ્રથમ સાંભળી ત્હારે હું પોતે પણ તે માની શક્યો નહોતો. મ્હને તે વખતે એમ લાગતું કે જો એમ જ હોય તો પછી-કાયમની અને દૂરસ્થ મુક્તિ જેવી ચીજ વગર માણસને મ્હોટા ભોગો આપવાનું મન જ કેમ થાય? માણસને દીલાસાનું સ્થાન જ ક્યહાં રહ્યું?"

"હા, અને હું માનુ છું કે ત્હમને હજીય એ ભય તો છે જ. ત્હમને હવે એ વિચારક પર પ્રેમ જાગ્યો છે, પણ એની વાત માનવા ત્હમારા અભ્યાસ-વહેમમાં રીઢું થયેલુ મન-ખુશી નથી. એમ જ હોય અને તેથી મુક્તિ ત્હમારાથી ઘણે દૂરની ચીજ છે એમ કહેવાનો વ્યવહાર સેવનાર-'શ્રાવક'

કોટિના મનુષ્ય પ્રાણી માટે વ્યવહાર સેવનાર-જૈન શાસ્ત્રકાર ખોટા નથી જ. બાળક પાસે ત્હમારે એક કોમળ દિલના માણસની અને એક ક્રૂર દિલના માણસની વાત કરવી હોય છે ત્હારે, દિલ નામના સૂક્ષ્મ પદાર્થને જોવાને અશકત એવા એ બાળકને ત્હમે એમ નહિ જ કહો કે અમુકનું દિલ કોમળ છે અને અમુકનુ દિલ નિષ્ઠુર છે, પણ કહેશો કે અમુક 'ગરીબ ગાય' છે, અને અમુક 'રાક્ષસ' છે અનુભવને વાણીદ્વારા મોકલનારે આવા દોષ વ્હોરવા જ પડશે, બીજો રસ્તો જ નથી. અનુભવી અનુભવી સાથે વાત કરે ત્યારે અલબત સાયન્ટીફીક વાણીનો ઉપયોગ થાય + ત્હમને તે જૈન વિચારકની વાત સાચી હોય તો દીલાસાનુ સ્થાન ઉડી જતું લાગ્યું એ પણ હુ સ્હમજી શકું છું પણ ખરેખર વિચારો કે મોક્ષ દૂર હોય એ વધારે દીલાસાભર્યુ છે કે નજીક કે, પોતાની અંદર જ હોય એ વધારે દીલાસાભર્યુ છે ?"

"છેલ્લી વાત સત્ય હોય તો તે વધુ દીલાસાભરી થઇ પડે પણ, મિ. શા ! મ્હને શાસ્ત્રો પર પણ શ્રદ્ધા છે અને તે વિચારકની પ્રમાણિકતા પર પણ શ્રદ્ધા છે. તે કાંઇ છીછરો, ઉતાવળીઓ, માત્ર બુદ્ધિના ધૂમાડાને સત્ય તરીકે માની બેસે તેવો પુરૂષ નથી, બલ્કે બુદ્ધિવાદીઓને તો તે હૃદયવાદી કરતાં ય વધુ ઝાટકી કહાડે છે એટલે એ જે કાંઇ કહે તે બુદ્ધિ અને હૃદય બન્નેના ઉપયોગપૂર્વક જ કહેતો હોય એટલો તો

---

\+ અને એટલાજ માટે ચોક્કસ જૈન ફીરકાવાળાઓ તથા સનાતની બ્રાહ્મણો એમ આગ્રહ કરતા રહ્યા છે કે શાસ્ત્રો વાંચવાનો અધિકાર માત્ર યોગવહન કરેલા સાધુને જ હોય, મુમુક્ષુ અથવા શ્રાવકને નહિજ એ આગ્રહ મૂળે ખોટો નથી. આજે શાસ્ત્રોનું રહસ્ય નહિ જાણનાર સાધુઓ એવો આગ્રહ કરે છે તે તો ફક્ત પોતાનું મહત્વ જાળવવાના સ્વાર્થ ખાતર જ.

મ્હને વિશ્વાસ છે. પણ શાસ્ત્રકારો ય પવિત્ર આશયવાળા અને બુદ્ધિ તથા હૃદયની શક્તિઓ ધરાવતા પુરૂષો હતા,—આ વિચારક કરતાં ય ઉચ્ચ કોટિના પુરૂષો હતા. અને તેઓ તો કહે છે કે મોક્ષ સ્થાન આ દુનિયાથી અનંત યોજન દૂરના આકાશમાં એક પહાડની છેલ્લી અણીપર છે અને તે આ શરીર છોડયા પહેલાં મળી શકતુ જ નથી."

"અને તે મેળવવા ત્હમારે 'પુરૂષાર્થ' કરવો જોઇએ જ એમ પણ આગ્રહપૂર્વક કહેતા જ હશે?"

"અવશ્ય,—પુનઃપુનઃ આગ્રહ કરે છે એટલુ જ નહિ પણ એના ઇલાજ પણ સૂચવે છે· તપ, સંયમ, ધ્યાન."

"એ સઘળા સંસ્કૃત ભાષાના શબ્દો હોઇ મ્હેં એમનો અર્થ Philology (શબ્દશાસ્ત્ર)ના આધારે વિચાર્યો છે તેથી મ્હને તે શબ્દો સ્હમજાવવા માટે ત્હમારા પંડિતોની જરૂર નથી તપ એટલે exertion, શ્રમ, પોતાના મનને શ્રમમાં ઉતારવાની ક્રિયા મનને શ્રમમાં ઉતારવા માટે શરીરને શ્રમમાં ઉતારવાની ક્રિયાથી શરૂઆત કરવી પડે, તેથી શારીરિક તેમજ માનસિક બન્ને શ્રમોને 'તપ' કહેવાય. ઉપવાસ એ શારીરિક તપ; મનન આદિ એ માનસિક તપ"

"વચ્ચે બોલવા માટે મ્હને માફ કરશો, મિ. શૉ! પણ અમારાં શાસ્ત્રોએ એ જ કહ્યુ છે અને વળી વિશેષમાં કહ્યુ છે કે શારીરિક તપ કરતા માનસિક તપનું ફળ ક્રોડાગુણું વધારે,— જો કે અમારા લોકો શારીરિક તપ સિવાય બીજી કોઈ ચીજ હયાતી ધરાવતી હશે એટલુ ય માનતા નથી અને અનેક પ્રકારના અનશન (ઉપવાસ) કર્યા કરે છે તથા ઉપવાસ કરવો એ માન-ભર્યું ગણાય છે."

"'પ્રેરિત ક્રિયા'માં એમ જ હોય. હવે ચાલો 'સંયમ' પર. મનની સઘળી વૃત્તિઓને–સઘળાં કિરણોને–એકઠા કરી **દાબવાં** અને કોઇ પણ ધ્યેય (goal લક્ષ્ય) પર એ શક્તિવડે પોતાના 'ભાન'ને ઉડાડવાની તૈયારીમાં રહેવું, એ 'સંયમ.' અંગ્રેજીમાં એને Self-control વ્યવહારૂ રીતે કહી શકાય, અને ત્હાં Self એ મનના અર્થમાં છે, આત્માના નહિ."

"એ જ મતલબનું અમારાં **જૈન**શાસ્ત્રો કહે છે, પણ અમે તો આજે સાધુ આશ્રમમાં જોડાવુ એને જ સંયમ કે સંજમ લીધો કહીએ છીએ!"

"હવે ચાલો 'ધ્યાન' પર સંયમક્રિયા વડે એકઠી કરી દાબી રાખેલી મનોશક્તિ વડે પોતાના ભાનને ધ્યેય અથવા લક્ષ્યની દિશામાં–તોપના ગોળાની માફક–ધકેલવુ, એનુ નામ ધ્યાન. બીજા શબ્દોમાં, ધ્યાન એટલે Action of *Will* upon the *Goal.*"

"એ તો બરાબર **સ્હમજ્યો** મિ. **શૉ**! પણ એ સ્હમજથી મોક્ષ અહી કે દૂર છે ત્હેનો નિર્ણય કેમ થઇ શકે?"

"**નિર્ણય** જ શું કરવા, **અનુભવ** થવો જોઇએ. નિર્ણય કાંઈ 'અનુભવ' નથી, એ તો બુદ્ધિનું કાર્ય છે."

"પણ હુ તો બુદ્ધિના નિર્ણયથી ય સંતોષ પકડીશ"

"ઠીક છે. Let us see. ભલા મોક્ષ આત્મા**માં** કે આત્મા**ની બહાર**?"

"આત્મામા."

"ત્હમારો આત્મા **હમણાં** ત્હમારા આ શરીરમાં હશે કે ક્યાંઈ બીજે સ્થાને?"

"આ શરીરમા જ."

"કાલે આપણે બુદ્ધની ગુફા જોવા ગયા ત્હારે તે વખતે ત્હમારો આત્મા ક્યહાં હતો ?"

"આ શરીરમાં જ."

"થોડા વખત પછી આપણે સમુદ્રમાં ફરવા જવાના છીએ તે વખતે તે આત્મા ક્યહાં હશે ?"

"આ શરીરમાં જ."

"સ્ત્રીની સોડમાં સૂતા હોછો ત્હારે અને સાધુનો સત્સંગ કરતા હો છો ત્હારે તે આત્મા ક્યહાં હોય છે ?"

"આ શરીરમાં જ."

"વારૂ, અને ત્હમે જ વળી કહો છો કે મુક્તિ આત્મામાં છે, આત્માની બહાર નહિ, ખરૂં કે ?"

"જી, હા."

"ત્હારે મુક્તિ આ શરીરમાં અત્યારે છે, કાલે **હતી** અને આવતી કાલે **હશે.** આત્માને છોડીને તે ક્યાંઇ જઇ **શકતી** નથી અને આત્માનું ઘર—આ શરીર—જ્યહાં જ્યહાં જે જે કાળે જાય ત્યહાં ત્યહાં અને તે તે કાળે મુક્તિ સાથે જ છે."

"ઓ...હ ! ત્હારે તો તે મ્હારાથી દૂર હતી જ નહિ,—ફક્ત મ્હારાથી દૂર **માની** હતી !"

"થોભો નહિ. 'મ્હારાથી' એ શબ્દ વડે ત્હમે શું કહેવા માગો છો તે વિચારો."

"મ્હારા હમણાં ચાલતા 'ભાન'થી. હમણાંનું ભાન વાત કરવામાં છે. કોઇ વખતે ભાન દૃશ્ય જોવામાં હોય છે."

"એટલે કે—જે કાળે જે ચીજમાં—સ્થૂલમાં કે સૂક્ષ્મમાં—પદાર્થ કે વિચારમાં—ત્હમારૂં ભાન વર્તે છે તે કાળે તે **ભાન તે જ 'હું' એમ ત્હમે માનતા રહ્યા છો.**"

"એમ જ."

"હવે જરા આંખો બંધ કરી શાન્ત બેસી રહો. હલન-ચલન ક્રિયા બંધ કરો. કાનને અવાજ ઝીલવાની મના કરો... હં ઠીક '**તપ**' કર્યો...હવે '**સંયમ**' કરો. મનની સઘળી વૃત્તિઓને પાછી ખેંચી એકત્ર કરી દબાવો. દબાવ્યે જાઓ ત્હમારી અંતઃકરણની તોપ બરાબર તૈયાર થઇ છેઃ એમાંથી ત્હમારા ભાનરૂપી ગોળાને ફેંકવો છેઃ દૂરઃ બહુ દૂર ફેંકવો છે. **ક્યા ધ્યેય પર** ફેંકશો? મોક્ષસ્થાન પર, કે જે આકાશમાં—ઘણે દૂર—એક પહાડના સુઇની અણી જેટલા બારીક શિખર પર છે. ધ્યેય ચોક્કસ કર્યું છે માટે વચ્ચે થોભવાનુ નથી તે તો નિશ્ચય જ હોવો જોઈએ કવચિત્ ત્હમારી તોપ એટલી તેજ (powerful) ન હોય કે જેથી એક જ ભડાકે ગોળાને લક્ષ્ય-સ્થાન સુધી ફેંકી શકે, તો વચ્ચે—આકાશમા—ગોળાને ક્ષણભર પડવા દઇ ફરી તોપ ફોડજો સ્હમજી ગયા?...Ready!... એક, બે, ત્રણ!. દાબી રાખેલો તોપનો આંકડો છોડી દો! 'ભાન'ના ગોળાને આકાશમાં ઉડવા દો!...કેટલે દૂર પહોંચ્યો તે?.. ફિકર નહિ, ફરી તોપ ફોડો ક્ષણભરની 'રાહત' બસ છે... એક, બે, ત્રણ!.. ગોળો ઉડયો? ઠેઠ પહાડની ટોચ સુધી? અને ત્હેનાથી અથડાઈ ફાટયો? ફાટવો જ જોઇએ, કારણ કે તે કાઇ 'આકાશ' નહોતુ પણ પહાડ સાથે જોરથી અથડાતુ હતુ ફાટવા દો. ત્હ્યા મુક્તિ સિવાય બીજુ કાઇ કે કાંઇ નથી તેથી

* The *elation* felt by the success of Will-to-power over the desired object, physical or mental, which elation is independent of *pleasure* or *pain*.

ફાટીને ત્યહાં જ ભળશે, સંયુક્ત થશેઃ એમ જ થયું ને?...પણ હવે મ્હને કોણ કહી શકે કે મુક્તિ નામના ત્હમારા ધ્યેય પર પડી ત્હેનાથી એકાકાર થતાં ત્હમે જૈનશાસ્ત્રમાં કહેલી **સુખ તેમજ દુઃખ બન્નેથી-અનોખી** કોઈ ઓર જ 'લહેજત'* અનુભવો છો કે કેમ? ધ્યાતા રૂપ 'ત્હમે' અને 'ધ્યેય' રૂપ મુક્તિ બન્ને અદશ્ય થઇને માત્ર 'લહેજત'માં સમાઇ ગયા હશો કે કેમ તે મ્હને કોણ કહી શકે? ..આહ, પણ હુ ત્હમારૂ અહીં પડેલું શરીર હીલતું જોઉ છું. ત્હમારી આંખો ખુલતી દેખાય છે. હવે તો ત્હમે મ્હને કાંઇક કહી શકશો વારૂ કહો જોઉં કે ત્હમારૂં ભાન ક્યહાં હતુ?"

"મુક્તિમાં."

"થોડી મિનિટ પહેલા ત્હમારૂં ભાન મુક્તિમા નહોતું અને હમણાં પણ મુક્તિમા નથી—જો કે મધ્યકાળે તે મુક્તિમાં હતું એનો અર્થ શું?"

"એ જ કે મુક્તિ મ્હારામાં જ હતી, છે અને રહેશે, પણ **ભાન** એનાથી જૂદુ પડે ત્યહારે અને તેટલો વખત મુક્તિ મ્હારામાં નથી એમ **બુદ્ધિ** બોલે છે. **મુક્તિ**ની ગેરહાજરીમાં જ બુદ્ધિ બોલે છે અને ત્હેને તો તે ઘણીજ દૂરની—ક્રોડોમાઇલ દૂરની—કાલ્પનિક ચીજ જેવી લાગે છે,—જો કે 'મ્હને' ખાત્રી છે કે મુક્તિ અનુભવ છે અને તે મ્હારી અંદર જ સદા રહે છે."

"ત્યહારે 'ત્હમે' અનુભવ્યુ તે ત્હમારી જ બુદ્ધિના કથનથી જૂદું પડ્યુ—જૂઠું પડ્યું! હવે કહો કે શાસ્ત્રકારે શાસ્ત્ર લખ્યાં તે બુદ્ધિના સામ્રાજ્યમાં રહેનારાઓ માટે કે 'અનુભવી' માટે?"

"બુદ્ધિના સામ્રાજ્યમાં રહેનારાઓ માટે; અને તેથી 'મુક્તિ અતિ દૂર' કહેવી જ પડે! પણ મ્હને તો આપે પ્ર-

થમ વિચારણાથી **સંભવ** સાબીત કરી બતાવ્યો અને પછી ધ્યાનથી **અનુભવ** કરાવ્યો કે મુક્તિ મ્હારી અંદર છે. હવે સવાલ માત્ર એટલો જ રહ્યો કે થોડા વખતને માટે—ધ્યાન કાળે—હું મુક્તિરૂપ અર્થાત્ મુક્ત હતો તેમ વધુ લાંબો વખત —સઘળો વખત—મુક્ત થવું શક્ય હશે કે નહિ ? ”

“ ધ્યાનાવસ્થામાં જે સ્થિતિ હતી તે યાદ કરી જોવાથી આ પ્રશ્નનો ઉત્તર મળી રહેશે ‘ સ્થૂલ ’ તેમજ ‘ સૂક્ષ્મ ’ બન્નેનુ ભાન ત્યહાં નહોતું; ન્હોતી દેખાતી દેહ કે દુનિયા, ન્હોતાં વિચાર કે લાગણી વિચારો અને લાગણીઓને જેટલો વખત દાબી શકો—વગર ધ્યાને, માત્ર **પ્રૅક્ટીસથી**—તેટલો વખત મુક્તિ અનુભવી શકો છો,—અને તે પણ શારીરિક ક્રિયા—પ્રતિક્રિયા ચાલતી હોવા છતાં. સઘળો આધાર ‘ પ્રૅક્ટીસ ’પર—ધ્યાનના **મહાવરાપર**—છે. ”

“ એટલે કે જેમ પ્રૅક્ટીસ **લાંબા કાળની** તેમ Will વધુ પ્રબળ થાય, અને જ્ઞાનતંતુ (nerves) Will મય—લોખંડી—બને અને ત્હેને પરિણામે પોતાથી થતી દરેક ક્રિયા તેમજ પોતા પર થતી દરેક ક્રિયા વગરપ્રયત્ને સહન થાય અને રૂવાડું પણ ફરકે નહિ ક્રિયા—પ્રતિક્રિયા વચ્ચે પણ સ્વાભાવિક આનંદ બન્યો રહે. એવા મનુષ્યથી થતી દરેક ક્રિયા **મધ્યસ્થ શક્તિથી ઝરતી** હોઇ પ્રકાશમય અને નૃત્યમય હોય ”

“ હા, અને એ જ Will જીવન જીવવામા કામ લાગે,—‘ શાહી ’ જીવન જીવવામા, જયવંતુ જીવન જીવવામા, **જૈન-જીવન** જીવવામા ”

‘ ઓહો ! ત્હારે તો જૈન એ કોઇ ફૅન્સી નામમાત્ર નથી, પણ Will અથવા ઇચ્છાશક્તિના ભંડોળપરના સીક્કાનુ નામ છે ! અને તેથી જ **જૈનધર્મને** ‘ ક્ષત્રિયોનો ધર્મ ’ અથવા ‘ વીરોની **પ્રકૃતિ** ’ કહેવામાં આવે છે ”

" અને તે શક્તિ દેહ અને દુનિયાના (બધા પદાર્થો તથા મનુષ્યો )થી બેપરવાહી કેળવવાની તાલીમદ્વારા જ પ્રકટી શકે,—અન્ય કોઇ રસ્તે નહિ. **जय** ની જ પરવાહ, અન્ય કશાની નહિ, અન્ય સર્વ ચીજો કે મનુષ્યો પર તિરસ્કાર ન હોય તેમ ત્હેમની પૂજા ય ન હોય. **जैनत्व** એટલે જ વિજિગીષા, Will–to–Power. આરામપ્રેમીમાં "જૈનત્વ' સંભવે જ નહિ ચીજના મોહમાં રહેનારને પણ તે ન સંભવે. પૂરી કિંમત ભર્યા વગર **जय** મેળવવા ઇચ્છનારમાં મૂળે જ જૈનત્વની યોગ્યતા નથી. કિંમત ભર્યા સિવાય અપાતી ચીજ લેનાર એ કોઈ 'વિજેતા' કે 'મેળવનાર' નથી–*subject* નથી, પણ સ્વીકારનાર ( recipient, *object* ) છે અને એ પ્રેરિત ક્રિયાને તાબે થવાથી તે પોતાના અંતઃકરણના મશીનને ઓર વધુ કમજોર બનાવે છે પંડિત તેજસ્વી ન દેખાતો હોય, વ્યાપારી ઉંચા શોખ વગરનો દેખાતો હોય, કોઇ લગ્ન મસ્તી વગરનું દેખાતું હોય, કોઇ દોસ્તી આફરીનપણા વગરની દેખાતી હોય, કોઇ લેખક ધૂન વગરનો દેખાતો હોય તો, સ્હમજો કે એ બધાં 'સસ્તી કિંમત'નાં કે 'વિના મૂલ્ય'નાં ફરજંદ છે ! એ બધાને 'શાહી ફરજંદ' અથવા જૈન બાલક બનતાં હજાર ભવ* જોઇએ ! "

" ઓહો, આપણે તો વગર સંકલ્પે પણ ક્રમશઃ 'જનતા'માંથી 'શ્રાવક' પર, શ્રાવકમાંથી 'જૈન'પર આવી ગયા અને જૈનત્વ કેમ પ્રકટાવાય તે પણ વિચારાઇગયું. આપણે જોઇ ગયા કે સાધુનું ધ્યેય 'વ્યક્તિ' બનાવવા પૂરતું—'જૈન' ઘડવા પૂરતું—હોય, અને—"

" મુક્તિ આપવા–અપાવવા પૂરતું નહિ શુ ? "

* હજાર અનુભવોમા પસાર થવું જોઇએ.

"નહિ જ; મુક્તિ તો **મેળવવાની** ચીજ છે,–નહિ કે **આપવાની** અર્થાત્ મુક્તિ એ 'જૈન'નું પોતાનું ધ્યેય છે અમારા **તીર્થંકર** શ્રી **મહાવીરે** એમના પરમભક્તિપરાયણ અને તે સાથેજ મહાપંડિત એવા મુખ્યશિષ્ય ( ગણધર ) શ્રી **ગૌત્તમ** જેવાને પણ મુક્તિ આપવા–અપાવવાનો દાવો કે ઈરાદો નહોતો કર્યો. તે શાસ્ત્રપંડિતમાં ત્હેમણે વ્યક્તિત્વ પ્રકટાવી આપ્યું અને તે પછી તે વ્યક્તિએ–પુરૂષાર્થથી–મોક્ષ મેળવ્યું આપે કહ્યું હતું કે વ્યક્તિત્વ પ્રકટાવીને પછી ગુરૂ અદૃશ્ય થાય,–અને **જૈન** શાસ્ત્રો **મહાવીરના** ઇતિહાસમાં પણ એમ જ કહે છે: **મહા-વીરનો** વિયોગ **ગૌત્તમને** કૈવલ્ય ઉપજાવે છે।"

"ત્હારે ત્હમારી ધર્મસંસ્થા ઘણી **પ્રમાણિક** તેમંજ **હિમતભરી**! એણે ઇશ્વરને પદભ્રષ્ટ કર્યો એટલુ જ નહિ પણ ગુરૂને પણ અમુક હદ સુધી જ રહેવા દીધો–'બેહદ'માં તો વ્યક્તિને એકલી જ ધકેલી!"

"વ્યક્તિ જીવતાં મુક્તિ મેળવે **પછી** એનુ 'ધ્યેય' શું હોઇ શકે?"

"ત્હમારાં શાસ્ત્રો શું કહે છે: હું ત્હેમના ઇસારા પરથી પ્રકાશ મેળવવા ચાહું છુ."

"તે તો કહે છે કે મુક્ત થયા પછી પાછા આવવાપણું જ નથી"

"બરાબર, તદ્દન સત્ય કહ્યુ. 'ધ્યેય'થી એકાકાર બની ચૂકેલું પાછુ **ભાન** ધ્યાતા બનતું જ નથી, ધ્યાતાની ભૂમિકા-પર આવતુ જ નથી, ઇચ્છાના પ્રદેશમા પુનર્જન્મ પામતું નથી, અર્થાત્ તેવો મનુષ્ય **સ્વસંતુષ્ટ** બને છે, એનું ચિત્ત **ભરપૂરતા** અનુભવે છે. તે Prince Plenty બને છે. તે શ્રીમંત હો વા નિર્ધન, રાજા હો વા વેચાયલો ગુલામ–પણ

તે સર્વ બાહ્ય સ્થિતિઓ વચ્ચે તત્ત્વવેત્તા છે: 'ભરપૂરતા'ના ભાનમાં છે: તે નાગો છતાં ઢાંકેલો છે, ભિક્ષુક છતાં મહારાજ છે, ગુલામ તરીકે વેચાવા છતાં ખરીદનારનો ય સ્વામી છે; **તે** '**દિગમ્બર**' છે: 'ભલી' અને 'બુરી' લાગણીઓ માત્રને વટાવી ગયેલો 'ચિદ્‌ઘનાનંદ' છે".

"એ તો અમારા જૈનધર્મના **દિગમ્બર** નામના ફિરકાના નાગા–જંગલમાં ફરતા–યાચનારહિત સાધુનું વર્ણન આપ કરી બેઠા."

"સ્વાભાવિક વિચારણા જ ત્હાં દોરી જાય છે, મિ. **પાતક**! અને **દિગમ્બર** ફીરકો જો આ જાતના સાધુને 'આદર્શ' માનતો હોય તો સ્હમજો કે એ **વિકાસ ક્રમની છેલ્લી ભૂમિકા** છે, સત્વ ગુણને પણ વટાવી ગયેલા પુરૂષશ્રેષ્ઠનું એ ચિત્ર છે. 'જૈનશાસન'નો એ 'રાજા' સ્હમજો, કે જેની પાસેથી 'શ્વેતામ્બર સાધુ' (સત્વ ગુણવાળી વ્યક્તિ) પ્રેરણા ઝીલે અને પછી શાસનકાર્ય પોતે કરે. એ શાસનકાર્યમાં 'સાધુ' 'શ્રાવક'ને સિપાઈ કે શસ્ત્ર કે મુડી તરીકે વાપરે, અને શ્રાવક પોતાનો એ રીતે ઉપયોગ કરાવવામાં **ખુશી** હોય, કારણ કે એ ઐચ્છિક તાબેદારી છે, નહિ કે ફરજ્યાત અથવા કોઇએ જુલમથી નાખેલી ગુલામી. ઐચ્છિક તાબેદારી તો પોતાને ઉંચો અર્થ આપવા માટેની ક્રિયા છે એ 'ગતિ' છે—પ્રેરિત ગતિ નથી એ તો Discipline ની ખરીદી છે–કિંમત ભરીને થતો સોદો છે! એ તાબેદારી હોવા છતાં એ તાબેદારમાં ખાંડી મીજાજ હોય, ખુમારી હોય,–એક સર્વોપરી ગવ્હર્નમૅન્ટનું અંગ હોવા માટે!"

"સેવક (Servant) છતાં ખુમારી કેવી રીતે આવતી હશે?"

"કોઇ પણ ગવ્હર્નમૅન્ટના બાર-પંદર રૂપિયાના પગારદાર સિપાઈનું અવલોકન કરો: એના મગજમાં કેટલી ખુમારી હોય છે! ગમે તેવા મ્હોટા માણસને તે રસ્તા વચ્ચે નિડરતાથી અને રૂઆબથી રોકી શકશે. હવે એ 'નોકર' ને પૂછો કે એ ખુમારી એનામાં ક્યહાંથી આવી? શું કાળો ડગલો ને ડંડુકો ધારણ કરવા માત્રથી તેમ બન્યું? 'સરકારનું અંગ છું' એવા ભાન-સદૈવ વર્ત્તતા એવા ભાન-માંથી જ એ ખુમારી પ્રકટી હતી-જો કે એ પોતે તો કોઈ ચીજ નથી અને 'સરકારનું અંગ' તે કેમ બની શક્યો? પ્રથમ તો તેણે પોતાના શરીરને કસાયલું અને નિરોગી બનાવ્યું. પછી સરકારના એક અંગ-પોલીસ સુપ્રીન્ટેન્ડન્ટ-પાસે જઈ ઘટતી 'તાલીમ' (training) લીધી. શહેરીઓએ પરસ્પરના વ્યવહારમાં જે અમુક નિયમોનું પાલન કરવું જોઈએ ત્હેમાંના કોઈ નિયમનો ભંગ કોઇ સ્થળે થવા પામે તો આખા શહેરની નિયમિત ગતિમાં ખલેલ પડે તે અટકાવવા સરકારના નામથી અને સરકારના સાધનોથી પોલીસે અમુક રીતે ડખલગારી કરવી એવુ શિક્ષણ મેળવ્યું ડખલગીરી કરતી વખતે પણ મર્યાદાનું ઉલ્લંઘન ન થઇ જાય એટલા માટે આત્મસંયમ (self-control) કેળવ્યો. પછી તેણે મેળવેલા જ્ઞાન અને કેળવેલા સંયમની ઉપરી અધિકારીએ પરીક્ષા (કસોટી) કરી. આટલું થયાં પછી જ એ પોલીસ અથવા 'સરકારી માણસ' બની શક્યો હતો અને ત્હારે જ એના હૃદયમાં 'ખુમારી' પ્રકટી હતી સમર્થ મિશનના અંગ તરીકે હોવાનું ભાન એ જ ખુમારીનું કારણ છે અને તે મિથ્યાભિમાન, ગર્વ, જોહુકમી ઇત્યાદિ વિકૃતિઓથી તદ્દન ભિન્ન-ઉલટી જ-ચીજ છે. જ્યહાં 'ખુમારી' નથી ત્યહાં જ મિથ્યાભિમાન આવી શકે ખુમારી તો 'ભાન' નો ગુણ છે, મિથ્યાભિમાન બાહ્ય પદાર્થોએ પ્રક્ષેપેલી ચીજ છે. ખુમારી

'સ્વભાવ' છે, મિથ્યાભિમાન 'વિભાવ' છે. અને એ ખુમારીની માત્રા અધિકારના પ્રમાણમાં વ્હડીઆતી હોય છે,–જો કે ઉચ્ચતર અધિકારીની ખુમારી સ્થૂલ પ્રકારની નહિ પણ સૂક્ષ્મ પ્રકારની હોય–**શાન્ત** ખુમારી હોય "

"અમે 'કહેવાતા જૈનો' તો 'ખુમારી'ને 'પાપ' માનીએ છીએ!"

"ખુમારી એ જ આત્માનું દશ્ય ચિન્હ છે. જેનામાં ખુમારી નથી ત્હેનામાં વ્યક્તિત્વ જ નથી, સ્વમાન નથી, પોતાપણું નથી. તે તો નિર્જીવ ખોળીઉં છે, 'માટી' છે. તેવો માણસ કોઇ પણ જાતનો 'નિશ્ચય' ન કરી શકે, મિત્રતા કે શત્રુતા ન કરી શકે, વિવેક ( discrimination ) ન કરી શકે, **રળી** ન શકે કે **છોડી** ન શકે,–કારણ કે આ બધી ક્રિયાઓમાં ક્રિયા **કરનાર** એવા નક્કર 'હુ'નુ હોવાપણું* છે. જ્યહાં 'હુ' નથી ત્યહાં **કરવાપણુ** કેવુ? એ તો 'કરાવાપણું' છે. છતાં એવા મનુષ્ય પાસે કવચિત્ ધન, સ્ત્રી, પદ્વિ, ઇજ્જત જોવામાં આવે તો સ્હમજવુ કે એ એની 'પ્રાપ્તિ' નથી પણ અકસ્માત્ રૂપ વંટોળે એના ઉપર ફેકેલી ચીજો છે. એ ફેંકાયલી ચીજો એ નિર્બળને ઉલટો વધારે નિર્બળ બનાવશે, ચગદી મારશે. ત્હમને ખબર હશે કે પશુપતિ સિંહ પોતાનો ભક્ષ પોતે જ મેળવે છે "

"અને પુરૂષસિંહ **મહાવીરે** પણ પોતાનો ભક્ષ પોતે જ મેળવ્યો હતો–સાડા બાર વર્ષનો 'તપ' અથવા પુરૂષાર્થ કરીને. એમણે એમના પહેલાંના **તીર્થંકરના** ગણધર જેવા પુરૂષની

---

* એને જ શાસ્ત્રીય પરિભાષામા 'અહં'કાર–Self કહે છે. આત્માનું પ્રાકટ્ય પ્રથમ 'અહં'કારમા થાય અને ત્યહાથી પછી ચિત્ત, બુદ્ધિ, મનમાં તે પ્રકટે. આત્મા આ 'કરનાર હુ' થી પર છે: તેથી જ તે અક્રિય છે, દૃષ્ટામાત્ર છે.

પણ સહાય ન સ્વીકારતાં—પોતે જ પોતાના ગુરૂ બની—મુક્તિરૂપી ભક્ષ મેળવી લીધો હતો એમનામાં એટલી હદની ખુમારી હતી કે એક વખત એક ગોવાળ ('ગાયો' ચારનાર, ધર્મગુરૂ) એમને ત્રાસ કરવા લાગ્યો ત્યારે દેવોનો રાજા ઈંદ્ર વજ્ર સહિત મદદે દોડી આવ્યો તે વખતે મહાવીરે એને અટકાવીને કહ્યું કે 'મદદ કોણ—કોને—કરી શકે તે બાબતનો વિવેક શિખ અને ભક્તિની ઇચ્છા છતાં અપમાન કરનાર ના થઈ પડ! મ્હને મ્હારા પર ગુજરતી ઘટનાની લહેજત લૂટવા એકલો જ રહેવા દે!" અને ઈન્દ્ર—ભક્તિરૂપી ઝવેરાતથી લધાયલો એ મ્હોટો ખચ્ચર—વીલે મુખડે વિદાય થયો! એથી ય વધુ ખુમારી મહાવીરમા હોવાનો પુરાવો શાસ્ત્રીય નોંધમાંથી એ મળે છે કે 'તેઓ ઉદ્દીરણા* કરતા' અર્થાત્ સંકટોને ટાળવા કે સહન કરવાથી સંતુષ્ટ ન થતાં સંકટોને આવ્હાહન કરતા, બોલાવતા!"

"મિ પાતક! ત્હમારાં શાસ્ત્રની આ કથાએ મ્હારા એક છૂપા પ્રશ્નનો ખુલાસો કરી નાખ્યો મુક્ત પુરૂષ કાંઈ પણ ધ્યેય વગરનો—સુકાન વગરનો—હોય તો પછી એ જીવી કેમ શકે એવો એક પ્રશ્ન મ્હને મુંઝવી રહ્યો હતો, પણ મહાવીરના

* ઉદ્દીરણા—હાકલે, શ્રમ અથવા સંકટને આમંત્રણ. 'જનતા' શ્રમ અથવા સંકટના ખ્યાલમાત્રથી પણ ડરી જાય અને સંકટ આવ્યે દબાઈ જાય; 'શ્રાવક' આવેલા સંકટને સહી લેવા પ્રયત્ન કરે; 'સાધુ' કે 'જૈન' સંકટ સ્હામે—દ્વેષની લાગણી વગર જ—ક્ષત્રિય માફક આનંદપૂર્વક લડે; અને 'દિગમ્બર' અથવા તત્ત્વવેત્તા સંકટને આમંત્રે! આ ભેદો નીતિવિષયક નથી: પ્રત્યેકની શક્તિને લીધે છે. 'આશા' અને 'ભય'ને ચિત્તમાંથી સમૂળ બાળી નાખવા માટે જ 'ઉદ્દીરણા' કરાતી હોય. હિંદ શોધવા નીકળનાર કોલમ્બસ અને યુરપ-અમેરિકાને યુદ્ધનો પડકાર કરનાર કૈસર : એમનાં એ કૃત્ય 'ઉદ્દીરણા'રૂપ જ ગણાય.

જીવન નિમિત્તે કરાયલા ઉક્ત ઇસારાથી મ્હારૂં સમાધાન થઇ ગયું. અત્યાર આગમચ હું આ પ્રશ્નનો વિચાર મ્હારી પોતાની ભૂમિકા પર રહીને કરતો હતો અને તેથી સાચા જવાબની નજદીકમાં પહોંચવાને બદલે તદ્દન ખોટી કલ્પનાઓ જ પામતો હતો અને ભયભીત થતો હતો. હવે એ હમેશની મ્હારી ભૂમિ–અભ્યાસ કે મહાવરા–ને ઘડીભર દાબી, ઉંચા ભાનમાં ચ્હડી, એવા સુકાન વગરના પુરૂષની સ્થિતિમાં ઉછળી, ત્ય્હાંથી જોઉં છું તો એ સ્થિતિમાં કાંઇ જ ભયંકર લાગતુ નથી. હું કલ્પી શકું છું કે એક નિર્દોષ બાળક જેમ હસતે મુખે કાળા નાગને પકડે કે એનાથી ક્રિયા–પ્રતિક્રિયા રૂપ ખેલ કરે, તેમ સુકાન વગરનો નિર્દોષ દિગમ્બર અથવા તત્ત્વવેત્તા જીવનનાગ સાથે હસતે મુખે ખેલે એનો અર્થ એવો પણ નથી કે બાળક નાગથી મરતો નથી કે તત્ત્વવેત્તા જીવનનાગની કોઇ ક્રિયાથી મરતો નથી. ' મ્હારે જીવવુ છે ' એવી અને ' રખે મ્હારે મરવું પડે ' એવી જે બે પ્રકારની ઉંડી વૃત્તિ ( instincts ) આપણામાં છે અને જેને આપણે ' આશા ' અને ' ભય ' નામથી ઓળખીએ છીએ તે નથી તે બાળકમાં અને નથી તે તત્ત્વવેત્તામાં,–અને તેથી એ બન્નેને ' મૃત્યુનો ડંખ ' નથી. બાળક તેમજ તત્વવેત્તો બન્નેનું વર્ત્તન આશય વગરનું–સહજા સહજ (instinetive) હોઈ એકની તહેનાતમાં માતા અને બીજાની તહેનાતમાં ખુદ સમષ્ટિ–વિશ્વયોજના–સતત ખડે પગે ઉભી હોય છે. એકને **અજાણતાં** જ માતામાં વિશ્વાસ છે, બીજાને અજાણતાં જ સમષ્ટિમાં વિશ્વાસ છે. અને એ આ બન્નેની આ ચોક્કસ પ્રકૃતિ જ છે કે જેના કારણથી એક વડે ચોકસ ઘર સ્વર્ગ સમું બને છે અને બીજા વડે જગત સ્વર્ગ સમું બને છે, –જો કે બન્ને ' ઘર ' ના અને ' જગત ' ના જબરા ' જુલમગાર ' ( tyrants ) પણ છે ! "

"મિ. શો! બાળકની વાત **માતા** સિવાય કોઇ સ્હમજી શકે નહિ તેમ શું તત્ત્વજ્ઞાનીની વાત દુનિયા નહિ જ સ્હમજી શકતી હોય ?"

"નહિ જ. અને એમાં નથી દોષ દુનિયાનો કે નથી દોષ તત્ત્વજ્ઞાનીનો દુનિયા અથવા જનતા જો બાળકરૂપ તત્ત્વજ્ઞાનીની 'માતા' બની શકે તો તો એના ભાવને બરાબર સ્પર્શી શકે. પણ હરકોઇને લાતો મારતું, હરકોઇના વાળ કે નાક 'ખેંચતું, હરકોઇ કે હરકાંઇ પર 'પેશાબ' કરી બેસતું નિર્દોષ પણ રંજાડનારી પ્રકૃતિ ધરાવતું બાળક માતા સિવાય બીજા કોઇને પાલવે કેમ? અને પાલવે જ નહિ તો એક બીજાનો નિરંતર સહવાસ અને સહવાસથી સ્વાભાવિક રીતે થતું એક બીજાના ભાવોનું જ્ઞાન કેવી રીતે સભવે? તેથી એ સ્વાભાવિક જ છે કે તત્ત્વજ્ઞાનીને દુનિયા સ્હમજી શકે નહિ, માત્ર સાત્વિક ગુણવાળો પુરૂષ—જેને શાસ્ત્રીય પરિભાષામાં 'શ્વેતામ્બર જૈન સાધુ' કહ્યો છે એવો કોઇ પુરૂપ—જ એને સ્હમજી શકે, કારણ કે સત્વગુણને લીધે તે તત્ત્વજ્ઞાનીની રંજાડ રૂપ બાહ્ય ક્રિયાને બાદ કરીને એનું અંદરનું સ્વરૂપ જ જુએ છે અને ત્હેની 'નોંધ' કરી એ વડે 'શ્રાવક વર્ગ' માટે 'શાસ્ત્રો' રચે છે. **તત્ત્વવેત્તા કાંઈ શાસ્ત્ર ન રચે કે કાંઇ શાસનકાર્ય ન કરે: એ તો માત્ર સ્વાભાવિક જીવન જીવે અને તેનું જીવન તત્ત્વજ્ઞાનના સિદ્ધાંત તરીકે 'શ્વેતામ્બર સાધુ'માં પ્રતિબિંબિત થાય, અને તે પછી તે સિદ્ધાન્તોને વિકાસશ્રેણિ તરીકે** ગોઠવે અને ભિન્ન ભિન્ન ભૂમિકાના મનુષ્યો માટે ભિન્ન ભિન્ન 'ધ્યેય' રચે, ભિન્નભિન્ન ઈલાજ રચે, ભિન્નભિન્ન **માન્યતાઓ** રચે, અને એ સર્વ ભિન્નભિન્ન ભૂમિકાના મનુષ્યોનું એક 'શાસન' (Government, Hierarchy) રચે"

" હું સ્હમજ્યો, મિ. **શૉ** ! 'ધર્મશાસન' સ્થાપવામાં ત્રણ તત્ત્વો મૂળમાં જોઇએ: (૧) એક 'દિગમ્બર'–તત્ત્વવેત્તા–ભલા-બુરા આશયોને વટાવી ગયેલો સુકાનવગરનો પુરૂષ (૨) તત્ત્વવેત્તાના 'જીવન' ને વાંચવાની શક્તિ ધરાવતો, સત્ત્વગુણી હોઈ બીજાઓના વિકાસની જોખમદારી પોતાના શિરપર લેવાને ઉત્સુક એવો, અને તત્ત્વજ્ઞાની પાસેથી મળેલા 'ભાવો'ને **શ્રોતાના માનસની** ભૂમિકાએ પહોંચાડવાની 'કળા' જાણનારો અર્થાત્ 'નગ્ન સત્ય'ને વિવિધ શ્રેણિના 'વ્યવહાર સત્ય' તરીકે પલટાવવાની બુદ્ધિ ધરાવતો પુરૂષ અથવા 'શ્વેતામ્બર જૈન સાધુ' અને (૩) 'માટી' રૂપ 'જનતા'માંથી છૂટો પડી 'વ્યક્તિ' બનવાની તિવ્ર ઉત્કંઠાથી ઘડતર ક્રિયા માંગવા નીકળેલો જિજ્ઞાસુ અથવા 'શ્રાવક' આ ત્રણ–ખરા અર્થમાં–હયાતીમાં હોય તો જ એક ખરા અર્થનું 'જૈનશાસન' અથવા 'વિજયવંતી વિકાસ યોજના' હયાતીમાં આવી શકે."

" અને જો 'શ્વેતામ્બર સાધુ' મુદ્દલ રહેવા ન પામે, અગર તે નિશ્ચય સત્ય તેમજ નિરંતર બદલાતા વ્યવહાર સત્ય બન્નેને જાણનારો **તેમજ** બન્નેનો **ઉપયોગ** કરનારો ન હોય, અગર જો એ જિજ્ઞાસુ અથવા શ્રાવક મળી આવે ત્હાં સુધી રાહ જોવાને બદલે જનતારૂપ કાચી માટી પર ઘડતર ક્રિયા કરવાના મોહમાં પડે તો,–એટલા સંજોગોમાં—'શાસન'ની હયાતી બંધ થાય,–'શાસન' નો 'પડછાયો' ભલે રહી જાય ! ને 'શાસનનો પડછાયો' એટલેજ 'ધાંધળીઆઓની ટોળકી'!"

" આપે કહ્યું, મિ **શૉ** ! કે 'જનતા' અથવા 'કાચી માટી' પર ઘડતરપ્રયોગ આદરે એ 'સાધુ' નહિ, એ તદ્દન ખરૂં લાગે છે,–વર્તમાન પરિસ્થિતિઓ પરથી. વર્તમાનમાં ચાલતા જૈન ઝગડામાં સાધુઓ શ્રાવકોનો દોષ કઢાડે છે અને

શ્રાવકો સાધુઓનો દોષ કહાડે છે હવે સ્હમજાય છે કે આખ્ખો 'સોદો' જ ખોટો છેઃ 'કાચી માટી' ને 'શ્રાવક' માની લીધા છે અને એના સ્થૂલપર જેમતેમ ટપલા મારવાના સ્વેચ્છાચારને 'સાધુપણું' માની લીધું છે. સાધુ કહેવાતાઓએ શાસ્ત્રોને ત્રીજા નેત્રથી વાંચ્યા હોત તો તેઓને મનુષ્યપ્રકૃતિનું જ્ઞાન અવશ્ય થયુ હોત અને કયા પદાર્થપર ક્યારે તથા કેવી રીતે શકિત ખર્ચવી એનો વિવેક અવશ્ય તેઓમાં પ્રકટયો હોત. અને એમ થયું હોત તો 'શ્રાવકો'નો દોષ કહાડવાનો પ્રસંગ જ ન આવત! અને શ્રાવકો જો ખરેખર 'શ્રાવક' જ હોત તો—પોતાના વિકાસના જ ગરજાઉ હોત તો—વિકાસમાં મદદગાર થવાને બદલે 'ધમાલ' માં રોકી રાખનાર દરેક સાધુનામધારીને પોતાના 'ઘર' માંથી હાથ ખેચીને દૂર કરત,–કાંઇપણ ધાંધળ કર્યા સિવાય જ. 'ખોટના વ્યાપાર' કોઈને ન પાલવવા જોઇએ,–'સાધુ'ને કે 'શ્રાવક'ને. 'શ્રાવક'નો વિચાર કરતાં મ્હને એક પ્રસંગ યાદ આવે છે. એક દિવસ મ્હને મ્હારો પોતાનો 'ચહેરો' જોવાની ઇચ્છા થઇ. મ્હારે તે માટે **ચાહી ચાલીને** ફૉટોગ્રાફરને ત્હાં જવુ પડયુ જવા પહેલાં, સારામાં સારો ફૉટોગ્રાફર કોણ હશે એ બાબતમા ઘણા મિત્રોને પૂછ્યુ હતુ અને ત્હેની ફી પણ પૂછી લીધી હતી. અને મ્હારા ખિસ્સામાં પાંચ રૂપિયા પણ નાખી લીધા હતા! ફૉટોગ્રાફરને ઘેર પહોંચ્યા બાદ એના **બહારના** ખંડમાં મ્હારે એક કલાક બેસી રહેવુ પડયું. છબી લેવાના ઓરડામા ગયા બાદ તેણે મ્હારા બાલ અને બુટન અને બદનને જેટલાં અડપલા કર્યાં તેટલાં મ્હારે સહવાં પડયાં છેવટે તેણે મ્હને શ્વાસોશ્વાસ રોકી, આંખોને તેણે બતાવ્રેલા નિશાન પર જ સ્થિર રાખી, નિર્જીવ પૂતળાની માફક બેસવા ફરજ પાડી. એ બધી 'શરતો' અદા થયા પછી તેણે એક મિનિટમા ફૉટો લીધો, જે મ્હને ત્રણ દિવસ

પછી જોવા મળ્યો ! અલબત હું મ્હારો અસલ ફોટો જોઇ ઘણોજ આનંદ પામ્યો, પણ ત્હેની કિંમત કાંઇ ઓછી આપવી પડી નહોતી ! એ **ગરજ**, એ **કિંમત** ભરવાની તત્પરતા, પોતાના **ભાવોને શાન્ત** પાડી અક્રિય બેસવાની એ યોગ્યતા અને પોતાપર **પૂરી** થયેલી ક્રિયાનું પણ **પરિણામ** જોવા માટે ત્રણ દિવસ થોભવાની **ધીરજ**: આ 'ગુણો' વગર જ જેઓ સાધુ-નામધારી પાસે ગયેલા તેઓને 'શ્રાવકપણું' ક્યહાંથી સાંપડે-તેઓને વ્યક્તિત્વ રૂપ પોતાનો ચહેરો જોવાનું ભાગ્ય ક્યહાંથી સાંપડે ? અથવા ખરૂં જ કહ્યું છે કે માટીને કુંભાર મળી રહે છે, અને આરસને શિલ્પી મળી રહે છે ! આ સાપેક્ષ (relative) દુનિયામાં બધું સાપેક્ષ જ છે."*

---

* શ્રાવક, સાધુ, શાસ્ત્ર : ત્રણેનો પાયો 'પ્રશ્ન' છે. 'પ્રશ્ન' જેના હૃદયમાં ઉદ્ભવ્યો તે 'શ્રાવક', 'પ્રશ્ન'ના ઉત્તરની શોધમાં તે જેની પાસે ગયો તે 'સાધુ'–અને પ્રશ્ન ઉત્તરની નોંધ તે 'શાસ્ત્ર'. જૈન શાસ્ત્રો ઘણે ભાગે સતો વચ્ચેના પ્રશ્નોત્તર રૂપે જ લખાયલાં છે. મતલબ કે ત્રણે 'સાપેક્ષ' છે. મૂળ ચીજ 'પ્રશ્ન' છે. રોગ પર જ ઇલાજ હોય અને પ્રશ્નપર જ ઉપદેશ હોય: ભૂખ પર જ ભોજન હોય. 'શ્રાવક'ને 'સાધુ' જ મળી રહે, તમાસબીનને તમાસગીર ( નાટકીઆ ) જ મળી રહે. જેવું અ દરથી માગે તેવું જ બહારથી મળે. તમાસબીનોની **જરૂરીઆતે** જ તમાસગીર ( નાટકીઆ ) ઉપજાવ્યા છે, 'શ્રાવક'ની **જરૂરીઆતે** જ 'સાધુ' ઉપજાવ્યા છે અને તત્ત્વવેત્તા તો 'જરૂરીઆત'ના રાજ્યથી પર વસે છે. વિષયી પુરૂષોની જરૂરીઆતે વેશ્યા ઉપજાવી છે, 'પ્રજા' (Pro-Creation )ની જરૂરીઆતે લગ્નસસ્થા તથા ગૃહસસ્થા તથા દાંપત્ય ધર્મને જન્મ આપ્યો છે, અને બ્રહ્મચારી તો વિષયી અને વેશ્યા, પતિ અને પત્ની ચારેના વાતાવરણથી દૂર વસતો હોય છે. એને મન બધુંય 'નાટક': એક ગંદું નાટક અને બીજુ ઉજળુ નાટક !

"હા, મિ. **પાતક** ! અને તેથી જ 'દિગમ્બર' અથવા તત્ત્વવેત્તા 'સાપેક્ષ દુનિયા'ને વટાવી જઈ તેથી અળગો–તેથી ઉપર –વસે છે. તે માત્ર સાત્વિક ગુણવાળી થોડીએક વ્યક્તિઓ પાસે પોતાના અનુભવો–તે પણ પોતાની ભાષામાં–ટુંકાક્ષરી ભાષામાં–બોલે. તે ના લખે શાસ્ત્ર કે ના કરે શાસન પણ એ જ વચનોને–એ જ 'નગ્ન સત્ય'ને–સાત્વિક ગુણવાળી થોડીએક વ્યક્તિઓ 'શાસ્ત્ર'રૂપે વિસ્તારે અને શાસન પણ એના જ બળ પર સ્થાપે. એટલું જ નહિ પણ 'લોકો' સમક્ષ બોલવાનું હોઈ તેણે એમ જ બોલવું પડે કે એ શાસ્ત્રો અને એ શાસન ખુદ દિગમ્બર મહાપુરૂષે–'**મહાવીરે**'–રચ્યાં હતાં. આપણે હમણાં 'શાસન'ના દરેક અંગની 'ખુમારી'ની વાત કરતા હતાઃ ખુદ 'શ્રાવક'માં પણ ખાંડી ખુમારી હોય એમ આપણે જોઇ ગયા, પણ સર્વોપરિ સત્તામા–'દિગમ્બર' માં–તત્ત્વવેત્તામાં તો સીમા વગરની ખુમારી હોય,–એટલી કે ત્હેના બે અનુયાયીઓ લડી મરતા હોય તો પણ તે તરફ નજર કરવા સરખી ય ત્હેને વૃત્તિ ન થાયઃ ત્હમે જ કહી ગયા કે **મહાવીરે** ત્હેમના શિષ્ય **ચેડા** રાજા વગેરે વચ્ચે મહાયુદ્ધ થયુ ત્યહારે તે તરફ જોવાની ય દરકાર કરી ન્હોતી"

"ખુમારીની વાત સાંભળતાં મ્હને યાદ આવે છે કે અમારાં મન્દિરોના દ્વાર પર સિંહની આકૃતિ રખાય છે અને અમારાં શાસ્ત્રોમાં જ્હાંને ત્હાં મહાપુરૂષોને 'પુરૂષસિંહ' કહ્યા છે! વળી 'દશવિકાલિક સૂત્ર' નામના અમારા શાસ્ત્રમાં સાધુએ ભોજન કેવી રીતે મેળવવું એ સંબંધી નિયમો કહેતાં કહ્યું છે કે તેણે ભિક્ષાવૃત્તિ કરતી વખતે, પણ સિંહની વૃત્તિ કાયમ રાખવીઃ ભિક્ષા કે જ્હેને લોકોએ હલકું કાર્ય માન્યું છે તે કરતી વખતે પણ **દીનતા** નહિ પણ **સિંહવૃત્તિ** રાખી શકે તે જ 'સાધુ.' રળવાની અશક્તિને લીધે ભીખ માંગે ત્હેનામાં સ્વભાવતઃ દીનતા

હોય, અને રળવાની 'જરૂરીઆત'ને વટાવી જઈ તૃપ્ત બનેલો મનુષ્ય ભિક્ષા માંગે તો હેનામાં સ્વભાવતઃ ખુમારી જ હોય. ખુમારી સાધુભિક્ષાની પહેલી શરત હોય,—એટલા માટે કે એની ગેરહાજરીમાં યાચકનું માનસ દાતાનું અધીન બની જાય. 'ઉપકાર' સ્વીકારનાર 'ઉપકાર' કરનારનો ગુલામ બને છે.—અને 'ગુલામ' થી સાધુપણાનું મિશન બજાવી શકાય જ નહિ. એનાથી શ્રોતાના માનસથી **ઉંચે ચ્હડી** એ પર છાપ મારી શકાય જ નહિ. તેથી જ તો, જૈનશાસ્ત્રમાં સાધુભિક્ષાને અગે કહેલા નિયમોમાં એક એવા પણ નિયમનો સમાવેશ કરવામાં આવ્યો છે કે તેણે કોઈ ચીજની **યાચના** કરવી નહિ, કોઈ ચીજ પોતા માટે ખાસ બનાવરાવવી કે ખરીદાવવી નહિ કે બનાવવા—ખરીદવા દેવી પણ નહિ ખુમારી જાળવવા માટે જ* આ નિયમો કરવા પડયા હતા અને વ્યવહારમાં પણ દરેક સરકાર ખુમારી વગર જીવી જ શકતી નથી અને ટૅક્ષ ઉઘરાવવામાં પણ દીનતા નહિ પણ ખુમારીથી જ કામ લેવાય છે".

" ત્હમે ઠીક યાદ કરાવ્યું, મિ **શા**! ટૅક્ષ અને સરકાર એ શબ્દો મ્હને 'જૈનશાસન' ની વ્યવસ્થા યાદ કરાવે છે કોઇ પણ દેશની સરકાર પ્રજા પાસેથી ફરજ્યાત લઇ શકે એવી ચીજ તો માત્ર ટૅક્ષ છે, અને યુદ્ધ જેવા અસાધારણ સંજોગોમાં કેટલાક પ્રજાજનોનાં શરીરને પણ કામમાં લઇ શકાય છે. આથી વધુ કોઈ સરકાર કોઇપણ સંજોગમાં લઇ શકતી નથી, અને લેવા યત્ન કરે તો પ્રજા બળવો કરે. કહો કે આટલું

* જો કે આજના જૈન સાધુઓ આ અને તમામ નિયમોનો જીવહિંસા સાથે સંબંધ બતાવે છે. ખરેખર તો પર—જીવની નહિ પણ પોતાની હિંસાથી બચવા માટે આ 'સર્વ' નિયમો છેઃ પોતાન માનસને વકતા કે બીમારી થવા ન પામે એટલા ખાતર—એ શ્રેષ્ઠ આશય ખાતર—સઘળા નિયમો છે. પરદયા કોઇ 'વસ્તુ' નથી

આપવામાં ય પ્રજાનો અજ્ઞાન ભાગ તો બળતો હોય છે અને ન છૂટકે આપતો હોય છે. પણ 'ધર્મ શાસન'માં તો દરેક મનુષ્ય પોતાની ઇચ્છાથી–ગરજથી–અંદરની દરકારથી–જોડાયલો હોઈ એ 'શાસન'ની વ્યવસ્થા માટે કરવાં પડતાં ખર્ચ તે ગમે તેવાં ભારે હોય તો પણ **પ્રસન્નતાપૂર્વક** અને પોતાને અગવડમાં મૂકીને પણ આપતો હોય, કારણ કે 'શાસન'ની હયાતી એ પોતાની હયાતી છે અને 'શાસન'ની દરેક પ્રવૃત્તિ એ પોતાની પ્રવૃત્તિ છે એવું **ભાન** ત્હેનામાં નિરંતર વર્ત્તતું હોય છે,–જ્યહારે દેશની સરકારની બાબતમાં તેમ હોતું નથી કોઇ પણ દેશની સરકાર પ્રજાની દરેક વ્યક્તિની ઇચ્છાથી આવેલી સરકાર નથી હોતી કાં તો એક બલવાન પ્રજા કોઈ નબળી પડેલી પ્રજાને બળજબરીથી દબાવી ત્હેના પર 'સરકાર' બની બેઠી હોય છે, અથવા તો એક સ્વતંત્ર દેશમાં થોડીએક પ્રપચી વ્યક્તિઓના છૂપા દાવપેચને પરિણામે બહુમતિ પામેલી એક 'પાર્ટી' સરકાર બની બેઠી હોય છે, તેથી—"

"તેથી બલવાન પક્ષ નિર્બળ પક્ષ પાસેથી દબાવીને જે કાંઇ મેળવે છે ત્હેનું નામ '**ટૅક્ષ**' અને જે 'શાસન'ની દરેક વ્યક્તિ સ્વેચ્છાપૂર્વક ત્હેમાં જોડાઇ હોય તે 'શાસન'ના જીવનને ટકાવી રાખવા અને વિસ્તારવા ત્હેનાં વિવિધ અંગો જે આપે તે '**ફાળો**' કહેવાય; અને તે 'ફાળો' 'શાસન'ની જીંદગી માટે હોવા છતાં અંગને પણ **પાછો** મળતો હોઇ એને 'પુણ્ય' કહેવામાં આવે છે."

"શું કહ્યું ? મિ. **પાતક** !...'પુણ્ય' એ શું ??"

---

સ્વદયાનો એ પડછાયો માત્ર છે. the student of any religions system must never lose sight of the fundamental Key viz to translate everything objective as subjective.

" **પુ** એટલે શુદ્ધ કરવું, પવિત્ર કરવું, નિરોગી કરવું, સુંદર કરવું, એ પરથી 'પુણ્ય' એટલે જે કરવાથી શરીર, મન, બુદ્ધિ, ચિત્ત એમાંના કોઇપણ અંગના વિકાર કે નબળાઇ દૂર થવા પામે તે."

" અને 'શાસન' ના આરોગ્ય અને આયુષ્યને જરૂરનું ન કરવામાં આવે અગર એને હાની પહોંચે એવું કાંઈ કરવામાં આવે ત્હેને શું કહે છે ?"

" એને શાસ્ત્રીય પરિભાષામાં–ધાર્મિક કાનુનમાં—**'પાપ'** કહે છે."

" અને વ્યક્તિ **પોતાને** નિરોગી બનાવવા માટે જે કાંઈ કરે તે પણ 'પુણ્ય' કહેવાતું હશે ?"

" જી, હા; તેવી જ રીતે વ્યક્તિ પોતાને–પોતાના શરીરને, મનને, બુદ્ધિને કે ચિત્તને—વિકારી બનાવવા જેવું કાંઈ કરે તે પણ 'પાપ' જ કહેવાય. શાસ્ત્રો કહે છે કે પ્રમત્ત જનતા 'પાપ' માં જ જીવે છે, 'શ્રાવક' જેટલા પ્રમાણમાં પ્રમાદરહિત સાવધાન હોય તેટલા પ્રમાણમાં 'પુણ્ય' માં જીવતો હોય છે, 'સાધુ' સાત્વિક ગુણને લઈને સ્વભાવતઃ પુણ્યરૂપ હોય અને 'દિગંબર' અથવા તત્વવેત્તા પુણ્ય તેમજ પાપ એ બન્નેથી 'પર' વસતો હોય."

" અને 'પુણ્ય' નું પરિણામ શું બતાવ્યું છે ?"

" 'સ્વર્ગ' અથવા 'દેવભૂમિ' માં વાસ."

" એટલે કે Harmony અને દિવ્યતા, શક્તિ, ફૂદકા મારતું યૌવન, હાર્દિક ખુમારી, નિરંતર પ્રગતિ કરવાની યોગ્યતા, નિર્બળતાવાળુ **ભાન** મરીને અખંડ યૌવનવાળું ભાન પ્રવર્તે તે સ્થિતિ."

" અને 'પાપ'નુ પરિણામ શું બતાવ્યું છે ?"

" 'નરક' ભૂમિમાં વાસ."

"એટલે કે એવું ભાન કે જેમા અંશમાત્ર કે ક્ષણમા ચેન ન હોય, નિરંતર બેચેની હોય, ક્લેષ હોય, વિક્ષેપ હોય, 'તડફડાટ' હોય. એવું ભાન કે જેમાં પોતાની જ વિકૃતિઓ રૂપ અધમતાઓ ભયંકર રૂપે વિસ્તરી પોતાને જ સતાવી રહી હોય અને ચિત્તના સાગરને ઉથલપાથલ કરી નાખતી હોય."

"હુ કબુલ કરીશ, મિ શા. કે આ રીતે મ્હેં શાસ્ત્રીય પરિભાષાને વ્યવહારભાષામાં રૂપાન્તર કરવા કદાપિ પ્રયત્ન પણ નથી કર્યો હું સ્કુલમાં સાયન્સ શિખતો હતો ત્ય્હારે અમને સાયન્ટીફીક પરિભાષામાં શિખવવામાં આવ્યું હતું કે "'$H_2O$= water.' વ્યવહારભાષામાં એનું ભાષાન્તર ન બતાવવામાં આવ્યું ત્ય્હાં સુધી એ મ્હારે માટે અર્થશુન્ય હતુ. પણ પછી મ્હને કહેવામાં આવ્યુ કે $H_2$ એ હાઇડ્રોજન ગૅસના બે ભાગ અને O એ ઑક્ષીજન ગૅસનો એક ભાગ બતાવનારી પરિભાષા હતી અને એમાં 'હકીકત' તો એ રહેલી હતી કે બે ભાગ હાઇડ્રોજન અને એક ભાગ ઑક્ષીજન મેળવવાથી પાણી બને. પાણીનું **સ્વરૂપ** સ્હમજ્યા પછી એ 'સૂત્ર'ને–એ પારિભાષિક કથનને–હુ ભૂલી ગયો !"

"અને પાણીનું સ્વરૂપ દિલમાં ધરવાને બદલે એ $H_2O$ સૂત્ર જ આજ સુધી ગોખ્યાં કર્યું હોત તો ?"

"મગજને ફોકટ ભારે માર્યું હોત, અને એવા ઘણા બોજા મગજ પર લાધવાથી વિચારશક્તિ છેક જ નિર્માલ્ય થઇ ગઇ હોત"

"વારૂ ત્ય્હારે, ત્હમારાં શાસ્ત્રોમાં 'શાસન'ના અને ત્હેમાંની દરેક વ્યક્તિના આરોગ્યને જાળવી રાખવા માટે જે યોજના કરવામાં આવી છે તે દુન્યાવી સરકારોએ સરકાર અને પ્રજાના આરોગ્યને જાળવી રાખવા માટે કરેલી યોજના કરતાં વધારે **અર્થસાધક** છે, એમ મ્હારે સ્વીકારવું જ પડશે. દુન્યાવી

સરકારોએ **ફરજીયાત** રીતિઓ આદરી, જ્યહારે ત્હમારા 'જૈન-શાસને' **મરજીયાત** રીતિઓ પસંદ કરી અને તે સાથે જ મરજીનો સદુપયોગ કે દુરૂપયોગ કરવાથી **કુદરતી રીતે** જે પરિણામો ઉપજવા પામે ત્હેમનું જ્ઞાન પણ આપ્યું, એટલું જ નહિ પણ—"

"એટલું જ નહિ પણ એ જાણપણાનો અમલ કરવાના કામ માટે જોઇતું **મનોબળ** પ્રકટાવવા 'સામાયિક' 'ધ્યાન' આદિ માનસિક ક્રિયાના રૂપમાં તાલિમ પણ યોજી. વળી, પ્રમાદ, લાલચ કે ભયથી થતી એક ભૂલ જો વારંવાર થતી રહે તો મનુષ્યનું **માનસ** જ વિકૃત બનવા પામે છે તે ન બનવા પામે અને એ ભૂલનું પુનરાવર્ત્તન જ ન થવા પામે એટલા માટે 'પ્રતિક્રમણ ક્રિયા' નામની દરરોજ કરવાની માનસિક ક્રિયા યોજી છે, કે જે એક પ્રકારનો માનસિક જુલાબ છે. એ ક્રિયામા, શ્રાવક બધી સંભવિત ભૂલોને એક પછી એક બોલી જાય છે અને ત્હેમાંની કઇ ભૂલ **તેણે** તે દિવસે કરી હતી તે **યાદ** કરે છે, તે ભૂલને મનના પ્રયત્નથી **બાળે** છે અને ભવિષ્યમાં તે ભૂલ ન કરવાનો **સંકલ્પ** કરે છે. એ સંકલ્પબળ પોતામાં ઉપજાવવા માટે, જેઓએ પૂર્ણતા સિદ્ધ કરી છે એવા 'સિદ્ધો'નું સ્મરણ કરે છે. આ માનસિક ક્રિયાઓ ઉપરાંત શારીરિક ક્રિયાઓ પણ યોજી છે, જેવી કે અનશન, 'સાધુ'ની સેવા, સહધર્મી* ('શ્રાવક')ની સેવા, જનતાની સેવા આ સેવાકાર્યમાં ગફલત થવા ન પામે એટલા માટે ખાસ 'જાગરણ' કરવાની ભલામણ કરી છે: જેવા કે,

* ખરો શબ્દ 'સહધર્મી' છે, હાલમા વપરાતા 'સાધર્મી' તેમજ 'સ્વધર્મી' શબ્દો ખોટા છે. સમાન છે ધર્મ અથવા વિકાસભૂમિકા જેમની તેઓ 'સહધર્મી' કહેવાય: એક કલાસના વિદ્યાર્થીઓ: સમાન પ્રકૃતિવાળાઓ.

'કુટુમ્બ જાગરણ', 'સંઘ જાગરણ'. 'દેશ જાગરણ.' આખું જગત્ ઉંઘતુ હોય ત્હારે શ્રાવક 'જાગતો' રહીને વિચાર કરે કે એના કુટુંબની દરેક વ્યક્તિની શારીરિક, માનસિક, નૈતિક સ્થિતિ શું છે? તે સુધરતી જાય છે કે બગડતી જાય છે કે જેમની તેમ છે? શાથી એમ બને છે? કઇ પરિસ્થિતિઓ કયા ઇલાજથી સુધરવી શક્ય છે? ઈલાજ ન જાણવામાં હોય તો કોની સલાહ લેવા યોગ્ય છે? ઇત્યાદિ. એવી જ રીતે એક રાત્રી સઘ બાબતમાં તો એક રાત્રી દેશ બાબતમાં વિચારણા કરવામાં ગાળવાની ટેવ પાડવાનું શિક્ષણ છે."

"ત્હારે તો, મિ. **પાતક**! '**જૈનશાસન**' આરોગ્ય (Health) અને ઐક્ય (Harmony) ઉપજાવવાનું–વ્યક્તિમાં તેમ જ સમૂહમા તે **શક્તિ**ઓ ઉપજાવવાનું અને જાળવી રાખવાનુ–શિખવનાર સાયન્સ અને તે પરિણામ ઉપજાવનાર સુંદર યોજના (organization) છે,–અને **તે સાથે જ** વળી જગતની સઘળી સરકારો પર રાહબર તરીકેનું મિશન પણ છે."

"સરકારોના રાહબર તરીકેનું મિશન? એ કેવી રીતે બની શકે? મિ. **શૉ**!"

"જે 'શાસન'ના સઘળાં અંગો આપણે ઉપર વિચારી ગયા તેવા 'સ્વાભાવિક' હોય, નહિ કે બનાવટી અથવા વિકૃત, અને જે 'શાસન'ના 'શાસ્ત્રો' એ તમામ અંગોનું પતન ન થવા પામે એવી વ્યવસ્થા માટે કાળજીવાળાં હોય, તેવું 'શાસન'–તેવુ **જીવનું** શાસન (*Living* organization), **તે —તે જીવે છે એટલા માટે** જ—કાંઇક **કર્યા** સિવાય તો ન જ રહી શકે. ત્હારે હવે વિચારી જુઓ કે **એવુ** જીવન કયે **રસ્તે** વહે? એ **સામુદાયિક જીવન** (Collective Life)-થી **કેવી** પ્રવૃત્તિ થવા સભવે?"

"ઘણા મ્હોટા સમૂહને–આખી જનતાને–અસર કરે એવી જ એની પ્રવૃત્તિ થવા પામે."

"ઠીક વિચાર્યું, હવે જુઓ; જનતામાંની કેટલીક વ્યક્તિઓ જન્મથી જ–એટલે કે માતાપિતા કે પૂર્વજોની એક યા બીજા પ્રકારની ભૂલને પરિણામે–કેટલીક શારિરિક વિકૃતિઓ કે દરદો લઇને આવે છે, કેટલીક વ્યક્તિઓ પોતાની અજ્ઞાનતાથી કે સમાજની અજ્ઞાનતાથી ભયંકર દરદો મેળવે છે, અને કેટલીક વ્યક્તિઓ ચોરી–બલાત્કાર–ખુન આદિ કૃત્યો કરે છે, કે જે કૃત્યો માટે લોકોના નીતિવાદે તિરસ્કાર તથા બહિષ્કારની અને સરકારોએ કેદખાનાની અને ધર્મપંથોએ નરકની–એમ વિવિધ 'સજા'ઓ કરીને જ સંતોષ પકડયો છે પણ 'ઇલાજ'ની કોઇએ દરકાર કરી નથી. ઉપર કહેલી શારીરિક તેમજ માનસિક વિકૃતિઓ ધરાવતી વ્યક્તિઓનું જીવન આખી માનવસૃષ્ટિને વિનાશક અસર પહોંચાડતું હોય છે. આ અસરોને કોઇ સરકાર અદ્યાપિ પર્યંત અટકાવી કે નાબુદ કરી શકી નથી,–અને તે છતાં પ્રત્યેક સરકાર પોતાને 'પ્રજાની પાલનહાર' કહેવડાવે છે અને પાલન માટે ટૅક્ષ અને તાબેદારી બન્ને ફરજ્યાત રીતે વસુલ કરે છે. દુનિયાની પ્રત્યેક સરકાર શું 'આપ–લે'ના સ્વાભાવિક કાનૂનનો ભંગ નથી કરતી? અને ભંગ પણ શું અજાણતાં થાય છે? ત્યારે કોઈ પણ વ્યક્તિ કે ટુકડી કરી શકે તેથી વધુ મ્હોટો ગુન્હો દરેદ્દ દરેક સરકાર નિરંતર કર્યા કરતી હોય તો દુનિયા દોજખ બને એમાં છે કાંઇ આશ્ચર્ય? કિંમત વસુલ કરીને માલ આપવાના અખાડા કરનારને એ જ સરકારો Criminal કહી દડશે પણ તેમને પોતાની criminality (ગુન્હેગારપણા)નુ ભાન કોણ કરાવે? બીજાઓના હિત (interest) તરફ બહેરા કાન કરી પોતાના જ હિતને અને તે પણ માની લીધેલા અને તાત્કાલિક હિતને–બધું મહત્વ

આપવાની પ્રકૃતિમાંથી જ વ્યક્તિ તેમજ સરકારનો ગુન્હો જન્મતો હોઇ, એવી પ્રકૃતિ પર જ જેણે જય મેળવ્યો હોય એવી વ્યક્તિઓની સત્તા અને દેખરેખ સરકારો પર હોવાની આવશ્યક્તા શું સ્વયંસિદ્ધ નથી? અને એવી 'જયશીલ સત્તા'ની ગેરહાજરીમાં દુનિયા એક અમર્યાદ જેલ કે નરકાવાસથી કઇ રીતે ઉતરતી છે? શ્રીમંતમાં શ્રીમંત ગણાતા દેશોમાં પણ મ્હોટા ભાગના મનુષ્યોમાં ભૂખમરો અને જીવનકલહ કેટલાં ત્રાસદાયક છે? તનદુરસ્તમાં તનદુરસ્ત ગણાતી પ્રજાઓમાં પણ સેકડો હૉસ્પીટલો અને હજારો ડૉકટરોની હયાતી પરથી રોગોનું પ્રબળ કેટલું ભયંકર જણાય છે? દરેક પ્રજા જગાના સંકોચની બૂમ મારતી હોવા છતાં કેટલી બધી જગા નિરર્થક જ માત્ર નહિ પણ નુકસાનકારક સ્થિતિમાં પડી રહેવા દેવામાં આવે છે? વ્યાપાર, વ્યય અને રોજીની બાબતમાં વ્યવસ્થાને સ્થાને આંધળા સટ્ટા સિવાય બીજુ શું જોવામાં આવે છે? ક્રોડોની સંખ્યા ધરાવતી પ્રજાઓનાં જીવનો થોડાએક ખેલાડીઓના તરંગ, સ્વાર્થ કે પ્રમાદ પર નહિ તો બીજી કઇ ખીંટી પર લટકે છે? એક દેશ અને બીજા દેશ વચ્ચેના સંબંધો શંકા, ભય અને સ્વાર્થના સિવાય બીજી કઇ ચીજના પાયા પર ચણાતા જોવાય છે? Hypocrisy (દંભ) સિવાય બીજો કયો દેવ રાજ્યદ્વારી-ઓને આજે પરિચિત છે? અગ્નિને ગરમ અને બરફને ઠંડો કહેવામાં ય આજે કોઈ દેશમાં સહીસલામતી જેવું દીઠું? માનવજાતની પ્રગતિ કરવાના નિરંતર અખતરા કરવાને બદલે દુનિયાની તમામ સરકારોએ. Mammon અથવા કુબેરની મૂર્તિપૂજા છોડવાનો અખતરો કરનાર રસિયાને રંજાડવામાં કશી બાકી રાખી છે? સલામતી અને સ્થિરતા જેવું કેયાંઇ પણ જોવામા આવે છે?...આ વિશ્વવ્યાપક 'નરક'—આ મૂર્તિ-માન તરફડાટ—માટે દુનીઆની તમામ સરકારો જોખમદાર

નથી તો 'બીજું' કોણ છે? આ મનુષ્યત્વથી **પતન** રૂપ 'પાપ'નું પરિણામ નહિ તો બીજું શું છે?—'સામુદાયિક પાપ'નું? અને એ પાપનું કારણ અને ઇલાજ શોધવાનુ કામ નિષ્પાપી વ્યક્તિવિશેષ અથવા સાત્વિક ગુણને લીધે જેમની બુદ્ધિ નિર્મળ, ઉંડી અને દીર્ઘદર્શી થયેલી હોય એવા સાધુપુરૂષો સિવાય બીજું કોણ કરી શકે? 'સાધુસમૂહ'ની અહીં જ જરૂર છે, મિ. **પા**તક! સાધુસમાજની બુદ્ધિ અને નેતૃત્વ અને શાસનપ્રેમી 'શ્રાવક સમૂહ'નાં સાધનો અને શ્રદ્ધાબળની અહિ જ જરૂર છે!"

"મિ **શૅા**, મિ. **શૅા**, મિ. **શૅા**! આ વાત સાંભળીને તો મ્હારૂં મસ્તક જ ભમી જાય છે. દુનિયાની ગવ્હર્નમૅન્ટોની નિ-યંતા ગવ્હર્નમૅન્ટ બનવાને બદલે તો અમારા **તી**ર્થંકરોએ પોતાનું રાજ્ય પણ છોડયું હતુ અને જંગલમાં જઇ વસ્યા હતા, એટલા માટે કે–"

"એટલા માટે કે તેઓ સાર્વભૌમ સત્તાધીશ બંને રાજ-વંશી પુરૂષની મહત્વાકાંક્ષા કાંઈ મ્હારા ત્હમારા જેવી મર્યાદિત ન હોય. રાજા રાજ્ય કરે તે પણ રાજ્ય વધારવા માટે, ને છોડે તે પણ એટલા જ માટે. સિંહ તરાપ મારવા પહેલાં પાછો હઠે છે, કમાન ઉછળવા પહેલાં સંકોચાય છે, તત્વવેત્તા-ઓ સમષ્ટિ પર ઉછળવા પહેલાં વ્યક્તિત્વને સૂક્ષ્મમાં સૂક્ષ્મ બનાવે છે. એ સર્વ પ્રગતિની અનિવાર્યતાઓ છે."

"સ્હમજ્યો, મિ. **શૅા**! પણ દુનિયાની ગવ્હર્નમૅન્ટો 'જૈન શાસન' કે અન્ય કોઇ મિશનનું નેતૃત્વ સ્વીકારે એ બનવા-જોગ માનો છો?"

"**બનવાજોગ** હોવાનો પ્રશ્ન જ ક્યહાં છે? એમ **બની ચુકયુ** છેઃ **બ્રિ**ટિશ અને **ફ્રેં**ચ સરકારો એકબીજાથી સ્વતંત્ર છે, ત્હેમાંની એક બીજાનો હુકમ નહિ માને. પણ સાયન્સની આજ્ઞા **બ્રિ**ટિશ, **ફ્રેં**ચ, **જ**ર્મન, **અ**મેરિકન વગેરે બધી

સરકારો અને વ્યક્તિઓ પણ માનશે–માને છે. શોધક, વિચારક, તત્વવેત્તા, કવિ; એમના શબ્દને સઘળા દેશો હૃદયમાં ધારણ કરે છે. એમની એ સત્તા આગળ જમીન કે જરની સત્તા ધરાવનારાઓ કંગાલ છે. 'જૈનશાસન' જો જીવનના સાયન્સ તથા આર્ટના જીવતા પ્રતિનિધિ તરીકે બ્હાર પડે તો સઘળી સરકારોએ સ્વેચ્છાપૂર્વક ત્હેની સ્હામે શિર ઝુકાવવું પડે જ."

"હવે હું એ જોઈ શકું છું, અને જૈનધર્મ તથા જૈન-શાસન સ્થાપનારનો આશય પણ એ જ હતો એ પણ હું ખાત્રીથી માનું છું, એટલુ જ નહિ પણ એ ધર્મનાં શિક્ષણો એ પરિણામ લાવવાની યોગ્યતાવાળાં પણ હોવાની મ્હને શ્રદ્ધા છે પણ,...એક ગંદી તળાવડીમાં તરફડતા અમારા આજના જૈનોને આવી મ્હોટી જોખમદારી રૂચશે કેમ?"

"**રૂચશે** કેમ? મિ. **શૉ**! ત્હારે એમને કહો કે એમણે જીવવાનો મોહ છોડી દેવો અગર તો 'જૈન' નામને છોડી દેવું. કહો ત્હમારા લોકોને કે '**सव्वी जीव करुं शासनरसी** ('સર્વ જીવોને શાસનમાં રસ લેતા કરવાની હું પ્રતિજ્ઞા લઉં છું') એવા બકવાદ અને દંભને છોડી દે! ત્હેમને કહો કે **जैन** અથવા **विजयशील** કોમ હોવાનો દાવો વગરવિલંબે છોડી દે! ત્હમારા સાધુમન્યોને કહો કે છએ જાતિના જીવોના 'રક્ષક' તરીકે છએ જાતિમાં શિરોમણિ એવા મનુષ્ય જીવોથી પૂજાવાના પાખંડ છોડી દે! સાધુઓ તેમજ શ્રાવકોને કહો કે તેઓમાંનો કોઈ 'બબ્બે માત્રાવાળો જન' નહિ પણ સામાન્ય જન–ત્હમારા **ભ**ગવાને જેમને વાજબી રીતે **वक्र** અને **जड** તરીકે ઓળખાવ્યા હતા એવા સામાન્ય જન—જનતા માત્ર—છે,–એટલા જ તફાવત સાથે કે જનતામાં નથી એવું શ્રેષ્ઠપણાનું મિથ્યા-

ભિમાન તેઓમાં છે ! 'જૈનશાસન'ના સ્વાભાવિક અર્થથી સૂઝતી ઉપર કહેલી જોખમદારીઓ જો ત્હમે જૈનો નહિ અદા કરો તો શું કાલ્પનિક સ્વર્ગ અને કાલ્પનિક નરકોના બાળખેલો કર્યા કરશો ? કલ્પિત પુણ્ય–પાપના લાંબા હિસાબોથી મનુષ્યોનાં મગજો સડાવી દેવાનું કામ કર્યા કરશો ? માની લીધેલા 'જૈન'પણા અને માની લીધેલા 'મિથ્યાત્વી'પણાના વિતંડાવાદ અને તકરારોથી જનતાની રહીસહી શાન્તિને ય લૂટયા કરશો ? 'ઉલ'માંથી 'ચૂલ'માં જવારૂપ ગમનાગમનને કોઈ જબરા વિજયનું રૂપ આપી નાટકી ઠાઠમાઠ અને વાજાંગાજા વડે હતવીર્ય જનતાપર રૂઆબ દેખાડવામાં જ કલ્યાણ માન્યા કરશો ? 'જૈનશાસન' બનવાને બદલે પદદલિત 'જનસમૂહ' રહી જઇ માટીની માફક સારી માનવજાતિના પગ તળે કચરાવાનું ને ટપલા ખાવાનું પસંદ કરશો ? 'ધર્મ'ને માત્ર વિતંડાવાદના વિષય તરીકે જ રિઝર્વ્ડ રાખી જીવનને શાઠય તથા સંકલ્પવિકલ્પમાં જ ખર્ચી નાખવામાં ત્હમારી મહત્તા માનશો ? ક્ષત્રિયશિરોમણિઓના ધર્મને વાણિજ્ય બનાવી 'લૂટાઈ ગયેલી જનતાને લૂટયા કરવાનુ જ શું ચાલુ રાખશો ? ટી–પૉટનાં તોફાનો એક પછી ચાલુ રાખી એકબીજાનાં માથાં ફોડી કોર્ટો અને ન્યુસપેપરોના સાર્વજનિક ટાઈમનો ભોગ લેવાની અને જનતાનાં મગજોને Sensations થી બીમાર બનાવવાની બહાદૂરીમાં જ 'શ્રેષ્ઠિ'પુત્રપણું મનાવ્યા કરશો ?'

"હું સ્વીકારૂં છું, મિ **શૉ** ! કે અમારા સમાજનુ આ બધું વર્ત્તન અને આ પ્રકૃતિ વગરવિલબે પલટો માંગે છે. જરા વધુ વખત આ પરિસ્થિતિ ચાલુ રહે તો અમારૂં અસ્તિત્વ જ હિંદી જનતાને ખુચવા લાગે અને અમે પોતે જ પોતાને વધુ વખત જૈન તરીકે ઓળખાવતા અટકી પડીએ. અમારામાંના ઘણાઓને આ સ્થિતિની અસહ્યતાનું ભાન થવા

પામ્યું છે, પણ '**ધ્યેય**' **જાણતા ન હોવાથી** માર્ગ સૂઝતો નથી. અમારો ધર્મ શું છે એ જ અમારા ભણેલા કે અભણ કોઇને ખબર નથી. અભણ વર્ગ જાણે છે કે જૈનધર્મની વાતો બીજા જન્મ માટે કામની છે અને બીજા જન્મમાં સૌ સૌના કર્મ મુજબ બન્યા કરશે તેમાં આપણે શું કરી શકીએ? આપણે તો દેવદર્શન, સાધુદર્શન અને બહુ તો એકાદ સામાયિક-પ્રતિક્રમણ-ઉપવાસ કે પાંચ-પચીસ રૂપિયા ખર્ચી જીવો છોડાવવા જેટલું કરીને આપણુ ઘર પકડી બેસી રહીએ તો બસ સ્વર્ગ મળી જ ચૂક્યું છે. ભણેલો વર્ગ વિચારે છે કે આખો ધર્મ જ હમ્બગ છે ત્હાં ફોગટનો આપણો સમય અને શક્તિ અને નાણાંનો વ્યય શા માટે કરી નાખવો? હમ્બગ કરનારા લોકોમાંથી તો તક મળ્યે કાઈ પ્રાપ્તિ કરી લેવી એ બુદ્ધિમત્તા છે! આ બન્ને વર્ગની ખરી વસ્તુસ્થિતિ છે,-જો કે ખરૂં મોઢામોઢ કહેવાની હિમ્મત કોઇમાં નથી. ગમે તેમ હો, પણ આ સ્થિતિ એટલું તો ચોક્કસ બતાવે છે કે સમાજ પાસે 'ધ્યેય'જ નથી, જે નામથી ત્હેમનો વ્યાપાર ચાલે છે તે નામનું ખરૂં સ્વરૂપ જ તેઓના જાણવામાં નથી અને તેથી તે નામ પર આફરીનપણું-અંદરનો ઉમળકો-અંદરની શ્રદ્ધા હોઈ શકે જ નહિ. અવારનવાર કોઈ સાધુ કે કોઇ શ્રાવક કૂદકા મારીને, લાંબા હાથ કરીને, ધ્રાધરો બેસી જાય એવા બરાડા પાડીને, લોકોને સામાજિક સ્થિતિનું ભયંકર ચિત્ર આપી ઉશ્કેરે છે અને 'પરોપકાર' તથા 'ધર્મ' એવા શબ્દ માટે પ્રાણ આપવાની પોકળ ઉશ્કેરણીઓ કરે છે તેટલો વખત 'હોળીના ઘેરૈયા' માફક લોકો કૂદાકૂદ કરવા લાગી પડે છે અને ઘડી પછી બધુ શાંત થઇ જાય છે-તાજીઆ ઠરી જાય છે! વર વગરની જાન એવી જ હોય ને? ક્યા અને કેવા ધર્મ **માટે** કાંઇ કરવાનું છે તે સ્હમજ્યા વગર અંદરની ધખશ ક્ય્હાંથી ઉપજે?

બધા લખનારા—બોલનારા—ઉપદેશ કરનારા 'પરોપકાર' અને 'પરલોકના ધર્મ'નાં સ્ટીરીઓટાઇપ્ડ વાક્યો સિવાય—અને તે પણ એક બીજાથી સંબંધ નહિ ધરાવનારાં અને બહુધા પરસ્પર વિરોધવાળાં વાક્યો સિવાય—બીજું કાંઈ કહી શકયા જ નથી, કારણ કે જાણતા જ નથી અને તેથી 'સ્વાર્થ' અને 'આ લોકનું કલ્યાણ' એ બે બાબતો તો અસ્પર્શ્ય જ રહેવા પામી છે. આપણે વિચારણાને પરિણામે હમણાં ધર્મ, શાસન, શાસ્ત્ર, સાધુ, શ્રાવક, જૈન, તપ, પ્રતિક્રમણ, મોક્ષ, સ્વર્ગ, નરક, પુણ્ય, પાપ આદિ પારિભાષિક શબ્દોનું અંદરનું રહસ્ય શોધી શક્યા અને તે બધાનો પરસ્પરનો સંબધ જોઇ શક્યા તે **રહસ્ય** અને તે **સંબંધ** જો આજના કકળી રહેલા અને 'બળવા' માટે તૈયાર થઇ રહેલા **જૈન**સમાજને ઘેરેઘેર સમજાવવામાં આવે તો તત્કાલ એમની અંદરની આંખ ઉઘડે, નવું જ પ્રભાત તેઓ જુએ, પ્રભાતની તાજગીથી ત્હેમનામાં નવજીવન પ્રગટે, નવજીવનથી 'ધ્યેય' સાંપડે અને ધ્યેય સાંપડતાં માર્ગ આપોઆપ સૂઝે. નવી આંખે જૂનું સત્ય તેઓ ઘણા જ ભવ્ય રૂપમાં જોઇ શકશે અને તેથી **નવું જ 'જૈન શાસન'** રચાવા પામશે, નવા જ 'સાધુ' અને નવા જ 'શ્રાવકો'—પોતાની ઇચ્છા અને ગરજ અને યોગ્યતાથી થયેલા સાધુ—શ્રાવકો—થશે, જેઓ પોતાની દરરોજની ગફલતોનું પ્રતિક્રમણ પોતાના મનના જ ઉપાશ્રયમાં અને દરરોજ કરી લઇ ત્હાં જ વિશુદ્ધ થઇ અને સામાયિક નામની માનસિક ક્રિયાથી નવું બળ મેળવી આવતી કાલ માટેના **નિશ્ચયો** ઘડશે, એ નિશ્ચયો વડે તેઓ પોતાને તથા શાસનને પવિત્ર કરનારાં પુણ્ય કાર્યો કરશે અને **તે કાર્યો વડે જ—નહિ કે પોકળ માન્યતાઓ વડે**—તેઓ **આ લોકને સ્વર્ગ બનાવી પોતાના હૃદયમાં જ મોક્ષ પ્રકટાવશે.** પણ પ્રશ્ન એ છે, મિ. **શૉ**!

કે મરેલા જૈનશાસનના ગરૂડ દેહમાંથી નૂતન જૈનશાસન પાંખો ફફડાવીને-જ્ઞાન અને ક્રિયાશક્તિની પાંખો ફફડાવીને-આકાશ ભણી ઉડે તો તે સંજોગમાં દુનિયાની સરકારોની જરૂર રહે કે ન રહે ?"

"સરકાર નામની સસ્થા તો રહેવી જ જોઇએ અને રહેશે,-ફક્ત એનું **સ્થાન** બદલાશે જ્યહાં સુધી માનવપ્રાણી હયાત છે ત્યહાં સુધી આજ્ઞા કરનાર અને આજ્ઞા ઉઠાવનાર : એવાં બે માનસો રહેવાનાં જ. જ્યહાં સુધી મનુષ્યસમાજ બહુધા શારીરિક, માનસિક અને આધ્યાત્મિક નબળાઈઓથી ભરપૂર હોય ત્યહાં સુધી એમાંનો ઓછામાં ઓછી નબળાઈ-વાળો એક ભાગ 'સરકાર' બની આજ્ઞા કરનાર થાય અને બાકીનાઓએ આજ્ઞા ઉઠાવનાર થવું પડે. જ્યહારે મનુષ્ય-સમાજનો એક ભાગ 'જૈનશાસન' જેવું એક **જીવતું જાગતું આધ્યાત્મિક બળવાળું સંઘટન રચવા જેટલો વિકસિત** થાય ત્યહારે આજ્ઞા કરવાનું સ્થાન તે લે અને સરકાર તો આજ્ઞા ઉઠાવનાર બને. તે વખતે પણ સરકાર અને પ્રજા તો રહેવાનાં જ, પણ તે વખતની સરકારોની પ્રવૃત્તિ **વ્યાપક આશયને અનુસરતી** અને વ્યવસ્થિત હશે અને લોકો ત્હેમાં આજની માફક ન છૂટકે નહિ પણ ઉત્સાહપૂર્વક સહકાર દેશે."

"હા, વાસ્તવમાં પૂર્વે જૈનસંઘ એવી જ કાંઈ સત્તા ધરાવતો હતો. પરરાજ્યથી લડાઈ છંછેડવામાં કે સુલેહ કરવામાં તેમજ રાજ્યની અંદરના પ્રશ્નો હલ્લ કરવામાં જૈન સંઘનો મુખ્ય હાથ હતો,-જો કે હું કબુલ કરીશ કે આપે હમણાં કહ્યું તેટલી વિસ્તૃત હદવાળી જોખમદારીનું કાર્ય જૈન ઇતિહાસ-ના કોઈ પણ ભાગમાં જૈનોને સુઝયું હોય એમ દેખાતું નથી.

પણ તે કાંઈ નામોશીનો વિષય ન જ ગણાય: દરેક ભાવના વિકસિત થવા માટે સમય માંગે છે. જે કાળનું પૉલિટિક્સ જ આજના પૉલિટિક્સથી ઘણું જ સંકુચિત હતું તે કાળનું ધર્મશાસન છેલ્લી હદની વ્યાપકતાવાળું હોવાની આશા રાખવી એ બુદ્ધિમત્તા નથી."

"અને, મિ. **પાતક**! ત્હમે જે કાળમાં **જૈન** સંઘનો પ્રભાવ (influence) રાજા તેમજ પ્રજાપર હોવાનું જણાવ્યું તે કાળમાં પણ, તે પ્રભાવ **જૈનો**ની શ્રીમંતાઇને આભારી નહિ જ હોય, પણ તેઓની **ક્ષાત્રવટ** તથા **ધર્મભાવના** (સમષ્ટિ ભાવના) ને જ આભારી હશે,–શ્રીમતાઇ તો એ બે ગુણોના પડછાયા તરીકે–phenomenon રૂપે—હયાતીમાં આવી હોય."

"વ્યાપક દૃષ્ટિ (Common-sense) થી આપે કરેલા અવલોકનને ઇતિહાસનો–હકીકતનો–ટેકો છે."

"ઇતિહાસ એટલે જ અમુક અમુક સંજોગો વચ્ચે **બનેલી** અમુક ઘટનાઓની નોંધ. એવી જ ઘટના, એવા જ સંજોગો ફરી એકઠા થતાં, ફરી બનવા પામે: તેથી સંજોગો પરથી ઘટના અને ઘટના પરથી સંજોગોનું અનુમાન ઠીકઠીક કરી શકાય અને એ રીતે ભૂતકાળમાં તેમજ ભવિષ્યકાળમાં દૃષ્ટિપાત થઈ શકે અમુક દેશનો ઇતિહાસ નહિ વાંચવા પામેલો મનુષ્ય કે અમુક ધર્મનાં શાસ્ત્રો નહિ જોવા પામેલો પુરૂષ જો અનુભવી હોય તો જીંદગી દર્મ્યાનનાં પોતાનાં અવલોકનો અને અનુભવોના 'ઉપયોગ' થી ચોક્કસ ઇતિહાસ અને ચોક્કસ ધર્મશાસ્ત્રમાં જે ભાવ હોય તે જ ભાવ કહી શકે."

"ખરૂં, મિ. **શૅા**! પહેલાં હું એમ શિખ્યો હતો અને તેથી માનતો હતો કે ચોક્કસ શાસ્ત્રોના મૂળ પાઠ, અર્થ, ટીકા, વિવેચન અને તે પર બીજું જે કાંઈ સેંકડો સાધુએ જૂદે જૂદે

વખતે લક્ષ્યાં કર્યું હોય તે સર્વ જ્યહાં સુધી ન શિખવામાં આવે ત્યહાં સુધી જ્ઞાન થાય જ નહિ, પણ હવે હું આપના કથનનું સત્ય સ્હમજી શકું છું. સાહિત્યનો પાર નથી અને એક-એક કલ્પના પર બીજા હજારો નવરા ધૂપ જેવા પંડિતમન્યોએ પોતાની કલ્પનાશક્તિનાં જાળાં નાખી સત્ય, કલ્પના અને કલ્પનાજન્ય કલ્પના: ત્રણ વચ્ચેનો ભેદ દેખાવા જ ન પામે એવી વસ્તુસ્થિતિ બનાવી મૂકી છે.'ચારિત્ર' કે જે એક 'તાકાદ' છે તેહેને **'નીતિ'વાદનું એક જાળું બનાવી દીધું છે!** એ પ્રતાપ જેમને ઘરબાર કે ધંધાનોકરીથી છૂટકારો મળ્યો છે અને છતાં એ ખાલી સમયને ભરવા જેમની પાસે ઉચ્ચ આશય જેવો કોઇ પદાર્થ નથી તેઓનો છે. કે જેમણે પોતાની પંડિતાઈ બતાવવા માટે અને પૂજાવા માટે ગ્રંથોના ગ્રંથો ભર્યા છે અને કેટલાકોએ તો એટલેથી ન ધરાતાં શ્રીમંત ભકતોના પૈસે બ્રાહ્મણ પંડિતોને રોકી અભિપ્રાય વેચતા વેચાયલાઓના શબ્દોને પોતાનું સીલ મારી સેંકડો ગ્રંથોની જૈનાચાર્યકૃત શાસ્ત્રો તરીકે ભરતી કરી છે. એ બધુ સાહિત્ય વાંચી જવામાટે-મનનની તો વાતે દૂર રહી—દશ ભવ પણ પૂરતા ન ગણાય: પછી નિર્ણય અને વર્તનના સમયની તો વાતે શું કરવી? અજ્ઞાનીઓના હાથમાં આવી પડેલો પૈસો અને ભૂખડુઓના હાથમાં આવેલી લેખનકલા એ બન્નેથી પ્રગતિને જેટલું ખલેલ થયું છે તેટલું કોઇ પરદેશીની તલવારથી પણ નથી થવા પામ્યુ-That's by the way. પણ, મિ. શૉ! આપણે વિચારી રહ્યા હતા કે 'જૈનશાસન'નાં સઘળાં અંગ તંદુરસ્ત હોય તો શાસન પ્રવૃત્તિઓ કેવા પ્રકારની હોઇ શકે? એ પ્રશ્નની વિચારણાનો આરંભ આપે મનુષ્યજાતિની બીમારીઓ અને ગુન્હાઓની યાદીથી કર્યો હતો."

"ઠીક યાદ કરાવ્યું, મિ, પાતક! ત્હમે 'સુંઠનો ગાંગડો'

ભૂલે એવા નથી લાગતા ! સબુર, મ્હને કાંઇક 'સૂઝે' છે ! શાસ્ત્રકારો સુંઠનો ગાંગડો ભૂલ્યા નહોતા જ ! શું બન્યું હશે તે મ્હારી દૃષ્ટિ સમક્ષ ખડું થાય છેઃ હું જોઉં છું કે જીવતી આગરૂપ મહાવીરસૂર્યને અસ્ત પામ્યા હજાર વર્ષ થવા આવ્યાં હતાં. લોકોનાં હૃદયો ઠંડાગાર થઇ ગયાં હતાં. એમાં ગરમી લાવવા માટે સૂંઠ જેવા ગરમાગરમ પદાર્થને ત્હેમના શરીરમાં ઘૂસાડવાની જરૂર હતી. પણ લાંબા મંદવાડથી કાયર બનેલાં બાલકો સુંઠનો ગાંગડો ચાવી જવા તૈયાર નહોતા. તેથી શાસ્ત્રકાર વૈદ્યે આણેલો સુંઠનો ગાંગડો તેમણે પોતે જ અને બાળકોના દેખતાં જ ટોલ્લે મૂકી દીધો,—અને પછી એકાંતમાં જઇ તે જ સૂંઠના ગાંગડાને વાટી બાળકના ખોરાકમાં ભૂકી ભેળવી દીધી ! એ ભાણું એ જ તે શાસ્ત્રકારે લખેલાં શાસ્ત્રો ! જે તે ભાણું ખાશે ત્હેનામાં અજાણતાં જ ગરમી પેદા થશે અને તે ખીછાનું છોડી ક્રિયાક્ષેત્રમાં દોડશે. બ્રાહ્મણોના અવધૂત ગીતા નામના એક પુસ્તકમાં પણ એવો જ ઇસારો કરવામાં આવ્યો છે કે તે ગ્રંથના શ્લોકોમાં સવાશેર સુવર્ણ મસળી નાખવામાં આવ્યું છે ! તાત્પર્ય કે ત્હમે શબ્દે શબ્દને ઉંચે નીચે કરી તપાસો અને એમાંથી બારીક સુવર્ણ રજ અલગ કરો અને એવી તમામ રજનો સમન્વય—સંગ્રહ—કરો તો ત્હમને સવાશેર સુવર્ણ મળી ત્હમારૂં દારિદ્ર દૂર થાય —**માનસિક નિર્ધનતા**—નિર્માલ્યતા પલાયન કરી જાય ..હવે ત્હમારા પ્રશ્ન પર આવીએ...તનદુરસ્ત શાસનને કેવી પ્રવૃત્તિઓ સૂઝવા સંભવ છે એ વિચારવા હાલની વસ્તુસ્થિતિ પર નજર નાખવી જોઇશે; કારણ કે વર્તમાનમાંથી જ ભવિષ્ય ઘડાય છે. આજે ઘણાએ માણસો ક્ષય અને પ્રમેહથી રીબાય છે. આજની સરકારોએ ડાકટરો અલબત્ત ઉત્પન્ન કર્યા છે પણ ત્હેમનો લાભ નાણાં વગરનાઓ લઇ શકશે નહિ. જેઓ ત્હેમનો લાભ લઇ શકશે તેઓ

પર પણ પૂરૂં ધ્યાન આપવાનું ડાકટરથી બની શકશે નહિ, કારણ કે ત્હેનું ધ્યેય જૂદું જ છે. વળી એક જ રોગની ચિકિત્સા પાછળ આખું જીવન ગુજારવાની સગવડ ડાકટરોને મળે એવી સમાજરચના હજી થઇ નથી, અને તેથી ડાકટરો બહુધા કાર્ય-સાધક થઇ શકે નહિ. છતાંય માનો કે ક્ષય અને પ્રમેહના બીમારોની મ્હોટી સંખ્યામાંથી થોડાઓને ડાકટરોએ બચાવ્યા. પણ આ રોગો હમેશને માટે તો મટી શકતા જ નથી અને વળી વારસામાં ઉતર્યા વગર પણ રહેતા નથી. આની અટકાયત કોઇ સરકારે આજ સુધીમાં કરી નથી, અને તેથી આ રોગોના હજારો ભોગો પ્રતિદિન જાણતાં અજાણતાં પોતાનો ચેપ બીજાઓને લગાડતા જ રહે છે અને વારસામાં પણ આપે છે. એમનાં મળમૂત્ર શ્લેષ્માદિથી જનતાનું રક્ષણ કરવા કાંઇ વ્યવસ્થા કરાયલી જોવામાં આવે છે? એવાઓને લગ્ન કરતાં અને પ્રજોત્પત્તિ કરતાં અટકાવવાની કંઇ યોજના જોવામાં આવે છે? સમાજની દરેક વ્યક્તિ આખા સમાજથી સંકળાયલી છે એવું **ભાન**—એવું ઉંડું ભાન—વિચાર માત્ર નહિ પણ **લાગણી** (feeling) સરકારમાં ન હોઈ શકે પણ '**જૈન**-શાસન'માં હોય જ, કારણ કે એ શાસનનો ઉપરી અમલદાર સમષ્ટિ ભાન ((universal consciousness) વાળો હોય. તેથી એને તો આ વસ્તુસ્થિતિ ખટક્યા વગર ન જ રહે અને એનો અંત લાવ્યા વગર ચેન પણ ન પડે. જ્યારે એ આ પ્રશ્નને હાથમાં લઇ વિચાર કરવા બેસશે ત્યારે ત્હેને જણાશે કે કાયદાની એકાદ કલમ ઘડાવવાથી કાંઇ હેતુ બર આવે તેમ નથી. એવા રોગીઓનું અલાયદું શહેર—ઘણે દૂર—વસાવવા ઉપરાંત હાલ તંદુરસ્ત દેખાતા લોકોમાં એ રોગો થવા ન પામે એટલા માટે એ રોગોને ઉત્પન્ન કરનારાં **કારણો** શોધવા પડશે. શોધતાં શોધતાં જણાશે કે એ કારણો અમુક

સામાજિક સ્થિતિમાં જ અસ્તિત્વ ધરાવતાં હોઇ એ સ્થિતિમાં જ ફેરફાર ઉપજાવવા જોઇશે. દાખલા તરીકે, ક્ષય રોગ કાં તો પોષક તત્ત્વવાળા ખોરાકની ગેરહાજરીથી, નિરંકુશ વિષય સેવનથી કે સતત્ ચિંતાથી થવા પામે છે. પહેલા અને ત્રીજા કારણને મુડી–મજુરીના પ્રશ્ન સાથે સંબંધ છે એમ દેખાતાં એ પ્રશ્નને હલ્લ કર્યે જ છૂટકો એવી શ્રદ્ધા થયા વગર નહિ રહે. અને બીજા કારણને અંગે, માનસિક નિર્બળતા ઉપજાવનાર કારણો શોધવાં જોઇએ. સ્ત્રી પુરૂષનો ભોજ્ય પદાર્થ છે એવી રોગી ભાવના એક કારણુ છે અને તે કારણ દૂર કરવા સ્ત્રીવર્ગમાં સ્વમાન ખીલવવાનો પ્રયત્ન કરવો જોઇશે, કારણ કે જ્યહાં સ્ત્રીમાં સ્વમાન છે ત્યહા પુરૂષ તેણીથી મુંગા પશુ માફક વર્તી શકતો નથી. વળી જનન ક્રિયાની ગંભીરતાનું જ્ઞાન સર્વત્ર ફેલાવવું જોઇશે. પ્રમેહનું સેતાની દરદ સામાજિક ગેરવ્યવસ્થામાંથી ઉત્પન્ન થતું જણાશે. લગ્નસંસ્થાનો આખ્ખોય પલટો ન થાય અને ફરજ્યાત નિર્ધનતા તથા ફરજ્યાત બ્રહ્મચર્ય એ બે સેતાનોને હાંકી કહાડવામાં ન આવે ત્યહાં સુધી વેશ્યાઓ અને પ્રમેહનો ચાંડલોચૂડલો અખંડ જ રહેશે. વેશ્યાઓનાં ઘર શહેર બહાર કહાડવાના કાયદાથી કે વેશ્યાઓના દંડ કરવાથી કંઇ જ સાર્થકતા થવાની નથી, એથી તો ઉલટું વધુ ભયંકર પરિણામ યુરોપનાં અમુક શહેરોમાં આવવા પામ્યું છે......હવે એક નૈતિક રોગનો દાખલો લ્યો. દરેક દેશમાં લાખ્ખો ચોરીઓ થાય છે. થોડાક અપવાદો બાદ કરતાં મ્હોટે ભાગે ચોરીનું કારણ ભૂખમરો હોય છે, ભૂખમરાનું કારણ મુડીવાદ અને પ્રજાના દરેક અંગને કામ પૂરૂં પાડવાની સરકારની ફરજ સંબંધમાં સરકારનું અજ્ઞાન, એ છે. જ્યહાં હરામચસ્કો કારણભૂત છે ત્યહાં પ્રાયઃ પોલિસ દોષિત હોય છે.

આ કાંઈ ન વિચારતાં સરકારો શું કરે છે? ઘણીખરી ચોરીઓ તો સરકારથી છૂપી રહેવા પામે છે અને જે પકડાય છે તે પકી કેટલીક લાંચથી કે પુરાવાના અભાવે કે પુરાવાને ખોટા પાડવાની વકીલની કુશળતાને લીધે છટકી જવા પામે છે. જે થોડીક ચોરીઓ 'પુરવાર' થાય છે તે ગુમાવનાર સખ્સના ઉપર મ્હોટા ખર્ચનો, તકલીફનો, સમયવ્યયનો અને ચિંતાનો બોજો પડયા પછી જ પુરવાર થાય છે અને તેથી તે મનુષ્ય જો ફરીથી ચોરીનો ભોગ થઇ પડે છે તો ચોરને પકડાવવાની ઇચ્છા જ કરતો નથી! હવે જે ચોર પકડાયો અને પૂરવાર થયો ત્હેને શું કરવામાં આવે છે? ત્હેને 'સજા' કરવામાં આવે છેઃ સજા કે જેથી ચોરીનો ભોગ થઇ પડેલાનું કાંઇ હિત થતું નથી તેમજ ચોરની સુધારણા પણ થતી નથી. એથી ઉલટું, ચોર 'છાપેલ કાટલું' બને છે, નિર્લજ-નફ્ટ-નિડર બને છે. એકવાર સમાજથી બહિષ્કૃત થયા પછી એનું જીવન તો અસહાય્ય બની ચૂકયું પછી એને સમાજની મહેરબાની કે સમાજના ભલા અભિપ્રાય કે ભય કશાની શું પરવાહ છે? મતલબ કે ભૂખમરાથી કે ભૂલથી એકવાર જે સમાજદ્રોહનું કાર્ય ત્હેનાથી થઇ ગયું હતું તે હવે ઇરાદાપૂર્વક અને બેધડક રીતે આખી જીંદગી સુધી તે કર્યા કરવાનો... એને કરવામાં આવતી 'સજા' એના માનસનું પરિવર્ત્તન કરવા માટે છે એવી સુંદર પણ ઠગારી દલીલ (fallacy) પ્રત્યેક કાળની પ્રત્યેક સરકારના મુખમાંથી નિકળતી રહી છે, પણ વસ્તુતઃ કોઇ કાળે કોઇ દેશમાં એવું પરિવર્ત્તન જોવામાં આવતું ન હોઇ એ ખોટારૂ પ્રત્યક્ષ જોઇ શકાય છે. ત્હારે પ્રત્યેક સરકાર 'સજા' કરવાની પ્રકૃતિ કેમ ધરાવે છે? **સરકારની સત્તા** સ્હામે ચોરનું કૃત્ય બળવારૂપ છે, તેથી સરકારને 'વૈર' તરીકે 'સજા' સૂઝવી જ જોઇતી હતી. પોતાને તથા દરેકને

માનવવૃક્ષના એક અંગ તરીકે નહિ માનનાર દરેક સરકાર અને દરેક પ્રજા એવી જ 'ભૂલ' કરશે અને ભૂલ 'અપરાધ'–'પરમ્પરાને જન્મ આપશે. એથી ઉલટું, સમષ્ટિભાનના પાયાપર રચાયલુ 'જૈન શાસન' સ્વભાવતઃ એમ વિચારશે કે, મ્હારા હાથે મ્હારા પગને ઇજા કરી ખરી પણ તે એક ઇજાનો ઇલાજ કરવાને બદલે હાથને પણ ઇજા કરી બે ઇજાઓના ભોગ બનવું મ્હને ન પાલવેઃ એથી તો શરીરવ્યવસ્થા બેવડી જોખમાય. તે વૈરતૃપ્તિને લક્ષ્ય નહિ બનાવતાં પગની ઇજા દૂર ન થાય ત્હાં સુધી એનું કામ બીજાં અંગોને વ્હેંચી આપી વ્યવસ્થા જાળવી રાખવા પર ધ્યાન આપશે અને, તે જ વખતે, હાથના માનસનો રોગ શોધી તે રોગ દૂર કરવા પ્રયત્નશીલ થશે. (એક અંગની ભૂલ, આખા શરીરનું કામ વધારનાર, આમ જ થાય.) સઘળી ક્રિયાઓનું ઉત્પત્તિ સ્થાન તો માનસ છે; તેથી અનિષ્ટ ક્રિયાઓ અટકાવવા ઇચ્છનારે માનસની ચિકિત્સા કરવી જ પડશે. અનિષ્ટ ક્રિયા–જેને 'ગુન્હો' કે 'પાપ' કહેવામાં આવે છે તે–જે મનુષ્યોથી થવા પામે તેવા તમામ મનુષ્યોને માનસશાસ્ત્રીઓથી ચાલતી હૉસ્પીટલોમાં મોકલી ત્હાં ત્હેના માનસની ચિકિત્સા અને તે પર અનેક પ્રકારના અખતરા કરવા જોઇશે, અર્થાત્ જેલોને બદલે હૉસ્પીટલો પાછળ બની શકતો તમામ ખર્ચ કરવો જોઇશે. માનસશાસ્ત્રીઓ જોઇ શકશે કે કેટલાક 'ગુન્હા' ઓ માત્ર સ્થાન બદલો (change of place) માંગતા હતા, કેટલાક ભોજનપલટો (change of diet) માંગતા હતા, કેટલાક વિચાર પલટો (change of trend of mind)માંગતા હતા, કેટલાકો જેમને જીંદગી નિરંતર ત્રાસરૂપ થઇ હોય છે તેવાઓ મરણીઆ બની ગુન્હામય જીવનમાં ગબડી પડે છે. એવાઓનાં મગજ નિયમિત રીતે વાદ્ય કે ગીત સાંભળવાથી

તથા એમની દરકાર કરનાર કોઇ છે ખરૂં એવું જોવા પામવાથી પ્રફુલ્લિત (elated) થાય છે અને ગુન્હાનો ખ્યાલ વટીક ત્હેમને થવા પામતો નથી. કેટલાકોને હીપ્નોટિક સૂચન દ્વારા અસલ માનસમાં લાવી શકાય. સૂચન, વાદ્ય, ગીત, મમતાળુ વર્ત્તન, પહાડપર કે સમુદ્ર નજીકનું રહેઠાણ, અમુક ખોરાકો અને પીણાઓ. આ સર્વ માનસપર જબરી અસર કરી શકે છે પણ કયું તત્ત્વ કયા સંજોગમાં કેવા પ્રકારની અસર કરે તે શોધ માટેના અખતરાઓ પાછળ માનસશાસ્ત્રીઓ અને સાયન્ટીસ્ટોને રોકયા રાખવાનું આજ-સુધી કોઇ સરકારને સૂઝયુ નથી. આ વધુમાં વધુ અગત્યનું કાર્યક્ષેત્ર સરકારોએ કે ધર્મોએ પણ સ્પર્શ્યું નથી. બધા પોતાને 'સુધરેલા' કહેવડાવે છે પણ સરકારો સુધરી સુધરીને એટલી જ સુધરી કે 'વૈર'ને 'ઇલાજ' માનવા જેટલી, અને ધર્મસંસ્થાઓ એટલી જ સુધરી કે મંદિરો, 'અનાથ' (?) શાળાઓ તથા પશુશાળાઓને 'મુક્તિના ઇલાજ' માનવા જેટલી।"

"આ પ્રવૃત્તિઓ ખરેખર મહાન છે અને **પોતાસહિત** સારી માનવજાતિને માટે આવશ્યક છે. વિશાળ દૃષ્ટિવાળાથી જ આવી પ્રવૃત્તિ બની શકે અને વિશાળ દૃષ્ટિ 'ધર્મશાસન' સિવાય બીજે ક્યહા હોઇ શકે ? તેથી 'જૈન શાસનના' સ્વાભાવિક કર્ત્તવ્યની જે રૂપરેખા આપે વિચારી તે ઉચિત જ છે અને **જૈનધર્મના અનીશ્વરવાદને પૂરેપૂરી બંધબેસતી છે.** દુનિયાના મ્હોટા ભાગે કર્ત્તા–ભર્ત્તા–નિયતા તરીકે ઇશ્વરની કલ્પના કરી છે, જ્યહારે જૈનધર્મે જગતને અનાદિ માન્યું છે, અને ભર્ત્તા તથા નિયંતા તરીકેનુ કાર્ય જીવોના હસ્તક હોવાનું જણાવ્યું છે, કે જે જીવોમાં મનુષ્યનુ સ્થાન સર્વોપરિ હોવાનું માન્યું છે. તાત્પર્ય કે **મનુષ્યને જ ઇશ્વર મનાવ્યો છે.**

માનવવૃક્ષના એક અંગ તરીકે નહિ માનનાર દરેક સરકાર અને દરેક પ્રજા એવી જ 'ભૂલ' કરશે અને ભૂલ 'અપરાધ'-પરમ્પરાને જન્મ આપશે. એથી ઉલટું, સમષ્ટિભાનના પાયાપર રચાયલું 'જૈન શાસન' સ્વભાવતઃ એમ વિચારશે કે, મ્હારા હાથે મ્હારા પગને ઇજા કરી ખરી પણ તે એક ઇજાનો ઇલાજ કરવાને બદલે હાથને પણ ઇજા કરી બે ઇજાઓના ભોગ બનવું મ્હને ન પાલવે: એથી તો શરીરવ્યવસ્થા બેવડી જોખમાય. તે વૈરતૃપ્તિને લક્ષ્ય નહિ બનાવતાં પગની ઇજા દૂર ન થાય ત્ય્હાં સુધી એનું કામ બીજાં અંગોને વ્હેંચી આપી વ્યવસ્થા જાળવી રાખવા પર ધ્યાન આપશે અને, તે જ વખતે, હાથના માનસનો રોગ શોધી તે રોગ દૂર કરવા પ્રયત્નશીલ થશે. ( એક અંગની ભૂલ, આખા શરીરનું કામ વધારનાર, આમ જ થાય. ) સઘળી ક્રિયાઓનું ઉત્પત્તિ સ્થાન તો માનસ છે; તેથી અનિષ્ટ ક્રિયાઓ અટકાવવા ઇચ્છનારે માનસની ચિકિત્સા કરવી જ પડશે. અનિષ્ટ ક્રિયા-જેને 'ગુન્હો' કે 'પાપ' કહેવામાં આવે છે તે-જે મનુષ્યોથી થવા પામે તેવા તમામ મનુષ્યોને માનસશાસ્ત્રીઓથી ચાલતી હૉસ્પીટલોમાં મોકલી ત્ય્હાં ત્હેના માનસની ચિકિત્સા અને તે પર અનેક પ્રકારના અખતરા કરવા જોઇશે, અર્થાત્ જેલોને બદલે હૉસ્પીટલો પાછળ બની શકતો તમામ ખર્ચ કરવો જોઇશે. માનસશાસ્ત્રીઓ જોઇ શકશે કે કેટલાક 'ગુન્હા' ઓ માત્ર સ્થાન બદલો (change of place) માગતા હતા, કેટલાક ભોજનપલટો (change of diet) માંગતા હતા, કેટલાક વિચાર પલટો (change of trend of mind)માંગતા હતા, કેટલાકો જેમને જીંદગી નિરંતર ત્રાસરૂપ થઇ હોય છે તેવાઓ મરણીઆ બની ગુન્હામય જીવનમાં ગબડી પડે છેઃ એવાઓનાં મગજ નિયમિત રીતે વાદ્ય કે ગીત સાંભળવાથી

તથા એમની દરકાર કરનાર કોઇ છે ખરૂં એવું જોવા પામવાથી પ્રફુલ્લિત (elated) થાય છે અને ગુન્હાનો ખ્યાલ વટીક ત્હેમને થવા પામતો નથી. કેટલાકોને હીપ્નોટિક સૂચન દ્વારા અસલ માનસમાં લાવી શકાય. સૂચન, વાદ્ય, ગીત, મમતાળુ વર્ત્તન, પહાડપર કે સમુદ્ર નજીકનું રહેઠાણ, અમુક ખોરાકો અને પીણાંઓ આ સર્વ માનસપર જબરી અસર કરી શકે છે પણ કયું તત્ત્વ કયા સંજોગમાં કેવા પ્રકારની અસર કરે તે શોધ માટેના અખતરાઓ પાછળ માનસશાસ્ત્રીઓ અને સાયન્ટીસ્ટોને રોકયા રાખવાનું આજસુધી કોઇ સરકારને સૂઝયુ નથી. આ વધુમાં વધુ અગત્યનું કાર્યક્ષેત્ર સરકારોએ કે ધર્મોએ પણ સ્પર્શ્યું નથી. બધા પોતાને 'સુધરેલા' કહેવડાવે છે પણ સરકારો સુધરી સુધરીને એટલી જ સુધરી કે 'વૈર'ને 'ઇલાજ' માનવા જેટલી, અને ધર્મસંસ્થાઓ એટલી જ સુધરી કે મંદિરો, 'અનાથ' (?) શાળાઓ તથા પશુશાળાઓને 'મુક્તિના ઇલાજ' માનવા જેટલી।"

"આ પ્રવૃત્તિઓ ખરેખર મહાન છે અને **પોતાસહિત** સારી માનવજાતિને માટે આવશ્યક છે. વિશાળ દૃષ્ટિવાળાથી જ આવી પ્રવૃત્તિ બની શકે અને વિશાળ દૃષ્ટિ 'ધર્મશાસન' સિવાય બીજે ક્યહાં હોઇ શકે ? તેથી 'જૈન શાસનના' સ્વાભાવિક કર્ત્તવ્યની જે રૂપરેખા આપે વિચારી તે ઉચિત જ છે અને **જૈનધર્મના અનીશ્વરવાદને પૂરેપૂરી બંધબેસતી છે.** દુનિયાના મ્હોટા ભાગે કર્ત્તા-ભર્ત્તા-નિયંતા તરીકે ઇશ્વરની કલ્પના કરી છે, જ્યહારે જૈનધર્મે જગતને અનાદિ માન્યું છે, અને ભર્ત્તા તથા નિયતા તરીકેનુ કાર્ય જીવોના હસ્તક હોવાનું જણાવ્યું છે, કે જે જીવોમાં મનુષ્યનુ સ્થાન સર્વોપરિ હોવાનું માન્યુ છે. તાત્પર્ય કે **મનુષ્યને જ ઇશ્વર મનાવ્યો છે.**

અમે આજના જૈનો 'ઇશ્વર નથી' એવું કહીને અટકી જઇએ છીએ, પણ 'અમે ઇશ્વર છીએ' એમ કહેતાં—એમ શ્રદ્ધતાં—હજી શિખ્યા નથી; કારણ કે **આધ્યાત્મિક ખુમારીનો અભાવ** છે અને **જોખમદારીનો** ડર છે. એટલા માટે શાસનના બન્ને પક્ષની દરેક વ્યક્તિમાં **આધ્યાત્મિક ખુમારી** અને **જોખમદારીનો શોખ** પ્રથમ ઉપજાવવાં જોઇએ અને સતત જાળવી રાખવાં જોઇએ. આશય જેમ ઉંચો તેમ અંદરનું બળ વધુ ખીલે, અને તેથી જ સદ્‌ગૃહસ્થને 'મહાશય' કહેવાની રૂઢિ પડી છે. અને ઉંચો આશય આજના જૈનોમાં ઉત્પન્ન કરવા માટે શાસ્ત્રોને પુનર્જન્મ આપવો જ જોઇશે, અર્થાત્ મહાવીર પછી હજાર વર્ષે જેમ તે વખતના દેશકાળને ધ્યાનમાં લઇ અનુભવી પુરૂષોએ શાસ્ત્રો રચ્યાં તેમ, તે પછીનાં ૧૫૦૦ વર્ષો દર્મ્યાન બદલાયલા માનસને ધ્યાનમાં લઇ માનસવેત્તાઓ, સાયન્ટીસ્ટો તથા યોગીઓ અને વૃદ્ધ જૈન સાધુઓના સહકારપૂર્વક વિદ્યમાન જૈન શાસ્ત્રોમાંથી યોગ, માનસશાસ્ત્ર, સમાજશાસ્ત્ર, સાયન્સ આદિ વિદ્યાઓને લગતું જે જ્ઞાન મળી શકે તે તારવી કાઢવુ જોઇએ, અને તે સમસ્ત દુનિયાના ઉપયોગ માટે ખુલ્લુ મૂકવું જોઇએ, કે જેથી કોઇ કોઇ બાબતમાં આજના સાયન્સ અને માનસશાસ્ત્રને નવો પ્રકાશ મળવા પામે. અને તે જ વખતે 'નૂતન જૈન શાસન'ના 'સાધુ' અને 'શ્રાવક'ના જીવનનું સ્વરૂપ અને ધ્યેય નક્કી કરવાં જોઇએ. તે માટે વળી ધાર્મિક ક્રિયાઓ પણ ચ્હડતા—ઉતરતા ક્રમવાળી, ચોક્કસ પરિણામો ઉપજાવવાના આશયવાળી અને જેમ બને તેમ ટુંકી યોજવી જોઇએ. અને એટલું—એવા સમર્થ પુરૂષોના સહકારથી—વિદ્યમાન શાસ્ત્રોના લેખકોએ કરેલી 'કૉન્ફરન્સ' જેવી પણ વધુ બહોળા આશયવાળી કૉન્ફરન્સ દ્વારા—કર્યા પછી હાલના તમામ જૈનગ્રંથો, જેમ અઢીસો

વર્ષ પરના ત્રેવીસમા **તીર્થંકર**નાં શાસ્ત્રોને મહાવીરે બાજુએ મૂક્યાં હતાં તેમજ—માનપૂર્વક 'ભંડારા'માં મૂકવાં જોઇએ. આ કામમાં ચારે ફીરકાઓએ સામેલ રહેવું જોઇએ, કારણ કે નવું જૈનશાસન 'અવિભક્ત કુટુંબ' (undivided family) બનવું જોઇશે. મૂર્ત્તિ માનવી કે નહિ અને માનનારે આ રીતે પૂજવી કે બીજી રીતે તે બાબતમાં સૌ પોતપોતાની સ્વતંત્રતા રાખી શકે. બાકી સિદ્ધાંતો અને વર્ત્તનના નિયમો તથા ધ્યેયો બાબતમાં તો ઉક્ત કૉન્ફરન્સના નિર્ણયો જ સર્વને એકસરખી રીતે બંધનકારક હોવાં જોઇએ. તેમજ સામાજિક પ્રશ્નોમાં પણ તે કૉન્ફરન્સના નિર્ણયો જ શાસ્ત્રવચન ગણાવા જોઇએ. આવું કાંઇ થાય તો તો જૈનશાસન ત્હેના નામની સાર્થકતા કોઇ દૂરના ભવિષ્યમાં કરી શકે અને તે સાથેજ વળી આખી દુનિયામાં પૂજાય."

"સ્વાભાવિક રીતે જ પૂજા પામે,—નહિ કે વરઘોડા વગેરેના બાહ્ય આડંબરથી મેળવાતી ક્ષણિક પ્રસિદ્ધિ, કે જે તો જનતાના બાહ્ય ભાનમાં જ એક ક્ષણે પ્રકટી બીજી ક્ષણે અદૃશ્ય થાય છે."

"સાધુવર્ગ પ્રગતિમાર્ગમાં સતત ખલેલ કરતો રહ્યો છે તે જોતાં એ સંસ્થા જ નવા શાસનમાંથી દૂર કરવાની આપને જરૂર નથીં જણાતી?"

"**શાન્તમ્ પાપમ્! શાન્તમ્ પાપમ્!** એ કલ્પના જ ઉંડા વિચારનો અભાવ બતાવે છે. હુ ખરેખર માનું છું કે સાધુસંસ્થા એ વ્યક્તિ તેમજ સમાજ બન્નેની અનિવાર્યતા છે. શાસન ચલાવવાનું કામ એવી જાતનું છે કે જે કાર્યવાહકનો બધો વખત, બધું ચિત્ત અને બધી શક્તિઓ માંગે. એચાર વ્યક્તિથી બનેલા કુટુંબને સંભાળવા પોષવા તથા કેળવવા

રૂપ ગૃહરાજ્ય પણ ત્હેના વડાની સર્વ શક્તિઓનો વ્યય માંગે છે તો શાસન અને જનતાને લગતા, વર્તમાન અને ભવિષ્યના અનેક પ્રશ્નો વિચારવા, ચર્ચવા અને શાસનની વ્યવસ્થા કરવા જેવાં કામો—ગૃહસંસારની જોખમદારી અદા કરતા જવા સાથે—બજાવી શકાય જ કેમ ? ત્હેમાંય વિચારક પ્રકૃતિના સભ્યોને તો ગૃહ, સ્ત્રી તથા હરકોઇ બાલ પ્રવૃત્તિથી અલગ રહેવું એ અનિવાર્યતા હોય. ગૃહસંસ્થાથી સ્વતંત્ર એવો સાધુઆશ્રમ વિકસિત વ્યક્તિની જરૂરીઆત હોવા સાથે જ જનતાની પણ પહેલામાં પહેલી જરૂરીઆત છે. વળી ગૃહસ્થ વર્ગ પર ગૃહસંસ્થાથી સ્વતંત્ર વ્યક્તિની અસર પડવાનાં એકથી વધુ કારણો છે.”

“પણ, મિ. શા ! વિકસિત અને સંયમી વ્યક્તિઓ ગૃહસ્થાશ્રમથી દૂર રહેવા કરતાં પોતાની સગવડનો ભોગ આપીને પણ ગૃહસ્થાશ્રમ સેવે તો એમના સંસર્ગમાં આવતા હજારો સ્ત્રીપુરૂષો ઉત્તમ પ્રકારની ગૃહવ્યવસ્થા અને ગૃહસ્થજીવન શિખવા પામે અને એ આજના જૈનોનું અવનત ગૃહસ્થજીવન જોતાં વધારે ઇચ્છવા જોગ થઈ પડે એમ આપને નથી લાગતું શું ?”

“ત્હમે કહો છો તેવા ગૃહસ્થ ઉપદેશકોની પણ જરૂર છે જ, પણ તે જરૂર આપોઆપ પૂરાશે,—ગૃહજીવન જેમની પ્રકૃતિને અનુકૂળ ન હોય એવાઓને ફરજ પાડવાથી તો એકકે પક્ષનું હિત ન થાય. જે કાયદો મનુષ્યસ્વભાવને અનુકુળ હોય અને elastic (પરિવર્ત્તનશીલ) હોય તે જ કાયદો લાંબો વખત ટકી શકે અને લાભકારક થઇ શકે. સાધુ બનવા યોગ્ય વ્યક્તિઓની પ્રકૃતિ અનુસાર બ્રહ્મચારીસાધુ અને ગૃહસ્થસાધુ એવા બે વર્ગ ગોઠવ્યા સિવાય તો પાખંડ જ્યહારે ત્યહારે દાખલ થયા વગર ન જ રહે. ગૃહસ્થસાધુનો સુવ્યવસ્થિત ગૃહસંસાર તથા

સંયમી જીવન જોઇ શ્રાવક વર્ગ પોતાનું જીવન સુધારી શકશે અને શ્રાવકગણનો ગૃહસંસાર ઉન્નત બનશે તો જ 'જૈનશાસન' યથાનામ કામ કરી શકશે."

"અને સાધુને બ્રહ્મચર્યાશ્રમ કે ગૃહસ્થાશ્રમ વચ્ચે પોતાની પ્રકૃતિ અનુસારની પસંદગી કરવાની મળે તો બન્ને આશ્રમ **પ્રમાણિક** વ્યક્તિઓથી જ ભરાવા પામે અને પરિણામે બન્ને વર્ગ પર લોકો સ્વભાવતઃ સન્માન ધરાવી શકે,—નહિ કે રૂઢિ ખાતરનું માન કે જે માન જીગરનું ન હોવાથી એથી કોઇનું કાંઇ કાર્ય સરતું નથી. બ્રહ્મચારી સાધુ કરતાં ગૃહસ્થ સાધુ કાંઇ ઓછો સત્કાર નહિ જ પામે, કારણ કે એને માથે જીવનને લગતી એટલી બધી ઉપયોગી બાબતો શોધવા અને શિખવવાનું આવી પડશે કે જેને લીધે ત્હેની અરેખરી કદર થયા વગર રહે જ નહિ. દાખલા તરીકે, જો કે કહેવત તરીકે તો ઘણુંએ કહેવાય છે કે 'અન્નથી પ્રાણ' 'પ્રાણથી સંયમશક્તિ' અને 'જેવું અન્ન તેવી મતિ,' તથાપિ ભિન્ન ભિન્ન જાતિના અન્ન શાકભાજી અને ફળના ગુણદોષ કોઇ જાણતુ નથી અને લગભગ દરેક મનુષ્ય જે મળ્યુ તે ખાય છે અગર જે ભાવ્યું તે ખાય છે, પણ શરીરને પૂરતું પોષણ મળવા માટે જે જે તત્ત્વોની જેટલા પ્રમાણમાં જરૂર હોય તે તે તત્ત્વ તેટલા પ્રમાણમાં ત્હેને પૂરાં પાડવા માટે ક્યા ખોરાકો અવશ્ય લેવા જોઇએ ત્હેનો વિચારે કોઇ કરતું નથી પરિણામે લગભગ દરેક સ્ત્રી, પુરૂષ, બાળકનો બાંધો નબળો જ રહેવા પામે છે, અને થોડા શ્રમ કે સાધારણ અકસ્માત કે હવામાં ઉડતા હરકોઇ રોગના જંતુના સ્હેલાઇથી ભોગ થાય છે. આવા લોકોથી પછી પુરૂષાર્થ પણ કેવો બને? કેટલાકો અખાદ્યનો ઉપયોગ કરવા લાગ્યા છે એવી જે ફર્યાદ એક જૈન સાધુએ હમણાં કરી છે તે ખોટી નથી પણ ત્હેનું મુખ્ય કારણ તો એ છે કે એવું

કરનારાઓની તે ધર્મ પર શ્રદ્ધા નથી કે જે ધર્મ લીલી વનસ્પતિ ખાનારને ય પાપી કહી ધિક્કારતાં શિખવે છે અને નિર્દોષ પણુ પોષક આહાર બતાવી શકતો નથી. આથી તેઓ જ્યહાં અને જે પોષક પદાર્થ મળ્યો ત્ય્હાં અને ત્હેનો ઉપયોગ કરવા ખેંચાય છે. અમેરિકામાં ઘણાંએ વનસ્પત્યાહારનાં ખાસ રૅસ્ટૉરાં (ભોજનગૃહો) છે, જ્યહાં હજારો અમેરિકનો રોજ જમે છે અને ત્હેમને માંસાહાર ગમતો ય નથી; પરન્તુ એ રૅસ્ટૉરાંના માલેકો સાયન્સની દૃષ્ટિએ ખોરાકની ચીજો પસંદ કરે છે અને સાયન્ટીફીક રીતે રસોઇ કરે છે, જેથી શરીરને જોઇતાં સઘળાં તત્ત્વો પૂરતા પ્રમાણુમાં પૂરાં પાડી શકે છે. એક તરફ રાંધવું, ખાવું વગેરે દરેક ક્રિયામાં પાપ બતાવવું અને બીજી તરફ એ મૂર્ખાઇભર્યા ઉપદેશોને પરિણામે લોકો શ્રદ્ધા ગુમાવી જે કાંઇ અને જેવો માર્ગ મળે તે સ્વીકારે ત્ય્હારે ત્હેમને ગાળો દેવી એ નરી મૂર્ખતા છે અને જેઓ આ સાધુના કથનમાંની હકીકતને ખોટી કહી એના પર ધર્મને ઉતારી પાડવાનો આરોપ મૂકે છે તેઓ તો વળી દયાપાત્ર જ છે. ખરી હકીકત છૂપાવવામાં ધર્મનું કે લોકોનું હિત છે જ નહિ, તેમ દોષનું કારણ શોધી ઇલાજ કરવાને બદલે કહેવાતા દોષ કરનારાઓને ઝાટકવામાં બહાદુરી માનવી એ નરો સ્વેચ્છાચાર છે. અખાદ્ય ખાનારાઓ પર પ્રહાર કરનાર, પ્રહાર કરનારને લોકબત્રીસીએ ચ્હડાવી ધર્મનિંદક ઠરાવનાર, અને જેના ત્હેના નચાવ્યા નાચનારઃ આ સર્વ એક નહિ ઇચ્છવા જોગ Comedyનાં પાત્રોની ગરજ સારે છે. ખોરાક અને રહેણી-કહેણી બાબતમાં જો હજી અમારા નેતાઓ સાયન્ટીફીક પ્રકાશ પાડવાની તજવીજ નહિ કરે, હજી આરોગ્યરક્ષક ખોરાક અને રહેણીકહેણીના શિક્ષણ પર ઉપેક્ષા જ ચાલુ રાખવામાં આવશે અને હજી જો ધર્મને ફક્ત પરલોક સાથે જ સંબંધ ધરાવતી ચીજ તરીકે મનુષ્યોની મરજી વિરૂદ્ધ ત્હેમના પર ઠોકી બેસા-

ડવાનો આગ્રહ ચાલુ રહેશે તો, મ્હને ભય છે કે, મ્હોટો ભાગ માંસાહારી અને વિદેશી રીત રસમ સેવનારો કે પરધર્મી બની જશે. સારૂ બતાવો અગર લોકોને જે સૂઝે તે લેવા દો: એ એક જ સૂત્ર સ્વાભાવિક સત્ય છે: બાકી બધા દંભ છે. ખાવા માટે ને પીવા માટે, વાંદવા માટે ને નહિ વાંદવા માટે, અભિપ્રાય ધરાવવા માટે ને અભિપ્રાય જણાવવા માટે, અમુક માનવા માટે અને અમુક નહિ માનવા માટે, જહેનાત્હેનાપર તિરસ્કાર કરવો અને હોહોકાર જગાવવો એ જ આજના જૈનોના ધર્મની ઇતિ છે, કે જે પ્રકૃતિ મુડદાની બદબોનું ભાન કરાવે છે. રુજનાત્મક એક કાર્ય ત્હેમને સૂઝતું નથી. આ સંજોગમાં જો ઉંચા સંસ્કારવાળા સુશિક્ષિત તથા સંયમી પુરૂષો 'ગૃહસ્થ સાધુ' બનવા પામે તો તેઓ ખોરાક વગેરેને લગતા પ્રશ્નો વિચારે, અખતરા કરે. પરિણામો જાહેર કરે, ખાવાની પદ્ધતિ અને સ્વચ્છતા શિખવે, લગ્નના આશય સ્હમજાવે, ગૃહસંસારની ભાગીદારીની કિંમત શિખવે, બાળ ઉછેર શિખવે, સાદાઈ અને કરકસર તથા મનોનિગ્રહ શિખવે, લોકોને બોલતાં–હસતાં–થુંકતાં–રોતાં–ચાલતાં–બેસતાં ય નથી આવડતુ તે પણ શિખવે. અમારા સાધુઓ ગમે તેમ ભલે બકે, પણ અમારા મહાવીર પ્રભુએ તો આ કશી ક્રિયાઓમાં એકાંતે પાપ કહ્યું જ નથી, બલ્કે જીવનની **તમામ** ક્રિયાઓનું ઉચ્ચીકરણ કરવાનું શિક્ષણ આપ્યું છે. શ્રી ગૌતમે એકદા ત્હેમને પૂછયું કે "કેમ ચાલવું, કેમ ખાવું, કેમ બેસવું, કેમ સૂવું...કે જેથી પાપ ન લાગે? જીવનશ્રેણિનું પતન ન થાય." અને લૉર્ડ મહાવીરે ઉત્તર આપ્યો: "જયણાથી—યત્નપૂર્વક (વિવેકપૂર્વક) ખાવું...(ઇત્યાદિ) કે જેથી પતન નહિ થાય." તેમણે વળી કહ્યું કે તત્ત્વજ્ઞાની 'પાપ' તેમજ 'પુણ્ય' બન્નેથી બચી મધ્યમાં—સમભાવમાં—સ્વભાવમાં—વર્તે, અને જનતાએ

'પાપ'થી–પતનથી–બચવા માટે યત્નપૂર્વક–વિવેકપૂર્વક–જીવન જીવવાની કાળજી રાખવી ઘટે. આવું સાદું સીધું હિતાવહ ખુલ્લું શિક્ષણ છતાં સુંઠના ગાંગડાથી વૈદ્ય બની બેઠેલાઓ જેમાં તેમાં પાપ અને હિંસા બતાવી લોકોને ઉલટા ધર્મથી વિમુખ કરી નાસ્તિક બનાવે છે. જૈનો નાસ્તિક બને કે પરધર્મમાં જાય એનો બધો દોષ જૈન સાધુઓની અજ્ઞાનતા, મિથ્યાભિમાન તથા કલહપ્રેમી પ્રકૃતિ પર જ છે. પણ દોષ આનો ઠરે કે ત્હેનો, તેથી કાંઇ લોકોની ગરજ સરતી નથી. લોકોનું હિત તો ખરો ધર્મ સ્હમજી જીવનને ઉન્નત બનાવવામાં જ રહેલું છે. અને એ કામમાં 'ગૃહસ્થ સાધુ' સારો ફાળો આપી શકે એ દેખીતું છે."

"ખરૂં, પણ હું જાણીને તાજુબ થાઉં છું કે ત્હમારા ધર્મગુરૂઓ શું ત્હમારા ખાનગી જીવનમાં પણ આટલી હદની ડખલગીરી કરવા સ્વતંત્ર છે? તો પછી ત્હમને સ્વરાજ્ય માંગવાનોય શું હક્ક છે? ત્હમારૂં ત્હમારા ઘરમાં ય સ્વરાજ્ય નથી જણાતું. માત્ર સલાહ આપવાના હક્કને સ્થાને ત્હમારા ધર્મગુરૂઓ તો ત્હમારા dictator બની ગયા જણાય છે, પછી ત્હમારૂં માનસ ગુલામ બને એમાં આશ્ચર્ય જ શું? ભલા ત્હમારી દરેક ક્રિયામાં તેઓ પાપ બતાવે છે તો ત્હેમને માન આપવામાં ત્હમે વરઘોડા કહાડો છો, જમણો કરો છો, ત્હેમના કહેવાથી કે ત્હેમની ખાતર બીજુંય ઘણું કરતા હશો, ત્હેમને માટે ભોજન આપો છો: એ બધામાં પાપ નહિં? અને, એ પાપના ભાગીદાર તેઓ નહિ? તેઓ ચાલે છે, બોલે છે, શ્વાસ લે છે ત્હેમાં ત્હેમને પાપ નહિ? તો પછી નિરંતર પાપમાં જીવ્યા કરવા કરતાં તો સમાધિ કરી લેવી જ ઉત્તમ! વારૂ, ત્હમે કહી ગયા કે ત્હમારા બધા તીર્થંકરો ક્ષત્રિય હતા અને અમુક તીર્થંકરના ક્ષત્રિય અનુયાયીઓએ મહાભારત યુદ્ધો

પણ કર્યાં હતાં, શું આ જૈન યોદ્ધાઓ વનસ્પત્યાહાર પર જ લડી શક્યા હશે ?"

"આપનો આશય હું સ્હમજી શકું છું. પણ ઢાલની બન્ને બાજુ તપાસવી ઘટે. તે વખતના દેશકાળ, અમુક વર્ગના જીવનની જરૂરીઆતો, આસપાસની પરિસ્થિતિઓ વગેરે બધું વિચારવું ઘટે. હું એટલું તો સ્પષ્ટ જોઇ શકું છું કે જે કાળે શાસ્ત્રો લખાયાં તે કાળે તે પ્રદેશમાં મનુષ્યપ્રકૃતિ અસાધારણ નિષ્ઠુર —ક્રૂર—બની હશે એમાં તો શક જ નહિ, કારણ કે એ શાસ્ત્રોમાં એક સાધુએ આહાર લેવા જતાં રસ્તામાં જોયેલા દૃશ્યનું વર્ણન આપવામાં આવ્યું છે. એક આરોપીને પકડીને પોલિસ ગેટ પર લઇ જવામાં આવે છે. ત્હાં ત્હેનાં માતા–પિતા–ભાઇ–ભોજાઇ–કાકા–કાકી–મામા–મામી–ફોઇ–ફુઆ–સાળા–બનેવી–બ્હેન વગેરે સર્વને પકડી લાવી દરેકના શરીરમાંથી માંસ કાપી ભુંજી આરોપીના મ્હોંમાં જબરજસ્તીથી મૂકવામાં આવે છે. અલબત્ત ઘણા લોકો આ દૃશ્ય જુએ છે પણ કંઇ જ પ્રોટેસ્ટ થવા પામતો નથી. એથી સ્હમજાય છે કે લોકો માંસાહારથી તેમજ આવી જાતની ક્રૂરતાથી ટેવાયલા હોવા જોઇએ. અને આટલી હદની ક્રૂરતાના જમાનામાં એટલી જ હદની અહિંસાની ઢાલ યોજવી જ પડે. Action (કાર્ય) ના પ્રમાણમાં જ Re-action (પ્રતિકાર્ય) થવું ઘટે. આજનું આપણું વર્તન તે વખતના માંસાહારી વળણના આધારે યોજવામાં આપણે ભૂલ જ કરીએ, તેમ તે વખતના વળણને રોકવા માટે ઇલાજ તરીકે ઉપદેશાયલી હદપારની અહિંસાને પણ તે સંજોગો દૂર થયા બાદ વળગી રહેવામાં ય ભૂલ કરીએ. વર્તમાન સંજોગો, માનસશાસ્ત્રના સિદ્ધાન્તો અને વિવેક બુદ્ધિ એ ત્રણના સંયોગપૂર્વક જ આજની નીતિઓ ઘડાવી જોઇએ."

"તદ્દન ઠીક કહ્યું, મિ. **પાતક**! અને એ જ કારણ છે કે હું એક અજૈન છતાં અને ત્હમારા હિસાબે 'મિથ્યાત્વી' છતાં માત્ર વનસ્પત્યાહાર પર જ જીવવાનું પસંદ કરૂં છું. અને મદ્યનો તો ખુદ અમારી સરકારે પ્રતિબંધ કર્યો છે. આ બન્ને ઘટનાઓ ધર્મ, શાસ્ત્ર કે ધર્મગુરૂને આભારી નથી, પણ ત્હમે કહ્યું તેમ, માનસશાસ્ત્રના સિદ્ધાન્તો, વર્તમાન સંજોગો તથા વિવેક બુદ્ધિને જ આભારી છે. ત્હમારા લૉર્ડ મહાવીરે કહ્યું તેમ, **સઘળું ઉચ્ચીકરણ 'જયણા'ને જ આભારી છે.**"

"અને અમારૂં બધું વર્ત્તન **બહાર**ની જયણા–સ્થૂલ જયણા-પીંછીથી ચીજને લૂછવા પૂરતી જયણાને જ અનુસરે છે, માનસિક જયણા અથવા વિવેકને નહિ. **અમારી બધી ક્રિયાઓ અંતઃકરણમાં થવાને બદલે બહાર અને સ્થૂલ-પર જ થાય છે;** એટલે કે, જો કે અમે ચેતનવાદી કહેવડાવવાનો દાવો કરીએ છીએ તો પણ વસ્તુતઃ અમે જડવાદી જ છીએ."

"થોભો, મિ. **પાતક**! જરા થોભો! મ્હને વિચાર કરવા દો: **ત્હમે જડવાદી હોત એમ** હું ઇચ્છું છું: એથી **એક દિવસ** ચેતનવાદ પર આવી શકત. ત્હમે તો નથી ચેનનવાદી કે નથી જડવાદી. ત્હમારૂં કશું ધ્યેય જ નથી. ત્હમે જીવતા નથી, ખેંચાઓ છો. ત્હમે બોલતા નથી, બકો છો. તમે જમતા નથી, સ્વાદ કે ભૂખને નમો છો. ત્હમે જડને ય ભોગવતા નથી, જડથી ભોગવાઓ છો. ત્હમે 'સારો' કે 'ખૂરો' કોઇ જાતનો ધર્મ સ્વતંત્રતાથી સેવતા નથી, ત્હમને કોઇ ત્હેની મરજી અને ત્હેના લાભનો ધર્મ સેવડાવે છે. ત્હમે ક્રિયાશીલ તો થઇ શકતા નથી પણ અક્રિયતા પણ સેવી શકતા નથી–જેના ત્હેના ઉડાડ્યા ઉડો છો. જીવનનો 'પવિત્ર'

હુકાર તો દૂર રહ્યો પણ 'પ્રમાણિક' નકાર પણ ત્હમે બોલી શકતા નથી. ખરેખર ત્હમે ગાઢ–અતિગાઢ–સમાધિમાં છો, ત્હમારા કાનમાં ઢોલ–નગારાં જોરથી વગાડવા ઉપરાંત ત્હમારા શરીર પર જબરા આઘાતની જરૂર રહે છે. ત્યહારે જ ત્હમે બગાસું ખાઇ ઉઠવા પામશો. એક વાર કેમે કરી ઉઠ્યા તો તો પછી મહાવીરનાં સંતાનો છો: મહાવીરનાં કે જેણે એકલે હાથે સંસારસમુદ્ર તરવાનો પૂલ બાંધ્યો હતો."

"પણ, મિ. શૉ! આપણે ખારો સમુદ્ર તરાવનારી બોટને તો વિસરીજ ગયા! ૭ ૭ કલાકથી મ્હારા મિત્રની સ્ટીમ લૉન્ચ આપણી રાહ જોતી ઉભી છે? Shall we start?"

"ઓહો! ૭ કલાક! આ વાતોએ તો મ્હને હયાતીનું ય વિસ્મરણ કરાવ્યું!"

અને ખરે **હયાતીનું વિસ્મરણ જ હયાતીની ચાવી** છે, કે જે વિસ્મરણ કોઈ પણ એક ચીજ પરની સમ્પૂર્ણ અર્પણતાનું જ સંતાન છે!

## પ્રકરણ ૬ ઠું.

### વર્તમાન દીક્ષા અને દીક્ષિતો.

તે એક ન્હાનીસી સ્ટીમર* હતી. નવી જ બનેલી હતી. છેલ્લામાં છેલ્લી શોધખોળની મશિનરી+ ધરાવતી હતી. સેંકડો વર્ષના નાવિકો અને ઍન્જીનિયરોની ભસ્મથી એ ઘડાઇ હતી.

કિનારાપર તે ઉભી હતી. ઉભી ઉભી મંદમંદ ડોલતી હતી, કેમ જાણે કોઇ સત્વગુણી સાધુ પોતાના જગતારણુ મિશન પરની પોતાની શ્રદ્ધાથી મુશ્કરાઇ રહ્યો હોય નહિ !

પોતાની શક્તિની ખાત્રી અને પોતાના મિશનપરની શ્રદ્ધા ખરે જ અજબ ખુમારી ધીરે છે.

અમે બોટની નજદીક પ્હોંચ્યા એટલે એના આત્મારૂપ કૅપ્ટને-પોતાના સ્થાનેથી જ-બ્હાર ડોકીઉં કર્યું અને સહજ સ્મિતથી અમારો સત્કાર કરતાં કહ્યું: 'આખરે આવ્યા ખરા ?'

"મિ પાતક !" મ્હેં મ્હારા સાથીના કાનમાં જ કહ્યું "આ બોટ છ છ કલાક અહીં થોભી રહી તો આપણા નિવાસ સુધી કાં ન આવી ? ફક્ત એક મિનિટનો જ રસ્તો હતો !"

---

* વ્યક્તિ, શાસન, યુથલિંગ, સમાજયોજના.
+ મશિનરી=અંત:કરણ, સિદ્ધાન્તો, કાનુન.

"'સાધુ' 'જનતા'માં આવે" કાનમાં જ ઉત્તર મળ્યો "તો સ્ટીમર જમીનપર આવે!"

"અને" મ્હેં ઉમેર્યું "પૅસેન્જરો જમીનના છેડા સુધી–તથા મુમુક્ષુ 'જનતા'ના છેડાસુધી–આવે ત્હારે જ 'સફર'–દરિયાઇ સફર–gliding motion–કરી શકે."

"એટલે કે" મિ પાતકે સ્પષ્ટ કર્યું "પૅસેન્જરને જમીનનો–અને મુમુક્ષુને જનતાનો તથા જનતાના વ્યવહારનો*–કંટાળો થવા પામ્યો હોય તો જ સ્ટીમર કે સાધુ સાંપડે."

બન્ને હસતાં હસતાં બોટમાં કૂદી પડયા.

"કઇ તરફ? સાહેબ!" કૅપ્ટને પૂછ્યું.

"ત્હમારી પસંદગી એ જ અમારી ઇચ્છા, કૅપ્ટન!" મ્હેં જવાબ આપ્યો "અમને તો માત્ર **તાજગી** (freshness) જોઇએ છે!"

બોટ ઉપડી.

ઉંડા જળની સપાટીપર તે એક રાજહંસની ગતિએ ચાલતી હતી,–જમીનપર પદ્મિની ચાલે છે તેમ જ!

ભારે તોફાન જેવું તો કાંઇ જ નહોતું,–જો કે પવન જરા જોરમાં હતો અને મોજાં રાક્ષસોની લાઇન માફક એક પછી એક ધસ્યાં આવતા હતા. પરન્તુ ના તેઓ અમારી બોટને પોતાના શિરથી ઉછાળી શકતા કે ના પોતાના પગથી દાબી શકતાં. બોટ એમને ચીરીને રસ્તો કરતી હતી અને તે સાથે જ આગળ ધપવારૂપ પ્રગતિ પણ કર્યે જતી હતી. એ એની અંદરની મશિનરીની–એના અંતઃકરણની–બલીહારી હતી, નહિ કે એનાં નામ–રૂપની!"

* Heaviness of gait and dullness of brain like the sheep or baffalo.

"કૅપ્ટન!" મ્હેં પૂછ્યું "કોઇ વખતે સખ્ત પવન હોય અને દરિયો છાકટો બને ત્યહારે શું દશા થતી હશે?"

"સાહેબ!" તેણે ઉત્તર આપ્યો "એવા પ્રસંગ અનેક વખત આવે છે. એવે વખતે અમારી પૂરી **કસોટી** થાય છે. દરિયો જેમ વધુ **છાકટો** બને તેમ અમે વધુ self-possessed **(સંયમી)** થઇએ, કહો કે વજ્રના બનીએ,—આ આપણા ચાંડ-લાવાળા શેઠના ઇન્દ્રના વજ્ર જેવા! એ તોફાનોથી ઘડાઇ-ઘડાઇને જ તો અમે હસમુખા—Jolly—બન્યા છીએ. જીંદગીને પણ અમે એક રમકડું લેખીએ છીએ,—આ બોટ જેવું જ! ઠંડી, ગરમી, વરસાદ, પવન એ સર્વથી અમે ટેવાઇ ગયેલા છીએ અને તેથી જીવનના ટાઢ—તડકા અમને ચમકાવતા નથી."

"અને ધારો કે સ્ટીમર ડૂબવાનો વખત આવે તો—" મ્હેં આગળ પૂછ્યું.

"તેવે વખતે પૅસેન્જરોની ચીચીઆરીઓ અને રોકકળાણ દયાજનક થઈ પડે છે. મ્હોટા વ્યાપારીઓ અને અમલદારો તે વખતે એક બાળક જેટલા દયાપાત્ર બને છે. એમના રૂઆબ અને પૉલીશ્ડ ભાષા તથા નૂર અને નખરાં બધુ અદૃશ્ય થાય છે. જમીનપરના આ રાજાઓ દરિયામાં મચ્છી માફક તરફડતા હોય છે! એ વખતે એક જ માણસ 'માણસ' બન્યો રહે છે—એક જ ફક્ત કૅપ્ટન! તે માણસ બન્યો રહે છે એટલું જ નહિ પણ તે પ્રસંગ ત્હેને ઓર વધુ મ્હોટો માણસ બનાવે છે. એનુ શરીર આ છેડેથી પેલા છેડા સુધી દોડતુ હોય છે: એકને હુકમ આપે છે, બીજાને હિંમત આપે છે, ત્રીજાને જવાબ આપે છે, ચોથાને ઉપાડી બીજાનામાં મૂકે છે,—અને બધું કરવા છતાંય એનું મગજ **એકદમ શાન્ત, સ્થિર,** સમુદ્રના તળીઆ જેવું જ **ગંભીર** અને ત્હેની માફક જ.

**ઈલાજોરૂપી ઝવેરાતથી ભરપૂર** હોય છે. છેલ્લામાં છેલ્લી હદના—માણસથી ન બની શકે એટલી હદના કે દેવતાઈ—પ્રયત્નો કરી ચૂકવા છતાંય સ્ટીમરને બચાવી શકાય એમ નથી જ એવું જ્યારે ત્હેની અનુભવી આંખને દેખાય છે ત્યારે લાઈફ બોટમા પૅસેન્જરોને ઉતારી પોતે પોતાની કોટડીમાં જઈ પોતાની જ રિવૉલ્વરથી પોતાની જીંદગીનો અંત આણે છે." કૅપ્ટને જવાબ આપ્યો.

" ખરો વીર ! " મિ. **પાતક** બોલી ઉઠયો, " **अर्थं साधयामि किं वा देहं पातयामि** ' એ સૂત્રનો સાચો પૂજારી ! "

" એ પૂજારી વળી કયું જાનવર ? " કૅપ્ટને તિરસ્કાર-યુક્ત હાસ્યથી કહ્યું " અમે કૅપ્ટનો—અમે ખલાસીઓ—નથી જાણતા **અર્થને** અને નથી માનતા દેહને. અમારૂં એવું વર્ત્તન એ કોઈ '**નીતિ**' કે '**ફરજ**' **ની પૂજા રૂપે** નથી હોતુ: એ તો **અમારી પ્રકૃતિ** હોય છે. ત્હમારા નીતિવાદીઓ અને ફરજનાં ભાષણો કરનારાઓ બહુએ અમારી સ્ટીમરોમાં અમે જોયા છે: સ્ટીમર ડૂબવાની હોય ત્યારે પત્ની અને બાળકોને પણ છોડીને વહેલા વહેલા લાઈફ બોટમાં કૂદી પડે છે। પંડિતો ઘણાય જોયા· પેટ ઘસીને પણ જીંદગીને વળગી રહેનારા કીડા છે. અમારૂં એ મરવુ નથી 'પરોપકાર' ખાતર કે નથી 'સ્વાર્થ' ખાતર· અમે તો અમારી સંભાળ નીચે મૂકાયલા મનુષ્યોને બચાવવાની **અમારી અશક્તિ પર જ** પ્રાણ હોમીએ છીએ,—અને તે પણ બની શકતું તમામ કરી છૂટયા પછી જ. અને અમારૂં એ મરણ કોઈ જોવાય નથી પામતું, ત્હા પછી કર્ત્તવ્યપાલન અને મરદાનગીની તારીફ અને તાલીઓની તો વાતે શું કરવી ? નિષ્ફળ થયેલા માણસ

તરીકે કોઇને મ્હોં બતાવવું એ અમારી પ્રકૃતિને એટલુ તો અસહ્ય લાગે કે મરવું એના કરતાં લાખ દરજ્જે ઉત્તમ હોય. **જીવવું તો, સાહેબ, જીતનારનું છે !"**

અને જો કે આ વખતે અમારી બોટ સમુદ્રની સપાટી પર—સહીસલામત—જ હતી તો પણ મિ. **પાતક**નાં તો સોએ વહાણ ડૂબતાં દેખાયાં—આશ્ચર્ય અને ખેદના સમુદ્રમાં !

"મિ. **શૉ** !" તે બોલ્યો "હુ ઇચ્છું છું કે કૅપ્ટનનો શબ્દે શબ્દ સાંભળવા અમારા એકેએક સાધુ અહીં હાજર હોત ! કૅપ્ટનના મુખદ્વારા હમણાં **લૉર્ડ મ**હાવીર બોલી રહ્યા છે. મ્હને ઇચ્છા થાય છે કે આજ રાત્રે જ હમણાં ચાલતા ઝગડાના નાયક સાધુઓને મળી ત્હેમને કૅપ્ટનનો દરેકે દરેક શબ્દ સંભળાવું."

"કઇ સાર્થકતા માટે ?" મ્હેં પૂછ્યુ.

"એટલા માટે કે એમને કંઇક ચાનક લાગે" મિ. **પાતકે** પ્રત્યુત્તરમાં કહ્યું "પોતાના ટ્રસ્ટમાં સોંપાયલા શ્રાવક-સમૂહને બચાવવાની પોતાની અશક્તિ પર પ્રાણ અર્પવાને બદલે તેઓ પોતે જ ત્હેમને ડૂબાવી રહ્યા છે એ વાતનું ભાન થવા પામશે તો શરમાશે અને—"

"જરા **ધીરા !** મિ. **પાતક** !" મ્હેં કહ્યું "**જરા** ધીરા ! કોઇ ઘટના કે કોઇ ચર્ચાથી લાગણીના પ્રવાહમાં ખેંચાઇ જવું એક 'જૈન' ની પ્રકૃતિમાં ન હોઇ શકે. 'જૈન' તો **ભલી** લાગણીથી પણ ખેંચાઈ જવાને બદલે **ત્હેને દાબી ત્હેના જોરથી** પોતામાં દિવ્ય તેજ પ્રકટાવે અને **તે વડે** ખરૂં વસ્તુસ્વરૂપ જુએ. જેને ભલી કે બુરી લાગણી જ મુદ્દલ થતી નથી તે 'જડ' છે—'મુડદાલ' છે. જે બુરી લાગણીમાં ખેંચાઈ વર્ત્તન કરે છે ત્હેને દુનિયાં 'દુષ્ટ' કહે છે. જે ભલી

લાગણીમાં ખેંચાઇ વર્ત્તન કરે છે ત્હેનું જોવું સપાટીપરનું જ હોય છે અને તેથી ત્હેનું વર્ત્તન પણ એક ક્ષણિક 'ધમાલ' રૂપ જ થવા પામે છે. અને ગભીર આશયને સફલ કરવામાં અશક્ત નીવડે છે. ભલા ત્હમે કહો છો કે કૅપ્ટનની વાતો સાંભળીને સાધુઓ શરમાશે, તો હું પૂછુ છું કે ત્હમને ત્હમારા જૈન ધર્મશાસ્ત્રોપર શ્રદ્ધા નથી?"

મિ. **પાં**તક મ્હારો આશય ન સ્હમજી શક્યો.

"કાલે ત્હમે જ ત્હમારાં શાસ્ત્રમાંથી બે મિત્રોની વાત કહી હતી. ભલા એમાં દેવ શરમાયો હતો કે ડુક્કર?"

તે ચ્હોંકી ઉઠ્યો,–કેમ જાણે એકાએક વિજળી ન પડી હોય!

"અને જુઓ, મિ **પાતક**!" મ્હેં આગળ ચલાવ્યું "દોષ બે રીતે જ થઇ શકે છે. એક **ઇરાદાપૂર્વક** થતો દોષ અને બીજો **કમઅક્કલથી** થતો દોષ ત્હમે અક્કલ આપી શકો, ઈરાદો ફેરવી ન શકો. નાટકના તખ્તાપર મારામારી કે આગનો 'સીન' જોઇ પ્રેક્ષકોમાંનો કોઈ દયાથી પ્રેરાઈ એ આગ બૂઝાવવા સ્ટેજ પર દોડી ગયો હોય એમ કદાપિ સાંભળ્યું છે? કોઇ પ્રેક્ષક ખરે જ એમ કરી બેસે તો ઍકટરો તેમજ પ્રેક્ષકો બન્ને મળીને હસશે–તે દયામૂર્ત્તિની મૂર્ખાઈ પર! અને તે વખતે મૂળ નાટક કરતાંય જબરૂ **નવું** નાટક થઇ પડશે"

"એ હું સ્વીકારૂ છું" તે બોલ્યો "પણ આ આગ હવે તો એટલા મ્હોટા વિસ્તારમાં ફેલાઇ ગઇ છે કે હવે વધુ વખત પ્રેક્ષક તરીકે માત્ર જોયાં કરવુ એ મ્હને તો નૈતિક ગુન્હો લાગે છે. આવે વખતે તો જેનાથી જે બને તે તેણે કરી છૂટવું જોઇએ."

"નીતિવાદનો એ ભ્રમ છે-**માત્ર ભ્રમ** છે!" મ્હેં કહ્યું

પડે છે કૅપ્ટન બહાર આવી જુએ છે અને સૂતેલાઓને જગાડી 'વ્યાખ્યાન'* ફરમાવે છેઃ 'દેવતાના વલ્લભો! નિદ્રા છોડો, જાગ્રત થાઓ અને કમર કસો! આપણા આ ભવ્ય મહેલની દિવાલ ટૂટવા લાગી છે. સદ્‌ભાગ્યે, દેવોની કૃપાથી, હજી એક ગાબડું પડી રહી ગઇ છે. દોડો, જલદી કરો અને એ ગાબડું પૂરી એ પર પ્લાસ્ટર કરો. જીર્ણોદ્ધારનું ફળ તીર્થંકરગોત્ર છે' અને સેકડો સેપાહો કામે લાગી જાય છે,—જ્યહારે હજારો હજી અંદર પોઢયા જ રહે છે...પેલ્લું સ્હામેથી મૅજેસ્ટિક ચાલથી ચાલતુ કોણ આવે છે? એ જ ત્હમારા લૉર્ડ મહાવીર! એમનાં નેત્રમાની વિજળી એક સેકંડમાત્રમાં કૅપ્ટન કેશરીસિંહ-ના ચહેરાને વીંધી એમની **અંદરની મશિનરી**—અંતઃકરણની શક્તિઓ—તપાસી લે છે! બીજી સેકંડ અને તે સર્ચ લાઇટ મહેલની દિવાલપર પડે છે અને ત્હેનો **પાયો** જોઇ લે છે. કૅપ્ટનને ઉભો જ રહેવા દઇ તે લોકો તરફ ધસે છે અને સૂર્યના રૂઆબથી કહે છેઃ 'બસ કરો ત્હમારી આ ધમાલથી! એકદમ બસ કરો! પંદર મિનિટ વધુ ને ત્હમે બધા અંદર પોઢેલાઓ સહિત—આ messive (જબરજસ્ત) દિવાલ તળે ચગદાઇ મરશો. એનો પાયો ભેજ અને ઉધાઇઓથી છેક જ ખવાઇ ગયો છે. વ્યાખ્યાન કરવા-સાંભળવા કે થીગડું દેવા પંદર મિનિટ થોભશો તો બુરી રીતે મરશો. સૂતેલાઓને પગ ઘસડી બહાર ફેંકો અને બધા મેદાનમા ઉભા રહી સહીસલામત છેટેથી મકાનને જમીનદોસ્ત કરો! દમ ખાવા જેટલો પણ વિલંબ ગુન્હો ગણાશે!'...લૉર્ડ મહાવીરના પ્રતાપ આગળ કૅપ્ટન કેશરીસિંહ અવાક્ થાય છે અને સેપાહો અને કારકુનો

* વ્યાખ્યાન—ભાષણ, Sermon. સૂક્ષ્મ 'અનુભવ'ને સ્થૂલ, રૂપમાં લાવી શ્રોતાના માનસને સ્પર્શી શકે એટલી હદ સુધી વિસ્તારીને બોલવુ તે.

અંજાઇ જાય છે: તેઓ બધા નિષ્ક્રિય બની જાય છે. લૉર્ડ પોતાની અંદરની ટૅલીપથી-વડે પોતાના કૅપ્ટન ગૌત્તમને બોલાવે છે. પશ્ચાત્તાપ સુભટો સહિત ગૌત્તમ દોડી આવે છે અને લૉર્ડની આંખના ઇસારાને તાબે થઇ દિવાલની નજીકમાં 'જયણાપૂર્વક' ખાડો ખોદી એમાં દારૂ ભરી સળગાવે છે. 'દૂર થાઓ! બચો!' એવા એક જબરા અવાજ સાથે બધાઓ સહિત તે દૂર હઠે છે. ભમ્...ભમ્...ભમ્...તોપના અવાજ જેવા અવાજ સાથે જ દિવાલ અને આખ્ખું મકાન જમીન-દોસ્ત થાય છે. કૅપ્ટન કેશરીસિંહ અને ત્હેનો સ્ટાફ આ irreparable loss(પુરી શકાય નહિ તેવા નુકસાન)માટે કલ્પાંત કરે છે અને લૉર્ડ પાર્શ્વનાથને વિનવે છે. ભયભીત કૅપ્ટનનું પોથાંનું જ્ઞાન ભયથી દબાઇ જવાથી તે ભૂલી જાય છે કે લૉર્ડ પાર્શ્વ-નાથ સિદ્ધશીલાની ટેકરીપરથી ય બધું જુએ છે–જાણે છે અને માણે છે. ત્હેની પ્રાર્થના ચાલુ છે એટલામાં તો કૅપ્ટન ગૌત્તમના સૈનિકો સફાચટ જમીનપર નવા પાયા ચણવાનું શરૂ કરી ચૂકયા છે. લૉર્ડ મહાવીર પાસે લોકો દયામણે ચહેરે આવવા લાગ્યા છે અને ઘરબાર વગરની પોતાની સ્થિતિ માટે કલ્પાંત કરે છે. લૉર્ડ ત્હેમને કહે છે: 'દુનિયાપર શાસન* કરવા નીકળેલાઓ ત્હમે પોતા માટે પણ ઘર નીપજાવી શકતા નથી શું? કૅપ્ટન ગૌત્તમ ત્હમારે માટે મથી રહ્યો છે તે જોવા છતાં ય ત્હમને ત્હમારૂં કર્ત્તવ્ય સૂઝતુ નથી શું? દયા યાચવાથી અને કલ્પાંત કરવાથી મકાન બની જશે શું? જાઓ

---

* શાસન Cabinet, Inner Government, The government of the Inner Man, as opposed to that of of the outer man, that guides and controls and feeds and keeps in harmony the four members of अंत· करण embodied in Humanity.

"એ ઇચ્છામાં અનુભવની સુવાસ નથી. **અનુભવ** જોઇતો હોય તો પૂછો **ઇતિહાસને** કે **સાયન્સને** કે **તત્ત્વજ્ઞાનને**. તેઓ જ ખરો પ્રકાશ પાડી શકશે "

"ઇતિહાસ શું બતાવશે ? મિ. **શૉ** !" તેણે પૂછ્યું.

"તે ત્હમને **લંડનની** ભૂત–વર્ત્તમાન તવારીખો દેખાડશે" મ્હેં કહ્યું "ભૂત તવારીખમાં પહેલાં તો ત્હમે ગંદી, વ્યવસ્થા વગરની, રોગોથી ખદબદતી વયોવૃદ્ધ **લંડનસુંદરીના** એક અંગમાંથી આગની જવાળા નીકળતી જોશો. બધાં અંગોની મિટિંગ જોશો. 'ફરજ બજાવો ! ફરજ બજાવો ! માતાને બચાવો !' એવા ઠરાવોની બૂમો સાંભળશો. દેવળમાં ઘંટાનાદ અને પ્રાર્થના સાંભળશો કે 'ઓ **આકાશી પિતા** ! હવે તો દયા કર, દયા કર !' અને **તે જ વખતે** આગને વધુ વ્યાપક અને મસ્તાન બનતી જોશો,–કેમ જાણે પ્રાર્થનાનો પડઘો પડતો હોય નહિ કે 'આ મ્હારી **દયા** જ છે કે જહેને ત્હમે મૂર્ખાઓ અને અંધો **કોપનું** નામ આપી રહ્યા છો અને ત્હમારા મિથ્યાભિમાનમાં મ્હને ત્હમારા ઇશ્વરને પણ દયા કરવાનો ઉપદેશ આપવાની ધીટતા કરી રહ્યા છો,–ત્હમે કે જેઓ દયા **માંગી** જાણો છો, **કરી** જાણતા નથી ! દયા કરી જ જાણતા હો તો, મ્હારા પર દયા કરી, મ્હારા આ દયાકાર્યપર પાણી ફેરવવા રૂપ ડખલગીરી કરતા અટકો ! હું એક જ દિવસમાં ત્હમારા સઘળા રોગોને બાળી સફાચટ કરવા મથું છું. ત્હાં ત્હમે ડખલગીરી કરી મ્હારા કર્યા કરાવ્યા પર પાણી ફેરવો છો !".. હવે ત્હમે આખ્ખું શહેર તારાજ થએલું જોશો, એક વિશાળ **સ્મશાન** જેવું. **વૈરાગ્યના ધામ** જેવું !... પાનુ ફેરવો, અને એ જ **લંડનની વર્તમાન** તવારીખ ત્હમારી નજરે પડશે. **એ જ સ્મશાન ભૂમિ પર** હવે ત્હમે

નૂતન મૂર્તિ જોશો : તંદુરસ્ત, યુવાનીના જોશથી છલકાઇ જતી, ક્ષણે ક્ષણે રંગ બદલતી, પુનર્જન્મ પામેલી લંડન-સુંદરી !–સારી આલમની પટરાણી લંડન–સુંદરી!... ક્ષણભર આંખો બંધ કરો અને પૂછો ત્હમારી મતિરૂપ લંડન–સુંદરીને કે લંડનપર કોપ વર્ષ્યો હતો કે કૃપા ?"

"કોપરૂપે કૃપા !" વિચારમગ્ન થયેલો મિ. **પાતક** બોલ્યો.

"વારૂ, હજી એકવાર ફરીથી ઇતિહાસને પૂછો" મ્હેં કહ્યું "આ વખતે ત્હમારા પોતીકા ઇતિહાસને—જૈને ઇતિહાસને પૂછો. ત્હેમાં ત્હમે ચૌદ માળનો* એક ભવ્ય મહેલ જોશો. એના મ્હોટા સાઇન બોર્ડમાં ત્હમે સુવર્ણાક્ષરે લખાયલા 'લૉર્ડ **પાર્શ્વ**નાથનું+ ગવ્હર્નમૅન્ટ **હાઉસ**' એવા શબ્દો વાંચશો. આસપાસના પ્રદેશની હવા બગડી જવાથી લૉર્ડ હમણાં **સિદ્ધશીલા** નામક શિતળ ટેકરીની હવા ખાવા પધાર્યા છે. કૅપ્ટન× કેશરીસિંહ—ત્હમે આજે ત્હમારી ગ્રામ્ય ભાષામાં કેસી ગણધર કહો છો તે જ—અને ત્હેમના અમલદારો **શાસન** સંભાળી રહ્યા છે. 'હાઉસ'માં હજારો કારકુનો આખો દિવસ દફતરો ફેંદવાની વેઠથી થાકી રાત્રીના ખોળામાં પોઢયા છે. એકાએક એક દિવાલમાં ગાબડું

---

*ચૌદમાળ=ચૌદગુણસ્થાન=શક્તિની ચૌદ શ્રેણિઓ Fourteen Stages leading to Perfect Will. 'ચૌદ રાજલોક'. ચૌદમાળનો મહેલ એટલે એવી શિક્ષણપદ્ધતિ અથવા ધર્મસંસ્થા કે જે વિદ્યાર્થીને ચૌદ પાઠમા ચૌદમાળ ચ્હડાવી પૂર્ણશક્તિમાં લાવી મૂકે.

+ પાર્શ્વ=બાજુ, side પડખું; નાથ=ઇશ્વર, Lord. પાર્શ્વનાથ એટલે એવી વ્યક્તિ કે જેના પડખામા જ ઇશ્વર છે, જે દેખાય છે માણસ પણ સામર્થ્યમાં છે ઇશ્વર, Superman, મહાવીર, પુરૂષોત્તમ.

× કૅપ્ટન=ગણધર=ધર્મસેનાનો નાયક.

પડે છે કૅપ્ટન બહાર આવી જુએ છે અને સૂતેલાઓને જગાડી 'વ્યાખ્યાન'* ફરમાવે છેઃ 'દેવતાના વલ્લભો! નિંદ્રા છોડો, જાગ્રત થાઓ અને કમર કસો! આપણા આ ભવ્ય મહેલની દિવાલ તૂટવા લાગી છે. સદ્‌ભાગ્યે, દેવોની કૃપાથી, હજી એક ગાબડું પડી રહી ગઇ છે. દોડો, જલદી કરો અને એ ગાબડું પૂરી એ પર પ્લાસ્ટર કરો. જીર્ણોદ્ધારનું ફળ તીર્થંકરગોત્ર છે.' અને સેંકડો સેપાહો કામે લાગી જાય છે,–જ્યહારે હજારો હજી અંદર પોઢયા જ રહે છે... પેલ્લું, સ્હામેથી મૅજેસ્ટિક ચાલથી ચાલતુ કોણ આવે છે? એ જ ત્હમારા લૉર્ડ મહાવીર! એમનાં નેત્રમાની વિજળી એક સેકંડમાત્રમા કૅપ્ટન કેશરીસિંહના ચહેરાને વીંધી એમની **અંદરની મશિનરી**—અંતઃકરણની શક્તિઓ—તપાસી લે છે! બીજી સેકંડ અને તે સર્ચ લાઇટ મહેલની દિવાલપર પડે છે અને ત્હેનો **પાયો** જોઇ લે છે. કૅપ્ટનને ઉભો જ રહેવા દઇ તે લોકો તરફ ધસે છે અને સૂર્યના રૂઆબથી કહે છેઃ 'બસ કરો ત્હમારી આ ધમાલથી! એકદમ બસ કરો! પંદર મિનિટ વધુ ને ત્હમે બધા અંદર પોઢેલાઓ સહિત–આ messive (જબરજસ્ત) દિવાલ તળે ચગદાઇ મરશો. એનો પાયો ભેજ અને ઉધાઇઓથી છેક જ ખવાઇ ગયો છે. વ્યાખ્યાન કરવા–સાંભળવા કે થીગડું દેવા પંદર મિનિટ થોભશો તો બુરી રીતે મરશો. સૂતેલાઓને પગ ઘસડી બહાર ફેંકો અને બધા મેદાનમા ઉભા રહી સહીસલામત છેટેથી મકાનને જમીનદોસ્ત કરો! દમ ખાવા જેટલો પણ વિલંબ ગુન્હો ગણાશે!'...લૉર્ડ મહાવીરના પ્રતાપ આગળ કૅપ્ટન કેશરીસિંહ અવાક્ થાય છે અને સેપાહો અને કારકુનો

* વ્યાખ્યાન–ભાષણ, Sermon. સૂક્ષ્મ 'અનુભવ'ને સ્થૂલ રૂપમા લાવી શ્રોતાના માનસને સ્પર્શી શકે એટલી હદ સુધી વિસ્તારીને બોલવુ તે.

અંજાઇ જાય છે: તેઓ બધા નિષ્ક્રિય બની જાય છે. લૉર્ડ પોતાની અંદરની ટૅલીપથી-વડે પોતાના કૅપ્ટન ગૌત્તમને બોલાવે છે. પચ્ચાશેક સુભટ્ટો સહિત ગૌત્તમ દોડી આવે છે અને લૉર્ડની આંખના ઇસારાને તાબે થઇ દિવાલની નજીકમાં 'જયણાપૂર્વક' ખાડો ખોદી એમાં દારૂ ભરી સળગાવે છે. 'દૂર થાઓ! બચો!' એવા એક જબરા અવાજ સાથે બધાઓ સહિત તે દૂર હઠે છે. ભમ્...ભમ્...ભમ્...તોપના અવાજ જેવા અવાજ સાથે જ દિવાલ અને આખ્ખું મકાન જમીનદોસ્ત થાય છે. કૅપ્ટન કેશરીસિંહ અને ત્હેનો સ્ટાફ આ irreparable loss(પુરી શકાય નહિ તેવા નુકસાન)માટે કલ્પાંત કરે છે અને લૉર્ડ પાર્શ્વનાથને વિનવે છે. ભયભીત કૅપ્ટનનું પોથાંનું જ્ઞાન ભયથી દબાઇ જવાથી તે ભૂલી જાય છે કે લૉર્ડ પાર્શ્વનાથ સિદ્ધશીલાની ટેકરીપરથી ય બધું જુએ છે-જાણે છે અને માણે છે. ત્હેની પ્રાર્થના ચાલુ છે એટલામાં તો કૅપ્ટન ગૌત્તમના સૈનિકો સફાચટ જમીનપર નવા પાયા ચણવાનું શરૂ કરી ચૂક્યા છે. લૉર્ડ મહાવીર પાસે લોકો દયામણે ચહેરે આવવા લાગ્યા છે અને ઘરબાર વગરની પોતાની સ્થિતિ માટે કલ્પાંત કરે છે. લૉર્ડ ત્હેમને કહે છે: 'દુનિયાપર શાસન* કરવા નીકળેલાઓ ત્હમે પોતા માટે પણ ઘર નીપજાવી શકતા નથી શું? કૅપ્ટન ગૌત્તમ ત્હમારે માટે મથી રહ્યો છે તે જોવા છતાં ય ત્હમને ત્હમારૂં કર્ત્તવ્ય સુઝતું નથી શું? દયા યાચવાથી અને કલ્પાંત કરવાથી મકાન બની જશે શું? જાઓ

---

* શાસન Cabinet, Inner Government, The government of the Inner Man, as opposed to that of of the outer man, that guides and controls and feeds and keeps in harmony the four members of अंत करण embodied in Humanity.

અને કૅપ્ટનને સહકાર આપો. પ્રજાજનોને પણ સહકારમાં લગાડો,—અગર મરણ પર્યંત રડતા અને પ્રાર્થના કરતા રહો!' હજારો કારીગરો હવે કામે લાગી ગયેલા દેખાય છે. નવ દિવસમાં તો એ જ સ્થાને નવો ભવ્ય મહેલ ખડો થાય છે. જૂના અને નવા અમલદારો સહિત કૅપ્ટન ગૌત્તમ એમાં નિવાસ કરે છે. બધું વ્યવસ્થિત થયા પછી લૉર્ડ મહાવીર પણ સિદ્ધશીલાની ટેકરીપર પોતાના Comrades(સહધર્મીઓ)-ની સોબતનો આનંદ લૂટવા પધારી જાય છે,–પણ જતાં જતાં કૅપ્ટન ગૌત્તમને કાનમાં કહેતા જાય છેઃ 'ગૌત્તમ ! આ ભલા આદમી કેસીને છેડતો નહિ. એ જો કે કાંઇ જ કામનો નથી, તોપણ નિર્દોષ(innocent) તો છે જ. બધા સિદ્ધાન્તવાદીઓ એવા જ હોયઃ બધા 'બ્રાહ્મણો'–'પંડિતો' 'વિદ્વાનો' એવા જ હોય, અને એટલા જ માટે તો મ્હે બ્રાહ્મણીની કુક્ષિ છોડીને ક્ષત્રિયાણીની કુક્ષિથી જન્મ લીધો હતો! 'નીતિ'ઓ અને 'સિદ્ધાન્તો'ની તાકાદ પર તેઓ કૅપ્ટન થવા બહાર પડે અને પોતાના નામપર 'સિંહ', 'વિજય', 'મલ્લ' આદિ લશ્કરી ટાઇ-ટલો લગાડીને ગાડર જેવી જનતાને મ્હોટી મ્હોટી વાતોની તોપોથી ચકીત કરે,–એથી વિશેષ એમનાથી કંઈ બની શકે જ નહિ. ઉંડું જોવાની કે ઉચું કરવાની એમનામાં શકિત ન હોય. એની હયાતી જ નથી ' એમ ગણીને ત્હારે આ નવું શાસન ચલાવ્યે જવું.'...લૉર્ડના જવા પછી તુરત જ ગૌત્તમને પૂર્ણતા પ્રાપ્ત થાય છે. શાસન કાર્ય ધમધોકાર ચાલે છે. એના એ જ લોકો નૂતન શાસનના ધોરી બળદ બની ઉત્સાહપૂર્વક શાસનનો રથ ખેંચે છે. **જીર્ણ મંદિર તોડનારને** તેઓ હવે ૧૦૦૮ વંદના દરરોજ કરે છે!"

"અને, મિ. શૉ!" મિ. પાતક બોલ્યો "એ તવારીખના છેલ્લા પાનાપર હું વાંચું છું કે HISTORY

REPEATS ITSELF (ઇતિહાસ પોતાનું ફરીફરીથી પુનરાવર્તન કરે છે.)"

"એ વાક્યમાં જ ભવિષ્યનાં બધાં દશ્યોનો ઇતિહાસકારે સમાવેશ કરી દીધો છે." મ્હેં કહ્યું "માટે આજનું દશ્ય હવે ત્હમે જ દોરી બતાવો."

"અઢીસો વર્ષની જૂની પાર્શ્વનાથની ઇમારત તોડનાર મહાવીરની ઇમારતને આજે દશ—અઢીસો વર્ષની જીર્ણતા લાગી ચૂકી છે. તેર લાખ ભકતો કકળી રહ્યા છે. એમની વતી લૉર્ડ મહાવીરને પ્રાર્થના કરનાર કોઇ ગણધરે આજે હયાત નથી અને-"

"અને લૉર્ડ મહાવીર લૉર્ડ પાર્શ્વનાથ જેટલા જ સર્વજ્ઞ હતા અને છે! ક્યારે અને શું કરવું જોઇએ. તે એમની જાણ બહાર નથી જઃ મહેલમાં દિવાનાપણાનો રોગ ફાટી નીકળેલો ત્હમે જોતા નથી શું? અને દિવાનો મનુષ્ય શું નથી કરતો? પોતાના જ પગપર કુહાડો મારવાનું અને પોતાના જ નિવાસને દિવાસળી લગાડવાનું ત્હેને શિખવવા શું બહારના માણસની જરૂર પડે છે? આગનો જન્મ શું ત્હમે નથી જોઇ શક્યા? ત્હમે પાછલો ઇતિહાસ જોયો ન હોવાથી આગને કોપ માનતા હતા—અને એમજ બીજા નીતિવાદીઓ અને દયાળુઓ માનતા હશે જ. કેટલાએ પરગજુઓ પાણી છાંટવા મથતા હશે. લૉર્ડ મહાવીર એ પાણીને કૅરોસીન બનાવી શકે છે."

"પણ, મિ. શૅા! લૉર્ડ મહાવીર પોતાના જ એ મકાનને તારાજ થતું જોવા ખુશી હોય ખરા?"

"હું પૂછું છુંઃ લૉર્ડ મહાવીરે પોતાની કાયા છોડી હતી કે?"

મિ. પાતક વિચારમાં પડી ગયો.

"જેણે પોતાની કાયાનો મોહ નહોતો કર્યો ત્હેને પોતાના મકાનનો મોહ સ્પર્શી શકે કે? જીર્ણ કાયા, જીર્ણ મકાન, જીર્ણ રાજ્ય, જીર્ણ ધર્મ: એ સર્વને એકાએક સમજુ પુરૂષ સ્વેચ્છાપૂર્વક છોડે. એમના ચણેલા પણ જીર્ણ અને રોગગ્રસ્ત બનેલા મકાનને ત્હમે લોકો સ્વેચ્છાપૂર્વક નથી છોડતા તો લૉર્ડની દયા જ એ મકાનને બાળવા પ્રયત્નશીલ થઈ છે. દયા મનુષ્યપર હોય કે મકાનપર?"

"વારૂ, મિ. શૉ! સાયન્સ શું જવાબ આપે છે?"

"સાયન્સ? સાયન્સ શું હિંદીઓથી અજાણ્યું છે, કે જેઓ—એક રિવાજ તરીકે—સગો બાપ કે બેટો કે પત્ની કે ગુરૂ મુઓ કે ત્હેને ઘરમાંથી દૂર કરવાની તાકીદ કરે છે, વસતિની બહાર લઇ જાય છે અને ત્હાં ત્હેને પોતાના હાથે જ અગ્નિદાહ દે છે? ચેતન ગયું કે તુરત જ કાયાને ત્હેના અતલગના સગાં જ—નહિ કે શત્રુઓ કે બહારનાઓ—બાળી નાખે એ શું ઓછી સાયન્ટિફિક હિમ્મત છે?"

"અને તત્ત્વજ્ઞાન શું કહે છે?"

"તત્ત્વજ્ઞાનમાં, મિ. પાતક, ધર્મની કુમાશ છે તેમજ સાયન્સની નિષ્ઠુરતા પણ છે. અને તે કહે છે કે, જે પ્રજાની દરેકેદરેક વ્યકિત વીશ વર્ષની ઉમ્મરે સ્વભાવત: ક્રાન્તિવાદી ન બનતી હોય તે પ્રજાનું પતન શરૂ થઇ ચૂકયું છે એમ સ્હમજવું અને તેવી પ્રજા જલદી ન પડતી હોય તો ત્હેને ધક્કો મારવો એ ત્હેના પર અને એકંદર માનવજાતિપર ઉંચામાં ઉંચી 'દયા' છે."

મિ. પાતકના હૃદયમાં ભયંકર યુદ્ધ ચાલતું હોય એમ ત્હેના ચહેરા પરથી જોઇ શકાતું હતું.

"મિ. શૉ! બુદ્ધિ આ બધુ માની શકે છે, પણ પ્રકૃતિ (instinct) હજી દુરાગ્રહ કરે છે."

"એનું જ નામ 'અધ્યાસ' અથવા 'કર્મ'! મિ. પાતક! એની સાથે જ તો ખરાખરીનું યુદ્ધ કરવું પડે. બધા તત્ત્વજ્ઞાન અને ધર્મની ચાવી અહીં જ છૂપાયલી છે,—અહીં જ, આ 'અધ્યાસ' અથવા 'કર્મ' પર જય મળે ત્હાં સુધી લડયા કરવામાં, આ પ્રકૃતિરૂપ—જામી ગયેલી—નિર્બળતા પર જય મેળવવામાં દુનિયાના બધા તત્ત્વવેત્તાઓએ અને મહાત્માઓએ આખી જીંદગી આ જ કામ કર્યા કર્યું છે. અનેક પ્રકારની ધાર્મિક ક્રિયાઓ અને અનેક પ્રકારનાં સૂત્રો (aphorisms) આ યુદ્ધ લડવાની અને ત્હેમાં ટકી રહેવાની તાકાદ ઉપજાવવા માટે જ છે. જેને ત્હમે 'સંસારી ક્રિયા' કહો છો તે સર્વ—રળવું, ખર્ચવું, ઇજ્જત મેળવવી, ઇજ્જત જાળવવી, ઇજ્જત જવા દેવી, રાજ્ય મેળવવું, રાજ્ય હારવું: આ તમામ ક્રિયાઓ ચિત્તને વ્યગ્ર કરવાના સ્વભાવવાળી છે, પણ તે ક્રિયા કરવાનું પ્રાપ્ત થયેથી તે બધી ક્રિયાઓ કરવા છતાં અગર પોતાપર કરાવા દેવા છતાં એમનાથી ચિત્તને વ્યગ્રતા ન થવા દેવી—ક્રિયાનું વિષ ન ચ્હડવા દેવું—અંતઃકરણમાંના 'અહ'ને દબાઈ જવા ન દેવો—એ જ જયશાળી યુદ્ધ અથવા Healthy Life! દરેક ચીજને પોતા તરફ ખેંચવી એ પૃથ્વીનો સ્વભાવ છે. ત્હમે એને બદલી શકશો નહિ. પણ પૃથ્વીની અંદરના અને ઉપરના બધા પદાર્થોના ગુણોનું જાણપણ ત્હમારી બુદ્ધિવડે કરવાથી ત્હમે વિમાન બનાવી શકો છો અને તે વડે પૃથ્વીની આકર્ષણ શકિત સ્હામે અમુક હદ સુધી ફતેહમંદ યુધ્ધ કરી શકો છો. સાયન્સ જરા આગળ વધે અને આ હદથી આગળ જવાનું વિમાન કરી શકે તો તે પછી એવું વાતાવરણ આવે છે કે જ્હાં કાંઇ પણ પ્રતિજોર કર્યા સિવાય સ્વભાવતઃ જ વિમાન ઉંચે ને વધુ ઉંચે ગતિ ક્યાઁ કરે. મત-

લબ કે અમુક તબક્કા સુધી યુધ્ધનું જ સામ્રાજ્ય છે, તે પછી શાન્તિ છે. બહારના જગત્‌માં જેમ બને છે તેમજ અંદરના જગતમાં—મનુષ્યના અંતઃકરણમાં–અંદરના મનુષ્યમાં —પણ બને છે. જીંદગીનો મ્હોટો ભાગ યુધ્ધમાં જ–વસ્તુઓ, ઘટનાઓ, વિચારો, સુખ દુખની લાગણીઓ, મનુષ્યો, સમાજો, સરકારો એ સર્વના આઘાત–પ્રત્યાઘાતથી થતા ડંખ સ્હામે કરાતા યુધ્ધમાં જ–જાય અને પછી ડંખ પર જય મળતાં અંદરની શાન્તિ પ્રકટે. એટલે કે પછી હરેક સંજોગમાં જીવન બાળકના ખેલ જેવું લાગે,—એટલા તફાવત સાથે કે બાળકમાં બુધ્ધિતત્ત્વ નથી ને પેલામાં તે છે. એ બુધ્ધિ વડે તે ગુરૂત્વાકર્ષણને–માત્ર પૃથ્વીનો જ ગુરૂત્વાકર્ષણને નહિ પણ જનતાના અભિપ્રાયરૂપ ગુરૂત્વાકર્ષણને તેમજ પોતાની પ્રકૃતિરૂપ ગુરૂત્વાકર્ષણને પણ–વટાવી જવાની યોજના કરી શકે છે અને તે સાથે જ એ પ્રયત્ન કરતાં થતા આઘાત–પ્રત્યાઘાતના ડંખથી સ્વતંત્ર હોય છે. અર્થાત્ તે બાળક તેમજ વિચારક અને યોધ્ધો છે. લજ્જા–શંકા–ભય રહિત બાળકની પ્રકૃતિ, સાયન્ટીસ્ટની વિચારશક્તિ અને યોદ્ધાની યુધ્ધશકિતઃ આ ત્રણ વડે જ આ જીવન જીવી શકાય! બીજો રસ્તો જ નથી. ત્હમે ખાનગી જીવન જીવો કે જાહેર જીવન જીવો, વ્યાપારી તરીકેનું જીવન જીવો કે નોકર તરીકેનું જીવન જીવો, રાજા કે રાજદ્વારી તરીકેનુ જીવન જીવો કે ગુલામ પ્રજા તરીકેનું જીવન જીવો, ગૃહસ્થ જીવન જીવો કે ત્યાગી તરીકેનુ જીવન જીવોઃ બધે ક્ષેત્રે 'જીવન' તો એકની એક ચીજ છે,—એવી એક ચીજ કે જેનાપર પ્રતિક્ષણ પૃથ્વીનું ગુરૂત્વાકર્ષણ, જનતાના અભિપ્રાયરૂપ ગુરૂત્વાકર્ષણ અને પોતાની પ્રકૃતિરૂપ ગુરૂત્વાકર્ષણઃ આ દરેક પોતાની ક્રિયા કર્યા કરે છે અને ડંખ મારે છે. આમાંની કોઇ ચીજનો ત્હમે નાશ નહિ જ કરી શકો. એ સઘળી ચીજો વિશ્વયોજના-

ની અનિવાર્યતાઓ છે. ત્હમારે માત્ર એના ડંખથી—અસરથી—લડીને જય મેળવવાનો છે, અને એ કર્યા વગર તો ત્હમને ચાલી જ શકશે નહિ,—ભલે પછી ત્હમે આસ્તિક હો વા નાસ્તિક, જડવાદી હો વા ચેતનવાદી.”

“મ્હને જોવા દો, મિ. શૅા ! પહેલાં હું શાસનનું ગમે તે થાય તેથી બેદરકાર હતો એટલું જ નહિ પણ શાસનના ભોગે પણ મ્હારૂં તાત્કાલિક હિત સધાય તેમ હોય તો તે ય કરી લેતો. એ વખતે હું ‘જનતા’ની પ્રકૃતિ ધરાવતો હતો. એ ગુરૂત્વાર્ષણ સ્હામે યુદ્ધ કરવાની મ્હારામાં તાકાદ નહોતી. આપના સંગથી એ યુદ્ધની તાકાદ મ્હારામાં પ્રકટી. હવે હું મ્હારા તાત્કાલિક હિતના ગુરૂત્વાકર્ષણ સ્હામે લડીને પણ સમાજહિતનું કાર્ય કરવા તૈયાર થયો છું. મુઠ્ઠીભર સાધુઓ —જેમની પાસે ગુમાવવાનું કાંઇ જ નથી તેઓ—આખી કોમનો નાશ કરી રહ્યા છે—exploitation કરી રહ્યા છે—તે જોયાં કરવું એ હવે મ્હને શરમભર્યું લાગે છે. સાધુઓ ચ્હીડાય કે ખુદ લોકો પણ ચ્હીડાય ત્હેની દરકાર ન કરતાં મ્હારે આ બદી સ્હામે યુદ્ધ કરવું જ જોઇએ એવી વૃત્તિ જાગી છે. એ યુદ્ધ જરૂર મ્હને પણ આઘાત તો ઉપજાવશે જ, પણ તે દુખ સહી લેવા હું પ્રયત્ન કરીશ. એ મ્હારો ‘તપ’ થશે. એવા અનેક તપોથી જ અંતઃકરણનાં ચારે અંગ શુદ્ધ અને શક્તિમાન થશે.”

“હવે કાંઇક સ્હમજ્યા ! ત્હમે જે પ્રવૃત્તિ કરવા માંગો છો તે લોકોપર પરોપકાર કરવા ખાતર નહિ, પણ **પોતાના** વિકાસ ખાતર, પોતાના જ અને સાચા **સ્વાર્થ** ખાતર, આ **જીવનના** સ્વાર્થ ખાતર. એટલું શ્રદ્ધી ચૂક્યા હો તો ત્હ લડવાનો પણ હક્ક છે અને લડાઇથી દૂર રહેવાનો પણ

છે. મૂળ સત્ય પર કાયમ રહીને પછી જ્યહાં જવું પડે તે દિશામાં ખુશીથી જાઓ.”

“મ્હારો સાચો સ્વાર્થ એ મૂળ સત્ય, નગ્ન સત્ય, નિશ્ચય સત્ય, અને એ સ્વાર્થ સાધવા માટે સમાજસેવાનું યુદ્ધ એ એક સાધન, અને તેથી તે મ્હારૂં ‘વ્યવહાર સત્ય’. એક ‘સાધ્ય’ અને બીજુ ‘સાધન’. સાધ્યને સદા નજરમાં રાખીને જ—એને ધ્રૂવના અચળ તારા માફક દૃષ્ટિ સ્હામે ઠેરવીને—મ્હારે સાધનનો ઉપયોગ કરવો છે અર્થાત્ સમાજસેવાનું યુદ્ધ કરવું છે.”

“હા; અને સાધ્ય પર દૃષ્ટિ કાયમ ન રહી તો મિથ્યાભિમાન, પ્રમાદ, દ્વેષ, કંટાળો, તાત્કાલિક સ્વાર્થમાં પતન, ભય, શત્રુની પ્રપંચબાજી અગર લાલચના ભોગ બનવું: ઇત્યાદિ લાખ રોગો ફુટી નીકળશે. લડાઇ લડાઇ ખાતર લડવાની ન હોય, કાંઇક પ્રાપ્તિ માટે લડવાની હોય: અંદરના વિકાસ માટે લડવાની હોય,—એટલું સદા યાદ રહેવું જોઇએ. ધ્યાન ધ્યેયની પ્રાપ્તિ ખાતર જ કરવાનુ હોય, અમસ્તું નહિ જ. સામાયિક નામની ધાર્મિક ક્રિયા ચિત્તની સમતા—equilibrium.—ચિત્તરૂપ સમુદ્રનાં મોઝાંના શમવાથી થતી શાન્તિ ઉપજાવવા માટે જ કરવાની હોય, લોકોની ખાતર કે સાધુની ખાતર કે પરલોકની ખાતર નહિ. પ્રતિક્રમણ ભૂલો કે પરાજયોના ડંખને ચૂસી લઈ તાજા તનદુરસ્ત—નવા ‘હું’ વડે ફરી જીવનયુદ્ધમાં ઉતરવા માટે થતું હોય,—પરલોકના સ્વર્ગની કલ્પના ખાતર નહિ. આ સર્વ ‘સાધનો’ છે, સાધ્ય નહિ. ‘વ્યવહાર’ છે, ‘નિશ્ચય’ નહિ. ‘સાધ્ય’ અથવા ‘નિશ્ચય સત્ય’ તો હરેક ક્રિયામાં—**સંસારક્રિયામાં તેમજ ધર્મક્રિયામાં**—સ્વવિકાસ જ છે. સંસારક્રિયા અને ધર્મક્રિયામાં વસ્તુતઃ કાંઇ જ ભેદ નથી,—સિવાય કે પહેલી ક્રિયા ત્હમારી ઇચ્છા હો યા ન હો ત્હમારે માથે આવી પડી હોય છે, જ્યહારે બીજી ક્રિયા ત્હમે

સ્વેચ્છાપૂર્વક અથવા પોતાની મરજીના પ્રયત્નથી કરતા હો છો. બન્ને પ્રસંગમાં ત્હમારૂં ધ્યેય તો સ્વવિકાસ જ હોવું જોઇએ. એ એક ધ્યેય-એ એક જ ઇશ્વર—એ એક જ પરમસત્ય-એ એકજ શાસનનાયક દેવ–The only power that guides and controls your inner Government—ને વફાદાર રહ્યા તો સદા સર્વત્ર મુક્તિ જ છેઃ એ ધ્યેય તરફની નિરન્તર વફાદારી એ જ સાચી 'ભક્તિ' અને એ જ 'ઉપયોગ'! એ જ ત્હમારા મહાવીરે શિખવેલી 'જંયણા'! બહારની ક્રિયાશીલતા કે અક્રિયતા, યુદ્ધ કે પ્રેમ, ધર્મક્રિયા કે વ્યવહાર ક્રિયા—જે કાંઈ કરવુ પડે તે કરવાં જ,–માત્ર **મૂળને પકડીને**–નિશ્ચય સત્ય તરફ દૃષ્ટિ ઠેરવીને–અંદરના બળને વિકસાવવાના ભાનપૂર્વક."

"ત્હારે હવે હું લડવાના નિશ્ચયમાં મ્હારા પોતા તરફ વફાદાર છુ પણ કેવી રીતે લડવુ એ બાબતમાં આપની સલાહ મ્હને ઉપયોગી થઇ પડશે એમ માની આપની પાસે હાલના ઝગડાનું સ્વરૂપ સંક્ષેપમાં કહી જવા ઇચ્છુ છું."

"ત્હમારા સામ્પ્રદાયિક ઝગડા બાબતમાં કાંઈ જ સલાહ આપવા હું ખુશી નથી. હું માત્ર જૈન ધર્મનું સ્વરૂપ જાણવા માગું છું અને તેથી જૈનોની સ્થિતિથી વાકેફ થવાની મ્હને જરૂર પડે છે, કારણ કે ધર્મ અને ધર્મી જૂદા નથી ત્હમે જે વસ્તુસ્થિતિની માહેતી આપવા માગો છો તે સાંભળવા હુ ખુશી છું,—એ મ્હારા અભ્યાસમાં મદદગાર છે માટે, પણ ત્હમારે શું કરવું અને શુ ન કરવું એ તો મ્હારા ધ્યેયની બહારનો પ્રશ્ન છે. ત્હમારા 'ધ્યેય'થી એ પ્રશ્ન અલબત્ત સબધ ધરાવે છે અને ત્હમારે ત્હેનો નિર્ણય કરવો જોઇશે જ. વારૂ, વસ્તુસ્થિતિનુ બયાન ચાલવા દો."

"ચોક્કસ સાધુએ ચોક્કસ શ્રાવકોને સાધુદીક્ષા આપ પોતાના શિષ્યો બનાવ્યા. ચોક્કસ સાધુ તેમજ શ્રાવકોએ

સ્હામે વિરોધ કર્યો. વિરોધ છતાં વધુ શિષ્યો બનાવવાનું કામ ચાલુ રહ્યું અને વિરોધે ઝગડાનું રૂપ લીધું. નિંદાત્મક લેખો, પ્રોટેસ્ટ મિટિંગો, મારામારીઓ, કોર્ટમાં પરસ્પર ફોજદારી કેસોઃ આવી અનેક ધમાલો જોરશોરથી ચાલી રહી. શ્રાવકો–વ્યાપારીઓ અને યુવકો–બે પક્ષમાં વ્હેંચાઇ જઇ એકબીજાની પાયમાલી કરવા લાગ્યા. ભાઇ ભાઇ જેવા સંબંધને સ્થાને શત્રુતા જામી. પાણીની પેઠે પૈસા ખર્ચાવા લાગ્યા. દરેક ધંધો મરવાની આળસે જીવે છે એવે વખતે લોકો ધંધા તરફ પણ પૂરું ધ્યાન ન આપી શકે એટલી હદ સુધી ખટપટો ચાલી. ટ્રેનમાં ને ટ્રામમાં, બજારમાં ને કોર્ટમાં જૈનધર્મની હાંસી થવા લાગી. ઘરમાં ને દુકાનમાં, મિટિંગમાં ને મિજલસમાં, ધર્મસ્થાનકમાં ને ખુદ વાર્ષિક 'પ્રતિક્રમણ' જેવી પરમ પવિત્ર ક્રિયા વખતે પણ–સર્વત્ર આ ઝગડાને લગતી જ વાતચીત અને ચિત્તની ડામાડોળ દશા !"

"આનાં આ સંકટો લોકો કોઇ 'ધ્યેય'ની સિદ્ધિ ખાતર —સ્વેચ્છાપૂર્વક–ખમતા હોય તો એમનું તેમજ જગતનું કેટલું બધું હિત થાય ! સંકટ તો દુનિઆમાં આવ્યા ત્યારથી છે છે ને છે જ. એક માણસ ધ્યેય ખાતર સંકટ સહી લે છે અને બીજો ધ્યેય વગર. ફેર એટલો જ છે, અને છતાં તે આકાશ—જમીન જેટલો મહાન ફેર છે. વારુ, મ્હને જાણવા દો કે બન્ને પક્ષના શ્રાવકોનું 'ધ્યેય' શું છે ?"

"બહુ જ થોડા અપવાદો બાદ કરતાં એકકે પક્ષના શ્રાવકોમાં ધ્યેય કાંઇ જ નથી. બે સાધુઓની ઇચ્છા તે બે શ્રાવક–સમૂહોનું વર્તન બીજું કાંઇ જ નહિ."

"અને બે સાધુઓનું ધ્યેય શું છે ?"

"લોકોના રાજા બનવાનું. એકે આચાર્ય પદનો વારસો મેળવી લીધો તો બીજાએ બની શકે એટલા સાધુ બનાવી

પોતાનું સમૂહબળ કરવા માંડયું. લોકોને પોતાની તરફ ખેંચવા માટે એકે હાલના અંગ્રેજી શિક્ષણને ઉત્તેજન આપવાનો માર્ગ લીધો, તો બીજાએ શાસ્ત્રીય આજ્ઞાઓના રક્ષક બનવાનો માર્ગ લીધો. પહેલામાં પોતામાં જ નથી અંગ્રેજી સાહિત્ય કે સાયન્સ કે સાઇકૉલૉજીનું જ્ઞાન, બીજામાં નથી શાસ્ત્રીય આજ્ઞાઓનું પાલન. જે પોતામાં નથી ત્હેના જ પ્રતિનિધિ બની આ યુધ્ધો જગાડયાં છે અને બહારથી બન્ને 'શાન્ત મૂર્ત્તિ' તથા 'ધર્મરક્ષક' હોવાનો દેખાવ કરે છે."

"'દેખાવ' થાય તેટલેથી કાંઇ ઝગડા ઉપજતા નથી."

"પણ દેખાવ એવી ચીજ છે કે જેને ટકાવવા ખાતર કાંઇ નહિ ને કાંઇ કરવું જ પડે. અને ત્હાં જ ઝગડા જાગે. દાખલા તરીકે, અંગ્રેજી શિક્ષણના હિમાયતીનો દેખાવ કરનારે બીજાના દીક્ષા આપવાના કાર્યને જમાના વિરૂદ્ધના કામ તરીકે ધિક્કાર્યું, અને દીક્ષાના હિમાયતીએ પ્રતિપક્ષીના બોર્ડિંગ હાઉસને પાપસંસ્થા તરીકે જાહેર કરી. પછી સ્વાભાવિક રીતે જ શું પરિણામપરમ્પરા થવા પામે તે આપ અટકળી શકો છો. એક તરફથી પ્રાચીનસંરક્ષક વૃત્તિવાળા (orthodox) શ્રાવકો છેડાઇ પડયા, બીજી તરફથી બોર્ડીંગ હાઉસમાં જેઓએ નાણાં આપ્યાં હતાં તેઓ તથા ભણેલાઓ છેડાઇ પડયાં. શાસ્ત્ર અને સાયન્સ બન્ને બાજુએ રહી ગયાં ને અંગત શત્રુતા એ જ શાસ્ત્ર અને એ જ સાયન્સ થઇ પડયું!"

"જોયુ, મિ. પાતક! શાસ્ત્ર અને સાયન્સ પોતે તો નિર્દોષ છે એનો ઉપયોગ કરનારાઓ એનો સારા રૂપમાં કે ખોટા રૂપમાં ઉપયોગ કરવાથી જ એને સારાં કે ખોટાં બનાવે છે, એ જ શાસ્ત્ર વડે હમણાં ત્હમારો આખો સમાજ છેદનભેદન થઇ રહ્યો છે, અને એ જ શાસ્ત્રવડે મહાવીરે આખી દુનિ-

અગટતું નથી જ અને વાઢકાપથી ડરીને દૂર રહેશો તો જ્ઞાન અગટશે જ નહિ, વાઢકાપ તો પૂર્ણતાનું—આંતર પ્રકાશનું—સાધન છે. સાધુપણું પોતે શું છે? શ્રાવકપણું પોતે શું છે?—સિવાય કે પોતાના હાથે પોતાના દિલપર નિરંતર વાઢકાપ કરવાની તાલીમ? અને જેઓ પોતે પોતા પર વાઢકાપ નથી કરી શકતા તેઓ બીજા પાસે કરાવે છે, અને તે પણ નથી સહી શકતા ત્હેમના પર કુદરત પરાણે વાઢકાપ કરે છે. હિંદ સ્વરાજ્ય માટે પોતે લડે નહિ તો એક દિવસ કુદરત જ એવો સંજોગ ઉત્પન્ન કરે કે જેમાં હિંદીઓને મરતાં બચવા માટે ન છૂટકે લડવું પડે. અને તે વખત બહુ દૂર નથીજ. ત્હમારા તીર્થંકરો લડ્યા હતા. ત્હમારા મૂળ સ્થાપકે તો યુદ્ધકળાને અને સાયન્સને જન્મ આપ્યો હતો. વાઢકાપને પાપ મનાવનાર દયામૂર્ત્તિઓ વાઢકાપના ધંધાવાળા ડાક્ટરોની ખુશામત કરીને ફી આપીને ત્હેના જ્ઞાનનો લાભ લે છે. મ્હને ભય છે કે વિદ્યા ખાતર થતી દેડકાની અને મનુષ્યરક્ષા તથા મનુષ્યવિકાસને અંગે થઈજતી જંતુની હિંસા સ્હામે હોહા કરનાર દયામૂર્ત્તિઓના પોતાના અંતઃકરણ પર વાઢકાપ કરવાની લોકો એક દિવસ જરૂર જોશે,—એટલા માટે કે એ અંતઃકરણની અંદરના રોગી જંતુઓ દૂર થવા પામે. મ્હને હસવું આવે છે, આ લોકોની સુશીયાણી વાતો પરઃ દેડકાની વાઢકાપ દ્વારા શિખાતા વૈદકજ્ઞાનને તેઓ પાપ કહે છે અને એ પાપ પોતાના હિસાબે ને જોખમે કરીને ડાક્ટર બનનારનો લાભ તો પાછા પોતે જ લે છે. રળવામાં ને રાંધવામાં પાપ મનાવે છે, અને એ પાપ પોતાના હિસાબે ને જોખમે કરીને જેઓ તૈયાર રસોઈ ત્હેમને આપે એમને 'પુણ્ય' થયું એમ સ્હમજાવે છે! રાજ્ય કરવું અને વ્યાપાર કરવો કે પરણવું એ બધામાં મહાપાપ મનાવે છે અને રાજા, વ્યાપારી અને પરણેલાની મહેરબાની પર જ તેઓ જીવે છે! એટલુ જ

નહિ પણ વગર રાજ્યે રાજસાહ્યબી, વગર વેપારે પોતાની દરેક સગવડો, અને વગર લગ્ને તમામ સેવાઓ ભોગવે છે ! દંભની પરાકાષ્ટા સિવાય આ બીજું શુ છે ? હવે ત્હમે મ્હારા પહેલા દિવસના કથનનું રહસ્ય સ્હમજી શકશો કે આ બીજું કાંઈ નહિ પણ ચગદાયલા, પગદલિત વર્ગનો બળવો માત્ર છે. ગરીબાઈમાં દબાઈ રહેલા, માનપાનથી બેનશીબ, વિદ્યાનાં અને આરોગ્યનાં સાધનોથી બેનશીબ: એવા લોકગણ અથવા 'જનતા' ( Masses )મા સ્વભાવતઃ તમામ 'સુખી' માણુસો પ્રત્યે-શ્રીમતો, સત્તાધારીઓ, વિદ્વાનો પ્રત્યે–સ્વાભાવિક 'ઇર્ષા' હોય અને ઇર્ષાની તૃપ્તિ માટે બીજું બળ ન હોવાથી તેવી વ્યક્તિઓ 'સાધુ' બની પેલા બધાને પોતાના પગ પાસે નમાવે. આમાં નથી સાયન્સનો દોષ કે નથી ભણનારાઓનો દોષ કે નથી ખુદ વિરોધ કરનાર સાધુ વ્યક્તિનો દોષ. સેંકડો વર્ષ સુધી મુડીવાદે જનતાને જ લૂટી એ જ પૈસા વડે જનતા પાસે પોતાની પૂજા કરાવી અને જનતાને હમેશાં ભૂખ–દુઃખ અને અજ્ઞાનમાં બળતી રાખી ત્હેનું જ આ Re-action છે, પડઘો છે. મુડીવાદીનું વર્ત્તન જેટલું અસ્વાભાવિક અને તેથી ભયંકર છે તેટલુ જ અસ્વાભાવિક અને ભયંકર આ પગદલિત વર્ગમાંથી બનેલા સાધુઓનું વર્ત્તન હોય અને છે. ત્હમને આજે આ સાધુઓનું વર્ત્તન અસહ્ય લાગે છે પણ ત્હેમને જન્મ આપનાર મુડીવાદીઓ અસહ્ય નથી લાગતા ! એ લોકો તો લાખ્ખો લૂટીને થોડાક સો કે હજાર ત્હમારા એકાદ બોર્ડીંગ હાઉસને કે મદિરને આપે એટલે બન્ને પક્ષમાં મુરબ્બી તરીકે પૂજાતા રહે. તેઓ ભણેલાઓ ઉપર તેમજ પુરાણપ્રેમી વર્ગ પર–બન્ને પર–સત્તા ભોગવી જાણે છે. ઘડીમા સાધુના પક્ષમાં અને ઘડીમાં ભણેલાઓના પક્ષમાં જઇ પોતાનો સ્વાર્થ સાધતા રહે છે અને ત્હમને બધાને કૂતરા બિલાડા માફક લડાવી

યાને 'એક્રેસ-એકદીલ-કરી હતી. એ જ' સાયન્સના નામથી ત્હમારા વર્ગના સુલેહનો નાશ કરવામાં આવે છે, જ્હારે એ જ સાયન્સ વડે આખી દુનિયાની એકતા સાધવા યુરોપ અને અમેરિકાના સાયન્ટીસ્ટો અને વિચારકો મથી રહ્યા છે. કેટલીક આંતર રાષ્ટ્રિય સાયન્ટીસ્ટોની સંસ્થાઓ નીકળી ચૂકી છે. 'શાસન' ત્હમે એ સંસ્થાને કહેશો કે ધર્મ તથા સાયન્સને નામે ખુદ વેંતભરના ઘરમાં પણ ઝગડા જગાડનારને? આપણી પહેલી મુલાકાત વખતે ત્હમે પ્રશ્ન કરતા હતા કે જૈનધર્મ હિંદમાં નથી રહ્યો એવું જ માની લઇએ તો, ધર્મ કદાપિ ન મરે એવી ચીજ હોઇ, અહીંથી તે કયે બીજે સ્થળે ગયો તે શોધવું જોઇશે. ત્હમે હવે જોઇ શકશો કે ઉક્ત આંતર-રાષ્ટ્રિય સુલેહ અને આરોગ્ય તથા વિકાસ માટે મથતી સંસ્થાઓ 'જૈનશાસન'ની ગરજ સારતી હોઇ જૈનધર્મ ત્હાં જન્મી ચૂક્યો છે એમ માનવુ જ પડશે. હૃદયના વિકાસ વગર-આશયની વિશાળતા વગર-અને બુદ્ધિની તિવ્રતા વગર જૈનત્વ કે જૈનધર્મ નથી એ તો ત્હમે સ્વીકારો છો જ. ત્હારે ઉક્ત સંસ્થાઓ શું હૃદયના વિકાસ અને બુદ્ધિની તિવ્રતા વગર થઇ શકે એવી ચીજો છે? અને ત્હમારા કહેવાતા જૈનશાસનમા ધર્મ અને સાયન્સના નામે જે કલહ ચાલી રહ્યા છે તે શું હૃદયની વિશાળતા કે બુદ્ધિની તિવ્રતાની ગેરહાજરી સાબીત કરતા નથી? વારૂ, મ્હને જાણવા દો કે સાયન્સની વિરૂદ્ધ જનતાને ઉશ્કેરનાર સાધુ કેવી યુક્તિ (હેત્વાભાસ-fallacy) નો ઉપયોગ કરે છે?"

"પહેલાં તો મ્હને કહી લેવા દો, મિ.શૅા! કે ઝગડો કોઇ જૈનોએ સ્થાપેલી સાયન્સ શિખવનારી સંસ્થા માટે નથી. એવી સંસ્થા સ્થાપવાનું તો જૈનોને કદીય સુઝયું નથી. ખ્રિસ્તી ધર્મના અનુયાયીઓએ જ્હારે આકાશ, જમીન, જમી-

નનું તળીઉં અને સાગરનુય તળીઉં ફેંદી નાખ્યું અને સર્વ
પોતાનો જય કરવા જેટલી હદે સાયન્સ ખીલવ્યું ત્યારે અમે
જૈનો-વિશ્વમાત્ર પર જય મેળવવાનો દાવો કરનારાઓ-હજી તે
એક બોર્ડિંગ હાઉસ માત્ર ખોલી શકયા છીએ કે જેમાં રહી
જૈન વિદ્યાર્થીઓ સરકારે સ્થાપેલી સાયન્સ કે મૅડીકલ કે કૉમર્શ્યલ
કૉલેજોમાં અભ્યાસ કરી શકે. આ કે કોઇ વિષયનું જ્ઞાન કાંઇ આ
સંસ્થામાં અપાતું નથી. એ તો એક રહેવા-ખાવાની સગવડ માત્ર
છે. અને એટલી સગવડ આપવાના બદલામાં તો orthodox
વર્ગને ખુશ રાખવા માટે એમને ગમતી ધાર્મિક ક્રિયાઓ અને
માન્યતાઓ વિદ્યાર્થીઓને માથે ફરજ્યાત નાખવામાં આવી
છે. આટલેથી ય સંતોષ ન પકડતાં હવે એમ કહેવામાં આવે
છે કે મૅડીકલ સાયન્સ (ડાકટરી વિદ્યા) શિખવા ઇચ્છનારને
એ સંસ્થામાં રાખવામાં આવે છે એ મહાપાપ છે, કારણકે
ડાકટરી શિક્ષણના એક ભાગ તરીકે દેડકાં ચીરવામાં આવે છે,
કે જે હિંસા જૈનધર્મની વિરૂદ્ધ છે."

"પણ, મિ. પાનક! ત્હમે તો કહેતા હતા કે આજના
જૈનો રાધવામાં, ખાવામાં, પરણવામાં, પ્રજોત્પત્તિમાં, રળવામાં
ક્રિયામાત્રમાં પાપ માને છે અને તે છતાં બધું ય કરે છે,
કદાચ જેઓ પાપ નથી માનતા તેઓ કરતાં વધુ ખરાબ
રીતે કરે છે. તો પછી કુદરતનું અને જીવનનુ સ્વરૂપ સ્હમજી
એ સ્હમજ વડે જીવનને ઉચ્ચતર બનાવવાના પ્રયત્નમાં થઇ
જતી દેડકાની હિંસા માટે જ લોકોને આટલું બધુ કેમ લાગી
આવે છે? આજનુ ડાકટરી સાયન્સ જે તબક્કા-પર છે તે તબક્કા-
ને ધિક્કારીને કોઈ ત્હેનો લાભ લઈ શકાશે? સંભવ છે કે
એક દિવસ સાયન્સ એટલા ઉંચા તબક્કાપર આવ્યું હશે કે
જ્યહાં ત્હેને વાઢકાપ કર્યા સિવાય જ વસ્તુસ્વરૂપ દેખાઇ પડશે.
ત્હમારા પોતાના દિલપર પણ વાઢકાપ થયા વગર તો જ્ઞાન

પ્રગટતું નથી જ અને વાઢકાપથી ડરીને દૂર રહેશો તો જ્ઞાન પ્રગટશે જ નહિ, વાઢકાપ તો પૂર્ણતાનું—આંતર પ્રકાશનું—સાધન છે. સાધુપણું પોતે શું છે? શ્રાવકપણું પોતે શું છે? —સિવાય કે પોતાના હાથે પોતાના દિલપર નિરંતર વાઢકાપ કરવાની તાલીમ? અને જેઓ પોતે પોતા પર વાઢકાપ નથી કરી શકતા તેઓ બીજા પાસે કરાવે છે, અને તે પણ નથી સહી શકતા ત્હેમના પર કુદરત પરાણે વાઢકાપ કરે છે. હિંદ સ્વરાજ્ય માટે પોતે લડે નહિ તો એક દિવસ કુદરત જ એવો સંજોગ ઉત્પન્ન કરે કે જેમાં હિંદીઓને મરતા બચવા માટે ન છૂટકે લડવું પડે. અને તે વખત બહુ દૂર નથીજ. ત્હમારા તીર્થંકરો લડ્યા હતા. ત્હમારા મૂળ સ્થાપકે તો યુદ્ધકળાને અને સાયન્સને જન્મ આપ્યો હતો. વાઢકાપને પાપ મનાવનાર દયામૂર્ત્તિઓ વાઢકાપના ધંધાવાળા ડાકટરોની ખુશામત કરીને ફી આપીને ત્હેના જ્ઞાનનો લાભ લે છે. મ્હને ભય છે કે વિદ્યા ખાતર થતી દેડકાની અને મનુષ્યરક્ષા તથા મનુષ્યવિકાસને અંગે થઈજતી જન્તુની હિંસા સ્હામે હોહા કરનાર દયામૂર્ત્તિઓના પોતાના અંતઃકરણ પર વાઢકાપ કરવાની લોકો એક દિવસ જરૂર જોશે,—એટલા માટે કે એ અંતઃકરણની અંદરના રોગી જંતુઓ દૂર થવા પામે. મ્હને હસવું આવે છે આ લોકોની સુફીયાણી વાતો પરઃ દેડકાની વાઢકાપ દ્વારા શિખાતા વૈદકજ્ઞાનને તેઓ પાપ કહે છે અને એ પાપ પોતાના હિસાબે ને જોખમે કરીને ડાકટર બનનારનો લાભ તો પાછા પોતે જ લે છે. રળવામાં ને રાંધવામાં પાપ મનાવે છે, અને એ પાપ પોતાના હિસાબે ને જોખમે કરીને જેઓ તૈયાર રસોઈ ત્હેમને આપે એમને 'પુણ્ય' થયું એમ સ્હમજાવે છે! રાજ્ય કરવું અને વ્યાપાર કરવો કે પરણવું એ બધામાં મહાપાપ મનાવે છે અને રાજા, વ્યાપારી અને પરણેલાની મહેરબાની પર જ તેઓ જીવે છે! એટલું જ

નહિ પણ વગર રાજ્યે રાજસાહ્યબી, વગર વેપારે પોતાની દરેક સગવડો, અને વગર લગ્ને તમામ સેવાઓ ભોગવે છે ! દંભની પરાકાષ્ટા સિવાય આ બીજું શું છે ? હવે ત્હમે મ્હારા પહેલા દિવસના કથનનું રહસ્ય સ્હમજી શકશો કે આ બીજું કાંઈ નહિ પણ ચગદાયલા, પગદલિત વર્ગનો બળવો માત્ર છે. ગરીબાઈમાં દબાઈ રહેલા, માનપાનથી બેનશીબ, વિદ્યાનાં અને આરોગ્યનાં સાધનોથી બેનશીબઃ એવા લોકગણ અથવા 'જનતા' ( Masses )માં સ્વભાવતઃ તમામ 'સુખી' માણસો પ્રત્યે-શ્રીમંતો, સત્તાધારીઓ, વિદ્વાનો પ્રત્યે–સ્વાભાવિક 'ઇર્ષા' હોય અને ઇર્ષાની તૃપ્તિ માટે બીજું બળ ન હોવાથી તેવી વ્યક્તિઓ 'સાધુ' બની પેલા બધાને પોતાના પગ પાસે નમાવે. આમાં નથી સાયન્સનો દોષ કે નથી ભણનારાઓનો દોષ કે નથી ખુદ વિરોધ કરનાર સાધુ વ્યક્તિનો દોષ. સેંકડો વર્ષ સુધી મુડીવાદે જનતાને જ લૂટી એ જ પૈસા વડે જનતા પાસે પોતાની પૂજા કરાવી અને જનતાને હમેશાં ભૂખ–દુઃખ અને અજ્ઞાનમાં બળતી રાખી ત્હેનું જ આ Re-action છે, પડઘો છે. મુડીવાદીનું વર્ત્તન જેટલું અસ્વાભાવિક અને તેથી ભયંકર છે તેટલું જ અસ્વાભાવિક અને ભયંકર આ પગદલિત વર્ગમાંથી બનેલા સાધુઓનું વર્ત્તન હોય અને છે. ત્હમને આજે આ સાધુઓનું વર્ત્તન અસહ્ય લાગે છે પણ ત્હેમને જન્મ આપનાર મુડીવાદીઓ અસહ્ય નથી લાગતા ! એ લોકો તો લાખ્ખો લૂટીને થોડાક સો કે હજાર ત્હમારા એકાદ બોર્ડીંગ હાઉસને કે મંદિરને આપે એટલે બન્ને પક્ષમાં સુરબ્બી તરીકે પૂજાતા રહે. તેઓ ભણેલાઓ ઉપર તેમજ પુરાણપ્રેમી વર્ગ પર–બન્ને પર–સત્તા ભોગવી જાણે છે. ઘડીમાં સાધુના પક્ષમાં અને ઘડીમાં ભણેલાઓના પક્ષમાં જઇ પોતાનો સ્વાર્થ સાધતા રહે છે અને ત્હમને બધાને કૂતરા બિલાડા માફક લડાવી

મારે છે,–હમણા જેમ મજુર સરકાર મારફત વિલાયતી અમીરો ખેલી રહ્યા છે તેમ. ત્હમારા પ્રદેશમાં ત્હમે ધારો છો તેમ ધર્મનું કે વિદ્યાનું બેમાથી એકકેનું રાજ્ય નથી, રાજ્ય છે માત્ર મુડીનું અને આ બધાં તોફાન એ કુબેરદેવનાં જ —Mammon નાં જ—પરાક્રમ છે. એ 'મમ્મા'ને ત્હમારે બરાબર ઓળખવો જોઇશે. પણ, મિ. પાતક! ત્હમે કહ્યું કે બોર્ડીંગ હાઉસને પાપકાર્ય તરીકે જાહેર કરવામાં આવે છે વારૂ, તેમ થવા દો. શા માટે એનો પ્રતિકાર કરવો પડે છે?"

"લોકો ફંડમાં પૈસા આપતાં અટકી જાય છે. લોકો અજ્ઞાન છે. સાધુ એમને જે કામમાં પાપ સ્હમજાવે તે કામમાં પૈસા આપવા તેઓ તૈયાર નથી થતા."

"શું બોર્ડીંગ હાઉસની આર્થિક સ્થિતિ દયાજનક છે?"

"ના, મિ. શો! એમ તો એની પાસે પોતીકું ભવ્ય મકાન છે. હાલ જેટલા વિદ્યાર્થીઓ છે તેટલાને વ્યાજ-ભાડામાંથી નીભાવી શકાય એવી સગવડ છે; પણ વધુ વિદ્યાર્થીઓને માટે વધુ ફંડ જોઇએ જ."

"ત્હમારી જગાએ હું હોઉં તો એવો મોહ ન કરૂં. હું થોડા વિદ્યાર્થીઓને 'તૈયાર' કરીને દૂર રહું. એક બાળકને આખી જીંદગીની જરૂરીઆતો મેળવી આપવાની ચિંતા હું ન કરૂં. જે વિદ્યાર્થીઓ એ સંસ્થામાં ભણી બહાર પડે ત્હેમને પોતાને જ માથે આ સંસ્થા નિભાવવાનું કામ હું તો મૂકી દઉં. તેઓ રળતા થાય ત્યહારે આવકનો એક ભાગ આ સંસ્થાને આપીને તથા વિદ્યાપ્રેમી સ્નેહીઓ પાસેથી સર અવસરે ભેટ મેળવીને એ સંસ્થાને ટકાવે તો ભલે, નહિ તો એના મ્હોતે મરવા દઉં. પરાલંબી પ્રકૃતિને ઉત્તેજન ના ઘટે. એક ચીજનો લાભ લેવાથી પોતાનું આખું જીવતર ઉન્નત બને તે છતાં

એ ચીજ તરફ આફરીનતા કે આત્મભોગ ન ધરાવતા લોકોને હું 'શિક્ષિત વર્ગ' કહેવા તૈયાર ન થાઉં. જે ચીજની સદા-સર્વદા રક્ષા કરવી પડે—ચાલુ રક્ષા વગર જે જીવી શકે જ નહિ—તેવી ચીજ જીવે કે મરે તે બન્ને મ્હારે મન એક સરખું જ. નિર્માલ્ય જનતાને 'વંશ રાખવા'નો જે મોહ છે, નિર્માલ્ય ધર્મગુરૂઓને 'પાટ' ચાલુ રાખવાનો જે મોહ છે, તેવો જ મોહ, અજ્ઞાન ટ્રસ્ટીઓને મંદિરફંડ કે કેળવણીફંડ મ્હોટું બનાવી ત્હેના વ્યાજમાંથી જ હમેશને માટે કામ ચાલુ રાખવાનો છે. આ મોહ જ બીજાં ઉપયોગી—કદાચ વધુ ઉપયોગી—કામો માટે જોઈતાં નાણાંનો દુકાળ પાડે છે. મરતાં મરતા ય સંતાનને કાંઈક મૂડી તો મૂકી જ જવી એવી ઘેલછા ફક્ત આ દેશમાં જ છે. યુરોપ—અમેરિકામાં રળવું અને ખર્ચવું એ પ્રકૃતિ છે અને લોકોનો મ્હોટો ભાગ આજની આવક પર જ જીવનારો હોય છે. તેથી જ તો ત્હાંના લોકો ખડતલ, પુરૂષાર્થી અને જીવનને સદા યુદ્ધ આપનારા બન્યા છે. પૈસો—પોતા માટે કે ધર્માદા માટે—એકઠો કરવાની અતિ ચિંતાએ જ લોકોને ખુશામતીઆ અને સ્વમાન વગરના બનાવી દીધા છે. બુદ્ધિપૂર્વક, સ્વમાનપૂર્વક અને ખંતપૂર્વક કામ કરવા છતાં પોતાનો ધંધો કે પોતાના હાથ નીચેનું ટ્રસ્ટ ખર્ચ જેટલી આમદની ન કરી શકે તો બંધ થાય, એમાં **શરમ** શાની અને **ભય** શાનો ? દુકાન કે ટ્રસ્ટ તો શું રાજ્યો અને ધર્મસંસ્થાઓ પણ એક દિવસ હયાતીમાં આવ્યાં હતાં તેમ એક દિવસ અદૃશ્ય થવાનાં જ. ફક્ત **મ્હારી** દુકાન કેમ બંધ થાય, **મ્હારૂં** ટ્રસ્ટ કેમ અટકી પડે એવો 'મમત્વ' જ મહારોગ છે કે જે રોગમાંથી ખુશામત, દંભ, ક્વચિત્ લોફરોને આપવુ પડતું મહત્વ ઇત્યાદિ પીડાઓ ઉત્પન્ન થાય છે. ભલા, આજસુધીમાં કોઇ

પણ ટ્રસ્ટ ફંડનો લાભ લેનારાઓ પૈકી ચોથા ભાગની વ્યક્તિઓ પણ એ સંસ્થાને મદદ કરતી રહી છે કે?”

“હજારે એક.”

“એથી હું અજાયબ થાઉં નહિ. સ્વમાન ગુમાવીને મેળવાતાં નાણાંમાંથી ઉછરેલામાં સ્વમાન ભાગ્યે જ હોઈ શકે. ખરો સમાજસેવક આખા દેશને કેળવી નાખવાની ઉતાવળમાં ન હોય, અને ખરો સાધુ આખી જનતાને સાધુ બનાવી નાખવાની ઉતાવળમાં ન હોય. પાત્ર જોઇને હેને કેળવવું અને એવા થોડા જ પુરૂષો–રે એક જ ખરો પુરૂષ–બનાવી આપવાથી સમાજસેવક અને સાધુનું જીવન સફળ થઈ ચૂકયું. પચાસ નાલાયક કુંવરડા ઉત્પન્ન કરનાર રાજા દેશના દારિદ્યનો જનક છે અને સુલેહશાન્તિનો શત્રુ છે, જ્યહારે એક જ સુયોગ્ય પુત્ર વિધિસર–સાયન્ટીફીક રીતે–ઉત્પન્ન કરનાર એક ગરીબમાં ગરીબ માણસ પણ દેશના સુલેહ શાન્તિ, બળ, ધન તથા કીર્ત્તિનો ઘડનારો છે. સાધુસંખ્યા વધારવા મથનારાઓ તેમજ ભણતર ભણેલાની સંખ્યા વધારવા મથનારાઓ બન્નેમાં એક સરખો જ રોગ છેઃ તેઓ લોકોની દયા ખાતર તે પ્રવૃત્તિ કરતા નથી, પણ કીર્તિ કે સત્તાના મોહથી પ્રેરાઇને–પ્રેરિત ગતિનો ભોગ બનીને–ધમપછાડા કરતા હોય છે. લોકો ખાતર સાધુ થનાર સાધુ થવા પહેલાં ગાંઠનાં નાણાં લોકોને આપી દઇને જ નીકળે. લોકો ખાતર કેળવણી ફંડની પ્રવૃત્તિ કરનાર પોતે ‘ગૃહસ્થ’ હોઇ તમામ મિલ્કત તેમાં ન આપી શકે પણ જરૂર કરતાં વધું જે પોતાની પાસે હોય અને ખર્ચ કરતાં વધુ જે નિયમિત આવક હોય. તે તો એમાં આપતો હોવો જ જોઇએ; કમમાં કમ ત્હેનો અર્ધ હિસ્સો પણ ન આપતો હોય

તો બીજાઓને અપીલ કરવામાં તે 'પ્રમાણિક' નથી જ. પણ એવું તો કાંઈ બનતું નથી, ત્હારે પછી લોકો ખાતર દીક્ષાની અને કેળવણીની હીમાયતો થાય. તે પોકળ નથી શું? બધે એકની એક વાત આવીને ઉભી રહે છે; પોતો તરફ વફાદાર થાઓ, તો લોકો તરફની વફાદારી શોધવા જવું જ નહિ પડે."

"આપની એકની એક ચાવી બધાં તાળાંને બંધબેસતી થાય છે. બધા રોગોને એ એક જ ઔષધ લાગુ પડે છે. સાધુ-સંખ્યા વધારવા મથતા અમારા જે સાધુ સ્હામે હમણાં ખળભળાટ ચાલી રહ્યો છે તે સાધુ પણ પોતે પોતા તરફ વફાદાર નથી જ અને બીજાઓને સાધુ બનાવવાના 'પરોપકાર' અને 'ધર્મ'ની વાતો કરે છે. કોઇને સાધુદીક્ષા આપવા બાબતમાં જૈન શાસ્ત્રો શું કહે છે એ વાતને આપણે ઘડીભર અભરાઈ પર મૂકીએ તો પણ, અને દીક્ષા આપનાર શાસ્ત્રીય-દૃષ્ટિએ દોષિત નથી એમ માની લઇએ તો પણ, દીક્ષા આપવા માટે જે રસ્તા તે લે છે એ રસ્તા સાધુ માટે તો શું પણ એક સામાન્ય માણસ માટે પણ લજ્જાસ્પદ છે. એ રસ્તાઓ તરફ અજૈન પબ્લીક ફીટકાર કરે છે અને દેશી રજવાડાઓની તેમજ બ્રિટિશ કોર્ટોએ પણ કડવી ટીકાઓ કરી છે."

"એ પરથી હું કાંઈ જ અભિપ્રાય ન બાંધી બેસું. ઘણીએ વખત આખી પબ્લીક ખોટા ફીટકાર કે ખોટી પ્રશંસા કરતી હોય છે. ઘણીએ વખત સાચો ફીટકાર પણ પબ્લીક પોતાની મેળે નહિ પણ કોઈની પ્રેરણાથી—કોઇના Agitation થી—કરતી હોય છે. પબ્લીક એ કોઇ સ્વતંત્ર સત્તા નથી, ક્ષણિક અસરથી નાચનારી અને ક્ષણે ક્ષણે રૂપ બદલનારી મૂર્તિમાન કમજોરી છે. અને ઇન્સાફની કોર્ટોની ટીકા પરથી ય હું કાંઈ

મત બાંધી ન શકું. જજો કાંઈ ધર્મ કે ફીલસુફી જાણનારા જ હોતા નથી. સાધુદીક્ષા આપવા જેવી બાબતમાં હું જનતાના કે જનતાના ન્યાયાધીશોના અભિપ્રાયોથી દોરવાઈ જઉં નહિ. મ્હારે જૈન શાસ્ત્રો જાણવાં જોઇએ. એમના આશયો શોધવા જોઇએ. એ પછી જ હું કાંઇ પણ અભિપ્રાય પર આવી શકું. કાં એમ પણ ન બનતું હોય કે, ત્હમે કહ્યું તેમ, આ અમુક સાધુના દીક્ષા કાર્ય સ્હામે જાહેર મિટિંગોમાં અને પેપરોમાં ખળભળાટ થવાથી પબ્લીક અને જજોનાં મન prejudiced થઇ ગયાં હોય અને તેથી જ તેઓ દીક્ષા તેમજ દીક્ષા આપનાર બન્ને તરફ ફીટકાર કરતા હોય. એમ જ હોય તો એમનો એ અભિપ્રાય સ્વતંત્ર નહિ પણ પ્રેરિત અભિપ્રાય છે અને તેથી ત્હેની કંઇ જ કિંમત નથી."

"શાસ્ત્રોના કથન માટે તો, મિ. શૅા ! કોઈ તટસ્થ જૈન સાધુની જ મુલાકાત લેવી જોઇશે. અગર જે વિચારકની હું વાત કરી ગયો ત્હેને મળીએ, કારણ કે તેણે શાસ્ત્રો વિચારેલાં છે. Law અથવા કાનુન માટે હું કાંઇ જ ન કહી શકુ, હું તો Practice (કાનુનનો અમલ જે રીતે થતો આવ્યો છે ને થાય છે તે) કહી શકું."

"ઠીક છે, ત્હમે 'રૂઢિ' કહી બતાવો. 'કાનુન' માટે આવતી કાલે જ કોઇ તટસ્થ જૈન સાધુની મુલાકાતની વ્યવસ્થા કરી શકશો ?"

"જી, હા. હું એક એવા સાધુને પિછાનું છું કે જેણે ગૃહસ્થ તરીકે સાધુનિયમોની પ્રૅક્ટીસ દશ વર્ષ સુધી કર્યા બાદ સાધુદીક્ષા લીધી હતી અને તે પણ કોઇ સંપ્રદાય કે સાધુનું વડપણ સ્વીકાર્યા વગર—પોતાના આત્મા અને મહાવીરવચનની જ સાક્ષીએ. એણે બધે ભટકીને બની શકયું તેટલા આચાર્યો અને

સાધુઓને જોયા અને મહાવીરવચનના એના અભ્યાસની નજરે કોઈ એને સંતોષ આપનાર ન લાગ્યું તેથી સ્વતંત્ર દીક્ષા લઈ એકલા જ ફરવાનું પસંદ કર્યું. ગૃહવાસ દર્મ્યાન એ સારો મોભ્ભો ધરાવનાર, વિદ્વાન તેમજ પવિત્ર આચરણવાળો હતો અને મૂળ શાસ્ત્રોનો અભ્યાસ તેણે કાળજીપૂર્વક કર્યો હતો. જે શહેરમાં પોતે મોભ્ભાદાર વતની તરીકે રહેતો હતો, તે જ શહેરમાં ગૃહસ્થ તરીકે ભિક્ષા માંગવા જેટલી હદે લોકલાજ પર વિજય મેળવ્યો હતો. પત્નીને તેણે જ્ઞાનગ્રસ્ત અને વિરાગગ્રસ્ત બનાવી હતી અને ત્હેના ભરણપોષણ માટે સ્વતંત્ર બંદોબસ્ત કર્યો હતો. દીક્ષા લઇને માત્ર એક વસ્ત્ર તથા એક પાત્ર તથા શાસ્ત્રના દોહન રૂપે પોતાના હાથે લખેલાં ૧૦ પાનાં સિવાય બીજું કાંઇ પોતાની પાસે રાખ્યુ ન હતું. સાધુઓ કે શ્રાવકોથી કે કોઇથી કશો સંબંધ રાખતો નથી. કોઇના આમંત્રણને સ્વીકારતો નથી. આહાર માટે, આખું ગામ જમી રહે તે પછી, અને પોતાના સખ્યાબંધ નિયમોં પૈકીના એકનો પણ ભંગ થવા ન પામે એવી રીતે, પચીસ ઘેર ભટકે ત્યારે એને જોઇતો અલ્પ અને શુષ્ક આહાર મળી શકે. એક ટંકથી વધુ વખત તે કદાપિ જમતો નથી. ગમે તેવી બીમારીમાં પણ આહાર કે શરીર સંબંધી કશી સેવા શ્રાવક કે સાધુ કે અન્યની સ્વીકારતો નથી. પ્લેગ કે અન્ય ભય હોય એવે સ્થાને પહેલો દોડી જાય છે અને શ્રાવકોના ધર્મસ્થાનકમાં ન ઉતરતાં ગમે તે ખંડેરમાં પડ્યો રહે છે. વ્યાખ્યાન ખાતર વ્યાખ્યાન વાંચવાની રૂઢિથી તે બચતો રહે છે અને અધ્યાત્મના અનુભવની જિજ્ઞાસાથી જ કોઇ આવે તો તેટલા પુરતી વાતચીત કરે છે વ્યવહારની કશી વાતચીત કોઇ છેડે તો એને ઝાટકી કહાડે છે. સાધુ અને શ્રાવકોના આચારનો પ્રશ્ન નીકળે છે ત્યારે તે આજના તમામ સાધુઓ અને શ્રાવકોને સાધ્વાભાસ અને 'કહેવાતાં શ્રાવક' શબ્દથી જ સંબો-

ધીને વાત કરે છે. રાત્રીના ૩–૪ કલાક બાદ કરતાં બધો વખત તે સ્વાધ્યાયમાં જ ગુજારે છે. ગમે તેવી ભયંકર બીમારી વચ્ચે પણ શરીર પાસેથી એક પાળેલા કુતરા માફક કામ લે છે. એટલી ખુમારી એનામાં અખંડ વર્તતી હોય છે. સાધુઓએ એને 'સાધુનો પરમાધામી' અથવા 'યમ' એવો ટાઈટલ આપ્યો છે અને લોકોને એનો સંગ ન કરવા તથા એને આહાર ન આપવા તેઓ ઉપદેશ કરતા રહે છે. એક વસ્ત્ર, એક પાત્ર, દશ પાનાં એટલી પણ 'મિલ્કત'ની તાબેદારી છોડવા તે મથે છે અને ન છૂટે ત્યહાં સુધી પોતાને કમજોર કહી નિંદે છે."

"હું એને અવશ્ય મળવા માગું છું, મિ. પાતક! અને જો તે મુલાકાત લેવા દેશે તો હું પોતાને ભાગ્યશાળી માનીશ. લગભગ એવી જ કોઈ વ્યક્તિને મળવાની ઉત્કંઠા મ્હને અમેરિકાથી અહીં ખેંચી લાવી છે"

"મુશીબત એ છે, મિ. શૉ! કે એ ક્યહાં હશે એનો પત્તો મેળવવા ત્રણ ચાર જગાએ તારો કરી પૂછાવવું પડશે. બેચાર દિવસથી વધુ વખત–સિવાય કે વર્ષાઋતુના ચાર માસ–તે એક જગાએ રહેતો નથી અને એનાં કાંઇ સામૈયાં ન હોય કે પેપરમાં એના સમાચાર ન હોય."

"ત્યહારે આજે ઘેર જતાં પહેલાં જ જ્યહાં યોગ્ય લાગે ત્યહાં અરજંટ તાર કરી સમાચાર મેળવો અને પત્તો મળતાં તુરત જ ઉપડી શકાય એવી ગોઠવણ કરજો. હમણાં તો ત્હમારૂં દીક્ષાનું રૂઢિ પ્રકરણ ચલાવો"

"રૂઢિ, સામાન્ય રીતે કહું તો, ગમે તે સાધુ ગમે તે ઉમ્મરના અને ગમે તેવા મનુષ્યને સાધુદીક્ષા આપી શકે છે. ફક્ત અમારા સંપ્રદાયમાં જ નહિ પણ બીજે પણ એમજ છે. અને સેંકડો વર્ષથી એમ જ છે. જેમ બને તેમ વધુ શિષ્યો ધરાવવા એ પ્રત્યેક

સાધુની કાળજીનો વિષય હોય છે. આજે જેઓનાં નામ મહાન પૂર્વાચાર્યો તરીકે પૂજાય છે તેવાઓ પૈકી પણ ઘણાઓને બાલ્યાવસ્થામાં સાધુ બનાવવામાં આવ્યા હતા. અને હમણાં પણ—આજથી ફક્ત ૫–૭ વર્ષની વાતપર—જોધપુર રાજ્યે તમામ ધર્મો માટે બાલદીક્ષા અટકાવનારો કાયદો પસાર કરવાની તૈયારી કરી ત્યારે જૂદા જૂદા જૈન ફીરકાઓની ઑલ-ઇંડિયા કૉન્ફરન્સોએ એ બીલનો વિરોધ કર્યો હતો અને જણાવ્યું હતું કે રાજ્ય બીજા ધર્મો માટે ગમે તેવો કાયદો ભલે કરે પણ જૈન ધર્મને એ કાયદો તેણે લાગુ પાડવો નહિ! સ્થાનકવાસી જૈન કૉન્ફરન્સના પ્રમુખ અને બ્રિટિશ કોર્ટના ઑનરરી મૅજીસ્ટ્રેટે આઠ વર્ષની છોકરીને જબરજસ્તીથી દીક્ષા આપી દીધી હતી. બન્ને ફીરકાના ન્હાના મ્હોટા સાધુઓએ બાળકોને ભગાડી કે છૂપાવી કે એક યા બીજી રીતે ખરીદાવી દીક્ષા આપ્યાના દાખલા કાંઈ થોડા નથી. પરણેલા પણ મુશીબતે આજીવિકા કરનારા એવા પણ ઘણાઓ—એમની સ્ત્રી તથા બાળકોને ભૂખે મરતી હાલતમાં છોડી—સાધુ બની લહેર કરે છે, અને એમાંના કેટલાકો પૂર્વજીવનના સંબંધીઓની બરદાસ—અલબત શ્રાવકોના પૈસે—કરવા પણ ચુકતા નથી! સાધ્વી આશ્રમનાં દ્વાર તો એથીએ વધુ ખુલ્લાં છે,—ખાસ કરીને વિધવાઓ માટે. આ બધું બધે ચાલ્યા જ કરે છે અને એ દીક્ષા ઉત્સવો ખુદ શેઠીઆઓ ઉજવે છે, જેમાં વડીલો, ડાક્ટરો, ગ્રૅજ્યુએટો બધાય ભાગ લે છે. આજ સુધી દીક્ષા—ગમે તેવી વ્યક્તિને ગમે તે સંજોગેમાં અપાયલી દીક્ષા—વિરૂદ્ધ ભાષણો કે લખાણો થવા પામ્યાં જ નથી. હું કહી ગયો કે, ગઇ કાલની વાત છે, એક શ્રીમંત આગેવાન કે જે ગ્રૅજ્યુએટ છે તેણે ત્રણ ત્રણ વખત સાધુઆશ્રમમાંથી નાશી જઈ હૉટેલમાં વાસણ માંજનાર છોકરાને ફરી દીક્ષા ધામધૂમથી આપી હતી. એક પ્રસિદ્ધ સાધુનું

મ્હોટા શહેરમાં ચાતુર્માસ થાય ત્યહાં કાંઇ નહિ.ને કાંઇ ધામધૂમ થવી જ જોઇએ,—પછી તે નવી દીક્ષા નિમિત્તે થાય કે કોઇના તપ નિમિત્તે થાય. જેમ વધુ સંખ્યામાં લોકોને ખેંચી શકાય તેમ એક સાધુનું પદ મ્હોટું ગણાય. શ્રાવકોના જ પૈસે શ્રાવકોપર ધણીપણુ ઠોકી બેસાડવાના એ બે સુંદર ઇલ્મ છે!"

"શું પરણેલાઓ લગ્ન તોડીને સાધુ બને છે?"

"ના, મિ. શો! અમારો ધર્મ તેમજ હિન્દુ લૉ અમારાં લગ્નને જીવનભરનો કૉન્ટ્રાક્ટ ઠેરવે છે. અમારામાં લગ્ન—કોઇ પણ સંજોગોમાં—પુરુષ સ્ત્રીપર જુલમ કરતો હોય તો પણ—તુટી શકતાં જ નથી,—રે કૉન્ટ્રાકટની એક પાર્ટી રૂપ પુરૂષ મરી જાય તોય બીજી પાર્ટી કૉન્ટ્રાકટથી બધાયલી રહે છે,—પહેલી પાર્ટીના નામ સાથે!"

"ત્યહારે સ્ત્રીને જીવનભરના કૉન્ટ્રાકટથી બાંધી પુરુષ ગમે ત્યહારે સાધુ બની કૉન્ટ્રાકટ તેમજ ધાર્મિક વચન રદ કરી શકે છે એમ જ ને? ત્હમારા લોકોમાં 'વચન'ની કાંઈ જ કિમત નથી જણાતી ત્યહારે. અને એમ જ છે તો એવા—વચનની કિમત વગરના—લોકો સાધુદીક્ષાના નિયમો પાળવાનાં વચન પણ એવા જ પાળતા હશે, યુરોપ—અમેરિકમાં તો વચનનો—મોઢાના વચનનો પણ—ભંગ કરનાર માણસનું મ્હોં જોવાય કોઇ ઇચ્છે નહિ. એવા માણસનો વિશ્વાસ શો? અને પોતાની જીંદગીની ભાગીએણને—તેણીના દોષ વગર પણ—અને કોઇ કોઇ દાખલામાં તો ત્હમે કહો છો તેમ ગુજરાનનાં પણ સાધન વગર—અને સોબત તથા દીલાસાનાં મુદ્દલ સાધન વગર—કવચિત્ બાળકોના ભરણપોષણના પણ બોજા સહિત—એકલી છોડી જનારનું હૃદય કેટલું નિષ્ઠુર અને જોખમદારીના અંશ વગરનું હોવું જોઇએ?

અને આવા કૃત્યમાં ઉત્તેજન તો શું પણ હાજરી પુરતો ય ભાગ લેનારા કેટલા બાલિશ હોવા જોઇએ ? મિ. પાતક! મ્હને ભય છે કે વચન, જોખમદારીનું ભાન અને શહેરી તરીકેની ફરજ: આ ત્રણે બાબતમાં ત્હમારો દેશ—કમમાં કમ ત્હમારી કોમ—હજી પ્રાથમિક સ્થિતિમાં છે: સંસ્કૃતિથી તદ્દન બેનશીબ કોમમાય વચનની કિંમત તો રગેરગ હોય છે."

"પણ અમને તો સંસાર અને સંસારના બધા કૉન્ટ્રાકટ પાપના હેતુ તથા સંસારત્યાગ એ જ ધર્મનો હેતુ હોવાનું શિખવ્યુ છે. પાપના કૉન્ટ્રાકટ તોડવામાં ઓછું જ પાપ લાગે છે?"

"ત્હમારા સાધુઓ વાગ્ચાતુરી સારી ધરાવતા જણાય છે. વારૂ, એ દીક્ષા લેનારાઓની ધર્મપત્નીઓ તથા ન્હાની ઉમ્મરનાં બાળકો માટે કોઇ આશ્રમ જેવી સગવડ દયાળુ જૈનશાસને કરી છે કે ?"

"જી, ના; ખોડા ઢોરની સંસ્થાઓ છે, બહુ તો એકાદ અનાથાશ્રમ હશે."

"ત્હારે ત્હમે દુનિયાને 'અનાથ' અને 'ખોડા ઢોર' બનેલી જોવા માંગો છો, કે જેથી ત્હમે એમની દયા કરી શકો! 'સહ–ધર્મી'ની સેવામાં આનંદ લેવા જેવું કાંઈ ત્હમારી પ્રકૃતિમા નથી. મ્હને લાગે છે જૈનેતર પબ્લીક ત્હમો લોકો તરફ હસતી હશે."

"આપની તરફમા ખ્રિસ્તી ધર્મના રોમન કૅથલિક સંપ્રદાય-માં શું એમ નથી ચાલતુ ? મિ. ફૅ!"

"હરગીજ નહિ. જો કે હું આ કે પેલા કોઇ પણ ફીરકાનો સભ્ય નથી તો પણ ઇન્સાફ ખાતર કહેવું પડે જ કે એ ધર્મના નેતાઓ ત્હમારા કરતાં ઘણાજ વ્યવહારકુશળ છે. રોમન કૅથલિક ધર્મમા સાધુદીક્ષા લેનાર દીક્ષા લેતી વખતે

અવિવાહિત હોવો જ જોઇએ એટલુ જ નહિ પણ તેણે ૨૫ વર્ષની વય પહેલાં ઓછામાં ઓછાં ૭–૮ વર્ષ સાધુઓથી ચાલતી કૉલેજમાં અભ્યાસ કરી પરીક્ષામાં પસાર થવું જોઇએ. પસાર થનાર પૈકી પણ બધાને પ્રિસ્ટ તરીકે લેવામાં નથી આવતા. દીક્ષા લીધા પછી પણ મરણ પર્યંત બ્રહ્મચર્ય ફરજ્યાત હોય છે. આવા તમામ પ્રિસ્ટ એક જ સત્તા તળે હોય છે અને એમને અમુક ગામ મુકરર કરી આપવામાં આવે ત્‍હાં રહી લોકોમાં નીતિ; એકસંપી,ભ્રાતૃકાર્ય તથા સ્વમાન શિખવવાનું તથા સંકટમાં આવેલા સહધર્મીને બીજાઓની મદદ મેળવી આપવાનુ કામ સોંપાયલું હોય છે. તેઓ ધર્મનો જીવન સાથેનો સંબંધ વધારે ને વધારે સ્પષ્ટ કરવા માટે હમેશ અનેક વિષયોનાં પુસ્તકો વાંચતા રહે છે. એમનો ઉપદેશ પણ પદ્ધતિસરનો –Logicને અનુસરતો—અને શાંત હોય છે. દેવળમાં વ્યાખ્યાન કે પ્રાર્થના વખતે એક ટાંકણી પડે ત્‍હેનો પણ અવાજ સંભળાયા વગર ન રહે એટલી શાન્તિ જાળવી શકે છે. સ્વચ્છતા અને Discipline-ની બાબતમાં એમની સરખામણી કરવા લાયક ત્‍હમારે ત્‍હાં કાંઇજ નથી. એ પ્રિસ્ટોને ગુજરાન પુરતો પગાર મળે છે, જેથી લોકોની દયા કે શરમ કે ભયપર રહેવું પડતું નથી. આ પ્રિસ્ટો કરતાંય વધુ ઉત્તમ વર્ગ Monk (મંક)નો છે, જે ત્‍હમારા યોગી જેવો છે,અને જે ઘણે ભાગે કોઈ પહાડપર એકાંતમાં જીવન ગુજારે છે અને સંસાર કે સંસારીની કશી બાબતમાં કશો ભાગ લેતો નથી. પ્રિસ્ટોમાં જ્‍યારે નૈતિક સડો થયો ત્‍હારે પ્રોટેસ્ટંટ ફીરકો સ્થપાયો અને ત્‍હેના સાધુ માટે બ્રહ્મચર્ય ફરજ્યાત નહિ પણ મરજ્યાત રખાયું. પણ પ્રિસ્ટ બન્યા પહેલાં તો તે પણ પરણેલો ન હોવો જોઇએ,–પ્રિસ્ટ બન્યા પછી જો એને જીંદગીના સાથી વગર ન ચાલે તો પોતાના મિશનમાં પોતાને મદદગાર થઈ શકે એવી સ્ત્રીથી લગ્ન કરી શકે.”

"એ યોજના તો ઘણી વ્યવહારકુશળ લાગે છે. પણ ત્હાં ય કોઇ 'કાળાં મેંઢાં' તો આવી જતાં હશે ?"

"દરેક નિયમને અપવાદ હોય છે. પણ ત્હમારા અને અમારા સંજોગોમાં બહુ ફેર છે. અમારા લોકોમાં—પબ્લીકમાં સ્વમાન, સ્વહક્ક અને જોખમદારીનું ભાન એટલું જાગતું હોય છે કે પ્રિસ્ટ એક ગેરવાજબી શબ્દ વટીક બોલે તો તુરત સંયુકત અવાજથી પ્રોટેસ્ટ થયા વગર ન જ રહે. વળી અમારા પ્રિસ્ટને ચેલા મુંડવાનો હક્ક જ નહિ. આ બે કારણોથી તેમજ ફરજ્યાત અને મરજ્યાત બ્રહ્મચર્યના નિયમવાળા બે માર્ગ ખુલ્લા હોવાથી અહીં ઓછામાં ઓછા અંધેરનો સંભવ રહે. આ વાતની તો દરેક માનસશાસ્ત્રી સાક્ષી પુરશે કે આખી જીંદગી સુધીનું અપવાદરહિત **ફરજ્યાત** બ્રહ્મચર્ય એ અસંભવિત વાત છે. બ્રહ્મચર્ય એ અંદરના બળનું પરિણામ છે, ફરજ પડવાથી કે દેખાદેખીથી ગમે તે પાળી શકે એવી ચીજ નથી. અશક્તે અંગીકાર કરેલું જીવનપર્યંતનું ફરજ્યાત બ્રહ્મચર્ય વ્યભિચારમાં નહિ તો કમમાં કમ કૂદરત વિરૂદ્ધના ગુન્હામાં તો પરિણમ્યા સિવાય ભાગ્યે જ રહી શકે, અને એ પરિણામ ધર્મ, નીતિ, સમાજશાસ્ત્ર સર્વ દૃષ્ટિએ વધુમાં વધુ ભયંકર ગણાય."

"એ જ અમારા લોકોની પ્રકૃતિની મ્હોટી ખામી છેઃ અમે આદર્શને–ચાંદને–પૂજવા જતાં જે જમીનપર ઉભા છીએ તે જમીનને હમેશ ભૂલતા જ રહ્યા છીએ. 'નિશ્ચય' ( આદર્શ ) પર દૃષ્ટિ રાખીને વ્યવહાર ( જીવન ) જીવવું, ધ્યેયમાંથી બળ મેળવીને ધીમે ધીમે જમીનથી ઉંચે ચ્હડવું, એવું 'સૂત્ર' અમે હમેશ દલીલખાતર બોલીએ છીએ, પણ વર્ત્તન વખતે અમે હમેશ એક યા બીજે છેડે જ કૂદતા હોઇએ છીએ. ગૃહસ્થ

ગમે તેટલી બૈરીઓ પરણે, શ્રીમંત વળી ઉપરથી રખાત પણ રાખે, અને ગરીબ તેમજ શ્રીમંત લગ્નના હક્ક નિરંકુશપણે અદા કરે આ શ્વાનજીવન નહિ તો બીજું શુ? બીજી તરફ સાધુએ ફરજયાત જીવનપર્યંતનું બ્રહ્મચર્ય સેવવુ એ બીજા extremeનું વર્તન. બન્નેનાં નુકસાન અમે પ્રત્યક્ષ જોઇએ છીએ છતાં ય 'લગ્નના હક્ક' અને 'સાધુપણાની પવિત્રતા' એ શબ્દો અમારા મ્હોંમાંથી સૂકાતા નથી,–એટલે સુધી કે જ્યહારે સાધુવર્ગમાં આ ફરજયાત નિયમનું re–action જોરથી ફાટી નીકળ્યું અને તેથી Semi–Sadhuhood જેવા યતિ વર્ગ સ્થાપવાની જરૂર પડી ત્હેહારે પણ–જો કેનાણાં રાખવાની એને છૂટ આપી પણ—લગ્નની તો મના જ રાખી. પરિણામે એ વર્ગમાં સૌથી વધુ ભ્રષ્ટતા પ્રકટી નીકળી. એક માણસ પર બહારથી **નિયમ** લાધી શકાય, પણ **યમ** ન લાધી શકાય,–તે તો તે પોતે જ પોતામાં ઉત્પન્ન કરી શકે. એ માટે તો જ્ઞાનબળ જોઇએ, સંસારની દરેક ઘટના અને ચીજનું પૃથક્કરણ કરવાની અને પૃથક્કરણ દ્વારા ચીજ કે ઘટનાની મોહકતાને અદૃશ્ય કરવાનું બળ જોઇએ. એક સ્ત્રી દશ તોલા સુવર્ણ લઇને એક સોની પાસે ગઇ અને કહ્યું કે વધારેમાં વધારે મજુરી લઇને પણ સુંદરમાં સુંદર હાર કરી આપ. તેણે તેમ કર્યું અને સો રૂપિયા મજુરી લીધી. સ્ત્રી તે હારપર આફરીન થઇ. ત્હેને તે ઘડી પણ છોડતી નહિ. એક દિવસ એવો આવ્યો કે જ્યહારે નાણાંભીડને લીધે હાર વેચવા શાહુકારના ઘેર જવું પડયું. શાહુકારે હારને કાંટામાં મૂકી જોખી સુવર્ણની કિમત આપી. શાહુકારની દૃષ્ટિએ તે હાર નહિ પણ સુવર્ણ માત્ર હતુ. એવી રીતે તમામ ચીજો, ઘટનાઓ, ક્રિયાઓ, વિચારો અને શબ્દોના અસરકારક બાહ્ય ભાગને છોડી મૂળ વસ્તુની જ કિંમત આંકવાની ટેવ બુદ્ધિને પડી જાય–અર્થાત્ જ્ઞાન અને યમ બન્નેનો સંયોગ થાય–ત્યહારે

જ બ્રહ્મચર્ય પળી શકે. બ્રહ્મચર્ય એટલે જ બ્રહ્મ—આત્મા—મૂળ વસ્તુમાં મનની ગતિ થવી તે. 'મૂળ વસ્તુ' થી મિશ્રણ અને આકાર તથા રંગ આદિને જૂદા પાડવાની શક્તિ એ જ 'બ્રહ્મચર્ય.' એ જ્હાં છે ત્હાં લક્ષ્મી પણ કિંમત વગરની છે, કીર્ત્તિ કિંમત વગરની છે, તમામ માત્ર Phenominon તરીકે જ દેખાતી ચીજો છે, વસ્તુતઃ હયાતી ધરાવતી ચીજ નહિ. એ એક ગુણમાં તો બધાં વ્રતો અને મહાવ્રતો સમાયલાં જ પડયાં છે"

"ત્હમારી વાત સત્ય છે. સાધુના બે વર્ગ જોઇએ એક બ્રહ્મચારી અને એક લગ્નની છૂટવાળો. બ્રહ્મચર્ય જેને સ્વાભાવિક થઇ પડયું હોય ત્હેને પહેલા વર્ગમાં જવાની છૂટ; એમ ન હોય તો બીજા વર્ગમાં જઇ શકે અને ત્હાં મરજી પડે ત્હાં સુધી બ્રહ્મચારી રહે અને તેમ ન રહી શકે ત્હારે લગ્ન કરી શકે. એને 'પવિત્રતા'ના ઢોંગ કરવાની ફરજ નહિ પડે. પહેલા વર્ગમાથી બીજામાં અને બીજામાંથી પહેલામાં—યોગ્યતા પ્રમાણે—જવા આવવાની સગવડ જોઇએ. પહેલો વર્ગ સ્વાભાવિક બ્રહ્મચર્યવાળો હોઇ **એને સમષ્ટિ પર સંપૂર્ણ વિશ્વાસ હોય જ** અને તેથી એને માટે ઉદરનિર્વાહનો સવાલ જ નહોય; પણ બીજામાં તે શક્તિ ન હોઇ **સમષ્ટિના** સ્થૂલ શરીર રૂપ જનતા અથવા 'સંઘ' તરફથી કરાયલા સંયુક્ત ફંડમાંથી સાદા જીવનના નિર્વાહ પુરતો દરમાયો યોજવો જોઇએ, કે જેથી જનતા પાસેથી ઉદરનિર્વાહને બ્હાને લૂટ કરવાનો સંભવ ખડો થવા પામે નહિ. સાધુને વાજબી કે ગેરવાજબી રીતે લોકો પૂજતા હોય તે એટલા જ માટે કે લોકો પૈસા અને સ્ત્રીના આકર્ષણને જીતી શકતા નથી, જ્હારે સાધુએ એ બે આકર્ષણોને જીતવાનો નિયમ લીધો છે. એમની બાદશાહી બધી આ નિયમ પર જ છે, તેથી નિયમ પળાતો હોય યા ન પળાતો હોય તોપણ પળાય છે એવો દેખાવ કર્યા વગર તો બાદશાહી ટકતી

નથી. તેથી પછી તેણે નિયમનો ભંગ નથી થતો એવું દેખાડવા બુદ્ધિની ચાલાકીઓ કરવી જ પડે. અને એ ચાલાકીઓમાં ભલભલા અંજાઇ જાય અને કોઇકોઇ તો એ ચાલાકીઓનો ભોગ જ માત્ર નહિ પણ ગાફેલ સાધન પણ બને. આ સ્થિતિ ધર્મનું સદંતર નિકંદન કરનારી થઇ પડયા વગર રહે જ નહિ. અને તેથી જ કહું છું કે, દંભ કે પાખંડની જરૂર જ ન પડે એવી યોજના કરવી જોઇએ, અને એવી યોજના છતાં જે લીધેલા નિયમો અથવા જોખમદારીઓનું યથાર્થ રીતે પાલન ન કરતો દેખાય ત્હેને કશા પણ વિલંબ વગર અને હોહા વગર ચૂપચાપ કાંડું પકડીને દૂર કરવો ઘટે. જે કૂવામાંથી આખા ગામના લોકો પીવાનું જળ મેળવતા હોય તે કૂવામાં ગંદવાડ કે વિષ કોઇ રીતે અને ક્ષણભર પણ ચલાવી ન શકાય, પછી કૂવો ચાહે પત્થરનો હો, ઇંટાનો હો વા માટીનો હો......ભલા. **જ્ઞાનની બાબતમાં** દીક્ષાના ઉમેદવારોની સ્થિતિ શું હોય છે?"

"ઉમેદવાર જેવી ચીજ ભાગ્યે જ હોય છે, ઉમેદવાર **બનાવવામાં** આવે છે,—પછી ત્હાં જ્ઞાનની વાત શું પૂછવી? વ્યવહારનું જ્ઞાન, તર્કશાસ્ત્ર, માનસશાસ્ત્ર, સમાજશાસ્ત્ર કે સાયન્સ ભણેલો એક પણ ઉમેદવાર ભાગ્યે જ જોશો. મૂળ સૂત્રો બધાં તો બાજુએ રહ્યાં પણ બેત્રણે શિખીને દીક્ષા લેવા આવેલાઓ બહુ જ થોડા—એકાદ ટકો—જોશો. હા, એમને સાધુ બનાવવા ઇચ્છનાર કવચિત્ કવચિત્ સંસ્કૃત વ્યાકરણ કે ન્યાય અને એકાદ સૂત્ર શિખવે છે, પણ તે અભણ લોકો વચ્ચે વિદ્વત્તાના પ્રદર્શન પૂરતુ."

"ત્હારે પછી ત્હાં વિરાગ—વ્યક્તિગત જીવનના સંકુચિતપણા તરફ કંટાળો—તો ક્યહાંથી જ હોઇ શકે? વિશ્વની વ્યાપકતા જેણે જીવન જીવવાથી **અનુભવી** હોય અગર મનનથી વ્યાપકતા જેનામાં પ્રકટી હોય ત્હેને જ 'વિરાગ' હોય,—અને મનન

હમેશ શ્રવણ–વાચનથી મળેલા ખોરાકમાંથી જ પ્રકટે છે. વિરાગ કાંઇ દુનિયાના તિરસ્કારનું નામ નથી; પણ આટલી વિશાળ દુનિયામાં વ્યક્તિ માટે–વ્યક્તિની ન્હાની ન્હાની ભૂખો માટે–જીવવાનું ચાલુ રાખવાના ખ્યાલ (મોહ) પર અણગમો થવા પામે તે જ વિરાગ છે. It is aversion to living in petty needs of individual life. It is rising beyond what may be termed *herd life.* It is a state of mind which gives higher sense to life and refuses to be pleased with the petty things that make up the easily pleased life of the *masses.*"

"વિરાગનો ખરો અર્થ હું આજે જ જાણું છું, મિ. શૉ! અને હવે મ્હને યાદ આવે છે કે એ વૃત્તિને 'ઉદાસિન ભાવ' પણ કહેવામાં આવે છે કે જે શબ્દ उद् high, above તથા आस् to seat એ ધાતુપરથી બનેલો છે. નમાલી ચીજો અને બાબતોને મહત્વ આપનારાઓથી ઉંચે–દૂર–ભાનનું વસવું તે. હવે ભાન નમાલી બાબતોમાં રસ લેતું ક્યારે વિરમે છે તે જોઇએ. બાળક અવસ્થામાં રમકડાંમાં રસ પડશે જ, પછી એ તુચ્છ લાગશે અને પુસ્તકોમાં રસ પડવા લાગશે. તે પછી પુસ્તકમાં ય રસ ન પડતાં ગૃહ, વ્યાપાર, પોલીટીક્સ આદિ ક્રિયાશીલતા (activities)માં રસ પડશે. એનો અનુભવ થયેથી એ પણ પોકળ લાગશે. આ મ્હોટામાં મ્હોટી ચીજ પોકળ ક્યારે લાગી કે જ્યારે જીવનવિસ્તાર કરવામાં આવ્યો ત્યારે. બાળકને સુખે ગોખાવવું-કે ગૃહ, વ્યાપાર, પૉલીટીક્સ એ સર્વ મિથ્યા છે: એ માત્ર હાસ્યાસ્પદ છે અને જીવનની વિકૃતિ કરાવવા સમાન છે. આઠ વર્ષની છોકરીને માતા બનાવવાના ગુન્હા સમાન છે."

"પણ અમને નથી તે ખટકતું કે નથી આ ખટકતું. અમારાં લગ્ન તેમજ વિરાગ 'લગની' વગરનાં હોય છે, બન્ને 'ઉંચા શોખ' વગરનાં હોય છે, એટલું જ નહિ પણ 'પ્રેરિત ગતિ' રૂપ હોય છે. અમારૂં સંયુક્ત કુટુંબ પણ 'પ્રેરિત'—ફરજ્યાત સહકાર—હોય છે. અમારા જીવનની એકકે ક્રિયા તનદુરસ્તીમાંથી સ્વભાવતઃ ફુટતી ક્રિયા નથી. આમ હોઇ અમને આવી દીક્ષાઓ અને આવાં સાધુપણાં ભયંકર લાગતાં નથી. લાગવું માત્ર અપેક્ષિત છેઃ આપણને વિષ્ટા જોવી પણ અસહ્ય લાગે છે, શ્વાનને તે ભોજન લાગે છે, જો કે ચીજ એની એ જ છે. ભિક્ષુકને સો રૂપિયાની નોટ મ્હોટી ચીજ લાગે, લખપતિને તે નજીવી ચીજ લાગે, રાજાને લખપતિ નજીવો લાગે, અને તત્ત્વવેત્તાને રાજા નજીવો લાગે, કે જે શણગારો, વિધિઓ(ceremonials) અને ધમાલોની જરૂરીઆતો (*needs*) નો ગુલામ છે.

"'લગની' અને 'જોખમદારીના ભાન' વગરનું જીવતર એ જીવતર નથી—એ તો ગાયનું કસાઇખાના તરફ ધસડાવું છે. એ જ masses—'જનતા'—ની પ્રકૃતિ ! અને ત્હાં પરસ્પરના વિશ્વાસ જેવું કાંઇ હોઇ શકે જ નહિ, એક-બીજા તરફ અવિશ્વાસ અને ધુરકીઆં અને છૂપા દાવપેચ સિવાય બીજું કાંઇ હોઇ શકે જ નહિ. એ જ નારક જીવન."

"ત્યારે અમારા શાસ્ત્રકારોની કલા જીવનસત્યનો ખ્યાલ આપવામાં જરા ય ખોટી નથી, એમ મ્હને હવે ખાત્રી થાય છે. બીજા ધર્મો કરતાં અમારા ધર્મમાં નરકનો ખ્યાલ જૂદી જ જાતનો આપેલો છે. બીજાઓમાં યમની કલ્પના કરી છે, અમારામાં પરમાધામીની કલ્પના કરી છે. અધમ મનુષ્યો—હલકા માનસવાળાઓ—આપોઆપ એ ભૂમિમાં જાય છે અને ત્હાં આપસમાં મારામારી કરે છે, અને એઓ પૈકીના જે

વધુ અધમ–પરમાધમ–હોય છે તેઓ વળી વિશેષ કાપકૂટ કરે છે. ચોવીશે કલાક ત્હાં અંધકાર અને અવ્યવસ્થા અને આક્રંદ તરફડાટ હોય છે. નારક જે ક્ષણે કપાયો તે જ ક્ષણે ત્હેના પુદ્ગળો એકઠા થઇ તે જીવતો થાય છે અને ફરી ત્રાસ સહે છે. એમ અખંડ ચાલ્યા જ કરે છે,–હજારો અને લાખો વર્ષ સુધી. હવે એક સાધારણ માનસશાસ્ત્રી પણ કહી શકશે કે આ વર્ણન આ પૃથ્વીપરના masses ના માનસનું છે, કે જે માનસ પ્રતિક્ષણ બીજા માનસોને રંજાડે છે અને બીજાઓથી રંજ પામ્યા કરે છે અને તરફડ્યા કરે છે. એ ચીજ એક મન જ છે કે જે એક ક્ષણમાં મરણ જેવી સ્થિતિમાં આવી બીજી જ ક્ષણે જીવતું થાય છે અને વેદના વેદ્યા કરે છે. તિવ્ર વેદનાની એક સેકંડ સો વર્ષ જેટલી મ્હોટી લાગે છે એ તો દરેકનો અનુભવ છે. એટલે લાખો ક્રોડો વર્ષના નારક જીવનને ૫૦–૧૦૦ વર્ષના પતિત જીવન તરીકે સ્હમજી લેવામાં જરાય મુશ્કેલી પડે તેમ નથી. નારકોમાંના કેટલાકો રાજાઓ, પ્રધાનો, શ્રીમંતો, ગરીબો, ભણેલાઓ, સાધુઓ પણ હોવાનું જણાવવામાં આવ્યું છે; અર્થાત્ સમાજના આ બધા વર્ગોમાં low mentality ( પતિત માનસ ) હોઈ શકે અને એવાં માનસોની પરસ્પર ક્રિયા–પ્રતિક્રિયા એ જ નારક ભૂમિ–નારક વાતાવરણ–રચે છે. ”

“ મિ **પાતક** ! હું નરકને આ દેશમાં તેમજ અમારા દેશમાં–પ્રત્યક્ષ જોઈ શકું છું અને ત્હમારા શાસ્ત્રકારોના જીવન સંબંધી અનુભવપર–એમના માનસશાસ્ત્ર સંબંધી જ્ઞાનપર– આફરીન થાઉં છું. ભલા સાથે સાથે એમના વર્ણવેલા ‘સ્વર્ગ’નો પણ કાંઇક ખ્યાલ આપો તો ઠીક.”

“ સ્થૂલ જીવનમાં જેઓ નિર્માલ્ય ચીજો અને અભિમાનોની ગુલામી છોડી શક્યા હતા એવાઓ સ્વર્ગમાં ઉત્પન્ન

થાય છે: પુષ્પની શય્યામાં નવયુવાન તરીકે જ જન્મે છે. મતલબ કે એમનું ભાન–માનસ–પુષ્પોની મ્હેક અને નવયુવાનીનો જ અનુભવ કરે છે; દુર્ગંધ્છા, કંટાળો, થાક, કલહ, ભૂખ એ સર્વનો એ 'સ્થિતિ' અથવા માનસમાં અભાવ હોય છે. અપ્સરાઓનો નાચ ચાલ્યા જ કરતો હોય છે અને મધુરમાં મધુર સરોદા નીકળતા જ હોય છે. (**अप्सरस्** શબ્દ **अप्**=પાણી અથવા હવા અને **सृ** સરવું, લપસવું પરથી થયો છે) અપ્સરા એટલે પાણી કે હવા પર ચાલે છે તે. પાણીપર sliding motion સરકવારૂપ ગતિ હોય છે અને હવામાં નૃત્યરૂપ ગતિ હોય છે. અર્થાત્ ચિત્તનું હલકાપણુ અને વૃત્તિનો નાચ, એ જ અપ્સરાનું ગાન. આ દેવોમાંના કેટલાકમાં સ્ત્રીસંગ છે, કેટલાક સંકલ્પમાત્રથી તૃપ્તિ અનુભવે છે."

"આ વર્ગના કેટલાએ માણસો મ્હે નજરે જોયા છે. રાજ્યનાં રાજ્ય ગુમાવવા જેવાં અને પોતાની જીંદગી ક્ષણમાં નાશ પામે એવી જાતનાં કામો પણ તેઓ હસ્તે મુખે અને આનંદી વૃત્તિ સાથે કરતા હોય છે અને માર તથા પરાજય પણ—જાણે આકાશમાંથી એક તરખલુ ત્હેમનાપર પડયું હોય એવી જ અસર ત્હેમના પર કરે છે. ગમે તેવી ક્રિયા–પ્રતિક્રિયા પરથી એક સેકંડ માત્રમાં ત્હેમનું ભાન બીજા વિચાર પર સરકી જાય છે કે ઉડી જાય છે. જીવન એમને મન, જીવનના સઘળા ત્રાસો વચ્ચે પણ, એક તહેવારના દિવસ (holiday) જેવું લાગે છે; એટલી બધી એમનામાં vitality છે; પ્રાણ છે. દેવોને ત્હમારા શાસ્ત્રોમાં ઘણાજ સમૃદ્ધિવાન વર્ણવ્યા છે તે પણ ખરૂ છે: એ સમૃદ્ધિ નાણાંના રૂપમાં નથી પણ aristrocratic instincts ભરપૂરતાવાળું ભાન અથવા mind full of means હોય છે. **બધો સવાલ** Vitality **પ્રાણોનો અને દૃષ્ટિવિકાસનો** છે. Aristrocratic instinct એ ઉન્નત ચીજ છે, ઉન્નત

પ્રકૃતિ છે, અને 'પૈસાદાર વર્ગ' એ એનું 'ખોખું' છે એક આત્મા છે, બીજું શરીર છે. ધર્મોએ શરીરને અવગણી આત્માને મહત્વ આપ્યું છે એનો અર્થ એ છે કે aristrocratic instincts, ઉત્તમ માની છે અને aristrocratic class હલકો માન્યો છે. તેવી જ રીતે philosophic instincts ઉત્તમ છે અને પંડિત વર્ગ એ હલકી ચીજ છે. એક આત્મા છે, એક એનો પડછાયો છે–'નક્કલ' છે. મહાવીર આત્મા છે, ગોશાલક 'નક્કલ' અથવા પડછાયો છે, કે જે હમેશ એની પાછળ જાય છે અને મહત્તાનો દંભ કરે છે. વસ્તુત: તે મૂર્ત્તિમાન જડતા છે,–જો કે મહાવીર પાસેથી સાંભળીને ઘણુંએ તે શિખ્યો તો હશે જ. મહત્તા એ નીતિનો વિષય નથી, તાલીમનો વિષય છે અને તે પણ અંદરની તાલીમનો અને બહારનાં સંકટોનો. મ્હને લાગે છે, મિ. પાતક ! કે ત્હમારા ધર્મને નવા ખીબામાં–નવા 'નામ–રૂપ' અથવા શરીરમાં–મૂકનારે માન્યતાઓ માત્રને બાજુએ રાખી Discipline (તાલીમ )ની પદ્ધતિપર જ બધુ ધ્યાન આપવું પડશે,–માટીમાંથી દેવ અને સિદ્ધ બને એવી તાલીમ પર."

"પણ, મિ શૉ ! આપને ખાત્રી છે કે એવી કોઈ પણ તાલીમ શોધી શકાય કે જે દરેક વ્યક્તિને દેવ કે સિદ્ધ બનાવી શકે ?"

"નહિજ. કેટલાકની પ્રકૃતિ જ એવી હોય છે કે જેને તાલીમની આગ કાંઇ જ અસર કરી શકે નહિ. ગમે તેટલું ભણાવો તેઓ લોફર બદમાશ જ રહેવાના, ગમે તેટલાં સાધુવ્રત આપો તેઓ કાળા નાગ જ રહેવાના. ગમે તેટલા શ્રીમંત બનાવો, ભીખારચોટ પ્રકૃતિ જ કાયમ રહેવાની. બાકીનાઓ તાલીમથી જીવનના હરેક સંજોગમાં ગુલાબના પુષ્પ જેવા થાય."

"કુદરતના અવલોકનથી ત્હમે જે કહી શકો છો તેજ અ-મારાં શાસ્ત્રમાં કહ્યું છે, મિ. **શૉ**! ત્હમે જે પ્રકૃતિની વાત કરી ત્હેને અમે કોરડા મઠની ઉપમા આપીએ છીએ અને શાસ્ત્રીય ભાષામાં એ વર્ગના જીવોને 'અભવ્ય' શબ્દથી ઓળ-ખાવ્યા છે. **સંસ્કૃત** કોષ જોશો તો જણાશે કે ભવ્યનો અર્થ છે having a future, likely to 'become', fit, worthy, auspicious. અભવ્ય એટલે જેનામાંથી ત્હમે કાંઇ બનાવી શકો નહિ તેવા, નાલાયક, જેનું કાંઇ ભવિષ્ય જ નથી એવા."

"અને, મિ. **પાતક**! ત્હમે કહો છો કે ત્હમારાં શાસ્ત્રોમાં ત્હમને શ્રદ્ધા છે?"

"જી, હા. પહેલાં કરતાં ય આપના સંગ પછી વિશેષ."

"અને ત્હમે માનો છો—જીગરથી માનો છો—કે કેટલાક જીવો અભવ્ય છે અર્થાત્ જેનામાંથી ત્હમે કાંઇ જ બનાવી શકો નહિ, જેનું કાંઇ ભવિષ્ય જ નથી?"

"સંપૂર્ણ રીતે."

"અને **તે છતાં** ત્હમે સાધુઓને કૅપ્ટનની વાત કહેવા અને સુધારવા જવા ઇચ્છતા હતા—સાધુઓ કે જેઓ આખી દુનિયાને સુધારવાનો દાવો કરે છે, સુધારવાની તાલીમ ધરાવ-વાનો દાવો કરે છે, વર્ષો સુધી તાલીમમાં જ જીવન ગુજારતા હોવાનો દાવો કરે છે—અને તે છતાં ટી–પૉટનાં તોફાન અને ગંદી રમતડીઓમાં જ રસ લઇ શકે છે?"

મિ. **પાતક** અવાક્ થયો.

"ત્હમે મ્હને **મહાવીર** અને **ગોશાળા**ની થોડીક વાત કહી હતી. મ્હને શાસ્ત્રીય **ગોશાળા**ની વધુ પીછાન કરાવશો કે જેથી ગોશાળા ટાઇપના મનુષ્યનો કાંઇ ખ્યાલ આવી શકે?"

"મહાવીરને આહાર આપનારને ઘેર દેવોએ સુવર્ણનો વર્ષાદ વર્ષાવ્યો. તે જોઇ ગોશાળો કે જે નક્કલ કરનારો ભિક્ષુક હતો અને ગોશાળામાં પડયો રહેતો હતો ત્હેને મહાવીરના શિષ્ય થવાની ઇચ્છા થઇ. જ્યહાં જ્યહાં મહાવીર જતા ત્યહાં ત્યહાં તે અનુસરતો, સાધુનો પોશાક પહેરતો, વ્રત–તપ–જપ પણ કરતો છતાં ય જ્યહાં ત્યહા અડપલાં કરતો એક વખત મહાવીરે એક જીર્ણ ખડેરમાં ધ્યાન ધર્યું ત્યહાં તે ગામનો પાટવી કુમાર દાસી સાથે આવી વિષયસેવન કરી મકાનની બહાર નીકળતો હતો તેવામાં ગોશાળાએ દાસીનો હાથ પકડયો અને માર ખાધો. એક વખત તેઓ બલદેવના મદિરમાં ગયા. જ્યહાં મહાવીરે ધ્યાન ધર્યું અને ગોશાળાએ પુરૂષચિન્હ મૂર્ત્તિના મુખમાં મૂકીને લોકોનો કોપ વ્હોરી લીધો. એક વખત ખુદ મહાવીર પાસેથી જ મેળવેલી તેજો લેશ્યા ખુદ મહાવીર પર જ ફેંકીને લોહીની ઉલટીઓ કરાવી. પછી તો પોતાને તીર્થંકર કહેવડાવવા લાગ્યો અને ઇદ્રજાળથી લાખો લોકોમાં પૂજાવા લાગ્યો. મહાવીરના પુરૂષાર્થ સંબધી ઉપદેશને ખોટો કહી તે લોકોને પ્રારબ્ધ માનવાનું સ્હમજાવતો. મ્હોટા મ્હોટા શ્રીમંતો એના ભક્ત બન્યા હતા. તે જ્યહાં જતો ત્યહાં મહાવીરને આહાર કે ઉપકરણ નહિ આપવાનો ઉપદેશ કરતો."

"જડવાદીનું આબાદ ચિત્ર ત્હમારાં શાસ્ત્રોએ દોર્યું છે, મિ. પાતક! સાધુપણું, વિદ્યા, ધર્મ, તત્વજ્ઞાન આદિ પ્રત્યેક ઉંચી ચીજ જડવાદીને એટલા માટે ગમી જાય છે કે એના ઉપર સુવર્ણનો વર્ષાદ થાય છે,—પૈસા કે માનપાન વગરમાગ્યે ઉચ્ચ કોટિના મનુષ્યો વર્ષાવે છે. એટલા ખાતર જ જડવાદી પેલા સાધુ કે જ્ઞાનીની પાછળ જાય છે—અથવા ત્હેની નક્કલ કરે છે તે મૂળે નિર્ધન હતો એ તો પહેલાં જ કહેવાઇ ગયું છે. નકલ દોરવાનો એનો ધંધો–પ્રકૃતિ–હોવાનું પણ કહેવામાં

આવ્યું છે. ઈન્દ્રિઓની શાળામાં—જડવાદમાં—કંગાલ્યતભર્યું જીવન (life of low taste)જીવતો એ પણ કહેવામાં આવ્યું છે. નકલ તે આબાદ કરી શકતો અને પોષાક જ માત્ર નહિ પણ સાધુના વ્રત–તપ–જપ પણ સેવતો, જેથી સૌ કોઇ એને 'મહાપુરૂષ' માને. જીર્ણ ખંડેરમાં—ચિત્તમાં—મહાવીરે ધ્યાન ધર્યું—એટલે સ્વસ્વભાવ સાથે ખેલવા માંડયું—ત્હારે એણે રાજ-કુમારની રખાત સાથે—વિભાવ સાથે—ખેલવાનો ચાળો કર્યો. બલદેવના મંદિરમાં શક્તિનાં મૂર્ત્ત સ્વરૂપો મહાવીરની અને ત્હેની સંમુખ થયાં ત્હારે સ્વસંતુષ્ઠ મહાવીરે ત્હેમનો ઉપયોગ કરવાનો તો દૂર રહ્યો પણ સ્હામે જોવાનુંય પસંદ કર્યું નહિ, જ્યહારે ગોશાળાએ ત્હેનો—એટલે શક્તિનાં મૂર્ત્ત સ્વરૂપનો—દુરૂપયોગ કર્યો. લોકોએ કરેલા સત્કાર વડે જ લોકોનું અપમાન કર્યું. ખુદ મહાવીર પાસેથી મળેલી અમુક psychic power નો ઉપયોગ મહાવીરને જ રંજાડવામાં કર્યો. આખરે પોતાને તીર્થંકર અને મહાવીરને નકલી તીર્થંકર મનાવવા પણ ચૂક્યો નહિ. થોડાઘણા નહિ પણ લાખ્ખો લોકો—ખાસ કરીને શ્રીમંતો—એની જાળમાં ફસાયા અને એમને સદા પોતાની ગુલામીમાં જાળવી રાખવા માટે જ તેણે ત્હેમને પુરૂષાર્થ વિરૂદ્ધનું શિક્ષણ આપ્યું. જડ-**વાદી પાસે વિદ્યા, અમલદારી, સાધુપણું જવા દેવાનું પરિણામ જોયું?** ઉંચી ચીજની વિકૃતિ થવા પામે અને લોકો લૂટાય. બન્ને નુકસાન અક્ષમ્ય. હવે આ બધા શાસ્ત્રના વર્ણન પરથી જ ત્હમે ત્હમારા સાધુનું સ્વરૂપ બારીકાઈથી વિચારી જુઓ. ભલા મહાવીરે ગોશાળાને સુધારવા ઉપદેશ નહિ કર્યો હોય?"

"ના."

"કારણકે એ માનસશાસ્ત્રી ગોશાળાના માનસને બરાબર

પીછાનતો હતો, તેમજ ‘ જનતા ’ની herd instinctsને પણ પીછાનતો હતો. એને કાંઇ આખી દુનિયાને તારવાનો અને ‘ વિજય ’નું પ્રદર્શન ભરવાનો મોહ કે દૌર્બલ્ય કે તુચ્છ શોખ નહોતો લોકો પોતાની મેળે કૂવામાં પડે ત્હેને રોકે કોણ? એને તો સ્વસ્વભાવમાં રમવું હતું અને જેઓ પોતાની મેળે એ સૂર્યના પ્રકાશની હદમાં આવે એને ખીલવવા હતા.”

“ એ ખરેખર **સ્વાભાવિક વર્ત્તન** હતું. પણ આજે જે લાખો માણસો સાધુઓની હોળીમાં બળી રહ્યા છે ત્હેમને બચાવવા માટે તો ત્હેમની **પાસે જઇ** પાણી છાંટયા વગર બીજો રસ્તો મ્હને સૂઝતો નથી.”

“ અમુક વ્યક્તિએ અમુક પ્રસંગમાં કેમ વર્ત્તવું અને કેમ નહિ એ કહેવાનું કામ મ્હારૂં નથી સભવ છે કે એ કોયડો છોડવામાં ત્હમને ત્હમારા એકલવિહારી સાધુ કે પહેલાં કહેલા વિચારક ગૃહસ્થ ઉપયોગી થઇ પડે.”

“ ઠીક યાદ કરાવ્યું, મિ. શૉ ! ઉપાય બતાવનાર ઘરમાં જ હોવા છતાં, આજ સુધી હું બે હાથના મ્હારા શરીર બહાર નજર કરવાની જ દરકાર ધરાવતો ન હોઇ, એમની સલાહનો લાભ લેવાનું મ્હને સૂઝયુ જ નહોતુ. હવે થોડા જ વખતમાં આપણે એમને મળવાના છીએ તે વખતે આપની વાતચીત પૂરી થયા બાદ મ્હારો પ્રશ્ન પણ રજુ કરીશ.”

“ વારૂ ત્યારે, હવે ચલાવો મ્હારૂં કામ : મ્હને જોઇતી માહેતી આપવાનું કામ દુનિયામાં કોઇ સ્થળે મુડીવાળાનું રાજ્ય હોય છે, કોઈ સ્થળે જમીનવાળાનું રાજ્ય હોય છે, કોઇ સ્થળે પૉલીટીશ્યનોનું અથવા બુદ્ધિવાળાઓનું રાજ્ય હોય છે, કોઇ સ્થળે તલવારવાળાનું રાજ્ય હોય હોય છે, આ બધાં ‘વાળા’નાં રાજ્યો હોય છે અર્થાત પોતા

પાસે કંઇ નહિ ને કંઇક છે ત્હેના બળથી તેઓ રાજ્ય મેળવે છે અને એ બળથી જ રાજ્યનો કબજો જાળવી શકે છે. ત્હમારા ઘણાખરા સાધુઓ એવા કોઈ પણ બળથી 'રાજ્ય' પામ્યા નથી પણ ત્હમારી નિર્બળતા કે અજ્ઞાનતા એ જ એમનું બળ બની એમને ત્હમારા પર રાજ્ય કરનાર તરીકે સ્થાપી આપનાર થઇ પડી હતી. જેઓ કાંઈ પણ 'ધરાવવા'ને લીધે રાજ્ય પામ્યા હોય છે તેઓ ગમે તેટલા સ્વાર્થી કે ક્રૂર હોય તો પણ એમની એ પ્રકૃતિને અમુક હદ સુધીમાં દાબી રાખવાની ત્હેમને ગરજ હોય છે. કારણ કે હદ ઓળંગતાં બળવો થાય અને જે કાંઇ તેઓ ધરાવતા હતા તે પણ ગુમાવી બેસવાનો વખત આવે. ત્હમારા સાધુઓને તો ગુમાવવાનું જ કાંઇ ન હોઇ તેઓને હદ ઓળંગવાનો ભય ન જ હોય: ત્હારે તેઓ હદપારની ક્રૂરતા કે શઠતા કરે એ સંજોગમાં એમના પર અંકુશ કોનો ?"

"આપની ચિકિત્સામાં જ કહેવાઇ ગયું, મિ. શૉ ! કે અમારી નિર્બળતા એ જ એમનું બળ છે; અને અમને નિર્બળ કાયમ રાખવા એમનો સતત પ્રયાસ છે. કાબુ તરીકે શાસ્ત્રોએ 'ચતુર્વિધ સંઘ'—સાધુ—સાધ્વી—શ્રાવક—શ્રાવિકા—કલ્પો છે, જે પૈકીનો સાધુ તો સાધુને કાંઈ કહી શકે નહિ. કારણ કે એક એકને 'પિછાનતા' હોય અને પોતપોતાની કોઠીનો કાદવ બહાર ન આવે એવી દરકાર હોય જ. અને શ્રાવકવર્ગ પૈકીનો મ્હોટો ભાગ સાધુનો ગુલામ હોય અને શ્રીમંત વર્ગ પ્રાયઃ એનો શાગીર્દ હોય. ધારાસભાનું બંધારણ ઘણુંય સુંદર દેખાય પણ કામ ચાલે એવી રીતે કે પ્રજામત ગમે તેટલો પ્રમાણિક અને સંયુક્ત હોય તો પણ એનું કાંઇ ચાલે જ નહિ. કાયદા કેવા છે એ પ્રશ્ન બહુ અગત્યનો નથી, કાયદા કેવા માણસના હાથમાં છે એ જ ખરો મુદ્દો છે. પ્રૅક્ટીકલી સાધુના વર્ત્તન પર અંકુશ જેવું કાંઈ જ

નથી, અને સત્તા–બથાવી પડેલી સત્તા–અમર્યાદ છે. બથાવી પડેલી સત્તા એટલા માટે કહુ છું કે શાસ્ત્ર પ્રમાણે તો અમારી સાધુસંસ્થા ત્હમારી Monk (મન્ક) સંસ્થા જેવી છે કે જેમને લોકોના કોઇપણ વ્યવહારમાં કે જન્મ–લગ્નાદિ ક્રિયામાં કે ધાર્મિક ફંડો આદિની વ્યવસ્થામાં કે બીજી કોઇ પણ પ્રવૃત્તિમાં હાથ નાખવાની સત્તા જ નથી. તેઓનો બધો વખત સ્વાધ્યાયમાં અને કવચિત્ કોઇ ત્હેમની પાસે કાંઇ શિખવા જાય તો ત્હેને શિખવવામાં કહાડવાનો છે. ફતવા કાઢવા, કોઇને ભ્રષ્ટ ને કોઇને ઉત્તમ તરીકેનાં સર્ટીફીકેટો આપવાં, કોઇનો બહિષ્કાર કરવો–કરાવવો, એ સર્વથી તેણે બચવુ જોઇએ. પણ શાસ્ત્રોની વાતો ઓછી સાધુઓ માટે છે ? એ તો શ્રાવકોને જ બંધનકર્તા છે. એક પંડિત શ્રાવકની કોઇ ભક્તોએ પૂજા કરી, સાધુઓનો હક્ક લૂટાઈ ગયો અને બાર માસ સુધી ગામોગામ એને સંઘબહાર કર્યાની ધમાલ કરી મૂકી. સાધુ તો ફરજ્યાત પૂજા કરાવરાવે, માનપાનના ઢોંગ કરાવરાવે ને બને તો મૂર્ત્તિ ય પોતાની પૂજાવરાવે એમનો વાંકો વાળ કોઇથી થાય નહિ ! ભયંકરમાં ભયંકર ગુન્હો થાય ત્યારે એક ખુણે જરા હોહા થાય અને ત્યારે પણ શ્રાવકો બે પક્ષમાં વ્હેંચાઇ જાય. 'Divide And Rule' એ યુક્તિ રાજદ્વારીઓ એકલા જ જાણતા નથી. કોઇ જબરા શ્રીમંતને સાધુનું વર્ત્તન નડયું હોય ત્યારે કાંઇક થવા પામે, અને તે પણ પ્રાયશ્ચિત જેટલુ !—કે જેનો અર્થ કાંઇજ નહિ ! સાધુસત્તા તો કાયમ જ રહે"

હું ઉંડા વિચારમા નિમગ્ન થયો અત્યાર સુધીમાં મળેલી તમામ માહેતીઓ એકઠી મળી એક શરીર તરીકે મ્હારા મગજમાં ગોઠવાઇ ગઇ. તે જ વખતે મગજની બહાર–સમુદ્રમાં–એક કોહોવાઇ ગયેલુ બદશીકલ બનેલુ મુડદુ નજરે પડયું.

મ્હેં મિ. પાતકને આંગળીથી તે બતાવ્યું. તેણે પોતાનું નાક દાબ્યું.

" કમનશીબ માણસ,–કોઇ અકસ્માતનો ભોગ થયો હશે!"

" કે કોઇ હિતશત્રુએ દગો દીધો હશે ! "

" આત્મઘાત પણ ક્યહાં થોડાઓ કરે છે ? "

" પણ મુડદાને જળ સંઘરતું નથી, મિ. શૉ ! કિનારે ફેંકી દેશે. "

" અને ત્યહાં ? "

" કાગડા, કૂતરા, ગીધ સફાચટ કરશે. "

મુડદાના દૃશ્યથી મ્હારી આંખ અને નાકને જે આઘાત પહોંચ્યો ત્હેનાથી મુક્ત થવા મ્હેં **જળની સપાટીને** છોડી **અંદર ને વધુ અંદર** મ્હારી વૃત્તિને ધકેલી. સંસારસમુદ્રમાં પણ એમ જ જીવી શકાય છે.

**તળીએ તો કીમતી ઝવેરાત હોય છે.**

અડધા કલાકના મૌન પછી અમે પાછા કિનારે આવી પહોંચ્યાઃ એક દુનિયાથી બીજી દુનિયામાંઃ સ્વપ્ન સૃષ્ટિમાંથી જાગ્રત સૃષ્ટિમાંઃ એક ' લોક 'માંથી બીજા ' લોક 'માં. અને એવાં તો થોડાં ને ઘણાં ચૌદ ' રાજલોક ' છે.

*Shaw.*

# उपसंहार.

હા, 'તળીએ તો કિમતી ઝવેરાત જ હોય છે'!

મિ. શૉએ સમુદ્રને ઉદ્દેશીને કહેલા એ શબ્દો તદ્દન સાચા છે.

—— અને ધર્મ, પ્રકૃતિ ( Nature ) તથા મનુષ્યનું અંતઃકરણ એમની બાબતમાં પણ એ શબ્દો એટલા જ સાચા છે.

અને મિ. શૉના જીગરની બાબતમાં પણ એમ કાં ન હોય? 'ડાયરી'ના અંતે એમણે લખ્યું છે કે તેઓ એક 'લોક'માંથી બીજા 'લોક'માં ગયા અને એવા તો થોડા ને ઘણા ચૌદ 'રાજલોક' છે! કોણ જાણે કેવા ય 'લોક'માં તેઓ ગયા હશે અને ત્હાં કેવા ય અનુભવ મેળવ્યા હશે! શું ચૌદ રાજલોક ચૌદ પ્રકરણ માંગતાં હશે?

પોતાની ડાયરી મ્હને સુપરત કરીને મિ. શૉ પેલા એકલડોકલ જૈન સાધુની શોધમા નિકળી પડયા છે. ત્હાંથી પાછા ફર્યા પછી પણ તુરતમાં તેઓની મુલાકાત મ્હને મળે તેમ નથી, કારણકે તેઓ જૈન વિચારકને મળવા જવાના છે. ત્હા સુધીમાં એમની અધૂરી ડાયરી જેમની તેમ પ્રસિદ્ધ કરીને હુ પોતાને કૃતકૃત્ય માનીશ. પેલા એકલવિહારી સ્વતંત્ર દિલના

સાધુ પાસેથી ત્હેમને **સાધુદીક્ષા બાબતમાં જૈન શાસ્ત્રોના અભિપ્રાય** કેવા મળશે ત્હેની આગાહી કરવાની ધૃષ્ટતા મ્હારાથી દૂર હો ! જૈન વિચારક પાસેથી વળી તે કેવુંક ઝવેરાત ખેંચી આણશે તે પણ હું કેમ કહી શકું ? હું જે કહી શકું તે માત્ર એટલુ જ કે લગભગ એક પંખવાડીઆમાં મિ. **શૉ**ની તે મુલાકાતોની નોંધ મ્હને મળવાની છે અને એમ થયેથી બીજા લગભગં એટલા જ સમયમાં હું ત્હેને પબ્લિક સમક્ષ મૂકી શકીશ.

અને આ પણ હું કહી શકું—અને મ્હારે કહેવુ જ જોઇએ—કે, મિ. **શૉ**ની ડાયરી ત્હેમની માફક ‘ શ્રવણકલા ’ ધરાવતા મનુષ્યો માટે જ છે. કાનોની પાછળના કાનથી જેઓ સાંભળવા માંગતા હોય અને આંખોની પાછળની આંખથી જેઓ વાંચવા માગતા હોય તેવાઓ માટે જ આ ડાયરી લખાય છે. વાંચનારે જોવું જોઇએ કે કેટલી **જાગ્રતિથી** મિ.**શૉ** પ્રશ્ન કરેછે, કેવી **ખુબીથી** ઉત્તરો કહડાવે છે અને કેટલી **વ્યાપકતા** પર જઇ પહોંચે છે. **ધાર્મિક સિદ્ધાન્તો** અને **મનુષ્ય જીવન** તથા **કુદરત** એ ત્રણે પર દૃષ્ટિ ઠેરવીને જ આ ઠરેલ **અમેરિકન** એક ધર્મનો અભ્યાસ કરે છે અને જો કે એને માહેતી આપનાર એક સામાન્ય વ્યક્તિ છે તો પણ એનાથી મળતી માહેતીના તળીએ પહોચીને અને ત્હાંની જમીનનું ય તળીઉં વીધીને કેન્દ્રને સ્પર્શી લે છે. આવી રીતે સાંભળી કે વાંચી શકે ત્હેને જ માટે કોઇની ડાયરી કે ભાષણ કામનાં છે. બીજાઓને માટે બધુ ‘ થોથા ’રૂપ છે. અને શાસ્ત્રો પણ ‘ શોધકો ’ની ડાયરી નહિ તો બીજું શું છે ?

અને—રખે કોઇ સ્મજે કે આ ડાયરી કોઇ અમુક **એક** ધર્મની કે અમુક **એક** કોમની છે. **મહાવીર**ના વખતમા હિન્દુ ધર્મનું તેમજ **બૌદ્ધ** ધર્મનું જોર હતું અને વિદ્યમાન જૈન

શાસ્ત્રો **લખાયાં** ત્હારે તો જૈનધર્મ ઘણો કમજોર બની ચૂકયો હતો અને હિન્દુ ધર્મ વધારે જોરદાર બન્યો હતો; તેથી હિંદુ માન્યતાઓ અને રૂઢિઓ જૈનશાસ્ત્ર તેમજ જૈન જીવનપર મ્હોટી અસર કર્યા વગર રહી શકે જ નહિ. હિંદુ ધર્મ જૈનધર્મ અને જૈનસમાજની વર્ત્તમાન સ્થિતિમાં કારણભૂત છે જ વળી હિંદુ ધર્મ આજે જૈનધર્મથી અને હિંદુ સમાજ જૈન સમાજથી વધુ સારી સ્થિતિમાં નથી. લાંબા વખતના સહવાસ અને સંબધોથી બન્નેનો વ્યવહાર એકસરખો બન્યો છે. કોઈ એક બીજાની હાંશી કરી શકે એમ છે જ નહિ. સાચો હિંદુ અને સાચો જૈન તો ઘડીભર પોતાને બીજા ધર્મનો માણસ કે નાસ્તિક માણસ કલ્પી પોતાના ધર્મ અને સમાજની **બાહ્ય** સ્થિતિનું અવલોકન મિ. શૉની માફક કરે અને તે પછી એ ધર્મના **અંદર**ના સ્વરૂપને શોધવા માટે પ્રાણોને રૂંધે. કારણ કે ચિત્તના ભોયરામા ઉતર્યા સિવાય ધર્મનું **અંદરનું** સ્વરૂપ જોઈ શકાતું જ નથી. બાહ્ય ભાનથી ધર્મની જે કાંઈ વિચારણા થાય તે બધી ક્ષુલ્લક જ હોય, વ્યાપક નહિ. **વ્યાપક દૃષ્ટિ ઉપજાવીને વિચારાય તો ધર્મ નામની કોઈ સ્વતંત્ર ચીજ —જીવન અને જગતથી જૂદી પડેલી ચીજ–દેખાવા જ ન પામે.** જીવન જગતથી સ્વતંત્ર નથી અને ધર્મ જીવનથી સ્વતંત્ર નથી. વ્યાપાર , રાજ્ય, સાયન્સ એમના વગર જો જીવન અશકય છે, તો ધર્મ વગર પણ જીવન અશક્ય છે. અને જો ધર્મ વગર જીવન અશક્ય હોય તો વ્યાપાર, રાજ્ય, સાયન્સ વગર પણ તે અશકય છે જ. ધર્મને **અતિ** મહત્વ આપનારાઓએ જ બીજાઓને વ્યાપાર, રાજ્ય, સાયન્સ તરફ ધકેલ્યા છે, જ્યહાં તેઓ જડવાદી બની ગયા છે; અને વ્યાપાર, રાજ્ય, સાયન્સને **અતિ** મહત્વ આપનારાઓએ જ બીજાઓને ધર્મસંસ્થાઓ તરફ ધકેલ્યા છે, જ્યહાં તેઓ વહેમી અને અંધશ્રદ્ધાળુ બની ગયા છે. આ પક્ષાઘાત વધુ વખત ચાલુ રહેશે તો દુનિયા

કાં તો જડવાદના વધતા જતા બળથી નાશ પામશે અગર તો અંધશ્રદ્ધાના વધતા જતા સડાથી નાશ પામશે. કાં તો વ્યાપાર–રાજ્ય–સાયન્સે જરા શાણપણ વાપરી ધર્મને અપનાવવો જોઇએ છે, અગર તો ધર્મે વધુ વ્યાપક બની વ્યાપાર–રાજ્ય–સાયન્સને પોતાના અંગ તરીકે બનાવવાં જોઇએ છે. કાં તો પહાડે **મહમ્મદ** પાસે જવું જોઇએ, અગર તો **મહમ્મદે** પહાડ પાસે જવું જોઇએ. ધર્મની દરકાર નહિ કરનારા વ્યાપારીઓ ભૂલે છે. હિંદની ગુલામી એમને જ આભારી છે. ધર્મ જેના હૃદયમાં નથી તેવા રાજ્યદ્વારીમાં progressive mind અને વ્યાપક દૃષ્ટિ નથી સંભવતી. મ્હોટામાં મ્હોટા કવિઓ અને તત્ત્વવેત્તાઓ–નિત્શે જેવાઓ પણ—કેટલીએ પેઢીના **ધાર્મિક** વાતાવરણમાંથી જ જન્મ્યા હતા. ધર્મ એક એવી જોશબંધ વહેતી નદી છે કે જે ત્હેમાં તરનારને પોતાની હદપાર કરે છે, સમુદ્રમાં મૂકી આપે છેઃ તત્ત્વજ્ઞાનના મહાસાગરમાં. વ્યાપાર, પૉલીટીક્સ આદિ સર્વ પ્રવૃત્તિઓ ધીમે વહેતી નદીઓ કે બંધ સરોવર છે, જેમાં તરનારને સમુદ્રની વ્યાપક દૃષ્ટિ સંભવતી નથી, ત્યાં Imagination નથી. આજે આખી દુનિયાને મ્હોટામાં મ્હોટી જરૂર એ વાતની છે કે વ્યાપાર, પૉલીટીક્સ અને સાયન્સની સર્વ પ્રવૃત્તિઓ ધર્મથી પ્રેરિત થવા પામે એવું સ્વરૂપ ધર્મને અપાય. એ નથી થયું ત્યાં સુધી ધર્મગુરૂઓ અને ધર્માનુયાયીઓએ કાંઇ જ કર્યું નથી અને ફોકટ જીવ્યા છે એમ કહેવામાં આંચકો ખાવાનું કશું કારણ નથી. અને એમ નથી થયું એ તો પ્રત્યક્ષ દેખાય છે.—તેથી જ આજે ખરા અર્થમાં ધર્મની વધુમાં વધુ જરૂર છે, દીક્ષિતોની વધુમાં વધુ જરૂર છે,—અગાઉ કોઇ કાળે નહોતી તેટલી કારણ કે, અગાઉ પૉલીટીક્સ અને વ્યાપાર કે સાયન્સ આજના જેટલાં વ્યાપક અને જોરદાર નહોતાં અને તેથી ત્હેમની અસરો પણ વ્યાપક અને જોરદાર

નહોતી. ત્હેમની જડવાદી અસરો અટકાવવા માટે ત્હેમનાથી ય **વધુ** વ્યાપક અને **વધુ** જોરદાર ધર્મની જરૂર પડશે જ, કે જે ધર્મ જડવાદના ઘરમાં ઘૂસીને **ત્હાં** પ્રકાશ પ્રકટાવી શકે. મિ. **શૉ** કહે છે તેમ, જ્યહાં સુધી ધર્મ **મુડીવાદી**ઓના હૃદયને– આપણને ત્હેમના શરીર કે નાણાંથી દ્વેષ નથી–હૃદયને તોડે નહિં, ત્હાં પોતાનાં કિરણો ઘૂસાડે નહિ ત્હાં સુધી, ધર્મગુરૂઓ અને શાસ્ત્રો બધું નિરર્થક જ છે અને ત્હાં સુધી **જનતાની** દરિદ્રતા તથા તજ્જન્ય માનસિક અને શારીરિક વિકારો દૂર થઇ શકવાના જ નથી. પણ તે કેમ બને? મુડીવાદીના હૃદયપત્થરને સારનાર ગજવેલની સાયડી ધર્મગુરૂના હૃદયમાં હોવી જોઇશે. આજે તો તે બિચારાઓ મુડીવાદીઓની કૃપા પર જીવનારા છે! તેથી, મુડીવાદીઓનાં **સાધનો** છે, તે બિચારાઓ 'સંઘાડા'ને છોડી પોતાના જ ફીરકાના પણ ભિન્ન સંઘાડા સુધી ય નજર લંબાવી શકતા નથી, તો સઘળા ફીરકા અને ફીરકા બહારની વિશાળ માનવસૃષ્ટિમાં 'રસ' લેવાની તો એમને માટે આશા ય શું કરવી? એમના ભકતો પણ એથી વધુ સારા ક્યહાંથી હોઇ **શકે**? **શ્વે**તામ્બર મૂર્તિપૂજક ફીરકાના કલહની ચર્ચા પેપરોમાં આવી ત્યહારે **સ્થાન**કવાશી જૈન કૉન્ફરન્સના સેક્રેટરીએ જાહેર કર્યું કે તેઓનો વર્ગ તો જૂદો જ હતો! **સ્થાન**કવાશીઓ માંહોમાંહે લડી મરે કે એમના પર કોઇ બહારનું આક્રમણ કરે તો બીજા ત્રણ ફીરકાઓને સ્નાનસૂતક નહિ–એક તમાસો જોવાનો મળે–અને એમ જ દિગમ્બરોને કોઇ કાપી નાખે તો બીજાઓને જોવાનો તમાસો અને પેપરોમાં Sensation વાંચવાની મજા પડે! આવા લોકો **હિંદુ**ઓ, **મુસલમાનો**, **ખ્રિસ્તી**ઓ, **આર્યસમાજી**ઓ આદિનાં સંકટોમા તો લાગણી (Sympathy) અને સહાયક વૃત્તિ ધરાવી જ ક્યહાંથી શકે? અને એવી જ રીતે

આજે હિંદુ કોમો જૈનોમાં ચાલતી હોળીઓ તમાસા તરીકે જોયાં કરે છે. બધાઓ ' ધર્મ 'નો આવો જ અર્થ શિખ્યા છે અને આ જ એમની પ્રકૃતિ બની ગઇ છે. **આવા** ધર્મોની હવે દુનિયાને જરૂર છે એમ કયો પ્રમાણિક માણસ કહી શકશે ? આ લખનારને એક એવો હૃદયદાહક અનુભવ થયો હતો કે જેમાં એક જૈન સાધુ, જૈન મિટિંગમાં એક મિનિટ હાજરી આપી નવકારમંત્રના ઉચ્ચારથી ધાર્મિક વાતાવરણ જગાડી ચાલ્યા જવાની નિર્દોષ વિનંતિને ફક્ત એટલા જ કારણથી સ્વીકારી શકયો નહોતો કે, એ મિટિંગમાં તોફાન કરવા ઇચ્છતા બે ચાર શ્રીમંતો ત્હેની એ ઉખલગીરીથી ગુસ્સે થશે ! આ હૃદયશૂન્યતા ! આ તાબેદારી ! આ જડતા ! અને તે તો હજી પોતા જ ફીરકાની બાબતમાં, ત્હાં પછી જગતની સુલેહ અને જાનના જોખમે પણ સાધવાની સુલેહ: એ તો એમની કલ્પનામાં ય ક્યહાંથી આવે ? જેઓ સુલેહ માટે નવકાર મંત્ર બોલવા કે હાજરી આપવામાંથી ય જાય એવા સાધુઓને પાળીને લોકો શું સાર્થકતા ઇચ્છે છે ?–સિવાય કે શ્રીમંતોના હથીઆર તરીકે ત્હેમની સત્તા વધુ ને વધુ મજબુત કરવાની ? અને **આવા** સાધુઓ અને નેતાઓથી ધર્મને જીવાડવો છે અને ધર્મને બધા પાસે **મનાવવો** છે.।

પૉલીટીકસ,* વ્યાપાર અને સાયન્સનાં 'ફળ' ખાવાનું બધા

---

* રા. જમનાદાસ **મહેતાને** એક જૈન મિટિંગમાં લાવી અમુક શબ્દો બોલાવવામા આવ્યા એ શું પૉલીટીકસ અને વ્યાપારનાં ફળ ખાવાનું કામ નહોતું ? જૈન સાધુઓને એમના કામ પૂરતું પૉલીટીકસ ખેલતાં તો બરાબર આવડે છે. ગુજરાતના ઇતિહાસમાં પણ તેઓએ ક્યહા એ કામ નહોતું કર્યું ?—જો કે ધર્મશાસ્ત્ર સઘળી 'વ્યવહાર' પ્રવૃત્તિની મના કરે છે તો પણ ! રોમન કૅથોલિક ધર્મના Monks (સાધુઓ) પણ જ્યહારથી ધર્મસ્થાનકોને રાજપ્રકરણના અખાડા બનાવવા લાગ્યાં

ધર્મગુરૂઓને પાલવે છે, પણ તેઓના 'આત્મા' બની ત્હેમને દિવ્ય બનાવવાની તેઓમાં તાકાદ નથી, અને તેથી જ તેઓ ત્હેમાં 'પાપ' બતાવે છે! દ્રાક્ષને પહોંચી શકાતુ નથી તેથી તે 'ખાટી' છે!

જૈન ધર્મગુરૂઓ કે હિંદુ ધર્મગુરૂઓને, ઉપર કહેવાઇ ગયુ તેમ, ધર્મને વધુ વ્યાપક બનાવી વ્યાપાર, પૉલીટીક્સ અને સાયન્સને અપનાવવાનું સ્વપ્ન પણ થાય તે પહેલાં તો, **સાયન્સે** પોતાની કલ્પનાશક્તિરૂપી હાથ લંબાવીને ધર્મના વાદળને સ્પર્શવાની બહાદૂરીભરી શરૂઆત ક્યારની યે કરી દીધી છે. મહાન હિંદી સાયન્ટીસ્ટ સર **જગદીશ બોઝે** વનસ્પતિ માત્રમાં જીવ હોવાનું સાબીત કરી આપ્યું છે અને ત્હેમને થતી લાગણીઓ દેખાડી આપી છે ઈંગ્લંડના મ્હોટામા મ્હોટા સાયન્ટીસ્ટ સર **ઓલીવર લૉજે** સાયન્સ દ્વારા મૃત્યુ પછીની હયાતીની ઝાંખી કરી છે **જર્મન** સાયન્ટીસ્ટ **આઇન્સ્ટીને** હમણાં જ વધુમાં વધુ મહાન શોધ ગણિત વિદ્યાદ્વારા કરી છે, જે એ છે કે આખુ વિશ્વ એક જ તત્ત્વનુ—બ્રહ્મ અથવા આત્માનુ—પાકટ્ય છે. એને આ શોધ સ્હમજાવવા ગણિતની ખાસ ભાષા રચવી પડી છે, અને તે એના ભાવને ઝીલવાની શક્તિવાળો આજની દુનિયામાં ૫–૭ માણસો પણ ભાગ્યે જ હશે એમ વિદ્વાનો કહે છે. હિંદના જૈન અને હિંદુ ધર્મગુરૂઓની તો બલા જાણે કે આવી મહાનમાં મહાન આધ્યાત્મિક શોધ થવા પામી છે અને **તે પણ ધર્માત્માથી નહિ પણ સાયન્ટીસ્ટથી**—અને તે

---

ત્યહારથીજ એમની કારકીર્દીનો અંત શરૂ થયો. આનું નામજ જડવાદ. રાજપ્રકરણના **અંગ** બનવું એ જડવાદ છે અને રાજપ્રકરણનો **આત્મા** બનવું એ ચેતનવાદ છે. વ્યાપારીના શાગીર્દ બનવું કે એમના લાભોની ગરજ કરવી એ જડવાદ છે, વ્યાપારીના આત્મા બની એમની વ્યાપાર-પ્રવૃત્તિને દિવ્યતા અને વિશાળતા આપવી એ ચેતનવાદ છે.

પણ જે પ્રજાને તેઓ મ્લેચ્છ–માંસાહારી–મિથ્યાત્વી કહે છે તેવી પ્રજાની એક વ્યક્તિથી ! જ્યહાં સુધી રેલ કે વિજળીની શોધની વાતો થતી ત્યહાં સુધી તો આ ધર્માત્માઓ કહેતા કે એ તો બધાં મિથ્યાત્વનાં સંતાન છે–જડવાદ છે; હવે એ જ **સાયન્સે** ચેતનવાદીઓને નીચું જોવડાવ્યું છે : હવે પ્રશ્ન એ છે કે : મિથ્યાત્વી કોણ. જેમણે **બ્રહ્મ** કે **આત્મા**ની શોધ કરી તે **આઇન્સ્ટીન** કે લાખો લોકોના આત્માને જડ બનાવનારા **જૈન** અને હિંદુ ધર્મગુરૂઓ ? અને હજી ય શું તેઓ પોતાની 'સમકિત' અને 'મિથ્યાત્વ' ની વ્યાખ્યાઓ અને વ્યાખ્યાનો બદલવા તૈયાર છે ? અને તેઓ તૈયાર ન હોય તો અનુયાયીઓ પૈકી જેઓ જીવવા માંગતા હશે–જયવંતુ જીવન જીવવા માંગતા હશે તેવાઓ—કમમાં કમ તેવાઓ તો–કહેવાતા ધર્મ અને કહેવાતા ધર્મગુરૂ અને કહેવાતાં શાસનોને છોડી પોતાનો વિકાસ કરી શકે એવા ધર્મ, ધર્મગુરૂ અને શાસનને શાસ્ત્રોમાંથી ઢુંઢવા પોતાની ગરજે તૈયાર થવાના જ. એમને કોઈ પાખંડીઓ અટકાવી નહિ જ શકવાના અને તેઓ પણ તેમ કરવા તૈયાર નહિ હોય તો હિંદના કે હિંદ બહારના જે લોકો જૈનત્વ ધરાવતા હશે તેઓ પોતાની ગરજે હિંદની જમીન પરનાં મુડદાંઓને ફેંકી દેશે, કે જેથી એમને આમની બદબો અને સડો અસર કરવા પામે નહિ. અને જો એમની હયાતી નાબુદ થવાનો જ સંજોગ લખાયલો હશે–આપણે ઇચ્છીએ કે એમ કદાપિ ન થાઓ !–તો દુનિયાને અફસોસ તો નહિ જ થાય, કારણ કે ત્હેમની હયાતીથી દુનિયા કે એક દેશના ય વિકાસ કે રક્ષણમાં કાંઈજ ફાળો મળતો નથી,—કાંઇ મળતુ હોય તો તે પ્રત્યક્ષ કે પરોક્ષ લાભ વગરનાં સામાયિક–પ્રતિક્રમણનાં ખોખાંઓ, એવાં જ પૂજનો, એવાં જ વ્યાખ્યાનો, એવી જ સાધુદીક્ષાઓ અને એવા જ તપોની ધમાલો ! અને એ ધમાલોથી 'ચોથો આરો' અથવા 'સત્યયુગ' વર્ત્તાઇ રહ્યાનાં મનમનામણાં ! આ 'મનમનામણા'–આ કેફ–

આ opium-ની ગેરહાજરીમાં દુનિયા કુદરતી તંદુરસ્તી પર વધુ જલદી આવવા પામશે.

એક વાત ઓર પણ કહી લઉં. મિ. **શૉ**ની આ ડાયરી **જૈનો** તેમજ **અજૈનો**ને-આસ્તિક તેમજ નાસ્તિકોને-જૂના વિચારના તેમજ નવા વિચારનાઓને—એ ચીજ તો અવશ્ય આપશે : વિચારશક્તિ અને જીવનકલા અને તેથી વાંચનાર આમાંના કોઇ ભાગથી પ્રસન્ન થાય કે કોઈ ભાગથી કોપિત થાય, ગમે તેમ થાય તો પણ, ત્હેને ખબરે ન પડે એવી રીતે એનામાં અમુક ઉંડાણ અને અમુક વ્યાપકતા તો આવી જ ગયાં હશે, કે જેને ત્હેની તાકાદ નથી કે તે અટકાવી શકે કે દૂર કરી શકે ! મ્હને વિશ્વાસ છે, એટલા જ માટે, કે દરેક વાચક મ્હારી સાથે સહમત થઇ એટલું તો કહેશે જ કે, ભલે આવ્યો **અમેરિકન** મિ. **શૉ** અને ભલે કર્યો દૃષ્ટિપાત તેણે **જૈન**ધર્મ અને **જૈન** કોમપર ! **શાસનનાયક** દેવે (સમષ્ટિએ) જ મિ. **શૉ**ને મોકલ્યો હોય તો ય કોને ખબર છે,-એટલા માટે કે મિસ મેયો જે **હિંદી આત્માને** જોવાની પોતાની અશક્તિને લીધે હિંદી **શરીર**ના રોગોની જાહેરાત કરનાર થઇ પડી હતી તે **હિંદી આત્માને** એનો જ એક દેશભાઇ પોતાના અનુભવપૂર્વક દુનિઆ સમક્ષ રજુ કરી શકે ! મ્હને એ પણ વિશ્વાસ છે કે મ્હારી માફક દરેક વાચક મિ **શૉ**ની ડાયરીનો બીજો ભાગ-એકલવિહારી જૈન સાધુ તથા જૈન વિચારકની મુલાકાતો વગેરેનો એનો રિપોર્ટ-વાંચવાની તકની આતુરતાથી રાહ જોતો હશે અને એ તક મળતાં સુધીમાં વાચનકલા અથવા શ્રવણકલાની તાલીમ-આ પુસ્તક વાંચવાને પરિણામે-પામી ચૂકયો હશે: એટલે કે દરેક **વાચક 'શ્રાવક' બની ચૂકયો હશે !**

અંને......હું ફક્ત 'શ્રાવકો' સાથે જ વાત કરી શકું છું.

**વા. મો. શાહ.**

☞ પુસ્તક ત્રણવાર વાચવાથી યોગ, સાંપડશે.

# નવયુગનું જાગી ઉઠેલું હિંદ

અને

જાગી ઉઠેલા જૈનો

વા. મો. શાહના લેખો માંગે છે.

પરન્તુ,

છૂટાછવાયાં પેપરો, માસિકો આદિમાં ૧૯૨૮ સુધીનાં ૩૦ વર્ષમાં છપાયલા લેખોની અને પુસ્તકોની એક પ્રત પણ મળતી નથી.

તેથી,

સેંકડો જિજ્ઞાસુઓની સૂચના અનુસાર

**ત્રીસ ત્રીસ વર્ષના લેખો એકઠા કરી, વિષયવાર ગોઠવી,**

આજના અનુભવથી ફરી લખી

**પાંચ સુંદર દળદાર પુસ્તકના એક 'સૅટ' રૂપે બહાર પાડવાની યોજના કરવામાં આવી છે.**

---

પાંચે ભાગો ટકાઉ ઍન્ટીક પેપર, સુદર છાપ તથા મનહર ડીઝાઇનવાળા પુઠા—અને સુંદર ચિત્રો—થી આકર્ષક બનશે.

---

**ગુજરાતી આવૃત્તિ તેમજ હિંદી આવૃત્તિ છપાશે.**

ગ્રાહકે એ પૈકીની કઇ આવૃત્તિ પોતાને જોઇશે તે અવશ્ય લખવું.

**આ કાર્ય ઘણું ખર્ચાળ હોવાથી અગાઉથી ગ્રાહક થઇ નામ નોંધાવનાર પુરતી જ નકલો છપાવવાનો ઠરાવ કર્યો છે.**

---

તા. ૧ ડિસેમ્બર ૧૯૨૯ સુધીમાં નામ નોંધાવનારને "અગાઉથી થયેલા ગ્રાહક" તરીકે એક સૅટ રૂા. ૧૦ ની કિંમતમાં મળશે. ( પોસ્ટેજ જૂદું )

'વા. મો. શા.' સૅટના ગ્રાહક તરીકે નામ નોંધાવવા ઇચ્છનારે આ સાથેનું કાર્ડ ભરી મોકલવા વખતે ડીપૉઝીટ તરીકે એક સૅટના રૂા. ૨) પ્રમાણે રકમ મનીઑર્ડરથી મોકલવી જોઇશે. એકેક ભાગ તૈયાર થતો જશે તેમ તેમ કિંમત રૂા. ૨) તથા પોસ્ટેજની રકમ જેટલું વી.પી કરીને મોકલવામાં આવશે. ડીપૉઝીટની રકમ **પાંચમા** ભાગના વી. પી. વખતે મજરે આપવામાં આવશે.

## અગત્યની સૂચનાઓ.

૧ 'વામોશા' સૅટમાં ૧૯૨૯ માં છપાતાં પુસ્તકોનો સમાવેશ થતો નથી. માટે હાલનાં નવાં પુસ્તકો તો હમણાં જ ખરીદી લેવાં એ સલાહભર્યું છે.

૨ 'વામોશા' સૅટ તથા વા. મો. શાહનાં નવાં પુસ્તકો સંબંધી સઘળું કામકાજ, બ્યાવર દૂર પડતું હોવાથી, ફક્ત મુંબઇ ખાતે જ રાખ્યું છે. ગ્રાહકોએ નામ નોંધાવવા માટે તેમજ ડિપૉઝીટ મોકલવા માટે સોલ એજન્ટ તરીકે **નીચે** જણાવેલ એક જ ઠેકાણે પત્રવ્યવહાર કરવો અને નાણાં મોકલવાં.

પાયોનિઅર મીલ-સ્ટોર્સ ટ્રેડિંગ કંપની
વા. મો. શાહ સિરિઝના સોલ ઍજન્ટ્સ.
નાગદેવી સ્ટ્રીટ, મુંબઈ.

૩ સબ-એજંટો કે બુકસેલરોને ત્યાં ડીપૉઝીટ રકમ કોઇએ ભરવી નહિ. ફક્ત સોલ-એજંટને મુંબઇમાં ભરેલું ડીપ્રૉઝીટ જ જમા થશે.

૪ મ્હોટા શહેરોના ગ્રાહકોને પોષ્ટ ખર્ચ વેઠવું ન પડે એટલા માટે જ સબ-એજંટો રાખ્યા છે, જેઓ પર અગાઉથી નોંધાયલા ગ્રાહકો પુરતી નકલો મોકલી આપવામાં આવશે અને જેઓ પુસ્તક આપતી વખતે જ ફક્ત મૂલ્ય જેટલી રકમ લઇ શકશે.

૫ નામ નોંધાવવા ઇચ્છા હોય તો આ સાથેનાં કાર્ડનો હમણાં જ ઉપયોગ કરશો.

**પાછળથી મંગાવનારને, નકલ શીલીકમાં હશે તો, રૂા. ૧૫ માં સેટ મળશે.**

**વખતસર ચેતી હમણાં જ લખો.**

# "વામોશા"

**એ નામનાં ગ્રંથના પાંચ ભાગોમાં**

## શું શું વાંચશો ?

—**'નગ્ન સત્ય'**, કે જે લેખ માટે સર્વોત્તમ સાહિત્યકાર તરીકેનું રૂા. ૧૦૦૦ નું ઇનામ અપાયું હતું.

—**'પ્રગતિનું સ્વરૂપ અને ત્હેનાં પાદચિન્હો'**, કે જે લેખ માટે સમર્થ વિદ્વાનો, વેદાન્તીઓ, આચાર્યો અને યોગીઓએ આફરીનતા પોકારી હતી.

—**'મુંઝાઈ પડેલી દુનિયા'**, કે જે લેખ છાપનાર દૈનિક પત્રના ગ્રાહકોમા એકદમ ભરતી થવા પામી હતી, અને જે અધુરો રહેલો લેખ આ પુસ્તકમાં પુરો થવાનો છે.

—**'મહાવીર કહેતા હવા'**,જેની ૨૫૦૦૦થી વધુ પ્રતો ખપી હતી.

—**મહાવીર** સંબધી વિવિધ લેખો,—આધ્યાત્મિક, સામાજિક તથા સાયન્ટીફીક દૃષ્ટિએ.

—**'જ્ઞાન-ક્રિયાથી મુક્તિ'** એ સૂત્રનું ઉંડું રહસ્ય.

—'દસવિકાલિક સૂત્ર' પરથી શિખાતી જીવન જીવવાની કળા.

—દાન, શીલ, તપ, ભાવનાઃ એમનું રહસ્ય, એમનો સદુપયોગ તથા દુરૂપયોગ, અને જીવન સાથે ત્હેમનો સંબંધ,

—**સામાન્ય** મનુષ્ય તથા **વિશેષ** મનુષ્ય ('જૈન')નાં લક્ષણો,

—ધાર્મિક ક્રિયાઓ તથા માન્યતાઓનો 'ઉપયોગ'.

—આરોગ્ય, શક્તિ, અને નવજવાનીનું શિક્ષણ.

—લગ્નાદિ 'રૂઢિઓ' પર જૈનત્વનો પ્રકાશ.

—સુધારો અને સુધારકો, શ્રદ્ધા અને પુરાણ પ્રેમીઓઃ એમના પર. જૈનત્વનો પ્રકાશઃ

—'આ બધો પ્રતાપ વ્યાપારનો !'–અનેક પેપરોએ જે લેખનો ઉતારો કર્યો હતો.

—'**અસહકાર**'નું શાસ્ત્ર, જેનો અનેક પેપરોએ ઉતારો કર્યો હતો.

—'**મસ્તવિલાસ**'નું માખણ.

—'**અમૃતલાલનું. અઠવાડીયુ**'—એમાંથી કેટલોક બોધ.

—'**ભક્તિ**'નું સાચું સ્વરૂપ અને ઉપયોગ.

—સેવાધર્મ.

—કર્મયોગના મંત્રો

—જૂદા જૂદા અવધૂતોની 'મસ્તી' અથવા આધ્યાત્મિક ધૂન.

—સ્વીકારેલી ગુલામી અને લાદવામાં આવેલી ગુલામી.

—સ્વતંત્ર કોણ ?

—ભ્રમર ભગવાન અને આજનો ભ્રમર ભારત—એક ભ્રમરનું રમુજી ભાષણ.

—આજની ઇન્સાફ પદ્ધતિપર જૈનત્વનો પ્રકાશ.

—વા. મો. શા નાં કેટલાંક ઍડીટોરીઅલ્સ.

—સમષ્ટિ ભાવથી વા. મો. શા. નું આત્મચરિત્ર.

—જ્ઞાન અને નવચેતન આપનારી અનેક કથાઓ.

**અને બીજું ઘણુંય અમૂલ્ય સાહિત્ય.**

( પાંચ ભાગ–૧૬૦૦ પૃષ્ટ–માં સમાવવામાં આવશે. )

હવે પૂછો ત્હમારા અંતઃકરણને—

**આ જ્ઞાન વગર ચલાવી લેવું ત્હમને પાલવવું જોઇએ કે ?**

# સંયુક્ત જૈન વિદ્યાર્થીગૃહ.

( The 'United Jain Students' Home, BOMBAY. )

મુંબઇની કોઇપણ કૉલેજમાં અભ્યાસ કરવા ઈચ્છતા
મુંબઈ બહારના
હરકોઇ જૈન ફીરકાના કે હરકોઇ જૈનેતર કોમના વિદ્યાર્થીઓ માટે
વિદ્યાર્થીઓની પોતાની વ્યવસ્થાથી ચાલતું બોર્ડીંગ હાઉસ.

કોઈનાં ડોનેશન્સ લેવામાં આવતાં નથી.
દાખલ થવા ઇચ્છનારે નીચેને ઠેકાણેથી અરજીનું ફૉર્મ મંગાવવું:-

વા. મો. શાહ
મેનેજીંગ ટ્રસ્ટી, સંયુક્ત જૈનવિદ્યાર્થી ગૃહ.
પોષ્ટ બૉક્ષ નં. ૬૬૧ મુંબઈ.

## જરૂર પડયે પૂછાવજો—

વાજબી દામ.
કાળજી અને પ્રમાણિકતાથી સંતોષ મળવાની ગૅરન્ટી

મિલ અને જીનને લગતો તમામસ્ટોર જર્મન 'વામોશા' જીનના છૂટા ભાગો. શીલકમાં રાખીએ છીએ.

..........

જર્મનીમા બનતો કોઈ પણ માલ મગાવી આપીશું.
અહીંનો માલ જર્મનીમા વેચી આપીશું.

લખો:—S.M. Shah, માલેક, પાયોનિયર મિલ-સ્ટોર્સ ટ્રેડિંગ કુ.
'વા. મો. શાહ સિરિઝ'ના સોલ એજન્ટ, નાગદેવી સ્ટ્રીટ,
પોષ્ટ બૉક્સ ન. ૬૬૧, મુબઈ.

# શુદ્ધિપત્ર.

| પૃ૪. | લીટી | અશુદ્ધ | |
|---|---|---|---|
| ૧૨ | ૮ | સહૃદયતાનાં | સહૃદયતાના |
| ૩૧ | ૨૦ | બુદ્ધિની મૂર્ત્તિ | બુદ્ધની મૂર્ત્તિ |
| ૪૫ | ૧૫ | ધૂર્ત્તા | ધૂર્ત્તો |
| ૪૭ | ૨૧ | optism | optimism |
| ૭૦ | ૯ | મિ. શૉ! | મિ. પાતક! |
| ૭૧ | ૩ | લોકાનું | લોફાનું |
| ૮૬ | ૧૧ | થોડા જ વખત પર પર | થોડા જ વખત પર |
| ૯૪ | ૬ | દૂહ | દૂધ |
| ૯૯ | ફુટનોટ | maditative | meditative |
| ૧૪૫ | ૨૨ | ચૂકેલું પાછું ભાન | ચૂકેલુ ભાન પાછુ |
| ૧૬૧ | ૨૩ | જીવનું | જીવતુ |
| ૧૬૬ | ૧૮ | તોફાનો એક પછી ચાલુ | તોફાનો એક પછી એક ચાલુ |
| ૧૯૬ | ૧૭ | messive | massive |

Printed at the Surya Prakash Printing Press
(Pankore Naka, Ahmedabad)
by Mulchandbhai Trikamlal Patel.

# સંયુક્ત જૈન વિદ્યાર્થીગૃહ.

( The United Jain Students' Home, BOMBAY. )

મુંબઈની કોઈપણ કૉલેજમાં અભ્યાસ કરવા ઈચ્છતા

મુંબઈ બહારના

હરકોઈ જૈન ફીરકાના કે હરકોઈ જૈનેતર કોમના વિદ્યાર્થીઓ માટે વિદ્યાર્થીઓની પોતાની વ્યવસ્થાથી ચાલતું બોર્ડીંગ હાઉસ.

કોઈનાં ડોનેશન્સ લેવામાં આવતા નથી.

દાખલ થવા ઇચ્છનારે નીચેને ઠેકાણેથી અરજીનું ફૉર્મ મંગાવવું:—

**વા. મો. શાહ**

મેનેજીંગ ટ્રસ્ટી; સંયુક્ત જૈનવિદ્યાર્થીગૃહ.

પોષ્ટ બૉક્ષ નં. ૬૬૧ મુંબઈ.

## જરૂર પડયે પૂછાવજો—

**વાજબી દામ.**

કાળજી અને પ્રમાણિકતાથી સંતોષ મળવાની ગૅરન્ટી

મિલ અને જીનને લગતો તમામસ્ટોર જર્મન 'વામોશા' જીનના છુટા ભાગો. શીલકમાં રાખીએ છીએ.

..........

જર્મનીમા બનતો કોઈ પણ માલ મગાવી આપીશું. અહીંનો માલ જર્મનીમાં વેચી આપીશું.

લખોઃ—S.M. Shah, માલેક, પાયોનિયર મિલ-સ્ટોર્સ ટ્રેડિંગ કું.

'વા. મો. શાહ સિરિઝ'ના સોલ એજન્ટ, નાગદેવી સ્ટ્રીટ,

પોષ્ટ બૉક્સ ન. ૬૬૧, મુંબઈ.

# શુદ્ધિપત્ર.

| પૃષ્ઠ. | લીટી | અશુદ્ધ | શુદ્ધિ |
|---|---|---|---|
| ૧૨ | ૮ | સહૃદયતાના | સોહૃદયતાના |
| ૩૧ | ૨૦ | બુદ્ધિની મૂર્ત્તિ | બુદ્ધની મૂર્ત્તિ |
| ૪૫ | ૧૫ | ધૂર્ત્તા | ધૂર્ત્તો |
| ૪૭ | ૨૧ | optism | optimism |
| ૭૦ | ૯ | મિ. સૉ! | મિ. પાતક! |
| ૭૧ | ૩ | લોકાનું | લોકોનું |
| ૮૬ | ૧૧ | થોડા જ વખત પર પર | થોડા જ વખત પર |
| ૯૪ | ૬ | દૂહ | દૂધ |
| ૯૯ | ફુટનોટ | maditative | meditative |
| ૧૪૫ | ૨૨ | ચૂકેલું પાછું ભાન | ચૂકેલું ભાન પાછું |
| ૧૬૧ | ૨૩ | જીવનું | જીવતું |
| ૧૬૬ | ૧૮ | તોફાનો એક પછી ચાલુ | તોફાનો એક પછી એક ચાલુ |
| ૧૯૬ | ૧૭ | messive | massive |

Printed at the Surya Prakash Printing Press
( Pankore Naka, Ahmedabad )
by Mulchandbhai Trikamlal Patel.

## વાંચનારની નોંધઃ—

## વાંચનારની નોંધ:—

## વાંચનારની નોંધ:—